




જિબ્રાનની
જીવનવાણી

-ધૂમકેતુ-

જિબ્રાન ક્રાંતદર્શી આત્મા

ખલિલ જિબ્રાન, એશિયાખંડની જે કેટલીક અદ્‌ભૂત પ્રતિભાઓ ગણાય છે તેમાં માનભર્યું સ્થાન ભોગવે છે. એ પોતે જબરજસ્ત ક્રાંતદર્શી કવિ, ચિત્રકાર અને ફિલસૂફ હતો. એનામાં સત્ય ને સૌંદર્યનું અદ્‌ભૂત મિશ્રણ હતું. સત્યને ઢુંઢનારી અભેદમાર્ગી પ્રવાસીઓની જમાતનો આ જુવાન કવિ એક અગમ્ય રહસ્યવાદી આત્મા હતો.

જિબ્રાનની મધુર શૈલીમાં એક એવી સુવાસ મહેકે છે કે એને પકડવી કોઇને માટે શકય નથી, એ કહે છે એના કરતાં ઘણું વધારે ધ્વનિત રાખે છે અને એના આ ધ્વનિમાં એક એવી કરૂણ મૃદુ લહરી હોય છે કે એને ન અડકવામાં એક જાતનું ઔચિત્ય રહેલું જણાય છે.

જિબ્રાનની વાણીમાં સત્યશોધનની ઉત્કટ તમન્ના દેખાશે. એના લખાણમાં પ્રભાતની રણરેતીની નીરવ સુંદરતા ભરી છે.

જિબ્રાનના હોઠ ઉપર સ્મિત છે. એની આંખેમાં વિષાદ છે. એ વિષાદમાં કટુતા નથી, ફરિઆદ નથી, ભીની પ્રેમ-ભરી વિદાયની મધુરતા ભરી છે.

આવા આ મહાકવિ ને દષ્ટાની વાણી આ પુસ્તકમાં વણાએલી છે.

ભારતી સાહિત્ય સંઘ લિ.
[illegible]

नियां
से
रख
ाज्ञा

જિપ્રાનની

જીવનવાણી

ધૂમકેતુ

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી રસ્તો, અમદાવાદ-૧

પહેલી આવૃત્તિ
ડિસેમ્બર ૧૯૪૯

રૂપિયા સાડાત્રણ

પ્રકાશક :
ઇશ્વરલાલ મોહનલાલ દવે.
ભારતી સાહિત્ય સંઘ લી. વતી.
ગાંધી રસ્તો, અમદાવાદ.

મુદ્રક :
જયંતી ઘેલાભાઈ દલાલ
વસંત મુદ્રણાલય, ઘીકાંટા રોડ,
અમદાવાદ.

પ્રસ્તાવના

જિબ્રાનનું આકર્ષણ થયું ને તેમાંથી કેટલાક છૂટા છવાયા પ્રસંગો, વિચારો, વાર્તાલાપો, રૂપકો અવનવે પ્રકારે 'ઊર્મિ'માં મૂકાતા રહ્યા. વાંચનારી આલમને એ ઠીક આકર્ષી શકયા એમ લાગ્યું. અને તેના વિષેની પૃચ્છા થવા માંડી એટલે આ સંગ્રહ પ્રગટ કર્યો. આમાં કેટલાંક તદ્દન નવાં છે ને પહેલી જ વાર આંહીં પ્રગટ થાય છે.

જિબ્રાનનાં ઘણાં પુસ્તકો હવે તો પ્રગટ થઈ ગયાં છે. એના પ્રત્યે, પોતાના 'વિદાય વેળાએ' એ પુસ્તકથી શ્રી. મશરૂવાળાએ પહેલું ધ્યાન ખેંચેલું; ત્યાર પછી પણ એમણે આ વિષે અવારનવાર શુદ્ધ માહિતી આપી છે.

એમણે લખ્યું છે તે પ્રમાણે 'The prophet–વિદાય વેળાએ–જિબ્રાનની સર્વોત્તમ કૃતિ છે. છતાં એની બીજી ઘણી કૃતિઓમાં પણ એની અનોખી શૈલીનો ને આત્માનો શુદ્ધ રણકો સાંભળવા મળે છે.

ગુજરાતી સાહિત્યનો જિબ્રાનનો પ્રથમ પરિચય કરાવનાર શ્રી. મશરૂવાળા એની બીજી થોડી કૃતિઓ વિષે લખવાનો વખત આપી શકે તો એ ખરેખર કરવા જેવું કામ છે.

આની પછી 'જિબ્રાનની જીવનવાટિકા' એવો સંગ્રહ—બહાર પાડવાનો વિચાર છે. પણ ઘણાં કામ આડે એ કયારે થશે એ કહેવું મુશ્કેલ છે.

આશા છે કે મારું આ નવું પ્રસ્થાન પણ ગુજરાતને ગમશે.

૨૩, કણુંવતી નિવાસ,
સૌરાષ્ટ્ર સોસાયટી :
આનંદનગર, અમદાવાદ ૭.

ધૂમકેતુ

અનુક્રમણિકા

જિબ્રાન ની

જીવનવાણી

[ખલીલ જિબ્રાનમાંથી અનુવાદિત,
અર્થવિસ્તારી, છાયાવાદી, ભાવાનુરૂપ અને
ભાષાંતર કરેલી કેટલીક કૃતિઓનો સંગ્રહ]

' ગઈ કાલ ' એ ' આજ ' ની યાદ છે. અને
' આજ ' એ ' આવતી કાલ 'નું સ્વપ્ન છે. '

વાણીની વાણી

સ્વર્ગ, સ્થાયી છે; પૃથ્વી, કાલવિજયી છે. કારણ કે તેઓ, પોતાનામાં જ પર્યાપ્ત થતું હોય એવું, જાતને જ કેન્દ્ર ગણનારું, સ્વાર્થી જીવન કદી જીવતાં નથી.

જે પોતાને માટે જ જીવે છે, એ ક્ષણિક છે; અને એ દરેક ક્ષણે વિનાશી છે.

સ્વર્ગ, પૃથ્વી, અને સંત એ ત્રણેની રીત આ બાબતમાં સમજવા જેવી છે.

સંત પોતાની જાતને સૌથી ઓછામાં ઓછું મહત્ત્વ આપે છે. અને એથી જ એની મહત્તા નિ:સીમ થઈ રહે છે.

તે પોતાને પણ ભૂલી જવા મથે છે; અને તેથી એ કદાપિ નામશેષ બનતો નથી.

કારણ કે, એનો પોતાનો સ્વાર્થ એણે કોઈ દિવસ જાણ્યો નહિ, એમાંથી આ ચિરંતન રસાયન ઊભું થયું છે. જાણનારા એ જાણે છે અને મોદ પામે છે.

['Taoist Scriptures' ઉપરથી]

ખલિલ જિબ્રાન : સહેજ પરિચય.

જિબ્રાન ખલિલ જિબ્રાન* એશિયા ખંડની જે કેટલીક અદ્‌ભુત પ્રતિભાઓ ગણાય છે તેમાં માનભર્યું સ્થાન ભોગવે છે. એની પાસે સુંદરતા ટાગોરની છે અને સચ્ચાઈ અંગ્રેજ કવિ બ્લેઈકની છે. એ પોતે જે વાદળી રંગની ચોપડીઓ લેખન માટે વાપરતો, તેમાં શરૂઆત આ પ્રમાણે થતી: ‘ ઓ પ્રભુ ! તારા જ સૌન્દર્યમાં વીંટાયલા તારા સત્યને પ્રગટ કરવામાં મને મદદ આપ !’ કેટલીક જગ્યાએ આ પ્રમાણે પણ શરૂઆત થતી: ‘ ઓ મારાભાઈ ! જે જે પ્રશ્ને તને મુંજવ્યો છે, તે દરેક પ્રશ્ને મને પણ મુંજવ્યો છે !’

આ કવિનું જન્મસ્થાન સીરિયાના લેબેનોનમાં બશેરી નામે એક ગામ. ત્યાં ઈ. સ. ૧૮૮૩ ના જાન્યુઆરીમાં એ જન્મ્યો. એની માતા કામિલા માનતી કે એનો આ પુત્ર કાંઈક વિચિત્ર છે. છતાં એનામાં રહેલી અદ્‌ભુત શક્તિ વિષે એને અચળ શ્રદ્ધા હતી. જિબ્રાને એની મા વિષે લખ્યું છે: ‘ She lived countless poems and never wrote one. ’ ઘણા ટૂંકા ગણાય એવા, માત્ર અડતાલીસ વર્ષના સમયમાં,

---

*જિબ્રાન એટલે આત્માનો વૈદ્ય. ખલિલ એટલે પસંદ કરાયલો. પ્રેમભર્યો મિત્ર.

જિબ્રાનની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ. એના જન્મસ્થાનથી હજારો માઈલ દૂર અમેરિકાના ન્યુયૉર્કમાં એ મૃત્યુ પામ્યો. સીરિયા લૅબેનોનના સંખ્યાબંધ નિવાસીઓ અમેરિકન નાગરિકત્વ પ્રાપ્ત કરી ત્યાં રહેતા હતા. આરબ પ્રજાની ખાસિયત પ્રમાણે કવિતા એ ત્યાં બહુ થોડા માણસોની સંપત્તિ મનાતી નથી. એ આખી પ્રજાનું ધન ગણાય છે. અને જિબ્રાનનું નામ પણ એટલા માટે ત્રીસ કરોડ આરબમાં ઘરગથુ બની ગયું હતું.

ક્રાન્તદર્શી આ કવિ ચિત્રકાર હતો, અને જ્ઞાની પણ હતો. એણે પોતે એક જગ્યાએ કોઈક વિષે લખ્યું છે તેમ, તેનામાં સૌન્દર્યની ને સત્યની બન્નેની ઉપાસના એક બનીને રહી હતી. એનામાં કેટલીક હિન્દુ ફિલસૂફીની માન્યતાઓ નૈસર્ગિક રીતે આવી ગઈ હતી. એમાં એને મળેલા વિશાળ પર્યટને ઘણો ભાગ ભજવ્યો લાગે છે. એને પુનર્જન્મમાં દૃઢ શ્રદ્ધા જણાય છે. એ ઘણી વખત ઉપનિષદ્‌ની ભાષામાં બોલે છે: "એક વખત જન્મ્યો છે, તેની સાથે દલિલમાં ન પડો. દ્વિજ વિના કેટલીક વાતો સમજાવાની નથી." એણે પોતે એક જગ્યાએ લખ્યું છે: તેમ 'I had a second birth when my soul and my body, loved one another and were married" દેહ અને દેહી વિષે આવો ખ્યાલ એણે ઘણી જગ્યાએ પ્રગટ કર્યો છે. અડતાલીસ વર્ષના ટૂંકા જીવનમાં તો એણે ઘણું જ મહત્ત્વનું અને ચિરંતન ગણાય તેવું સાહિત્ય આપ્યું છે. એની પ્રતિભાનો આ જેવોતેવો પ્રભાવ ન ગણાય.

ઈ. સ. ૧૮૮૩માં જન્મેલો જિબ્રાન કેટલાંક વર્ષો સુધી તો ઘરનું જ શિક્ષણ મેળવે છે. એનાં શિક્ષક એનાં માબાપ જ હતાં. શ્રીમતી 'બારબરા યંગે' એનાં જીવનનાં કેટલાંક

સુંદર સંસ્મરણો લખ્યાં છે તેમાંથી આપણને જાણવા મળે છે કે એની શક્તિ તો શિશુવયથી જ જાણે પ્રગટ થઈ હતી. ભાષાની સતત ઉપાસના, પણ મુખ્યત્વે તો પોતાને જે કહેવાનું છે તે કહેવાની જરૂરિયાતે, ત્રોસ [?] કરોડની અરબી બોલનારી પ્રજામાં એનું કેવું સ્થાન સ્થાપ્યું હતું તે એક નાનો પ્રસંગ કહી બતાવે છે:

એક વખત એક અમેરિકન બાઈ લેબેનોનમાં મુસાફરી કરતાં કોઈ અજ્ઞાન આરબ જુવાનને મળી. તેણે તેને કહ્યું: 'તમારો એક કવિ ખલિલ જિબ્રાન—ન્યુયોર્કમાં રહે છે તે પ્રખ્યાત છે. તેને તમે જાણો છો?' પેલા જુવાને તરત જ પ્રત્યુત્તર વાળ્યો: 'તમે શેક્સપિયરને જાણો છો એમ તમને હું પૂછું ખરો?'

જિબ્રાનને એનાં માતાપિતાએ લગભગ બારેક વર્ષની વયે બોસ્ટનમાં શિક્ષણ લેવા મોકલ્યો. એ વખતે એનાં માતાપિતા અમેરિકામાં વસતાં હતાં. ઘણા લેબેનોન વાસી ને સીરિયા નિવાસી અમેરિકન નાગરિકત્વ પ્રાપ્ત કરીને અમેરિકામાં રહેતા. પણ નાના જિબ્રાનને—અંગ્રેજીમાં નહિ પોતાની દૂધભાષા—અરબી ભાષામાં ભણવાની હોંશ હતી! દૂધભાષાના એના આ અધ્યયને એનામાં કેટલી પ્રબળ શક્તિ જન્માવી હતી એ તો જ્યારે એની કૃતિ—The Prophetનું લગભગ ચાલીસેક ભાષામાં ભાષાંતર થયું ત્યારે ખબર પડી! દૂધભાષા—એ માણસની ભાષાશક્તિનું અતળ ઝરણું છે. રાજદ્વારી શેતરંજમાં રાષ્ટ્રીય ભાષાને બહાને કે બીજે બહાને જે લોકો દૂધભાષાનું સ્થાન ઝૂંટવી લેવા પ્રયત્ન કરે છે, એ મહાજનો, એ ભાષા બોલનાર માણસોનાં નહિ એમનાં આત્માનાં ખૂન કરે છે! પછી ભલે આપણે એમને

વિશાળદૃષ્ટિનો રાજદ્વારી ખિલ્લો લગાવ્યા કરીએ ! આ ચાલીસ ભાષામાં ભાષાંતર થયેલા–The Prophet 'વિદાય વેળાએ' –એનું વાચન કરવામાં આવતું એ એક મહત્ત્વની બીના, આપણે જ્યારે મોટેથી વાંચવાની કલા ગુમાવી રહ્યા છીએ ત્યારે નોંધવા જેવી લાગે છે.

જિબ્રાનનો આ પ્રમાણે અરબીમાં જ શીખવાનો હઠ ભર્યો ઉત્સાહ એને પાછો લેબેનોનમાં લાવ્યો. અને એ એકલો પોતાના ગામ પાસેના એક મદ્રેસામાં દાખલ થયો. એણે પંદર વર્ષની વયે તો અરબી ભાષામાં આ 'વિદાય વેળાએ' લખ્યું. અને એ દસ વર્ષ સુધી અપ્રગટ પડયું રહ્યું. દરમ્યાન એનાં સંસ્કરણો થતાં જ રહ્યાં !

દરમ્યાનનાં વર્ષોમાં જિબ્રાને ઘણો પ્રવાસ ખેડયો. પેરિસમાં ચિત્રકલા શીખ્યો. અને એનાં લખાણોથી શિષ્ટ ને સ્વાર્થરૂઢ વર્ગને ઠીક ખળભળાવી મૂક્યો—એટલે સુધી કે એનું એક પુસ્તક Spirits Rebellious–વિદ્રોહી આત્મા તો બાળી મૂકવામાં આવ્યું હતું ! તુર્કસ્તાનની સરકારનો એ દેશનિકાલ આદમી હતો !

આ પ્રમાણે જિબ્રાને અરબી ફ્રેંચ અંગ્રેજી ભાષાના જ્ઞાનવડે દેશદેશાંતરમાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી.

પોતાની માતૃભાષા—અરબી પ્રત્યે એને કેટલો નિઃસીમ પ્રેમ હતો એનો ખ્યાલ તો એણે ન્યુયોર્કમાં નિવાસ સ્વીકાર્યા પછી, જેને એ પોતાની 'Academy' કહેતો એ વિદ્યાઘરની કલ્પનામાંથી મળી આવે છે. આ વિદ્યાઘરમાં સીરિયાના બારેક જુવાન કવિઓ ભેગા થતા. એ સંખ્યા બારની જ નિર્ણીત કરવામાં આવી હતી. એમાંથી કોઈ જાય તો જ

બીજો પ્રવેશી શકે. પણ આ બાર કલ્પનાશીલ જુવાનો પોતાની મહાન પ્રાચીન માતૃભાષાને સૌન્દર્યનાં આભરણ આપવા ત્યાં ભેગા થતા. 'Faith Love and Work—શ્રદ્ધા પ્રેમ અને કાર્ય—એ એમનો મુદ્રાલેખ હતો. અરબી પ્રજાના દિલમાં સૌન્દર્યનો ને સત્યનો જ્યોતિ અવિચળ પ્રકાશી રહે એ માટેનો આ પ્રયાસ હતો! દૂધભાષા પ્રત્યે કેટલી નિઃસીમ ભક્તિ! કેવળ અરબી ભાષાના ઉચ્ચારણમાંથી મળતા આનંદની ખાતર આ જુવાન કવિઓ પોતાની કવિતાઓ મોઢેથી વાંચતા અને અરબીમાં જ લખવાનો આગ્રહ રાખતા!

જિબ્રાનનું The Prophet—પ્રગટ થયું ત્યારે એનાં જે અવલોકનો આવ્યાં તે ચા ટેબલ ઉપર નાસ્તો લેતાં, ને ધૂમ્રપાન કરતાં, અહીં તહીં પતાં ફેરવનારા, સામાન્ય માણસોની કલમમાંથી આવેલાં વર્તમાનપત્રનાં અવલોકનો હતાં! એમાં ન હતી કાંઈ પ્રશંસા કે ન હતો કોઈ સત્કાર! પરંતુ એક અવલોકન એવું આવ્યું—જેણે પુસ્તકની ખરી કિંમત પ્રગટ કરી. અને એને સોક્રેટીસના શબ્દ સાથે સરખાવ્યું.

જિબ્રાને આમાં પ્રગટ કરેલ અલ્ મુસ્તફા એ ઘણું કરીને જિબ્રાનનું પોતાનું સ્વપ્નદર્શી આત્મલક્ષી રેખાચિત્ર જણાય છે. એના જેવા સત્યને ઢુંઢનારાઓની જમાતમાં જે પ્રકારનો અભેદમાર્ગ પ્રવાસી મળી આવે એવું જ એ ચિત્ર છે. અને આમાં અલ્ મુસ્તફાને પ્રશ્નોત્તરી થાય છે, એ પણ બરાબર આ માર્ગના ગુરુ-અને શિષ્યના સંવાદ જેવી જ છે. જો કે જિબ્રાન કોઈ ism-'ઇઝમ'માં માનતો નહિ.

આ પુસ્તક ત્યારપછી તો એટલું લોકપ્રિય થઈ પડયું કે વાત વાતમાં—' તમે Prophet—જોયું ? ' એ જાણે કે શિષ્ટ

સમાજનો શબ્દ થઈ પડયો.

સત્યને ઢુંઢનારાઓ અભેદમાર્ગ પ્રવાસીઓની જમાતનો આ જુવાન કવિ એક અદ્દ્ભુત રહસ્યવાદી [mystic] આત્મા હતો એ તો એનું ગમે તે પુસ્તક ઉઘાડીને ગમે તે એક વાકય વાંચતાં જ સ્પષ્ટ થઈ જાય છે. ‘Your daily Life is your temple and your religion’ ‘તમારું નિત્યનું જીવન એ જ એક મંદિરની ગરજ સારે તેમ છે. ને એ જ તમારી ધર્મની જરૂરિયાત પણ સંતોષે તેમ છે.’ જિબ્રાનની વાણીમાં રહેલો સત્યનો રણકો પ્રાચીન સમયના મહાનમાં મહાન પુરુષોની વાણીનું સંસ્મરણ આપી જાય છે. એનામાં પૂર્વ પશ્ચિમનું અદ્દ્ભુત સંમિલન જોવા મળે છે.

જિબ્રાનનો જીવનપરિચય એની વાણી દ્વારા મેળવવો એ જ વધારે મહત્ત્વની વાત છે: છતાં એણે પોતે લખ્યું છે તેમ એ પોતાને નિત્ય પ્રવાસી આત્મા માનતો: એવો જીવનની નિત્યતા વિષેનો ખ્યાલ એક જગ્યાએ એણે બહુ સુંદર રીતે આપ્યો છે. ‘હું હમેશાં દરિયાકિનારાનો ચાલુ પ્રવાસ કરી રહ્યો છું: રેતી ત્યાં પથરાયેલી પડી છે; સમુદ્રફીણો ત્યાં વેરાયેલાં છે; હું જાણે કે એમની વચ્ચે થઇને મારી પગલી રેતીમાં પાડતો ચાલી રહ્યો છું. પણ જુવાળનાં પાણી, મારાં રેતીમાં પડેલાં પગલાં ભૂંસી નાખશે: અને સમુદ્રફીણોને પવન મુસાફરીએ ઉપાડી જશે. પણ ગર્જન કરતો સમુદ્ર—અને એના કિનારાઓ આંહીં હમેશાં રહેશે.’

નિત્ય લહેરાતા જીવનસમુદ્રના બે અનંત કિનારાઓની વચ્ચે માણસ નિત્યપંથી બનીને આગળ જવા પ્રયત્ન કરી રહ્યો છે—એ જિબ્રાનનો જીવનસંદેશ એણે વારંવાર પ્રગટ કર્યો છે.

એણે આલેખેલા અલ્ મુસ્તફાની જેમ માણુસ નિત્યનો પ્રવાસી આત્મા છે. અલ્ મુસ્તફા [મુસ્તફા એટલે 'બ્રહ્મ કૃપા હિ કેવલમ્' એ શ્રદ્ધા વાકયની પેઠે ઈશ્વરકૃપામાં નિઃસીમ શ્રદ્ધાવાળો અને એનો અનુગ્રહ મેળવેલો આત્મા.] દુનિયામાં આવે છે ને આવા જિજ્ઞાસુ પ્રવાસીઓને માર્ગ-દર્શન આપે છે. "પછી એક શિષ્યે કહ્યું: 'અમને પ્રાર્થના વિષે કહો' અને એણે જવાબ આપ્યો" એ, એના 'ધ પ્રોફેટ'માં વારંવાર વપરાતું વાકય, સત્યને પ્રગટ કરવાની આપણી પ્રાચીન ગુરુશિષ્ય સંવાદ શૈલીનો સુંદર નમુનો છે.

એણે પોતાના 'The Wanderer' 'ઢુંઢનારાઓ' એ પુસ્તકમાં આપેલી બે પ્રવાસી કથા, અલ્ મુસ્તફાનું પાત્રાલેખન વધુ સ્પષ્ટ કરી જાય છે.

[૧]

'હું એને એક વખત ત્યાં મળી ગયો, ચાર રસ્તે; એણે એક અંચળો પહેર્યો હતો. એના હાથમાં એક દંડ હતો. એના મોં ઉપર વિષાદની છાયા હતી. અમે એક બીજાને નમન કર્યાં. મેં એને કહ્યું: 'મારે ઘેર આવો અને મારા મહેમાન બનો!'

અને તે આવ્યો.

મારી પત્ની અને મારાં બચ્ચાં એને ઉંબર પાસે જ મળ્યાં. એમના તરફ એણે સ્મિત કર્યું. અને એમને એનું આગમન પ્રિય લાગ્યું!

પછી અમે સૌ ભોજન કરવા બેઠા. અને અમને એનું સાન્નિધ્ય સુખભર્યું શાંતિમય લાગતું હતું. કારણ કે એનામાં એક પ્રકારનું વિશિષ્ટ મૌન હતું. એનામાં ત્યાં એવી કોઈ

અગમ્ય હવા હતી!

અને વાળુ પછી અમે સગડીની આસપાસ ભેગા થયા. મેં એના અભેદમાર્ગની રખડપટ્ટી વિષે પૂછ્યું.

તેણે અમને તે રાતે ઘણી ઘણી વાતો કહી. અને બીજે દિવસે પણ કહી. એની રીત પ્રેમભરી માયાળુ હતી. છતાં જે વસ્તુ મારી સ્મૃતિમાં નોંધાઈ ગઈ છે, તે તો, એના પસાર થયેલા કષ્ટમય દિવસોની કથની!

અને આ કથની, રસ્તા ઉપરની ધૂળ વિષે અને એના પંથ ઉપરના એના અખૂટ ધૈર્ય વિષે હતી. એની રીતભાતમાં કેટલાં પ્રેમ ને મમતા ભર્યાં હતાં! પણ મને હજી આજે પણ જે સાંભરે છે, તે માયા મમતા કે પ્રેમભરી એની રીતભાત નહિ–પણ એના કષ્ટમય પસાર થયેલા દિવસોની કટુ કથની! એ કથનીમાં એના એકલપંથમાં આવતી 'ધૂળ ધૂળ, જયાં જુઓ ત્યાં ધૂળ' એ વિષેની અને એ એકાકી માર્ગમાં રાખવી પડેલી અગાધ ધીરજની વાત હતી! મને તો એ યાદ રહી ગયાં છે–એના પંથની ધૂળ અને ધીરજ!

અને પછી જ્યારે એણે ત્રણ દિવસ પછી, અમારી વિદાય લીધી ત્યારે અમને એમ થતું ન હતું કે કોઈ અતિથિ આવ્યો હતો તે હવે જઇ રહ્યો છે, પણ અમને તો એમ લાગતું હતું કે, જાણે અમારામાંનો જ કોઈ હજી ઉદ્યાનમાં છે–અને હજી તો એ ઘરમાં આવ્યો નથી!'

[૨]

સત્યને ઢુંઢનારાઓની એક અનોખી જ સૃષ્ટિ છે. એવા રખડુ આત્માઓની અરસ્પરસની મુલાકાત એ તો જાણે જ્ઞાન-ગોષ્ટિનો રસપ્રવાહ! આની બીજી વાત પણ એ જ બતાવે છે.

'એક વખત એક ઓલીયો મને રસ્તે ભેટી ગયો. દેખીતી રીતે જ એ જરા વિચિત્ર ચક્રમ હતો. એણે પોતાની વાત મને આમ કહી: 'હું ઢુંઢતો ફરું છું, સત્યને. પણ મારા રખડુ આત્માને આ ધરતી ઉપર ચાલતાં ઘણી વખત નાની ક્ષુલ્લક સૃષ્ટિમાં ફરવાનો અનુભવ થાય છે! જાણે દુનિયા એવી લઘુ લઘુ હોય! મારું મસ્તક પૃથ્વીથી ઉંચે રહે છે એટલે જ એ ઉન્નત અને સ્વતંત્ર વિચારોનું સર્જન કરી શકે છે! પેલી નાની સૃષ્ટિમાં તો એ પણ નાનું જ બની રહેત!

ખરી વાત તો એ છે કે હું માણસોની વચ્ચે નહિ, માણસોથી પર એવી સૃષ્ટિમાં ઊંચે ચાલી રહ્યો છું! એટલો ઊંચે કે એમના ખેતરમાં પડેલાં મારાં પગલાં જ એમને જોવા મળે છે!

અને મેં એમને ઘણીવખત મારા એ પગલાંનાં કદ વિષે અને આકાર વિષે વાતો કરતા સાંભળ્યા છે! કારણ કે તેમાંના કેટલાક બોલે છે: 'આ તો પ્રાચીન ભૂતકાળમાં થઇ ગયેલા કોઈ રાક્ષસી પ્રાણીના પગલાં છે!' તો બીજા બોલે છે: 'ના ના, આંહીં તો દૂરદૂરના કોઇ તારાના ખંડિત કકડાઓ પડયા લાગે છે! પણ મારા મિત્ર! તું જાણે છે. આ તો કોઈ રખડુ આદમીનાં પગલાં છે! કોઈ ઢુંઢનારાના!'

આ સત્યને ઢુંઢનારા mystic અજ્ઞેયવાદીની વાત થાય છે, ત્યારે ઘણાં વર્ષો પહેલાંનો એક અનુભવ યાદ આવે છે. પોરબંદર પાસે રાણાવાવ સખપરમાં ઘણી સુંદર પાણખાણો આવેલી છે. ઘણોખરો પોરબંદરી પથ્થર એ પાણખાણોમાંથી નીકળે છે. ત્યાં જાંબુવતીની ગુફા એ નામે ઓળખાતી એક ગુફા છે. ડુંગરા, ટેકરા અને ધારોની વચ્ચે એ ગુફાનું દ્વાર

એવી રીતે છૂપાયેલું છે કે છેક ગુફાના દ્વાર પાસે આવો ત્યારે જ ખબર પડે કે તમે ગુફા પાસે આવ્યા છો. એક વખત અમે ત્રણ ચાર જણા એ ગુફા જોવા ગયા. આ ગુફા ઠીક ઠીક લાંબી છે અને એની અંદર સોનેરી રેતી છે. કહેવાય છે કે એ રેતીમાંથી સોનું કાઢવાનો પ્રયત્ન પણ થયો હતો. પરંતુ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ એ વસ્તુ નિરર્થક જણાઈ હતી. જ્યારે એ ગુફાની અંદર જઇને અમે પાછા આવ્યા ત્યારે ગુફાના દ્વાર પાસે એક વૃક્ષની છાયામાં બેઠેલા એક સાધુને જોયો. સાધુ તો ઘણા આપણને જોવા મળે છે, એટલે એને ત્યાં જોવાથી કાંઈ આશ્ચર્ય થવાનું કારણ ન હતું. પણ આ સાધુ જે અમે જોયો—એ સાધુના અદ્‌ભુત રૂપે એક ઘડીભર તો સૌને આશ્ચર્યમાં ડુબાડી દીધા. આટલી બધી રૂપ ભરેલી સપ્રમાણતા માનવ શરીરમાં હોઈ શકે એ માનવાનું મન જ થાય નહિ એવું એ રૂપ હતું. અમે તો ઘડીભર એને જોવા માટે જ ત્યાં થંભી ગયા. એવી રીતે અમે ત્યાં ઊભા હતા ત્યાં બરડાની ડુંગરમાળા બાજુથી એક કોઈ ફકીર આવ્યો. આ ફકીર સાધુ જેવો રૂપાળો ન હતો, પણ એનું વ્યકિતત્વ એટલું જ આકર્ષક હતું. એ બન્નેનો આંહીં મળવાનો સંકેત લાગ્યો. થોડી વાર ત્યાં વૃક્ષ પાસે બન્ને બેઠા. કેટલીક મનવાતો કરી. અને પછી એકબીજાની રજા લઈ બન્ને છૂટા પડી ચાલ્યા ગયા. પેલો સાધુ બરડાના ડુંગર તરફ ચાલ્યો ગયો. અને ફકીર પોતાને માર્ગે વળ્યો. એમની એકબીજાની રજા લેવાની શૈલી—એ પણ ખરેખર અદ્‌ભુત જોવા જેવી વસ્તુ હતી!

એમની સાથે વાત તો બે કે ત્રણ મિનિટ થઈ હશે. શું વાત થઈ એ પણ આજે તો ધ્યાન રહ્યું નથી. માત્ર તે

વખતે જે અસર થઇ હતી એ અસર આજે એટલી જ તાજી રહી છે. એ છાપ મનમાં બેઠી છે. સમાજમાં જેમ માનસિક વિકાસની દૃષ્ટિએ ઊંચા નીચા માણસો આવે છે, તેમ આ બન્ને કોઈ આધ્યાત્મિક પંથના રસિયા જીવ ન હોઈ શકે ?

આપણી બુદ્ધિમાં ન ઉતરે એવું બુદ્ધિથી પર પણ કોઈક જીવન નહિ હોય ? આ તો એક પ્રશ્ન જ હતો.

વર્ષો પછી કલાપીના એક ઉત્સવ પ્રસંગે લાઠી જવાનું થયું, ત્યારે ત્યાં શોભનાને મળવાનો લાભ લીધો હતો. કલાપી વિષે વાતચીત થતાં એમણે કહેલું એક વાકય, અકસ્માત, ખલિલ જિબ્રાનના જીવનપંથના વાક્ય સાથે, બહુ જ મળતું આવેલું વાંચ્યું ત્યારે સાનંદાશ્ચર્ય થયું. શોભનાએ કહેલું કે ઘણી વખત પોતે કામમાં હોય ને આપણે વાત કહેતા ઊભા રહીએ, ત્યારે ફરી ફરીને એ વાત કહેવી પડતી. આપણે કહીએ કે આવી આ વાત અત્યારે બીજી કે ત્રીજી વખત થઈ, ત્યારે પોતે જરાક થોભીને, કાંઇક સંભારતા હોય તેમ પ્રત્યુત્તર વાળે: 'પણ હું એ વખતે આંહીં ન હતો !'

ખલિલ જિબ્રાન વિષે આ જ અનુભવ એક અંતેવાસીએ આપેલો છે: જિબ્રાન ઘણી વખત કોઇ વિચાર તલ્લીનતામાં પડી ગયેલ હોય ત્યારે જાણે વર્તમાન સમય ને સ્થળનો કાંઇ ખ્યાલ ન હોય તેમ આપણી સાથેની વાતચિત ચાલતી. Gibran would sometime say, after long moments of preoccupation with some thought apparently far removed from the present time, "Forgive me. So much of the time I am not here."

જિબ્રાનના લખાણની મૌલિકતા અને સૌન્દર્ય અદ્ભુત

છે. પરંતુ એ લખાણનું અદ્દભુતત્વ એ જેટલું કાવ્યકલાને આભારી છે એના કરતાં વધારે વ્યક્તિવિકાસને આભારી છે. એ વસ્તુ તમામેતમામ સાહિત્યકારોએ નોંધી લેવા જેવી છે. જિબ્રાને પોતે કહેલું, "While I was writing the Prophet, the Prophet was writing me." જે લખાણ બીજાને ઘડે, તે લખાણ લેખકને પણ એ જ વખતે ઘડતું રહે, તે લખાણ ખરેખર અદ્દભુત છે. જિબ્રાનના જીવનના કેટલાક પ્રસંગોમાંથી પણ એના લખાણનું રહસ્ય મળી રહે છે. ચાર વરસનો બાળક જિબ્રાન એક વખત એક રમત માંડી બેઠો. તેણે બગીચામાં એક ખાડો ખોદ્યો. અને એ ખાડામાં એણે ચબરખી કરેલા કાગળના કકડા દાટયા. પછી એ ત્યાં રાહ જોતો બેઠો: કયારે એ કકડામાંથી છોડવો થાય, કયારે એ છોડવામાં મોટા મોટા કાગળ લટકે અને કયારે એ કાગળ તોડીને પોતે એમાં કવિતાનાં ચિત્ર કાઢે!

છ વરસની વયે, લીઓનાર્ડોના ચિત્રોનું પુસ્તક, એની માએ એને આપ્યું. થોડી વાર સુધી એણે પુસ્તકનાં પત્તાં ફેરવ્યાં કર્યાં, અને પછી કોણ જાણે શું થયું તે રોઈ પડયો! અને એકાંતમાં ભાગી ગયો. પણ લીઓનાર્ડોની પ્રીતિ આ ક્ષણથી જ એવી લાગી ગઈ કે એના પિતાએ કોઈ વાતમાં પાછળના વર્ષોમાં એને ઠપકો આપ્યો ત્યારે એ બોલી ઊઠયો: 'હું–હું તો ઈટલીનો છું!' આ જિબ્રાન! જીવનનાં અતળ ઊંડાણને જોનારો. જીવનની અનંત રેખાને નિહાળનારો.

એના પુસ્તક ખરીદનારામાં પણ કેવા કેવા અધિકારના ભેદ રહ્યા છે એનો એક ઘણો જ સુંદર પ્રસંગ મળે છે.

પુસ્તકવિક્રેતાની દુકાને એક બાઈ આવી. એણે ડાંફળા

ફાંફળા આવીને ઉડસુડ કહ્યું: 'મારે પુસ્તક લેવું છે!'

'કયું પુસ્તક?' પુસ્તકવિક્રેતાએ પૂછયું.

'એ તો મને ખબર નથી!'

'ત્યારે કયો લેખક–કયા લેખકનું પુસ્તક લેવું છે?'

'હું તો એ પણ ભૂલી ગઈ છું!'

'ત્યારે?'

'મને તો એક મિત્રે કાગળ લખ્યો હતો, એમાં પુસ્તકનું નામ છે ને લેખકનું નામ પણ છે. એ કાગળ ખોવાઈ ગયો છે. માત્ર એક વાક્ય જે એ મિત્રે લખ્યું હતું, તે એટલું સુંદર હતું કે એ વાકય હું ભૂલી શકી નથી. એ વાકય હું વારંવાર યાદ કર્યા કરું છું!'

'વાકય બોલો તો ખબર પડે. પુસ્તકનો પત્તો લાગે!'

'મને એ વાકયે તો મુગ્ધ કરી દીધી છે. મારા મિત્ર માટે તો પુસ્તક લેવાનું છે જ–પણ મારે પણ એ પુસ્તક પાસે રાખવું છે.'

'શું છે વાકય? બોલો તો!'

બાઈએ ધીમેથી વાકય વાંચ્યું:

'Your Pain is the breaking of the shell that encloses your understanding—'

'તમારા જ્ઞાન ઉપર બાઝી ગયેલું જડત્વનું પડ દૂર કરવા માટે, તમને જે એક વસ્તુ કુદરત તરફથી આપવામાં આવે છે, એ તમારી વેદના.'

પુસ્તકવિક્રેતાએ તરત ખલિલ જિબ્રાનનું The Prophet કાઢીને એમાંનું દુ:ખ વિષેનું લખાણ એની પાસે રજૂ કર્યું.

કેટલા થોડા લેખકોને કેટલા થોડા વાંચનારાઓ આ રીતે જાણે છે !

ખલિલ જિબ્રાને 'સોનેટ' વિષે એક નવો ખ્યાલ મૂક્યો છે તે વિચારવા જેવો છે. આરબ લોકમાં કવિતા એ ઉચ્ચ વર્ગના અધિકારનો વિષય હોય એમ કોઈની માન્યતા નથી. એને જાણે કે જીવનપદાર્થ ગણવામાં આવે છે. એટલે જેમ ખજુર એ જીવનને જરૂરી છે, તેમ જ કવિતા. રણના જીવન-સંગ્રામીઓ માટે એ એક જરૂરિયાતની વસ્તુ મનાય છે. અને એટલા માટે કવિતા એ લખાણ દ્વારા કરતાં વધુ, કંઠ દ્વારા, પ્રજાના સંસ્કૃતિ–વારસા લેખે ફેલાતી રહે છે. આ યાદ શક્તિના સામર્થ્યથી જે સાહિત્યનો વારસો જીવંત રહે એ સાહિત્ય કુદરતી રીતે જ દૃષ્ટાંતો, કથાઓ, ઉપકથાઓ, ઊર્મિ-મય પ્રસંગકાવ્યો અને તીરભેદી કાઠિયાવાડી દુહાઓ જેવા મનોવેધક સ્વરૂપોમાં જ વિકાસ પામે.

આ યાદશક્તિને હમેશાં કાંઈ ને કાંઈ અવલંબન જોઇએ. એટલે કાવ્યના જુદા જુદા ગેય પ્રકારો અસ્તિત્વમાં આવ્યા. આવો એક ગેયપ્રકાર એ 'સોનેટ.' સોનેટ વિષે કેવો જુદો ખ્યાલ ! આ 'સોનેટ'નું સ્વરૂપ, સંભવિત છે કે, સ્પેન દ્વારા મૂળ અરબી સાહિત્યમાંથી ઈટલીએ ઉપાડયું હોય ! વાર્તા સાહિત્યમાં 'અરેબીયન નાઈટ્સ' એ રણનો વારસો છે. પ્રગટ થયેલી 'અરેબીયન નાઈટ્સ' કરતાં ઘણી વધારે કથાઓ હજી લોકકંઠમાં અપ્રગટ પડી છે !

ખલિલજિબ્રાનના આ પુસ્તક The Prophet નો ઇતિહાસ આપણે જાણ્યો. એ પુસ્તકના લખનારે એને પોતાનું સર્વોત્તમ સર્જન બનાવવાને કેટલી ધીરજ રાખી, એ એમાંથી મળ્યું.

પુસ્તક લખાયું સીરિયામાં. ત્રણ વર્ષ પછી એ પેરિસમાં ચિત્રકામની તાલીમ માટે ગયો. ત્યાંથી અમેરિકામાં બૉસ્ટન ગયો. ત્યાં પણ પુસ્તક સાથે ગયું. હજી પ્રગટ થયું ન હતું. વીસ વરસના જુવાન જિબ્રાને, પોતાની માતાની માંદગીપથારી પાસે, બેઠાં બેઠાં અલ્ મુસ્તફા વિષે પોતે જે લખ્યું હતું તે વાંચ્યું. માતાએ કહ્યું: 'પુસ્તક સારું છે, પણ જિબ્રાન! તું એને થોડો વખત પડયું રહેવા દે!'

માતાની શિખામણને પુત્રે અક્ષરશઃ પાળી—પચીસ વરસનો તરુણ ચિત્રકાર પાછો પેરિસમાં આવ્યો. આવીને આખું પુસ્તક ફરીને લખ્યું. પણ હજી મૃતમાતાનો શબ્દભણકાર જાણે એને સંભળાઈ રહ્યો હતો: 'જિબ્રાન! પુસ્તક સારું છે, પણ હમણાં એક બાજુ પડયું રહેવા દે!' કેટલી ધીરજ! આજનો જુવાન ગુજરાતી લેખક તો આટલી ધીરજ ધરવા કરતાં આપઘાતનો સરળપંથ જ સ્વીકારે!

આ વાત ઉપર તો બીજાં દસ વર્ષ વહી ગયાં! આ દસવર્ષમાં તો એણે વધુ ચિત્રો, વધુ પુસ્તકો, વધુ મિત્રો, વધુ કામ, વધુ મહેનત કર્યા જ કરી. એણે દોરેલા ચિત્રોમાં વિખ્યાત મેટરલીંકનું ચિત્ર હતું.

અમેરિકામાં પાછો ફર્યો ત્યારે જિબ્રાને ન્યૂયોર્કમાં મુકામ નાખ્યો. જ્યાં ચિત્રકારો ને શિલ્પીઓ જ રહેતા હતા એવા 'Studio Building' 'સ્ટુડિયો બીલ્ડિંગ'માં એ રહ્યો.

અને આંહીં પાંચ વર્ષમાં પાંચ વખત ફરી ફરીને લખીને ને સુધારીને પ્રેસ માટે જે વસ્તુ તૈયાર થઈ તે The Prophet. આ પુસ્તકની એકલી અમેરિકન આવૃત્તિની નકલ પાંચ લાખ વેચાણી હતી! હૃદયમાંથી મદ મંજુલ ગીત

સ્વરાવલિ આવી રહી હોય એવી એની અનોખી શૈલી છે. જેના હૃદયને એનું વાચન ન સ્પર્શે એણે પોતાની જાતને એટલી અપૂર્ણ કે શુષ્ક માનવી રહી !

જિબ્રાનની મધુર શૈલીમાં એક એવી સુવાસ મહેકે છે કે એને પકડવી એ કોઈને માટે શક્ય નથી. એ કહે છે એના કરતાં ઘણું વધારે ધ્વનિત રાખે છે. અને આ એના ધ્વનિમાં એક એવી કરુણ મૃદુ લહરી હોય છે કે એને ન અડકવામાં એક જાતનું ઔચિત્ય રહેલું જણાય છે: એમ જ લાગે કે જેને જરૂરિયાત હોય તે એને ઢુંઢી લે. એમાં જ જિબ્રાનનું સાચું રહસ્ય છે. અલ્ મુસ્તફાનો પ્રવેશ કરાવનારી આ પંક્તિ-ઓમાં સ્મરણાંજલિની કેટલી સુંદર શાંત મધુરતા વહી રહી છે !

“ અલ્ મુસ્તફા, બાર વર્ષ સુધી ઓરફાલીઝ શહેરમાં, પોતાને લઈ જવા માટે આવનાર વહાણની રાહ જોતા થોભ્યા. એના જન્મદ્વીપ પ્રતિ એને એ લઈ જવા માટે આવનારું હતું.

‘ અને પછી એક દિવસ શહેરની બહાર, એક ટેકરી ઉપર ચડયા અને એસણે સમુદ્ર તરફ જોયું: દૂર દૂર, ધુમ્મસમાં વીંટળાયેલું એનું વહાણ આવતું એની નજરે પડયું !

‘ પછી એના અંતરનાં દ્વાર જાણે ઉઘડી ગયાં અને એનો આનંદ દરિયા ઉપર લહેરાઈ વળ્યો. એમણે પોતાનાં નેત્ર બંધ કર્યાં. પોતાના આત્મા માટે મૌનપ્રાર્થના કરી ! ”

ટાગોરની સોનાનાવડીમાં જેમ પેલી નારી પોતાની જીવનભરની કમાણી સરસામાન લઈને ચડી બેસે છે— એવો જ સુંદર કરુણ મધુર ધ્વનિ આત્મવિસર્જનની વેળાના આનંદનો આ પંક્તિઓમાંથી ઊભો થાય છે !

“ પછી એ ટેકરી ઉપરથી ઉતર્યા, અને એક પ્રકારની

મધુર કરુણતા એમના હૃદયમાં છવાઈ ગઈ! તેમના અંતરમાં તેમણે વિચાર કર્યો: ' આંહીંથી કેમ કરીને હું તદ્દન શાંતિમાં —ને લેશ પણ શોક વિના જઈ શકીશ? શોકશંકુને હૃદયમાં વહ્યા વિના આ નગરી હું છોડી નહિ શકું!

' એની દિવાલોમાં વસીને મેં કેટલા યે લાંબા શોકના દિવસો દીઠા છે: અને એકાંતની કેટલી યે રાત્રિઓ ગાળી છે: અને પોતાના આ શોક અને પોતાની આ એકાંત એકલતાને, ખેદ પામ્યા વિના કોણ છોડી શકે?* આંહીંની શેરીઓમાં મેં અનેક પ્રકારના ચેતનરૂપો જ્યાં ત્યાં વેર્યાં છે. અને મારી રાગમૂર્તિઓનાં નાનાં નગ્ન શિશુઓ પણ રખડતાં મૂકયાં છે. એ તમામની વિદાય લેતાં એક પ્રકારનું હૃદય-વિદારક દુઃખ હું ન અનુભવું એ નહિ બને!

' આ કાંઈ કોઈ વસ્ત્રનો ત્યાગ હું કરું છું એવું નથી: આ તો જાણે મારા હાથ વડે મારી ચામડી ઉઝરડતો હોઉં એટલું બધું લાગે છે!

' અથવા તો આ કાંઈ કોઈ વિચાર હું પાછળ મૂકી દેતો હોઉં એવું પણ નથી. પણ મારી સાથે ભૂખને સહીને, ને તૃષાને સહીને, મને પ્રિય બનેલું એવું હૃદય જ જાણે આંહીં છોડી જાઉં છું!

' છતાં હું આંહીં હવે વધારે વખત થોભી શકું નહિ. મારો સમય, વિદાય લેવાનો, આવી ગયો છે.

' જે જીવનસમુદ્ર તમામ પદાર્થને પોતાના પ્રતિ બોલાવી

---

* કારણ કે એ દુઃખ હતું ને એ એકાંત હતી તો આ વહાણની પ્રાપ્તિ થઈ. જે મને મારા મૂળ સ્થાને લઈ જવા આવ્યું છે. માટે એ શોક ને એકાંત પ્રિય લાગ્યાં છે.

લે છે—એ મહાસાગર આજે મને પણ બોલાવે છે—અને મારે ઉપડવું જોઈએ!'

'કારણ કે હવે વધારે વખત રહેવું—રાત્રિને વખતે ઉષ્મા સળી રહી હોય છતાં પણ—એનો અર્થ એટલો કે ઠીંગરાઈ જવું. જડ થઈ જવું. અને મટોડીરૂપ ઢેફામાં બંધાઈ રહેવું.

'મન તો એમ થાય છે કે આંહીં જે છે તે બધું જ સાથે લઈ લઉં. પણ એ શી રીતે થાય?

'જેમ સ્વર, પોતાને જન્મ આપનાર જીભને અને પોતાને પાંખ આપનાર હોઠને, સાથે લઈ જઈ શકતો નથી, એણે એકલાએ જ હવામાં વિચરવું જોઇએ,

—અને જેમ પોતાના માળાને આંહીં છોડીને, ગરૂડ-પંખી એકલું, સૂર્ય પ્રત્યે જવા માટે, વિશાળ આકાશને પંથે વિચરે છે—એમ જ એકલું મારે પંથે પડવું જોઇએ!"

જિબ્રાનની કલ્પનાના, પણ ઘણું કરીને એના પોતાના જ વ્યકિતત્વમાંથી ઊભા થતા, આત્મલક્ષી પાત્ર જેવા આ અભેદમાર્ગ પ્રવાસી અલ્ મુસ્તફાનો વિવિધ વિષયો પરનો શિષ્યો સાથેનો વાર્તાલાપ જેમાં સંઘરાયો છે તે 'The Prophet—'વિદાય વેળાએ.' એમાં આ પંક્તિ વારંવાર આવે છે: 'પછી એક જણાએ ઉભા થઈને કહ્યું: 'ગુરુદેવ!' વગેરે. આવી Heart to heart talk—જેને વાર્તાલાપ ન કહેતાં 'મૌનની વાણી' એમ કહેવું જોઇએ, એ વિષે જિબ્રાને દર્શાવેલા વિચારો એની જ વાણીને બરાબર બંધ બેસે છે: જિબ્રાનની Talk—વાર્તાલાપની રીત આપણને પ્રાચીન ધર્મગ્રંથો ભગવાન તથાગતની વાણી, સોક્રેટીસના સંવાદો, પણ—મુખ્યત્વે બાઈબલ—એના વાતાવરણની યાદ આપે છે.

પછી એક વિદ્વાને પૂછયું: 'અમને વાર્તાલાપ વિષે કહો."

'અને તેણે જવાબ વાળ્યો: 'જ્યારે તમે તમારા અંતર સાથેની વિચારમાળામાં આનંદ નથી લેતા હોતા, ત્યારે તમે વાતચીતમાં પડો છો.

'અને જ્યારે તમે તમારા હૃદયની સાથે એકાંતમાં વસી નથી શકતા, ત્યારે તમે હોઠ ઉઘાડો છો. અવાજ, એક પ્રકારનું વખત કાઢવાનું સાધન છે. અને એ ગમ્મત આપે છે.

'અને તમારી ઘણીખરો વાતચીતમાં, વિચારનું અરધું તો ખૂન જ થાય છે,

'કારણ કે વિચાર એ તો અવકાશમાં વિહરનારું પંખી છે. તમે એને શબ્દપિંજરામાં પૂરો, એની પાંખ ઉઘડે ભલે, પણ એ ઉડી ન શકે.

'તમારામાંના કેટલાક વાર્તાલાપ શોધે છે, નહિતર એમને એકલું એકલું લાગે છે.

'એકાંતની નીરવતા. એમની આંખ સમક્ષ એમની ખરી જાતને પ્રગટ કરી દે છે અને એમાંથી એ ભાગે છે.

'અને બીજા વળી એવા છે જે વાતચિત કર્યા કરે છે અને કોઈ જાતના જ્ઞાન વિના કે વિચાર વિના એવાં સત્યો પ્રગટ કરે છે જે એ પોતે સમજતા હોતા નથી. સોંઘાં સત્યો !

'અને વળી એવા પણ છે જેમની પાસે અંતરમાં સત્ય છે, પણ એ શબ્દોમાં આપતા નથી.

'આવાના હૃદયની એકસંવાદી નીરવતામાં આતમ જ્યોત વસે છે.

'જ્યારે તમે તમારા કોઈ દોસ્તને રસ્તામાં મળો કે બજારમાં ભેગા થાઓ ત્યારે તમારામાં રહેલી આ આતમ

જ્યોતને તમારા હોઠને હલાવવાની પ્રેરણા આપવા દો અને તમારી જીભને પણ ચલાવવા દો.

'તમારા અવાજનો અવાજ એના કાનના કાન સાથે વાત કરે એવું થવા દો.

'કારણ કે તો જ એનો આત્મા, તમારા અંતરનું સત્ય, જૂનવાણી મદ્યનો રસાસ્વાદ જેમ દારૂડિયો સંભારતો રહે તેમ, સંભારતો રહેશે.

'એ મદ્યનો રંગ ઉડી ગયો હશે ને વાસણ તૂટી ગયું હશે તો પણ એને એ સાંભરશે !"

જિબ્રાનની રૂપકથાઓ, દૃષ્ટાંતો, કવિત્વમય કલ્પનાઓ, નાની નાની વાર્તાઓ એ તમામ પ્રકારનાં સ્વરૂપોમાં એનું અનોખું વ્યક્તિત્વ વિલસી રહ્યું છે! કેટલાક જુદા જુદા પ્રકારોમાંથી એ સ્પષ્ટ જોઈ શકાશે. જિબ્રાનનો આટલો આછો પરિચય પણ એના જીવનનું રહસ્ય બતાવશે. એની વાણીમાં હરેક પળે સત્યશોધનની તમન્ના દેખાશે: એના લખાણમાં પ્રભાતની રણરેતીની નીરવ સુંદરતા ભરી છે.



મેં એક વખત મારા જીવનને કહ્યું: 'મારે તને નહિ, ખુદ મૃત્યુને બોલતા સાંભળવું છે! મૃત્યુના મોંના શબ્દો સાંભળવા છે!'

અને જીવન, પોતાનો અવાજ જરાક વધારે મોટો કરીને બોલ્યું: 'હવે ત્યારે તું એને સાંભળ લે!—આ જરા મોટો અવાજ એનો છે! મારો અવાજ ધીમો છે!'

[૧]

કુદરતે પ્રેમમાયા ભર્યો શબ્દોચ્ચાર કર્યો, અને એ શબ્દને વારંવાર એ બોલતી રહી. કુદરતના એ બોલ–તે જ જાણે પૃથ્વી ઉપરનાં ફૂલ! ધરતીની લીલી હરિયાળી ભોં ઉપર આકાશના આસ્માની વિતાનમાંથી 'તારા ખર્યા—અને પુષ્પ જન્મ્યાં!

શિશિર ઋતુ રાણીએ, આકાશીતત્ત્વો સાથે પ્રેમગોષ્ટિ માંડી અને હું ફૂલકળી, એની પુત્રી, ઉદ્ભવી! મને પોતાના

ઉદરમાં સુવારી શિશિરરાણીએ: જન્મ આપ્યો, વસંતઋતુ રાણીએ, મને પ્રેમથી ગોદમાં લીધી ગ્રીષ્મે, અને હેતથી હિંચોળીને સુવારી પાનખરે !

હર પ્રભાતે અનિલલહરી સાથે રહીને હું પ્રકાશના આગમનને પ્રગટ કરું છું; સંધ્યા સમયે પક્ષીઓના ગાન સાથે એને પાછી પ્રેમભીની વિદાય આપું છું !

મારા ઈન્દ્રધનુરંગો ધરતીને આભરણથી ભરી દે છે. અને મારા પરિમલથી હવામાં સુગંધ સુગંધ મહેકી રહે છે ! હું નિદ્રાને ભેટું છું ત્યારે રજનીરાણી મને સંભાળ ભરેલી રીતે નીરખી રહે છે. અને પ્રભાતે જ્યારે હું જાગું છું ત્યારે દિવસના એક જ નેત્ર–સૂર્યને હું નિહાળી રહું છું !

ઝાકળનાં શુભ્ર મૌક્તિક જલબિન્દુઓ એ મારો મધુરસ છલકાતો આસવ ! પંખીનાં ગાન એ મારું સંગીત ! તૃણાંકુરના, અનિલલેરખી સાથેના તાલમય ડોલન સાથે હું નૃત્ય આદરું છું.

હું પ્રેમની અમોલી ભેટ છું. લગ્નનું મંગલમ્ છું. સુખદ પળની હું એક અમૃતરસ ભરી સ્મૃતિ છું !

મૃત્યુથી વિદાય લેતા સ્વજનને આપવા માટેની, હું જ છેલ્લામાં છેલ્લી ભેટ છું ! હું આનંદનો અંશાશ છું. અને હું જ શોકનો અંશાશ છું !

પણ હું મારી મીટ આકાશ સામે જ માંડું છું.

પ્રકાશને જ હું નિહાળી રહું છું. હું મારા પડછાયાને જોવા કદાપિ નીચે દૃષ્ટિ કરતું નથી ! આ જ એ જ્ઞાન બિંદુ છે, જે માનવજાતે મારી પાસેથી શીખવા જેવું છે. પ્રકાશને જ નિહાળો–પડછાયા તરફ જુઓ પણ નહિ !

[૨]

તત્ત્વજ્ઞાનીએ એક ભંગીને કહ્યું: 'મને તારી દયા આવે છે! તારું કામ ખરેખર મુશ્કેલ છે. અને મુશ્કેલ તો ઠીક, ગંદુ છે!'

ભંગીએ જવાબ વાળ્યો: 'મહારાજ! તમારી આ મારા પ્રત્યેની દયા માટે હું બે હાથ જોડીને તમને નમું છું. પણ જરાક કહો તો ખરા, તમે શું કામ કરો છો?'

અને જ્ઞાનીએ ગર્વથી જવાબ વાળ્યો: 'અલ્યા! હું તો માણસનાં મનનો, એમની ક્રિયાઓનો, એમની ઈચ્છા લાગણી, વાસના, રાગ, કામના, એમનો અભ્યાસ કરું છું!'

ભંગી જવાબ આપ્યા વિના જ પોતાનું શેરી સફાઈનું કામ કરવા મંડયો; અને પછી ધીમેથી જરાક હસીને બોલ્યો: 'મને પણ તમારી દયા આવે છે!'

[૩]

એક લોંકડીની પાછળ વીશ માણસ ને વીશેક કૂતરાં દોડી વળ્યાં. દોડતાં દોડતાં લોંકડી વિચાર કરતી હતી: 'આજ મારું તો આવી બન્યું જ છે, પણ આ બધા કેટલા બધા ભિખારી ને કેવા મૂર્ખ હશે એ હજી સમજમાં આવી શકતું નથી. વીશેક લોંકડી વીશેક ગધેડાં અને સાથે વીશેક વરૂઓ હોય ને એક જ માણસની પાછળ એનો શિકાર કરવા માટે દોડતાં હોય એવો કોઈ કિસ્સો તો મેં કદી નિહાળ્યો નથી! એટલે મને લાગે છે આ ટોળું બહુ જ ભિખારી હશે ને વળી મૂર્ખ પણ હશે!

[૪]

તમે તમારી બારીએ બેસીને આવનાર જનારને જોઈ રહ્યા હો અને એવામાં તમારે જમણે હાથે કોઈ સાધ્વી દેખાય ને ડાબા હાથ તરફ કોઈ વારાંગના દેખાય.

અને તમે તમારા અજ્ઞાનમાં એમ પણ બોલો: 'એક તરફ કેટલી પવિત્રતા—બીજી તરફ કેટલી અધમતા!'

પણ તમે તમારી આંખો બંધ કરો અને એક છાનો અવાજ તમારા કાનમાં સંભળાશે: 'એક પ્રાર્થના દ્વારા મને શોધે છે: બીજી યાતના દ્વારા. બન્નેના સાચા તત્ત્વમાં તો મારા રહેઠાણ માટે એક જ મંડપ ઊભો છે!'

[૫]

એક મહાન ભાગ્યવાન ઉન્નત પર્વત છે. દુનિયાભરમાં તે ઉંચામાં ઉંચો પર્વત છે. એના ઉંચામાં ઉંચા શિખર ઉપર જવાની અભિલાષા થાય ને તમે એ ઉચ્ચત્તમ શિખરે પહોંચી જાઓ—પછી તમારા અંતઃકરણમાં એક જ ઈચ્છા થાશે. નીચે ઉતરવાની. અને નીચે ઉતરીને, ખીણમાં ને સપાટીમાં રહેનારાઓની સાથે આવીને એમનામાં ભળી જવાની.

એટલા માટે એ પર્વત—દેવતાત્મા—મહા ભાગ્યવંત ગણાય છે.

[૬]

એક વખત એક માણસે બીજા માણસને વાત વાતમાં કહ્યું: 'લાંબા વખત પહેલાં, સમુદ્રની મોટી ભરતી વખતે મેં મારી લાકડીવતી રેતી ઉપર એક લીટી લખી નાખી: અને લોક હજી પણ એ વાંચવા માટે થંભી જાય છે! અને એ ભૂંસાઈ ન જાય એની પણ સંભાળ લે છે!'

બીજાએ જવાબ વાળ્યો: 'મેં પણ રેતીમાં એક પંક્તિ લખી હતી. પણ સમુદ્રની ભરતીને વખતે આવેલ મહાસાગરના મોજાંએ એને ધોઈ નાખી. પણ કહો તો ખરા, તમે શું લખ્યું હતું?'

પહેલા માણસે જવાબ વાળ્યો: મેં આ પ્રમાણે લખ્યું હતું; 'હું તે છું—જે સનાતન છે. પણ તમે શું લખ્યું હતું?'

બીજાએ પ્રત્યુત્તર વાળ્યો; મેં આ પ્રમાણે લખ્યું હતું: 'હું આ મહાસાગરનું માત્ર એક જલબિંદુ છું!'

[૭]

એક વખત બે મુસાફરો મળી ગયા. એકે બીજાને કહ્યું: 'પેલી પર્વતમાળામાં પેલી એક પર્ણકૂટિ નજરે પડે, એ જોઈ? ત્યાં એક માણસ રહે છે. તેણે સંસાર તજ્યો છે. એનું એક જ ધ્યેય છે. ઈશ્વરની શોધ કરવી.'

બીજાએ જવાબ વાળ્યો: 'એ પર્ણકૂટિ છોડીને સંસારમાં નહિ ભળે ત્યાં સુધી એને ઈશ્વર મળી રહ્યો! આપણા આનંદમાં આનંદ લે, દુઃખમાં ભાગ લે, લગ્નોત્સવો ઉજવે અને શોક

કરનારાઓ સાથે શોક કરવા બેસે, ટૂંકામાં આપણામાંનો એક થઈને રહે ત્યારે એને પરમાત્માનો પત્તો લાગે!'

બીજાને પણ પેલાની વાત તો સાચી લાગી. માણસ માણસનો સાથ તજી દે એમાં માણસાઈજ રહેતી નથી તો ઈશ્વરત્વ ક્યાંથી રહે? છતાં તે બોલ્યો: 'તમે કહ્યું એ બધું તો ખરું. પણ છતાં પેલો સાધુ ખરેખર સાધુ છે એ પણ એટલું જ ખરું છે. તો શું એમ ન હોય કે એક સાચો પરબ્રહ્મપરાયણ સાધુ, આપણી દુનિયામાં પોતાની કેવળ ગેરહાજરીથી, આ સેંકડો હજારો ને લાખો માણસની સંસારમાં હાજરી પૂરાવનારી સારપ કરતાં, કાંઈક વધુ વિશિષ્ટતા-ભર્યું આપી રહેતો હોય!—પોતાની કેવળ ગેરહાજરીથી!'



કેટલીક દૃષ્ટાંત કથાઓ !

એક કાલુ માછલીએ પોતાની સખીને કહ્યું: 'મને શરીરની અંદર અસહ્ય દુઃખ થઈ રહ્યું છે. કાંઈક ભારે અને ગોળ વસ્તુ અંદર જણાય છે. ને પીડાની વાત તો કાંઈ કહેવાય તેમ નથી !'

અને એની સખીએ કાંઈક ગર્વભરેલી મોટાઈથી જવાબ આપ્યો: 'ઈશ્વરનો આભાર માનો ને સમુદ્રદેવનો અહેશાન માનો, મને તો એવું કંઈ જ દુઃખ થતું નથી. શરીર પણ હળવું ફૂલ છે: બહાર તેમજ અંદર.'

એ વખત ત્યાંથી એક કરચલો જતો હતો. તેણે એમની વાત સાંભળી, અને તે થોભી ગયો. તેણે પેલી દુઃખ-વિનાની તંદુરસ્ત માછલીને કહ્યું: 'સાચું છે બાઈ ! તું તંદુરસ્ત જણાય છે. શરીર પણ તારું હળવું ફૂલ છે; ને તને કાંઈ અસુખ પણ નથી; એ તો સારું; પણ જરાક મારી વાત સાંભળતી જા ! તારી આ સખીના શરીરમાં જે અસહ્ય દુઃખ થાય છે—એ તો કાંઈ અદ્‌ભુત સૌન્દર્યભર્યા મોતીનો ત્યાં

ઉદ્ભવ થઈ રહ્યો છે, એનું કષ્ટ છે, બ્હેન ! હવે તું તારે જા ! તારું શરીર હળવું ફૂલ છે ને !'

[૨]

એક વખત એ બન્ને સમુદ્રકિનારે ભેગાં થઈ ગયાં. સુંદરતા અને અસુંદરતા. સૌન્દર્ય અને કુરૂપતા. બન્નએ એક બીજાને કહ્યું: 'ચાલો આપણે સમુદ્રસ્નાન કરીએ !'

અને એમણે એમનાં વસ્ત્રાભુષણ ત્યાં કિનારે મૂકયાં. જલધિજલના તરંગમાં તરવા પડયાં. થોડીવાર જલવિહાર કરીને તે પાછાં ફર્યાં, ત્યારે કુરૂપતા પહેલી કાંઠે પાછી ફરી. તેણે સૌન્દર્યનાં વસ્ત્રો પહેરી લીધાં અને એ પોતાને રસ્તે ચડી.

એટલી વારમાં સુંદરતા પણ બહાર આવી. જુએ તો પોતાનાં વસ્ત્રાભૂષણ મળે નહિ ! અને લજ્જા તો ઢાંકયા વિના છૂટકો ન હતો ! એટલે એણે કુરૂપતાનાં વસ્ત્રો પહેરી લીધાં અને પછી તે પણ ચાલી ગઈ !

પણ ત્યારથી આજ દિવસ સુધી એનું એક આશ્ચર્ય જનક પરિણામ આવ્યું છે ! સ્ત્રીઓ અને પુરુષો સઘળાં—એકને બદલે બીજાને જ ઓળખે છે ! કુરૂપતાને સ્વરૂપ માને છે, સ્વરૂપને કુરૂપ સમજે છે !

પણ કોઈ કોઈ એવા છે જેમણે સૌન્દર્યની મુખમુદ્રા નિહાળી છે. એ તો વસ્ત્રોની ફેરવણી છતાં પણ, એની સાચી જાતને ઓળખી કાઢે છે ! અને વળી બીજા કેટલાક એવા છે જેમણે કુરૂપતાની મુખમુદ્રા જાણી છે. એટલે વસ્ત્રાલંકારનો ઠાઠમાઠ છતાં એમની નજરે કુરૂપતા કુરૂપતા જ રહે છે !

[૩]

નીલ નદીને કિનારે એક વખત સંધ્યાસમયે બે જણાં મળી ગયાં. મગર અને જરખ. તે ત્યાં થોડીવાર થોભ્યાં. એક બીજાના કુશળ સમાચાર પૂછ્યા: 'કેમ ભાઈ! કેમ છે? કાંઈ નવા જુની?' જરખે કહ્યું.

મગરે જવાબ વાળ્યો: 'કાંઈ નવી ને કાંઈ જુની! મારે તો ચાલે છે તેમ જ ચાલે છે. માથે માછલાં ધોવાવાં હવે બાકી રહ્યાં છે!'

'કેમ કેમ? એવું શું છે?' જરખે પૂછ્યું.

'મારું તો નશીબ જ વાંકુ લાગે છે. જીવતો જીવ છે, કોઈ વખત દુઃખ ને શોકમાં આંસુ આવી જાય છે, ત્યારે લોકો હમેશાં શું કહે છે ખબર છે? 'એ તો મગરનાં આંસુ!' અને આ ઘા મને એવો વસમો લાગે છે!

જરખે જવાબ વાળ્યો: 'તેં તારા દુઃખનું ને શોકનું કહ્યું, પણ મારું ક્યાં ઓછું છે? દુનિયાની સુંદરતા નિહાળીને કોઈ ચાંદની રાતે આનંદોર્મિ ઉછળી આવે છે. અને જેમ પ્રકાશ રેલાય તેમ મારું હાસ્ય રેલાઈ રહે છે. હવે એમાં તો લોકોનું હું કાંઈ લઈ લેતું નથી, પણ લોકો શું બોલે છે ખબર છે? જંગલના લોકો બોલે છે 'આ તો જરખનું હાસ્ય ભાઈ!'

[૪]

એક વખત લીલીછમ ડુંગરમાળામાં એક સાધુ રહેતો હતો. તે શુદ્ધ વૃત્તિનો સદાચારી પુરુષ હતો. અને

આસપાસનાં બધાં પ્રાણીઓ અને હવાનાં પંખીઓ પણ તેની પાસે જોડકામાં આવતાં અને એ તેમને ઉપદેશ આપતો. તેઓ એને સાંભળ્યાં જ કરતાં, એવી મધુર એની વાણી હતી. છેક રાત પડયે પણ ત્યાંથી કોઈ ખસે જ નહિ ને ! પછી તો એ એમને રવાના કરે ત્યારે તે બધાં જાય !

એક સાંજે એણે પ્રેમ વિષે કથા કરી. એ કથા સાંભળીને એક દીપડાએ ડોકું ઊંચું કર્યું: એણે પૂછયું: 'મહારાજ ! તમે અમને પ્રેમકથા કહો છો, પણ ગુરૂદેવ ! આપની પોતાની પ્રેમપત્ની કયાં છે એ તો બતાવો !'

સાધુએ કહ્યું: 'હું એવી ઉપાધિ રાખતો નથી !'

અને તરત જ પશુપંખીની સભામાંથી આશ્ચર્યનો એક અવાજ ઉઠયો. એમણે એક બીજાના કાન કરડવા માંડયા: 'અરે ! એ આપણને પ્રેમની, ને પરસ્પર સહચારની વાત શી રીતે કહી શકે ? એને પોતાને તો કોઈ સહચરી નથી કે કોઈ પ્રીતિપાત્ર સખી નથી !'

અને શાંત રીતે એક પછી એક સૌ ઉઠી ઉઠીને ચાલવા માંડયાં !

તે રાત્રિએ સાધુ પોતાની સાદડી ઉપર ઉંધે મોઢે પડયો પડયો રડી રહ્યો હતો અને પોતાની છાતી કૂટી રહ્યો હતો !

સુશાસનનું રહસ્ય!

એક પ્રદેશની પ્રજાએ બળવો પોકાર્યો. રાજાના મહેલને ચારે તરફથી પ્રજાજનો ઘેરી વળ્યા. એની સામે 'ઇન્કિલાબ ઝિન્દાબાદ!'ની બૂમો ઉપડી!

અને રાજા પોતાના મહાલયની સીડીએથી ઉતરતો નીચે આવ્યો. એના એક હાથમાં એણે રાજમુગટ લીધો હતો. બીજા હાથમાં રાજદંડ પકડ્યો હતો.

એને ત્યાં આવી રીતે આવેલો જોઈને પળ બે પળ લોકટોળામાં શાંતિ ફેલાઈ ગઈ. રાજાએ તેમને કહ્યું: 'મારા મિત્રો! તમે હવે વધુ વખત મારા પ્રજાજનો તરીકે નથી, તમને હું આ મારો રાજમુગટ આપી દઉં છું, મારો આ રાજદંડ પણ તમને સોંપી દઉં છું. હું તમારા જેવો તમારામાંનો એક બની જઈશ. એ રીતે હું પણ પ્રજાજન–એક માણસ ગણાઉં; પણ માણસ તરીકે હું તમારી સાથે રહીને કામ કરીશ, કે જેથી આપણા સૌનું કામ દીપી ઉઠે અને આપણું ભાવિ વધારે ઉજ્જવલ બને. આંહીં કોઈ રાજાની જરૂરિયાત રહેતી નથી. એટલે આપણે સૌ ભેગા મળીને ખેતરમાં કામ કરીએ અને હાથોહાથની મજુરી કરીએ. માત્ર

તમારે મને આટલું ચીંધવું પડશે કે મારે કયા ખેતરમાં કામ કરવા જવાનું છે. તમે જ બધા હવે રાજા છો, ચાલો!'

આ સાંભળીને લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. થોડીવાર ત્યાં સ્તબ્ધતા વ્યાપી ગઈ. જે રાજાને એમણે પોતાનાં સઘળાં દુઃખ અને અસંતોષનો કર્તા માન્યો હતો, તે રાજા પોતાનો રાજમુગટ અને રાજદંડ બન્ને તેમને સોંપી દેતો હતો. અને તે પણ તેમાંનો એક સાદો પ્રજાજન બની જતો હતો.

પછી એમાંનો દરેક પોતપોતાને કામે ગયો. અને એક પ્રજાજન સાથે રાજા પણ ખેતરમાં ગયો.

પણ એ પ્રદેશનું રાજ, રાજાવિહોણું બનતાં કાંઈ સુધર્યું હોય તેવું થયું નહિ. હજી સુધી અસંતોષની આગ ત્યાં દેખાતી હતી.

લોકોએ વળી બજારમાં ભેગા થઈને બૂમાબૂમ કરી મૂકી: 'આપણા ઉપર રાજાએ રાજ ચલાવવું જોઈએ. અને શાસન સુધારવું જોઈએ. અને જુવાનો તેમજ વૃદ્ધો બધા એક મત થયા કે "આપણા ઉપર રાજા હોવો જોઈએ."

અને તેમણે રાજાને શોધી કાઢયો. તે ખેતરમાં કામ કરી રહ્યો હતો. તેને પાછો સિંહાસન પાસે લાવ્યા. રાજદંડ તેના હાથમાં આપ્યો. રાજમુગટ તેને માથે મૂકયો. અને તેઓ બોલ્યા: 'હવે તમે રાજ કરો, પણ ન્યાયથી અને સામર્થ્યથી.' અને તેણે કહ્યું: 'હું તમારા ઉપર સામર્થ્યથી તો જરૂર રાજ કરીશ, પણ આકાશના અને પૃથ્વીના તમામ દેવો મને મદદ કરે કે એ રાજ ન્યાયનું પણ બને!'

પછી તેની હાજરીમાં માણસો ઉભરાવા માંડયાં; પોત

પોતાની ફરિયાદો રજુ કરતાં. એમના ઉપર જમીનદારીના જે જુલમ હતા તે તેમણે તેને વર્ણવ્યા અને રાજાએ તરત જ જમીનદારને બોલાવ્યો અને એને કહ્યું: 'ઈશ્વરના ન્યાય પલ્લામાં એક માણસનું જીવન બીજા માણસના જીવન જેટલું જ કિમતી છે. તારી નીચે જે માણસો કામ કરી રહ્યાં છે તેમનાં જીવન કેમ તોળવાં એ તને ખબર પડતી નથી, એટલા માટે તારા અધિકાર રદ થાય છે. આ રાજનો હમેશને માટે ત્યાગ કરવો.'

બીજે દિવસે વળી બીજા માણસો આવ્યાં. અને ડુંગરી પ્રદેશની કોઈ અધિકારિણી વાત રજુ કરી. એના પાપે એ બધા દુખી દુખી થઈ ગયા હતા.

પેલી અધિકારિણીને એકદમ ન્યાય સભામાં લાવવામાં આવી. અને રાજાએ તેને દેશપારની સજા કરતાં કહ્યું: 'જે માણસો આપણાં ખેતર ખેડે છે ને તેમની સંભાળ લે છે, તે આપણા કરતાં વધારે લાયક છે. આપણે તો ઘેર બેઠાં એમનું પકવેલ અનાજ વાપરીએ છીએ. ને બેઠા પીણાં પીએ છીએ. અને કારણ કે, આટલી સાદી ન્યાયની વાત પણ તને સમજાતી નથી, માટે તારે આ પ્રદેશ તજી દેવો જોઈએ. અને એનાથી દૂર થઈ જવું જોઈએ.'

પછી વળી બીજા માણસો આવ્યાં. ધર્મના રખેવાળો એમની પાસે વેઠ કરાવતા હતા. અને ભારે પથરા ઉપડાવતા હતા. અને બદલામાં કાંઈ આપતા ન હતા. ધર્માલયના સિક્કા ભંડારો ઊભરાઇ જતા હતા, જ્યારે એમને, આ કામ આપવા છતાં, ખાવાનાં સાંસાં હતાં!

અને રાજાએ ધર્માધિકારીને બોલાવ્યા. અને જ્યારે તે

આવ્યા ત્યારે તેને કહ્યું: 'તમે જે ધર્મચિહ્ન ધારી રહ્યા છો એ તો માનવ પ્રત્યે નિઃસીમ પ્રેમ બતાવવાનું પ્રતીક ગણાય છે. તેમાં તો જીવન આપીને જીવન આપવાની વાત છે. અને તમે તો જીવનમાંથી જીવન ખેંચી લો છો અને કોઈને જીવન આપતા તો નથી. માટે તમારે પણ આ રાજ્ય છોડી જવું, અને આંહીં કોઈ દિવસ પાછું ન ફરવું.'

આ પ્રમાણે દરરોજ રાજાની પાસે માણસો આવતાં રહ્યાં. તેમના ઉપર જે ભારણ હતું એ ભારણની વાત તેઓ લાવી રહ્યાં હતાં. અને રાજા પણ તેમના ઉપર જૂલમ કરનાર કોઈ ને કોઈને હમેશાં દેશપાર કરવાનો ન્યાય આપતો રહ્યો.

અને એ પ્રદેશના લોકો સાનંદાશ્ચર્ય આ જોઈ રહ્યા. તેમના હૃદયમાં ઉત્સાહ પ્રગટયો.

પણ પછી એક દિવસ તે પ્રદેશના વૃદ્ધો અને જુવાનો ફરીને ભેગા થયા. અને રાજાના મહાલયને વીંટળાઈ વળ્યા અને રાજાને બોલાવ્યો. રાજા તો વળી પણ પહેલાંની પેઠે, એક હાથમાં રાજમુગટ રાખીને, બીજા હાથમાં રાજદંડ રાખીને નીચે આવ્યો.

અને તેણે તેમને કહ્યું: 'હવે વળી તમારી શી ઇચ્છા છે? પણ આ જુઓ, તમે મને જે સાચવવા સોંપ્યું છે, તે હું તમને પાછું આપી દેવા માટે સાથે લેતો જ આવ્યો છું!'

પણ તેમણે એક અવાજે કહ્યું: 'ના, ના, તમે ન્યાયી રાજકર્તા છો. તમે ધરતીને જુલમીઓથી મુક્ત કરી છે. અને વરૂ જેવા ફાડી ખાનારા હિંસકોના નહોર તમે લઈ લીધા છે. એટલા માટે અમે તો તમારા ગુણગાન ગાવા, અને તમારો આભાર માનવા આવ્યા છીએ. રાજમુગટ અને

રાજદંડ તમારે માટે ગૌરવરૂપ અને ભવ્ય બની રહો !'

ત્યારે રાજાએ કહ્યું: 'ના, ના, એમ નહિ, એમ નહિ, મારે રાજા થવું નથી. રાજા તો તમે જ રહો. જ્યારે તમે મને નબળો અને અન્યાયી ગણતા હતા, ત્યારે ખરી રીતે હું નબળો કે અન્યાયી ન હતો, હું તો તમારો જ પ્રતિનિધિ હતો. એટલે તે વખતે પણ નબળા કે અન્યાયી તમે હતા. અને હવે આ ધરતીમાં સુશાસન ચાલે છે, તો એનું કારણ પણ તમારી જ ઇચ્છામાં રહ્યું છે. હું તો તમારા બધાના મનમાં સ્ફુરી રહેલો એક વિચાર માત્ર છું. મારું અસ્તિત્વ, એ બીજે ક્યાંય છે નહિ, એ તો કેવળ તમારી સૌની ક્રિયા-શક્તિમાં રહ્યું છે, શાસન કરનાર—નામનું કોઇ જ માણસ અસ્તિત્વમાં નથી. માત્ર શાસિત પ્રજાજનોનો સમૂહ પોતે જ પોતાના ઉપર શાસન ચલાવી રહેલ છે !'

અને એટલું બોલીને રાજા રાજમહાલયમાં ગયો. વૃદ્ધો અને જુવાનો પોતપોતાને કામે ગયા.

અને ત્યારથી તેમાંનો દરેક પોતાને રાજા માનતો થયો. દરેકને લાગતું કે એના એક હાથમાં રાજમુગટ રહ્યો છે, અને એના બીજા હાથમાં રાજદંડ છે !



નર્તિકા

એક વખત એક નર્તિકા એક રાજકુમાર પાસે આવી. એની પાસે ગવૈયાઓ હતા. વાજિંત્ર વગાડનારાઓ હતા. એનો સાજસામાન સાથે હતો. એણે રાજસભામાં પોતાનું નૃત્ય બતાવ્યું. વીણાવાદન અને મૃદંગના તાલેતાલ સાથે એનું નૃત્ય એવા તો સંવાદીમેળમાં આકાશપરી સમું હવામાંથી ઊભું થતું હતું કે જોનાર તમામ દિંગ થઇ ગયા! ઘડીભર તો એવી ભ્રમણા થઇ કે જાણે આ નૃત્ય કરનાર કોઇ સ્ત્રી નથી—પણ કેવળ હવા, હવામાં ફરી રહી છે!

અને તેણે અગનનૃત્ય કર્યું. સમશેર સુંદરીનું નૃત્ય કર્યું. ભયંકર ભાલા ઊભા થતા હોય એવું નૃત્ય બતાવ્યું. આકાશીતારાઓ ગગનાઙ્ગણમાં નૃત્ય કરતા હોય એ નૃત્ય દર્શાવ્યું. પણ હવામાં જાણે પુષ્પો નૃત્ય કરતાં હોય એવું પુષ્પનૃત્ય જ્યારે એણે બતાવ્યું, ત્યારે તો સભા આખી ચિત્રવત્ સ્થિર થઇ ગઈ! પોતે જે જોઇ રહ્યા હતા, એ સત્ય હતું કે એક આનંદ સ્વપ્ન ચાલી રહ્યું હતું, એનો નિર્ણય કરવો મુશ્કેલ બની ગયો!

હવામાં પુષ્પોનું નૃત્ય—નર્તિકાનો દેહ જાણે હાડમાંસ-

મેદનો નહિ, પણ કેવળ પાતળી પરિમલભીની હવાનો બન્યો હોય, એમ ફૂલની માફક દેખાતો હતો, અને એ આનંદાશ્ચર્યથી સ્તબ્ધ બનેલા સભાસદોના વચ્ચેથી ચાલીને જ્યારે એણે રાજકુમારને નમન કર્યું, ત્યારે રાજકુમારે એને વધુ નજીક આવવાની આજ્ઞા આપી. નર્તિકા નજીક આવી અને રાજકુમાર બોલ્યો: 'હે સુંદરિ! તું તારી ગતિમાં, નૃત્યમાં, તાલમાં, સ્વરમાં, રેખામાં, ધરતીનાં આટલાં બધાં તત્ત્વોને શી રીતે પકડી લાવી છો એ કોયડા જેવું બની રહે છે. તલવાર અને ફૂલ તારી પાસે આવતાં એમનાં હૃદય ખોલી નાખતાં હોય તેમ ગતિમય બની જાય છે—આ શી રીતે બને છે?'

અને નર્તિકાએ અભિવાદન કરીને જવાબ વાળ્યો: 'મહારાજ! તમારા સવાલનો કોઈ પ્રત્યુત્તર તો મારી પાસે નથી. પણ હું આટલું જાણું છું તે કહી શકું. જ્ઞાનીનો આત્મા કહેવાય છે કે તેના મસ્તકમાં રહે છે; કવિનો, હૃદયમાં; ગવૈયાનો, કંઠમાં, પણ મહારાજ! નૃત્યકારનો આત્મા તો એના સર્વાંગમાં વસે છે! અંગેઅંગમાં! એ જેટલો આંખમાં છે, એટલો જ આંગળીના ટેરવામાં છે! આથી વધુ તો હું પણ જાણતી નથી!'



દિવાના કોણ ?

દિવાનાઓની અનોખી દુનિયામાં એક વખત હું જઈ ચડયો. ત્યાં બહાર ઉદ્યાનમાં એક માણસ બાંકડા ઉપર બેઠો હતો. એનો ફીક્કો રૂપાળો ચહેરો, અને આશ્ચર્ય ભરપૂર આંખો, એ જોઇને હું એના તરફ આકર્ષાયો.

હું ત્યાં તેની પાસે બાંકડા ઉપર બેઠો. મેં એને સવાલ કર્યો: 'તમે આંહીં–એ શી રીતે?'

તમે આંહીં ન હોવા જોઈએ એવો મારો કહેવાનો આશય હતો.

તે આશ્ચર્યથી મારી સામે જોઇ રહ્યો. પછી તેણે કહ્યું: 'આ તમારો પ્રશ્ન કાંઈ બરાબર તો લાગતો નથી, છતાં હું તમને જવાબ આપીશ. મારા પિતાની એવી ઇચ્છા હતી કે હું, એમની જ આબેહુબ પ્રતિકૃતિ બની રહું. મારા કાકાને પણ એ જ જોઈતું હતું. મારી મા, પોતાના કીર્તિમંત પિતાની હૂબહુ છાંય મારામાંથી ફરી ઉદ્‌ભવે એમ ઈચ્છતાં હતાં. પોતાના દરિયા ખેડનારા સ્વામીના જેવો હું થાઉં, એમ ઈચ્છીને મારી બેન, પોતાના એ સ્વામીની પૂર્ણપુરૂષોત્તમ છબી મારી પાસે અવારનવાર ઊભી કરતી હતી! જ્યારે મારા

ભાઈનો વિચાર વળી એમ હતો કે, એના જેવો જ કસરતબાજ હું બનું!

અને મારા શિક્ષકો પણ—કોઇ મને પોતાના જેવો ગણિતપ્રજ્ઞ કરવા માગતો હતો, બીજાનો વિચાર, એના જેવો હું તત્ત્વજ્ઞાની બનું એવો હતો! સંગીતાચાર્યની ઇચ્છા એના જેવો જ હું સંગીતજ્ઞ થાઉં એમ હતી! નૈયાયિકને મારામાં પોતાની વાદશક્તિ જોવી હતી! એમ દરેકની ઇચ્છા, મારામાંથી, એમની પોતાની ધારેલી છાપ પ્રગટી ઉઠે એવી હતી! હું દરેકને માટે અરીસો હતો. દરેકને પોતાના ચહેરા મારામાંથી ઉભા થાય એ જોવું હતું!

એટલા માટે હું આંહીં આવી ચડયો. આંહીં કાંઈક ડહાપણભરેલી હવા વહે છે! બીજું કાંઈ નહિ, હું જેવો છું તેવો રહી શકું, એટલું આંહીં શકય છે!'

પછી તે અચાનક મારા તરફ ફરીને બોલ્યો: 'પણ તમે આંહીં આવી ચડયા છો—એ મારી પેઠે શિક્ષણ અને સલાહોના પ્રતાપે?'

'કોણ હું?' મેં જવાબ વાળ્યો, 'ના, ના, હું તો અમસ્તો જ આગંતુક છું!'

'એમ?' તેણે જવાબ વાળ્યો: 'ત્યારે તો કહોને, કે તમે તો પેલી બાજૂના ગાંડાઓની દુનિયામાં રહેનારા છો! આ બાજુના દિવાનાઓની દુનિયાના નહિ—આ દિવાલની પેલી તરફની, દિવાનાઓની બીજી દુનિયામાં રહેનારા!



કવિ અને અ કવિ !

એક વખત એક રસ્તા ઉપર બે જણાનો ભેટો થઈ ગયો. એક કવિ હતો. બીજો શ્રીમંત હતો કવિ ગરીબ હતો. શ્રીમંત મૂર્ખ હતો. એકની પાસે સ્વપ્નાં હતાં. બીજાની પાસે સિક્કા હતા. છતાં બન્ને વાતોએ ચડયા. પણ એમની વાતનો કાંઈ મેળ જ મળે નહિ ને! બન્નની વાતોમાંથી બન્નેનો અસંતોષ જ ઊભો થયો!

એવામાં એ રસ્તેથી એક વિનોદી દેવદૂત નીકળ્યો. આમની વાત સાંભળીને એમનો યોગે વિનોદ કરી લેવાનું એને મન થયું! તેણે તેમના ખભા ઉપર જરાક હાથ મૂકી દીધો! અને એક આશ્ચર્ય બન્યું! બન્નેની સમૃદ્ધિ બદલાઈ ગઈ! કવિની કલ્પના, શ્રીમંતને મળી. શ્રીમંતની લક્ષ્મી, કવિને ગઈ!

એમને આ વાતની કાંઇ ખબર પડી નહિ. એ તો છૂટા પડીને પોતપોતાને પંથે ગયા. અને પોતપોતાના કામમાં પરોવાયા. કવિએ તો ઘેર જઈ ને ખાંખાંખોળાં કરીને કાગળનું એક પતાકડું કાઢયું. અને કવિતા ટપકાવવા બેઠો. પણ ત્યાં એક નવાઇ જેવી વાત થઈ. કાગળ ઉપર કવિતાની વાણી આવવાને બદલે એના હાથમાંથી સુક્કી સોનેરી રેતીનો ઢગલો ત્યાં

થવા માંડયો ! ખર ખર ખર ! સોનેરી રેતી ખરવા માંડી ! એ તો ભડકી ઉઠયો ! ઓય મારા બાપ ! આ શું ? આનું શું કારણ ? મારી કવિતા બિચારી રેત થઈ ગઈ કે શું ?

જ્યારે એ જ વખતે પેલો શ્રીમંત પોતાની આંખો બંધ કરીને મહાલયમાં પડયો હતો, દીધા લીધાનાં વિચાર ગોઠવવા. પણ ત્યાં તો કલ્પનાનાં અષ્ટરંગી વાદળાં એની બંધ આંખ સામે આવી ચડયાં અને એ પણ ભડકી ઉઠયો ! ઓય મારું બેટું ! આ ભૂતાવળ શાની ?



પ્રતિમા

ડુંગરી પ્રદેશમાં એક માણસ રહેતો હતો. એની પાસે પ્રાચીન સમયની એક પ્રતિમા હતી. એને ઘર આંગણે, ધરતી તરફ મોં, એવી ઉંધી અવસ્થામાં એ ઉપેક્ષિત જેમ પડી રહેતી! એને એ વિષેનું કાંઈ ધ્યાન પણ ન હતું!

હવે એક દિવસ એના ઘર આંગણેથી એક માણસ નીકળ્યો. તે નગરનો રહેવાશી હતો અને આવી વસ્તુઓનો જાણકાર હતો. આની અદ્‌ભુત કારીગરી જોઈને એ આશ્ચર્ય પામ્યો. પછી આ પ્રતિમાને આંહીં આવી દશામાં પડેલી જોઈને એણે એ વિષે તપાસ કરી. એનો માલિક એ વેચવા માગતો હોય તો લેવાની ઈચ્છા બતાવી!

પ્રતિમા જેની હતી, તે માલિક, એની આ વાત સાંભળીને મોટેથી હસી પડયો: 'અરે ભાઈ! તમે આ ખડબચડા નકામા પથરાને વેચાતો લઈને કરશો શું?'

પેલા નાગરિકે કહ્યું: 'હું એને બદલે તને આ એક રૂપાનો સિક્કો આપું છું!'

માલિકને એ સાંભળીને આનંદ થયો અને આશ્ચર્ય પણ થયું. પછી એ પ્રતિમાને નગર તરફ ખસેડવામાં આવી. હાથીની

પીઠ ઉપર મૂકીને એને નગરમાં લઈ ગયા. એ વાતને દિવસો વીતી ગયા. વેચનાર માલિકના મનમાંથી પણ આ રસિક કિસ્સો સરી ગયો!

એક વખત ડુંગરી પ્રદેશ છોડીને એ પોતે નગરમાં કોઈ કામેકાજે ગયો. તે રસ્તા ઉપર બજારમાં ચાલી રહ્યો હતો તેવામાં તેણે એક દુકાન પાસે માણસોનું ટોળું ભેગું થયેલું દીઠું. અને એક માણસ એ ટોળાને સંબોધીને મોટેથી બોલી રહ્યો હતો: 'આવો ભાઈઓ! અંદર આવો! સુંદર અને શિષ્ટ એક શિલ્પાકૃતિ નિહાળો. દુનિયાની સર્વોત્તમ સુંદર આકૃતિમાં એની ગણના થાય છે! જોવાના માત્ર બે જ રૂપક. આ અદ્ભુત પ્રતિમા જોવા માટે, આવો! ભાઈઓ! આવો, પ્રાચીન શિલ્પનો એક અદ્ભુત સુંદર નમુનો નિહાળો! હૃદય ડોલી ઉઠશે!'

એ સાંભળીને પેલા ડુંગરી પ્રદેશના માણસને એ જોવાનું મન થયું. એણે બે રૂપકદ્રમ્મ આપ્યા ને કાંઈક અદ્ભુત નિહાળવાની આશાએ અંદર ગયો!

અને અંદર એણે શું જોયું?

પોતે જે પ્રતિમા એક રૂપકદ્રમ્મ માટે વેચી નાખી હતી, એ જ પ્રતિમા આંહીં ઊભી હતી! અને પોતે જ બે રૂપકદ્રમ્મ આપીને તેને જોવા માટે આવ્યો હતો!



એ પળ ન આવી !

એક શ્રીમંત માણસ હતો. એની પાસે ઉત્તમ પ્રકારના મદ્યનો ભંડાર હતો. એમાં પણ એક મધુરસ છલકાતો મદ્યનો કુંભ હતો, એ દ્રાક્ષારસ એટલો તો ઉત્તમ હતો, કે એ એને સાચવી રહ્યો હતો. કોઈ અદ્વિતીય વિરલ પ્રસંગ ઉપર એ એનો ઉપયોગ કરવા માગતો હતો. પણ કયો પ્રસંગ એવો વિરલ ગણાય એની એને પોતાને એકને જ જાણ હતી—કે કદાચ એને પણ જાણ ન હતી!

એક વખત પ્રાંતનો સુબો એને ત્યાં આવ્યો. પણ એને મન ન થયું, પેલો અદ્ભુત જૂનો દ્રાક્ષારસનો કુંભ કાઢવાનું! એને એમ થયું કે સુબો–એ તો ઠીક હવે, એની મુલાકાત એ એવો કોઈ વિરલ પ્રસંગ નથી! જૂના દ્રાક્ષારસનો અદ્ભુત કુંભ એના માનમાં નહિ ઉઘડે!

પછી વળી એક ધર્મગુરુ આવ્યા. પણ એણે પોતાના મનને કહ્યું: 'એ કુંભ આજે તો નથી ઉઘાડવો, આને એની કીંમત કાંઈ સમજાશે નહિ અને મફતની મોતીની જાળ પાણીમાં જશે!'

એ પ્રદેશનો રાજકુમાર આવ્યો. અને એને ત્યાં જ

ઉતર્યો. પણ પેલાને લાગ્યું કે માત્ર રાજકુમાર માટે એવો દ્રાક્ષારસ ન વપરાય! એ દ્રાક્ષારસ તો એ દ્રાક્ષારસ છે! વિરલ પ્રસંગે જ એ કાઢવા જેવો છે!

એનો પોતાનો સગો ભત્રીજો પરણ્યો. ઠાઠઠઠારાનો પાર ન હતો. અતિથિઓ પણ એક એકથી ચડીયાતા આવ્યા હતા. પણ એણે પોતાના મનમાં ગોષ્ટિ કરી લીધી: 'આ અતિથિઓ માટે પણ એ કુંભ ન આવે! એના વાપરનારાઓ વિરલ હશે ને એ પ્રસંગ પણ વિરલ હશે! એ આ પ્રસંગ નહિ!'

અને એમ ને એમ વર્ષો ચાલ્યાં ગયાં. પણ પેલો એના મનમાં બેઠેલો વિરલ પ્રસંગ આવ્યો જ નહિ ને! અને દ્રાક્ષારસ પણ એ વિરલ પ્રસંગની રાહ જોતો પડયો રહ્યો!

એમ કરતાં કરતાં તો એ પોતે જ ચાલી નીકળ્યો. અને એની સ્મશાનયાત્રા નીકળી. અને પછી એની મરણક્રિયામાં બીજા અનેક દ્રાક્ષારસના કુંભ સાથે પેલો કુંભ પણ બહાર લાવવામાં આવ્યો!

અને પાડોશના મજુરોના અને ખેતી કરનારાઓના થાક ઉતારવા માટે બધા કુંભ સાથે એ વિરલ કુંભ પણ વપરાશમાં આવી ગયો!

પણ એ સૌ પીનારાએને મન તો ત્યાં રેડાતો હતો એ બધો દ્રાક્ષારસ હતો ને આ પણ દ્રાક્ષારસ હતો!

કોઈને એના વિરલ ગુણનું કે એ મદ્યના વર્ષો જુના વિશિષ્ટ રસનું કાંઈ ધ્યાન જ ન હતું! બધાની સાથે જ એ પણ વપરાતો હતો! વિરલ પ્રસંગ માટે રાખી મૂકવામાં આવેલો એ કુંભ!



પૂર્ણ ચંદ્રોદય

પૂર્ણ ચંદ્રબિમ્બ, શુભ્ર આકાશમાંથી, ચાંદની વરસાવતું ઉગી નીકળ્યું અને નગરી આખી ધવલ બની ગઈ! પણ એના એ પ્રકાશે નગરીનાં કૂતરાં તમામ જાગી ઉઠયાં અને ભસવા માંડયાં!

પણ કૂતરાં ગમે તેટલું ભસે ને ગમે તેટલીવાર ભસે, અમીધાર વરસાવતી ચાંદની શી રીતે રેલાતી બંધ રહે? અને એને રેલાતી દેખે તેમ તેમ કૂતરાંને તો વધુ ને વધુ ચાનક ચડે!

એટલે કૂતરાં બધાં ભસવા જ માંડયા. ભસ્! ભસ્! ભસ્! એતો ચાલ્યું જ ચાલ્યું!

માત્ર એક ડાહ્યો કૂતરો ભસતો ન હતો. એ સમજતો હતો કે ભસવાથી ચાંદની ભાગવાની નથી! તેણે ગંભીર શાંત અવાજે બીજાઓને શીખામણ આપી: 'શ્વાનશ્રેષ્ઠો! નીરવતા એની નિદ્રામાંથી જાગવાની નથી, કે તમારા ભસવાથી આકાશી ચંદ્રમા પૃથ્વી ઉપર આવવાનો નથી!'

અને બધાં કૂતરાં જાણે સમજી ગયાં હોય તેમ ભસતાં બંધ થઈ ગયાં! બે પળમાં ત્યાં ભેદી મૌન વ્યાપી ગયું!

પણ પછી શું થયું? પેલો શિખામણ આપનારો કૂતરો આખી રાત એકલો ભસતો રહ્યો!

★

હજાર અને એક

ઘણાં ઘણાં ઘણાં વર્ષો પહેલાં એક સમજુ રાજા થઈ ગયો. તેણે પોતાની પ્રજા માટે કાયદાઓ ઘડવાનો નિર્ણય કર્યો.

એટલા માટે એણે પોતાના રાજમાંની જુદી જુદી એક હજાર ટોળીઓના એક હજાર ડાહ્યાઓને રાજધાનીમાં આવવાનું નિમંત્રણ આપ્યું. આ હજાર સમજુ માણસો કાયદા ઘડવાના હતા.

અને એની આ ગોઠવણ પ્રમાણે કાયદાઓ તૈયાર થઈ ગયા.

પછી જ્યારે એક હજાર જેટલા લખેલા ઘડેલા કાયદાઓ, રાજાની સમક્ષ મૂકવામાં આવ્યા, ત્યારે રાજા પહેલાં તો એ સઘળા વાંચવા માંડયો. પણ એ વાંચતાં વાંચતાં એનો આત્મા રડી રહ્યો હતો! એને ખબર નહિ કે, એના રાજપ્રદેશમાં આટલા બધા, એક હજાર જેટલા, જુદા જુદા પ્રકારના ગુન્હાઓ અસ્તિત્વમાં હતા! એક હજાર જેટલી જુદા જુદા પ્રકારની ગુન્હાઓની સંખ્યા! એનો આત્મા રડી ઉઠયો!

પછી તેણે પોતાના લેખનમંત્રીને બોલાવ્યો. અને પોતે એને રાજના કાયદાઓ લખાવ્યા. એણે લખાવેલા કાયદા-

ઓની સંખ્યા માત્ર સાતની હતી! પણ પેલા એક હજાર ડાહ્યાઓને એથી ખોટું લાગ્યું. અને એમણે ગુસ્સામાં ને ગુસ્સામાં રાજધાની છોડી, અને કાયદાઓ લઈને પોત પોતાની ટોળીઓમાં જવા માટે રવાના થઈ ગયા! અને દરેક ટોળી આ ડાહ્યા પુરુષોએ રચેલા કાયદાઓને અનુસરતી રહી!

એટલા માટે આજે પણ કાયદાઓની સંખ્યા વધતી જ રહે છે!

કારણ કે આવું જ્ઞાન હજી પ્રવર્તે છે કે જેમ વધુ કાયદા તેમ પ્રજા વધુ સંસ્કારી! વધુ નિયમન પાળનારી! અરસપરસના હક્કનું વધુ રક્ષણ કરનારી! પણ રાજદ્વારી ડાહ્યાઓની આ ઊંધી સમજણ ઉપર જ્ઞાનીઓ એમના અંતરમાં હસે છે.

સૌ કહેશે: 'દેશ તો ખરેખર મહાન જણાય છે; જુઓને! એક હજાર તો એને ત્યાં કેદખાનાં છે! અને પાછાં આ કેદખાનાં પણ ખાલીખમ નથી. સ્ત્રીઓથી અને પુરુષોથી એ ભર્યાં ભર્યાં રહે છે—એના હજાર કાયદાને હજાર રીતે ઘોળીને પી જનારા માણસોથી! પણ તે છતાં દેશ તો, ખરેખર, મહાન છે! એને ત્યાં એક હજાર તો કેદખાનાં છે!'

પણ જ્ઞાનીઓ કહેશે : 'ખરેખર, દેશ તો મહાન છે; પણ વાંધો માત્ર આટલો જ છે. એની પ્રજા, એ પેલા હજાર કાયદા ઘડનારાઓની, વારસ પ્રજા છે—એ હજાર કાયદા ઘડનારાઓની—અને માત્ર એક જ ડાહ્યા રાજાની!



શોધ !

એક હજાર વર્ષ પહેલાં બે ફિલસૂફો એક જગ્યાએ મળી ગયા. બન્ને જ્ઞાનગોષ્ટિમાં પડયા. એકે બીજાને કહ્યું:

'તમે કયાં જાઓ છો ?'

બીજાએ પ્રત્યુત્તર આપ્યો: 'હું યૌવનનું ઝરણુ શોધવા નીકળ્યો છું. આ ડુંગરમાળાઓમાં એ કયાંક વહે છે. મેં જૂના પ્રાચીન ગ્રંથોમાં એ વિષે વાંચ્યું છે! પણ તમે શું શોધવા નીકળ્યા છો ?'

પહેલાએ કહ્યું: 'હું મૃત્યુનું રહસ્ય શોધવા જાઉં છું!'

પણ એમાંથી દરેકના મનમાં આવ્યું કે સામાવાળો વાત કરે છે ખરો, પણ એને એના શોધના વિષયનું પૂરેપૂરું ભાન લાગતું નથી! પછી તો એમાંથી પિષ્ટપેષણ ઊભું થયું, વાદ જાગ્યો, અને સામસામે, જ્ઞાનઅંધકારનો દોષ એક બીજા ઉપર મૂકીને, એ મોટા અવાજે ચર્ચા કરવા માંડયા!

એવામાં ત્યાંથી એક વિચિત્ર માણસ નીકળ્યો. એના ગામમાં એને સૌ મૂર્ખ ગણતું!

એ આંહીંથી નીકળ્યો અને આ બે તત્ત્વજ્ઞાનીઓની ચર્ચાચર્ચી સાંભળતો ત્યાં ઊભો રહ્યો!

પછી તે તેમની પાસે આવ્યો અને બોલ્યો: ‘ સજ્જનો ! એમ જણાય છે કે તમારી બન્નેની ફિલસૂફીની વાત એક જ છે. અને બન્ને જણા એક જ વિષય ઉપર બોલી રહ્યા છો. માત્ર તમારા રજુઆતના શબ્દો જ જુદા જુદા છે ! તમારામાંનો એક યૌવનનું ઝરણુ શોધવા નીકળ્યો છે, બીજો મૃત્યુનું રહસ્ય ગોતવા નીકળ્યો છે. પણ ખરેખરી રીતે તો એ બન્ને એકરૂપે—બીજે ક્યાં ?—તમારામાં જ વસી રહેલ છે ! યૌવનનું ઝરણુ પણ તમારામાં જ છે; ને મૃત્યુનું રહસ્ય પણ તમારામાં જ વસે છે. પ્રાજ્ઞ પુરુષો ! મને તો આમ જણાય છે. લ્યો સલામ ! ’

એટલું બોલીને ધીમું હાસ્ય હસતો પેલો અજાણ્યો વિચિત્ર માણસ ચાલતો થઈ ગયો.

પેલા બે ફિલસૂફોએ એક બીજાની સામે મૂંગામૂંગા થોડીવાર જોયા કર્યું. અને પછી તે પણ બન્ને સામ સામે હસી પડયા !

અને તેમાંનો એક બોલ્યો: ‘ હા, ત્યારે તો આપણે બન્ને હવે સાથે જ પ્રવાસ કરીશું; ને સાથે જ શોધખોળ નહિ કરીએ ? ’



બે કવિ !

વર્ષો પહેલાં ગ્રીસની એથેન્સ નગરીના એક માર્ગ ઉપર, બે કવિરાજ ભેગા થઈ ગયા. એક બીજાને મળતાં એમના હૃદયને આનંદ થયો !

અને એક કવિરાજે બીજાને પૂછયું: 'તમે હમણાં કઈ કૃતિ રચી રહ્યા છો ? તમારી કાવ્યવિણા—એનું ગાન તો બરાબર ચાલે છે નાં ?'

બીજા કવિરાજે પ્રત્યુત્તર આપ્યો: એના અવાજમાં ગર્વનો રણકાર હતો: 'મેં મારી મહાનમાં મહાન કૃતિ હમણાં જ લગભગ સંપૂર્ણ કરી નાખી છે. કદાચ, એ મારી મહાનકૃતિ—ગ્રીકભાષાની પણ મહાનમાં મહાન કૃતિ હશે ! એમાં મહાન ઈંદ્રરાજનું પ્રાર્થના–આહ્વાન આવે છે !'

પછી એણે પોતાના ઝભ્ભામાંથી તાડપત્ર બહાર કાઢયું અને બોલ્યો: 'જુઓ આ રહ્યું એ મહાનકાવ્ય, મારી સાથે જ છે. થોડુંક તમને સંભળાવું. આવો, આપણે પેલા વૃક્ષની ઘટ્ટ છાયામાં નિરાંતે બેસીએ !'

અને કવિએ પોતાનું કાવ્ય વાંચવાનું શરૂ કર્યું. ઠીક ઠીક લાંબુ એ કાવ્ય હતું !

અને બીજા કવિએ સહાનુભૂતિથી જવાબ વાળ્યો: 'આ મહાન કાવ્યકૃતિ છે. યુગના યુગ સુધી એ જીવશે. અને એની મારફત તમારી કીર્તિ દિગંતવ્યાપી બનશે !'

પેલા કવિએ શાંતિથી પૃચ્છા કરી: 'પણ હમણાં હમણાં તમે શું લખી રહ્યા છો ?'

બીજાએ જવાબ વાળ્યો: 'હું તો બહુ જ થોડું લખી શકયો છું. માત્ર આઠ જ પંક્તિ ! ઉદ્યાનમાં રમતા એક શિશુની યાદીમાં એ લખાઇ ગયું છે !'

પછી એણે એ આઠ પંક્તિ વાંચી સંભળાવી.

પેલાએ કહ્યું: 'એવું કાંઈ ખાસ ખરાબ નથી. ઠીક છે, ચાલે તેવું છે !'

અને પછી તે પોતપોતાને માર્ગે ગયા.

પણ ત્યાર પછી બે હજાર વર્ષે પણ, એ કવિની આઠ પંક્તિ દરેકે દરેક માણસની જીભ ઉપર રમતી હતી. પ્રેમથી વારંવાર ગવાતી હતી. મનોમંદિરનો કોઈ અમૂલ્ય પદાર્થ હોય તેમ લોકહૃદયમાં જળવાઇ રહી હતી !

જ્યારે પેલા બીજા કવિનું લાંબું કાવ્ય, આ બધો વખત પરંપરામાં ચાલતું તો રહ્યું, પણ પુસ્તકાલયોમાં સંઘરાતું, વિદ્વાનોના કબાટમાં પૂરાતું અને યાદદસ્તમાં નોંધાતું !

પણ ન એના ઉપર કોઈની પ્રીતિની વર્ષા વરસી ! કે ન તો એને કાઢી કાઢીને કોઈ વાંચવા દોડયું ! એ વિદ્વાનોના કબાટમાં અવશ્યમેવ રહેતું થયું !



અદલા બદલી !

એક વખત બે દેવદૂતોનો શહેરના દરવાજા પાસે ભેટો થઈ ગયો. બન્નેએ એકબીજાને વિનય વિવેક કર્યો. અને વાતચિતમાં પડી ગયા.

એકે પૂછયું: 'તમે હમણાં શું કામ ઉપર નિયત થયા છો ? શું કામ કરી રહ્યા છો ?'

બીજાએ જવાબ વાળ્યો: ! 'ભૈ ! એક અધ:પતિત માણસની સંભાળ હમણાં મને સોંપાણી છે. એ મહા પાતકી છે. એના અધ:પતનની કોઈ હદ જ નથી. છેક નીચેની ખીણમાં એ રહે છે. કામ જેવું તેવું નથી. પાર પાડવું ભારે અઘરું છે! મારો તો દમ નીકળી જાય છે!'

પહેલાએ કહ્યું: 'પણ એ કામ કાંઈ બહુ અઘરું ન ગણાય. ખરેખરું અઘરું કામ તો મારું છે. મેં ઘણા પાપીઓને જોયા છે; અને કેટલી યે વખત એમની સંભાળ પણ લીધી છે. પણ અત્યારે હવે મને જે કામ સોંપાયું છે, એને હિસાબે આ કાંઈ ન ગણાય! સામેના એક મંડપમાં એક સાધુપુરુષ રહે છે. મારે એની સંભાળ લેવાની છે! એ કામ ઘણું ઘણું મુશ્કેલ તો છે. પણ એ ઉપરાંત, પાછું અટપટું થોડું નથી!'

પહેલા દેવદૂતે કહ્યું: 'અરે જાવ રે! મારા ભાઈ! તમે પણ ઠીક છાંટી. એક સાધુસંતની સંભાળ રાખવાનું કામ, એક મહા પાતકીની સંભાળ લેવાના કામ કરતાં અઘરું? વાહ રે!'

બીજાએ જવાબ આપ્યો: 'શું વાહ રે? તમારી તે કાંઈ બુદ્ધિ છે? ફાંકો હદ ઉપરાંતનો નહિ કે મેં છાંટી છે, એમ કહો છો? મેં તો કેવળ સત્ય કહ્યું છે. ખરી રીતે તો તમે રેતમાં હાંક્યું છે!'

'મેં હાંક્યું છે કે તમે? સંત-સાધુ ને મહાપાતકી બન્નેની સંભાળ સરખી એમ?'

પહેલાએ ઉતાવળે પ્રત્યુત્તર વાળ્યો: 'એ જ હું કહું છું! એ સંભાળ સરખી નહિ. સાધુસંતની વધારે અઘરી!'

'વાહ રે!'

એમાંથી તો બન્ને દેવદૂતો વાદમાં ઉતરી પડ્યા. ચર્ચાચર્ચી ચાલી. ગરમી વધી. શબ્દોને વધારે લડાવવા લાગ્યા. પછી તો મુક્કામુક્કી ઉપર આવી ગયા!

એવામાં નશીબજોગે ત્યાંથી દેવદૂતોનો સરનશીન મહા દેવદૂત પસાર થતો હતો, તેણે આ બે દેવદૂતોને આથડતા જોયા, એટલે એ ત્યાં ઊભો રહી ગયો.

તેણે તેમને પૂછ્યું: 'શું છે? શા માટે લડો છો? નગરના દરવાજા પાસે આ પ્રમાણે લડવું એ દેવદૂતને માટે યોગ્ય છે? તમારી તકરાર શી વાતની છે?'

બન્ને દેવદૂતો બોલવા માંડ્યા. દરેકે બીજાની વાત ખોટી ઠરાવવા માંડી. પોતાને સોંપાયલા કામને વધારે મુશ્કેલ બતાવવા દલીલો શરૂ કરી. વધારે મુશ્કેલ કામ કરનાર

તરીકેનું માન પોતાને મળવું જોઈએ એવી વાત પણ કહી નાખી!

મહા દેવદૂતે વિચારમાં માથુ હલાવ્યું. પછી તેણે ધીમેથી કહ્યું: 'તમે એમ કરોને! તમે દરેક માનો તો છો કે બીજાનું કામ પ્રમાણમાં સહેલું છે? કેમ ખરું?'

'હા હા,' બન્નેએ ઉત્સાહભર્યા વેગથી કહ્યું.

'તો હવે તમે એમ કરો. તમારામાંથી કોણ વધારે માનને લાયક છે તે ઠરાવવું મુશ્કેલ છે. પણ તમે શાંતિ જાળવવા માટે દરેક જણ, બીજાનું જે સહેલું કામ લાગે છે તે ઉપાડી લ્યો! કામ બદલાવી કાઢો જાઓ! મળી ગયું ના બન્નેને સહેલું કામ? બસ, હવે ઉપડો ને કરો આનંદ, જાઓ!'

દેવદૂતો તો કામબદલો કરીને પોતપોતાને પંથે ગયા. પણ દરેકને મહા દેવદૂત ઉપર એવો ગુસ્સો ચડયો! દરેક પોતાના મનમાં કહી રહ્યો હતો: 'આ મહા દેવદૂત, દેવદૂતોનું જીવન વધારે ને વધારે અઘરું બનાવે છે!'

પણ મહા દેવદૂત ત્યાં થોડીવાર ઊભો રહ્યો ને મનમાં વિચારી રહ્યો: 'અમારે સંભાળ રાખવી જોઈએ, ને સંભાળ લેનારા અમારા દેવદૂતોને પાછા સંભાળવા જોઈએ!'



અવાજની ફિલસૂફી

એક દિવસ દેડકાએ દેડકીને કહ્યું: 'આપણે રાત આખી, આપણાં ગાન તો કરીએ છીએ પણ પેલા ઘરવાળાં માણસોની શી દશા થતી હશે ? એમની હેરાનગતિનો પાર નહિ હોય !'

દેડકી ડાહી હતી. તેણે જવાબ વાળ્યો: 'અને આપણે દિવસે બે ઘડી નિરાંત લેતાં હોઈએ ત્યારે એ તો કાંઈ જ કરતાં નથી કેમ ? એ બધાં ત્યારે બોલબોલ તો કરે છે ! એનું શું ?'

મેડક બોલ્યો: 'તે છતાં રાતે આપણે ઘણું વધારે ગાન કરીએ છીએ એ ભૂલવું ન જોઈએ !'

મેડકરાણી બોલ્યાં: 'તો તો આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે દિવસે એ કાંઈ થોડું બોલતાં નથી. અને ઘાંટાઘાંટ કરી મૂકે છે એ વધારામાં !'

દેડકાએ કહ્યું: 'પણ આપણા પેલા મેડકરાજ પોતાના અવાજથી આખો પાડોશ ગજવી મૂકે છે તેનું શું ?'

હાર્યો દા લીધા વિના જ દેડકીએ તરત રોકડો ઉત્તર આપ્યો: 'હા, જો મેડકરાજની વાત હોય તો તો હું તમને

કહું છું કે, જ્યારે એના વાતોડિયા રાજકીય નેતાઓ આંહી આ કિનારે આવે છે, અને જ્યારે ધર્મગુરુઓ પધારે છે, અને જ્યારે એના વિજ્ઞાનવેત્તાઓ ભેગા થાય છે અને વિદ્વદ્ચર્ચા ચાલે છે, ત્યારે શું આકાશ સુધીનું હવા મંડળ ઢમઢોલી અને ગમે તેવા ખાલીખમ અવાજોથી ઉભરાઈ જતું નથી? ઓ હો હો! બાપલ્યા! કાંઈ ભાષણો ભાષણો...! અને પ્રવચનો!—બધાં ય ખાલી!'

દેડકો બોલ્યો: 'સારું. એમ હોય તો આપણે આ માણસો કરતાં કંઈક વધારે સારપ બતાવીએ. આપણે રાતે શાંત થઈ જઈએ. અને આપણાં ગીત આપણા હૃદયમાં જ રાખીએ. પછી ભલે: ચંદ્રમા આપણા ગાન તાલને બોલાવી રહ્યો હોય કે ભલે તારાઓ આપણી કવિતાપંક્તિ માટે ઝૂરી રહ્યા હોય! વધારે નહિ તો એક રાત આપણે શાંત થઈ જઈએ. અથવા તો બે કે ત્રણ રાત શાંતિ રાખીએ.'

અને એની પત્નીએ કહ્યું: 'સારું. આપણે એ કબુલ. જોઈએ, તમારી આ હૃદય ઉદારતાનું શું પરિણામ આવે છે!'

તે રાતે દેડકાં એકદમ શાંત થઈ ગયાં. કોઈ બોલે ને કારવે! ડરાઉં ડરાઉંથી ગાજતો આખો કિનારો એકદમ શાંત! બીજી રાતે પણ એમ જ થયું. ત્રીજી રાતે પણ તદ્દન શાંતિ વ્યાપી રહી!

પણ એથી તો વિચિત્ર લાગે એવી એક વાત બની. સરોવર કિનારાના આ ઘરમાં રહેનારી પેલી વાતોડણ બાઈ ત્રીજે દિવસે નાસ્તા માટે બેઠી હતી, ત્યારે પોતાના સ્વામીને કહેતી સંભળાઈ: 'આ ત્રણ રાત થયાં મને ઊંઘ જ આવી નથી. કાનમાં દેડકાંનો અવાજ આવતો હોય ત્યારે કેવી મીઠી

નિદ્રા આવી જતી! દેડકાંને કાંઇક થયું લાગે છે. ત્રણ રાત થયાં એમનાં ગીત બંધ થઈ ગયાં છે! હું તો આ ત્રણ જાગરણથી ઘેલી જેવી થઈ ગઈ છું!'

દેડકાએ આ સાંભળ્યું. ને એ કૂદીને પોતાની પત્ની પાસે પહોંચ્યું. આંખ મીંચતાં મીંચતાં ઉતાવળે બોલ્યું: 'કહું છું, સાંભળ્યું તેં? આપણે પણ આપણી આ શાંતિથી એવા જ ઘેલા જેવા થઈ ગયા છીએ! કાં એમ જ નાં?'

શાણી દેડકીએ ભારેખમ મોંએ જવાબ વાળ્યો: 'હા, આપણને પણ રાતે શાંત રહેવું વસમું તો લાગતું! પણ હવે આપણને ખાત્રી થઈ ગઈ કે, આપણે આપણાં ગીત બંધ કરવાની જરૂર નથી. પોતાની ખાલીખમ દુનિયાને, અવાજથી ગાજતી રાખતા, માનવોની સગવડતા માટે, આપણે ગીતો બંધ કર્યાં! કેવાં આપણે?'

દેડકાઓમાં ફિલસૂફ ગણાતો એક ફિલસૂફ મેડકરાજ પતિપત્નીની આ વાત સાંભળીને બોલી ઉઠયો:

'આ માણસોને તો તમારાં ગીત સ્વર્ગસુરાવલિ જેવાં લાગે! એ તો ખાલી ઢમઢોલી અવાજને આધારે જીવનારાં! એમની સૃષ્ટિમાંથી અવાજ લઈ લ્યો—પછી ત્યાં કાંઈ ન હોય!'

—અને એ રાતે ચંદ્ર તારા અને રજની તમામને ભરી દેતું મેડકગીત સાંભળીને પેલાં ઘરનાં માણસો ખુશ ખુશ થઈ ગયાં!



સાચી સમજણ !

એક વખત એક નગરમાં એક રાજકુમાર વસતો હતો. તે લોકપ્રિય હતો. પ્રજાનાં માણસો એને પ્રેમથી ચાહતાં.

પણ એક ચીંથરેહાલ ગરીબ માણસને આ રાજકુમાર સામે પણ કાંઇ ને કાંઇ ફરિયાદ કરવાની હતી ! જ્યારે જુઓ ત્યારે એ એની નિંદા કરતો જ હોય !

રાજકુમારને કાને એની આ વાત આવી. છતાં એણે ધૈર્યભરેલી શાંતિ જાળવી.

પણ છેવટે એણે મનમાં વિચાર કરીને આની કાંઈ ગોઠવણ ઘડી કાઢી. શિયાળાની એક ઠંડી રાતે આ ભિખારીને બારણે રાજકુમારનો નોકર આવીને ઊભો રહ્યો. એની સાથે એ લોટ લાવ્યો હતો, સાબુનો કકડો લાવ્યો હતો, સાકર લાવ્યો હતો.

તેણે એને કહ્યું: 'મહારાજકુમારે યાદગીરીની આ ભેટ તમારે માટે મોકલી છે !'

પેલાને તો એટલું જ કામ હતું. એ તો ખુશ ખુશ થઈ ગયો. રાજકુમારની પોતાના તરફના માનની નિશાની આ ભેટ છે એમ એને લાગ્યું. અને એ ગર્વમાં ને ગર્વમાં એ

મુખ્ય ધર્માધ્યક્ષને મળ્યો. રાજકુમારે છેવટે એને નમતું આપ્યું એ વાત ગર્વથી કહી બતાવી. 'રાજકુમારને પણ મારી સદ્ ઈચ્છા મેળવવાનો ખપ પડ્યો ખરો!' તે અભિમાનથી બોલી ગયો.

ધર્માધ્યક્ષે કહ્યું: 'ઓ! આ રાજકુમાર કેટલો ડાહ્યો છે! ને તારી સમજણ કેટલી અલ્પ છે એનું આમાંથી માપ નીકળ્યું! સમજે તો એણે તને આ સાનમાં સમજાવવાનું કર્યું છે!'

'શું?'

'જો પેલો લોટ છે એ તારા ખાલી પેટ માટે છે; સાબુ શુદ્ધિ માટે છે; અને સાકર, તારી કડવી જીભનું ઓષધ છે! એટલે તું સત્ય પ્રિય બોલતાં શીખ. જાતશુદ્ધિ રાખતાં શીખ. અને તારો રોટલો રળી લેતાં શીખ...જાત મહેનત, જાતશુદ્ધિ, જાતસંયમ. જીવનની બધી વાત એમાં આવી ગઈ!'

પેલાનો તો ગર્વ ઉડી ગયો. પણ તે દિવસથી એ રાજકુમારને ધિક્કારવા મંડયો, ને ધર્માધ્યક્ષને તો વધારે ધિક્કારવા મંડયો.

પણ એ છતાં એક ફેરફાર થયો. ત્યાર પછી એની જીભ શીવાઇ ગઈ!



અણો રણિયાનુ

ડુંગરાઓમાં એક સ્ત્રી રહેતી હતી. એને એકનો એક પુત્ર હતો.

એક વખત વૈદ્ય જોતો રહ્યો ને રોગમાં આ છોકરો ભરખાઇ ગયો !

માતાના શોકનો કોઇ પાર ન હતો અને તેણે વૈદ્યને જ દુ:ખ ભર્યા અવાજે પૂછયું: 'મને કહો, વૈદ્યરાજ ! કહો, આ મારા છોકરાની ગતિ કેમ અટકી પડી ? એનું ગીત કેમ બંધ થઈ ગયું ?'

અને વૈદ્યરાજે જવાબ દીધો: 'તાવ સખત હતો !'

'પણ આ તાવ શું છે ?'

વૈદ્યરાજે કહ્યું: 'એને સંપૂર્ણ રીતે તો કોઈ સમજાવી શકતું નથી. પણ એ કોઇ સૂક્ષ્મમાં સૂક્ષ્મ–ઝીણામાં ઝીણી વસ્તુ છે, જે શરીરમાં આવીને બેસે છે ને શરીરને ઉપાડી લે છે. નરી આંખે એ દેખાતી નથી !'

પછી વૈદ્યરાજ તો ગયા. અને વૈદ્યરાજે જે શબ્દ પકડાવ્યા હતા તે એ ગોખતી રહી: 'કાંઇક સૂક્ષ્મમાં સૂક્ષ્મ

વસ્તુ છે. નરી આંખે દેખાતી નથી! શરીર એ ઉપાડી લે છે આ ઝીણામાં ઝીણી જણાતી વસ્તુ!'

સાંજરે ધર્મગુરુ એને આશ્વાસન દેવા આવ્યા. પણ એના અંતરમાં તો અપાર શોક ભર્યો હતો. એણે તો એક જ વાત પૂછી: 'મારો પુત્ર મેં કેમ ગુમાવ્યો? મારો એકનો એક લાડકો! એ ગયો ક્યાં?

ધર્માધ્યક્ષે કહ્યું: 'દીકરી! ઈશ્વરની એવી ઈચ્છા!'

અને સ્ત્રીએ તો વળી પૂછયું: 'આ ઈશ્વર શું છે? એ ક્યાં છે? મારે એની સામે આ મારું હૃદય બતાવવું છે. મારું લોહી એના ચરણ પાસે રેડવું છે. એ ક્યાં મળશે એ મને કહો.'

એના આ અપાર શોકને સાંત્વન આપવા માટે ધર્માધ્યક્ષે જ્ઞાનવાર્તા કહી: 'બેટા! ઈશ્વર તો મહાનમાં મહાન છે. એ આપણી નરી આંખે નજરે પણ ન દેખાય!'

પેલી સ્ત્રી તો એ સાંભળતાં જ રડી ઉઠી: 'અરે! એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ શરીર ઉપાડી લે છે; અને તે પણ મહાનમાં મહાનની આજ્ઞાથી! ત્યારે વચ્ચે રહેલા આપણે કોણ? આપણે કોણ?'

એ જ વખતે એની મા ત્યાં આવી ચડી. તેણે ધર્માધ્યક્ષના શબ્દો સાંભળ્યા હતા. અને પોતાની પુત્રીનો હૃદયવિદારક શોકપ્રશ્ન પણ સાંભળ્યો હતો. તેણે પોતાની પુત્રીનો હાથ હાથમાં લીધો, અને તેને કહ્યું: 'મારી દીકરી! આપણે જ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને મહાનમાં મહાન છીએ: અને આ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને મહાનમાં મહાન વચ્ચેનો પંથ, તે આપણે અત્યારે છીએ!'



આત્મા–પરમાત્મા

અને પછી તેમાંના એકે ઊભા થઈને કહ્યું: ‘ જે ઈશ્વર વિષે અમે આટલું બધું સાંભળીએ છીએ, એ ઈશ્વર વિષે અમને કાંઈક કહો. એ કોણ હશે ? કેવો હશે ? ક્યાં રહેતો હશે ? એનો કાંઈ પત્તો ? ’

અને તેમની સમક્ષ ઊભા રહીને તેણે, આત્મવિશ્વાસભર્યા સ્પષ્ટ અવાજે પ્રત્યુત્તર આપ્યો: “ ભાઈઓ ! તમે તમારા બધાનાં હૃદયને સમાવી દે એવું એક મહાન હૃદય કલ્પો, અને તમને ઈશ્વરની કાંઈક ઝાંખી થશે; તમારા બધાના જુદા જુદા પ્રેમ જ્યાં મળી જાય, એવો કોઈ મહાન પ્રેમસાગર કલ્પો, અને તમને ઈશ્વરની કાંઈક ઝાંખી થશે; તમારો શબ્દ, તમારું મૌન, તમારો પ્રાણ, એ જ્યાંથી ઉદ્‌ભવે છે, એવા કોઈ અનંતની કલ્પના કરો, અને ઈશ્વરની કાંઈક ઝાંખી થશે.

‘ દુનિયાના સઘળા જ સુંદર પદાર્થોની સુંદરતામાંથી એક સુંદર પદાર્થ કલ્પનામાં ઊભો કરો–એ ઈશ્વર હશે. જંગલ, સમુદ્ર, પર્વત, રણ, મેદાન એમનાં અનંત મધુર ગીતોના કરતાં પણ વધારે મહાન એવું એનું ગીત હશે.

‘ સૂર્ય એ તો જેને માટે પગ મૂકવાનું પગથિયું છે,

એવા કોઈ ભવ્ય સિંહાસન ઉપર બેઠેલ, વિરાટની કલ્પના કરો—એ ઇશ્વર હશે.

'પણ આ બોલવું જેટલું સહેલું છે, તેટલું કલ્પવું સહેલું નથી.

'તમે ખાવાપીવાનો અને રહેવાના મકાનનો, એ બે વસ્તુઓનો જ, વિચાર કરવાને ટેવાયલા છો; બહુ બહુ તો તમારાં વસ્ત્રો વિષે વિચાર કરો છો; અને થોડા ઘણો, સગાં-સંબંધીઓ વિષે. પરંતુ એ બધા વિચારના કરતાં, આ વિચારની આખી દિશા જ જુદા પ્રકારની છે.

'જેમને આ શોધખોળની ખરેખરી લગની લાગી હશે, તેમને તો પોતાનામાંથી ઉદ્ભવતા પ્રશ્નોની પરંપરા જ, ઇશ્વરના સાન્નિધ્યની કાંઈક ઝાંખી કરાવશે."

એની આ વાણી સાંભળી, અને તે બધા એકદમ મૂંગા જેવા બની ગયા. એમને આમાં કાંઈ સમજાયું ન હતું. દયાર્દ્ર ચિત્તે એણે ફરી વાર કહ્યું: 'આપણે હવે ઈશ્વરની ભવ્યતાની વાત છોડી દો. પણ એ પરમાત્માને બદલે આપણે આપણામાં વસી રહેલા એક ઈશ્વરની, આત્માની, વાત કરો. આપણે આત્માઓ વિષે, આપણા પાડોશીઓ વિષે, વાત કરીએ.

'તમે ઊંચી ઊંચી વાદળી જેમ ઊંચે ઊડો છો અને તમને એ ઉત્તુંગ ઉડ્ડયન, વિશાળ સમુદ્ર ઉપર અને અફાટ મેદાનો ઉપર લઈ જાય છે, પરંતુ એ ઉત્તુંગ ઉડ્ડયન કરતાં વધારે ઉત્તુંગ ઉડ્ડયન, જ્યારે એક નાનું સરખું બીજ, તમે ધરતીના પેટાળમાં મૂકો છો, ત્યારે કરો છો. અને જ્યારે તમે પ્રેમભરેલા અવાજે, તમારા પાડોશીને સુપ્રભાતમ્ કહી

શકો છો, ત્યારે પણ તમે કોઈ મહાન અફાટ વિશાળ મેદાન જાણે કે, ઓળંગી જાઓ છો.

'તમે ઘણી વખત ઈશ્વરના અનંત સંગીત વિષે વાતો કરો છો, પણ એના કરતાં ઘરઆંગણે રમતાં બુલબુલના ગાન વિષે કાંઇક બોલતા હો! ઝાડ ઉપરથી ખરતાં ને ખરી રહેલાં પાન કેટલું મધુર સંગીત હમેશાં તમારી પાસે ગાઈ રહ્યાં છે! અને મારા મિત્રો! એક વાત આમાં યાદ રાખવા જેવી છે. જ્યારે પાંદડાં વૃક્ષની ડાળીથી છૂટાં પડે છે, ત્યારે એવું મધુરું ગીત એ ગાય છે!

'હું તો એટલા માટે તમને કહું છું કે, આપણે બની શકે તો પરમાત્માની વાતને હમણાં રહેવા દઇએ. એને બદલે આપણે આપણામાંના એક બીજાને, હળીમળીને સમજવાનો યત્ન કરીએ; પાડોશી પાડોશીને સમજીએ તો એ પણ, એક નાનો ઇશ્વર, બીજા ઇશ્વરને ભેટતો હોય, તેવું થાશે.

'એક પંખીની માદાનો વિચાર કરો. પોતાનાં બચ્ચાંને તજીને એને અનંત આકાશમાં વિહાર કરવાનું નહિ ગમતું હોય?

'તમે જ્યારે તમારા નિત્યજીવનની નાનામાં નાની ક્રિયામાં જાતને લુપ્ત કરી દો છો, ત્યારે જ ખરી રીતે તમે, કલ્પનાના વૈભવનું મહાનમાં મહાન ઉડ્ડયન કરી શકો છો. એ જ ઉડ્ડયન, તમને છેવટે પરમાત્માનું સાન્નિધ્ય દેખાડશે. તમારી આવી રીતિ જ, તમારા વિશાળ ઉચ્ચ ઉડ્ડયનને સિદ્ધ કરશે.

'એટલા માટે મિત્રો! આપણે પરમાત્મા વિષે થોડામાં થોડું બોલીએ, અને આત્મા વિષે વધારેમાં વધારે જાણીએ, માણસાઈ, એમાં રહી છે. પરમાત્માને કદાચ આપણે ન પણ સમજીએ. પણ માણસ, માણસને ન સમજે, એવું ભાગ્યે જ

બને—જો પૂરેપૂરા પ્રેમથી પ્રયત્ન કરવામાં આવે તો. એમ જ સમજોને કે જાણે પ્રેમ પોતે પ્રયત્ન કરે છે એમ થાય તો. એટલે નિરવધિ વિશુદ્ધ પ્રેમ હોય તો. આવી જાતના પ્રેમ પંથમાં લેશ પણ અધુરપ હોય તો થઈ રહ્યું. એટલા માટે હું કહું છું કે ' પ્રેમ પોતે પ્રયત્ન કરે છે એમ થાય તો.' અને છતાં એક વસ્તુ ઉપરથી તમારું મન ચલિત થવા દેતા નહિ. એ વિષેનો મનદોર ચૂકતા નહિ. આપણામાં, આપણામાંના દરેકમાં, જે પરિમલ છે, જે સુગંધ છે, જે પ્રાણ છે, એ તો એ અનંતની જ પ્રસાદકણિકા છે. એટલે કે, આપણે જ પોતે પાંદડાંમાં, ફૂલમાં, પંખીમાં, ધરતીની સુગંધમાં, આકાશી હવામાં, પ્રભાતના રંગમાં, જલતરંગમાં, અને મધુરતમ સ્વરોમાં, મુક્તપણે વિચરી રહ્યા છીએ. આપણા પોતાના સિવાય બીજું કાંઈ જ નથી !"



એ પળ ચાલી આવે છે!

સોનાના ભાવ વધતા જતા હતા.

લાખોની લગડીઓને પોતાને ત્યાં કેદ કરનારા શ્રીમંતે, પોતાના દુર્ગસમા ઘરમાં પ્રવેશ કર્યો, ત્યારે પ્રવેશ કરનાર એ એકલો જ ન હતો; ખરી રીતે એ એકલો ભાગ્યે જ રહેતો; એની સાથે એક મોટું ટોળું ભટકતું જ ફરતું; નોકરોનું નહિ; ચિંતાઓનું! ભાવ વધવાની ચિંતા. ઘટવાની ચિંતા. સરભર રહેવાની પણ ચિંતા. સરકારના ધારાની ચિંતા. જકાત આવવાની ચિંતા. ન આવવાની પણ ચિંતા. ચિંતા ચિંતા ને ચિંતા! ચિંતા એની સાથે પડછાયાની જેમ રહેતી. કસાઇ-ખાનામાં ઊડતાં અસંખ્ય ગીધડાંની માફક એના ઉપર પણ અસંખ્ય ચિંતાઓ હમેશાં ઊડયા કરતી.

પણ એના એવા દુર્ગસમા મહાલયમાં રંગબેરંગી માછલીઓના વીજળીફૂવારા પાસે આવીને એ ઊભો રહ્યો, અને ત્યાં ઊભેલી જલસુંદરીઓના હાથમાં રહેલા કુંભમાંથી ઢળ્યાં જતાં પાણીને નિહાળી રહ્યો! કેવો અખંડિત પ્રવાહ ચાલી રહ્યો હતો! કલ્પનાના ધોધ સમું પાણી વહી જતું હતું. વિચારના અબ્ધિ તરંગ સમું, એ હોજમાં ઊછળી રહ્યું હતું.

અને એના પોતાના જીવનનાં ગઈ કાલનાં, ભૂતકાળનાં સંસ્મરણો એને અચાનક યાદ આવી ગયાં!

ગઈ કાલે જ જાણે કે, એ પેલા ખેતરને શેઢે બેઠો બેઠો, પોતાના બળદને ચરતા નિહાળી રહ્યો હતો. ધોરિયામાં પાણી ચાલ્યું જતું હતું. ઝાડના ઝુંડમાંથી પંખીઓનું ગાન આવતું હતું. હવાની લેરખીઓ સુગંધ લાવી રહી હતી. એવું જીવન એ જીવી રહ્યો હતો. થોડી જરૂરિયાતોનું, પણ થોડી ચિંતાઓનું. પ્રમાણમાં શાંત જીવન એ ગાળી રહ્યો હતો!

અને આજે? આજે એણે સોનાને કેદ કર્યું હતું. અને ચાંદી સોનાએ એને કેદ કર્યો હતો! ચિંતા, અને હાડધ્રૂજાવે એવી ગરીબી એની પાસે હતી! અને છતાં લાખોને ઈર્ષા આવે એટલું સોનું એની પાસે હતું!

ગઈ કાલે એનો રાહ એ મુક્ત પંખીનો રાહ હતો. એ ઠીક પડે તો પોતે ગાય, ઠીક ન પડે તો ન ગાય. આજ એના રાહ ઉપર નિયમની શૃંખલા પડી હતી. એણે અમુક ગાન અમુક ઢબે ગાવું જ જોઈએ. એ જે સમાજમાં હતો, એ સમાજનું ગાન એ એનું પોતાનું ગાન હતું! અને એનું પોતાનું જે ગાન એ તો ક્યારનું વિદાય થઈ ગયું હતું! એના મુક્તાત્માએ, હવે ભાર વહેનાર ગધેડાનો વેષ ભજવવાનો હતો. એની પીઠ ઉપર પડેલા સોનાને સાચવવા કાં એણે ગધેડા થવું જોઈએ અથવા તો સોનાને ઢળી જવા દેવું જોઈએ! રે વિચિત્ર પરિસ્થિતિ!

અને એનો આત્મા સંસ્મરણોની દુનિયાને નિહાળીને વિચારી જ રહ્યો: "પેલાં છુટ્ટાં વહી જતાં ઝરણાં આજે ક્યાં હતાં? પેલી આમલીની ઘટા ક્યાં હતી? પંખી, પશુ અને

વનનું જીવન એ સઘળાં પણ ક્યાં હતાં?'

'એ બધાં શું કેવળ આ સોના માટે થઈને મેં ખોયાં?' એનું મંથન આગળ ચાલ્યું: 'અને એ પણ આવા સોના માટે કે, જે મારે વહેવાનું, વહેવાનું ને વહેવાનું જ છે?'

'આજ તો મારી પાસે મારી નિરર્થક એકાંત એકલી જ રહી ગઈ છે! એ એકાંત કે જે એક વખત જીવનનો આનંદ આનંદ ભરીને આવતી, આજે એ જ એકાંત, જીવનને ભાર, ભાર, અને ભાર આપી જાય છે! ઓ હો! એકાંત એકાંતમાં કેટલો ફેર છે? એક જીવન આપે છે; બીજી જીવન લઈ જાય છે!'

'હા, એટલું ખરું, મારા જીવનના સ્મશાનમાંથી ઊભા થયેલા એક ભવ્ય મહાલયમાં, હું બે ઘડી, ક્યારેક ક્યારેક ગુમાવેલો આનંદ અને ખોયેલું જીવન શોધવા નીકળું છું અને અરે! ત્યારે જ મને સાંભરે છે કે, હું જેને અત્યારે શોધું છું, એ તો એક વખત મારામાં જ હતું! પણ એ તો હતું. આજ હવે નથી. આજ હવે એમાંનું કાંઈ શોધ્યું પણ જડતું નથી.'

'એક વખત એ પણ ન હતો જ્યારે એક માત્ર જેવા તેવા કપડામાં ઢંકાયલી, પેલી વગડાવાસીની નાનકડી રૂપકડી છોકરીનાં છાનાં પગલાં, મારા હૃદયમાં પ્રેમને અને પ્રેમના હૃદયમાં મને, એમ આનંદોર્મિના હીંચોળે હિંચકાવી મૂકતાં? એ તે હીંચકો હતો કે સ્વર્ગ હતું, એની પણ આજ તો કેવળ કલ્પના જ કરવી રહી!'

'અને આજે કેટલી રમણીઓની વચ્ચે હું જાતને હીંચોળું છું અને છતાં એ આનંદ જીવન પણ—આની પેઠે જ યંત્ર

જેવું જીવન થઈ ગયું છે ! જીવન પ્રભાતે જે મધુરતા એમાંથી મળતી હતી, તેનો એક નાનકડો પણ અંશાંશ એમાં ક્યાં છે ?'

'ગઈ કાલે હું ચિંતા મુક્ત હતો. લોકનજરમાં મારે માટે માન ન હોય તો કાંઈ નહિ, પણ ઘૃણા તો ન હતી. આજે હું પોતે કેદી છું. ને સુખી નથી; છતાં હું જ સુખી છું એમ માનીને, મારો તેજોદ્વેષ કરનારાઓની સંખ્યા કેટલા સેંકડોની બની ગઈ છે ?'

'અને આ બધું શાને લીધે ? સંગ્રહવૃત્તિનો આવો ભયાનક લાંબો પડછાયો પડે છે, એ ખબર જાતી, આજ જીવન સંધ્યાકાલે મને પડી !'

'આ કનકને લીધે મારા જીવનના છિન્નભિન્ન કટકા થઈ ગયા છે. એણે મને કર્કશતાની અને મૂર્ખતાની અંધાર ગુફામાં ધકેલ્યો છે.

'આજ મને ખબર પડી કે કીર્તિ અને કનક એ બન્ને તો કામનાનાં સંતાન છે."

હોજની રંગીન માછલીઓને જોતો જોતો અનેક ફૂલ પોઢયા ક્યારાઓ પાસેથી એ ધીમે ધીમે ચાલી નીકળ્યો.

પણ હજી એની વિચારમાળા તો એના મનમાં ચાલી જ રહી હતી: "લોકો જેને સમૃદ્ધિ કહે છે, જેના નામે લોકો ઘેલા ઘેલા થઈ જાય છે, જેનું નામ સાંભળતાં પાણી પાણી થઈ જાય છે, એ આ સમૃદ્ધિ ? આ કનકમાયા ? દુનિયામાં આ ભેગું કર્યું જ કર્યું, ધારો કે આખી દુનિયાનું આંહીં ભેગું કર્યું, તો પણ એ સંગ્રહ મને વીતી ગયેલા કાળની, ભૂતકાળના જીવનની, એક નાનકડી પળને પણ ફરીને પાછી આપી શકશે ? અથવા હૃદયમાં આનંદ આનંદ કરી શકશે ? જીવનમાં સંતોષ

આપી શકશે? એક કરોડ સિક્કાના બદલામાં પણ, કોઈ અમર, સ્થાયી ચિરંતન સુંદર વિચાર સારામાં, મારો પોતાનો હોય તેમ, જન્મી શકશે? અને એક મુઠી ભરીને રત્નો આપું તો પણ પ્રેમજીવનની એક સાચી પળ મને આમાં ક્યાંથી મળશે? અથવા તો આ અસંખ્ય માણસોનાં હૃદયને જોવાની શક્તિ આવી શકશે?'

'જો એ કાંઇ જ આનામાં ન હોય—તો તો આ ભાર, એ પણ એક નકામી ધમાલ નથી? અર્થહીન અને અસંગત."

એને લાગ્યું કે આ જે પળ આજે આવી છે, એવી પળ એને ફરીને પ્રાપ્ત થવાની નથી. પ્રજ્ઞાનો દીપ પ્રગટાવવો હોય તો તેલ પૂરવાનો આ સમય છે. અજ્ઞાનના સંતાન જેવી સંગ્રહવૃત્તિએ એની શાંતિને હણી નાખી છે.

પણ પોતાની રાત દિ ચાલી રહેલી સંગ્રહવૃત્તિની વિચારમાળાએ, એના જીવનની પળેપળને કેવા ભયાનક પડછાયાથી ઘેરી લીધી છે એનો ખ્યાલ તો, એને અકસ્માત એક બીજા પ્રસંગે આપી દીધો; અથવા કહો કે એ પ્રસંગે જ એને ખરો જગાડી દીધો!

એ ફરતો ફરતો આવીને પોતાના દુર્ગની બહારના વીજળીતેજમાં લાંબી દૃષ્ટિ નાખતો ઊભો હતો, ત્યાં એક અકિંચન ભિખારી તેની પાસે આવ્યો.

ભિખારીએ પોતાનો હાથ એની પાસે લાંબો કર્યો, અને પેલા શ્રીમંતને લાગ્યું કે, જે ભૂતકાળને—ગઇકાલને, એ થોડા વખત પહેલાં નિહાળી રહ્યો હતો, પેલા હોજ પાસે, એ આ ગઈકાલ જ જાણે, મૂર્તિમંત બનીને, એની આજને કહેવા આવી છે કે, આપણે એક એવો દીપ ન પ્રગટાવીએ, જે આવતી

કાલને પ્રકાશમાં નવરાવે! ગઈ કાલ, આજ, અને આવતી કાલ કેવો વિચિત્ર યોગ!

અને એણે એને આવતીકાલે આવવાનું નિમંત્રણ આપ્યું. એકલાં નહિ; સગાંસંબંધી સાથે. માગવા નહિ; જીવવાનું શીખવા.

એના મનમાં એક સુંદર વિચાર આવી ગયો હતો: 'જીવનમાં જે જે વસ્તુ છે તે તમામ સુંદર છે. સોનું પણ સુંદર છે. કંચન એ પણ વાદ્ય જેવું છે. જેને એ વાપરતાં ન આવડે એને એ કર્કશ સ્વર સંભળાવે. આટલો બધો સંગ્રહ થયો તો, એમાંથી એક નવી વાત મળી. સંગ્રહ તમામ સડો આપે છે. પ્રેમ અને પૈસા બન્નેની રીત એક સરખી છે. જે એને પોતાની પાસે જ રાખે, એને એ ધીમે ધીમે હણી નાખે. પણ જે વિવેકથી વાપરે એને કનકમાં પણ પ્રેમની જેમ જ, જીવનસંગીત જડે; જે ન વાપરે, તેને એનો ભાર જ મળે.'

અને આ સુંદરવિચારની હવાને સ્થાયી કરવા એણે પેલાને નિમંત્રણ આપ્યું હતું.



જીવનની જીવનમાં શ્રદ્ધા

અને પછી તેમાંનો એક બોલ્યો: 'ગુરૂદેવ! જીવનમાં અમારા ઉપર દુ:ખના ડુંગર ખડકાયા છે. અમે આશાઓ, આકાંક્ષાઓ, અને જીવનના સર્વ રસો ખોઈ બેઠાં છીએ. અમારા દિલમાં લોઢાના ઘા પડયા છે. એમાં અમને કોઇ જ હેતુ શોધ્યો જડતો નથી. અમારો દોષ પણ મળતો નથી. અમને તમે સમજાવો કે, આવી અપાર યાતનામાં, જીવનનૌકા ફરી શી રીતે વહે ?'

દયાર્દ્ર જેનું ચિત્ત બન્યું છે એવા એણે જવાબ વાળ્યો: 'દુનિયામાં જે કંઈ છે, એ તમામે તમામનાં કરતાં જીવન વધારે પુરાણું છે. જીવનતત્ત્વ, તમામ જીવન્ત પદાર્થોના કરતાં પણ પુરાણું છે. તમારા એ જીવનતત્ત્વે આ એક જ યાતના જોઈ નથી.

'એટલે જીવનનું સંગીત ઘડીભર મૂંગું ભલે બને; પણ એને અટકાવી તો કોઈ જ નહિ શકે, સિવાય કે તમે પોતે. આપણે જ્યારે દુ:ખમાં ડૂબ્યા હોઇએ, જ્યારે આપણો પરાજય સ્પષ્ટ દેખાતો હોય, ત્યારે પણ જીવન જ સર્વોત્તમ છે એ શ્રદ્ધા ન છોડતા. જેમણે જીવનની એ સર્વોત્તમ શ્રદ્ધા

માટે, મૃત્યુનો હસતે મોંએ સ્વીકાર કર્યો છે, એમને માટે જીવનનો વિજય જ છે! આપણે નિરાશાના સમુદ્રમાં ડૂબ્યા હોઈએ ત્યારે પણ અંદર તો, જીવનતત્ત્વનો—પછી ભલે એ અંશાંશનો પણ અંશ હો—કોઈ ને કોઈ અંશ, આનંદરેખાને જ નિહાળે છે!

'યાતના જ્યારે અપાર હોય, ત્યારે માત્ર એક જ વિચારથી એ સહ્ય બને છે. જીવન વિશાળ છે, ઘણું જ ઉંડું છે, એનો અંત નથી, જ્યારે આ યાતનાનો તો અંત છે.

'મૃત્યુ, એ જીવનને વધારે સમર્થ રીતે પ્રગટાવવાનો, કુદરતનો એક પ્રયત્ન છે. આપણે જીવનથી કંટાળીને એને અનેક શાપ આપીએ છીએ. એની શૂન્યતા, એની અર્થહીનતા, એની વિચિત્રતા, એની ક્ષણભંગુરતા, એ બધાંથી આપણે ગભરાઈ જઈએ છીએ. પણ એ સઘળી જ નબળાઇઓ આપણામાંથી જન્મે છે ને આપણામાં જ એ શમે છે. જે ક્ષણભંગુર માને એને માટે જીવન ક્ષણભંગુર છે. પણ જે એને અનંત ગણે એને માટે તો એક ક્ષણમાં અનંતની ઝાંખી ભરી છે. તમારા પોતાના જીવનની દરેકે દરેક ભવ્ય ક્ષણમાં જીવન રહ્યું છે: પણ, તમારા પોતાના જીવનની દરેક નબળી ક્ષણમાં મૃત્યુ પણ રહ્યું છે! જીવનને જે એક રહસ્ય તરીકે ગણે છે, એને મૃત્યુથી નવજીવનની ઝાંખીનો આનંદ મળવો જોઈએ.

'ગમે તેટલી અપાર યાતનાઓ આવે, છતાં જે જીવન વિષે અશ્રદ્ધા ધરાવતો નથી, તેને માટે એક દિવસ જીવનનું ભવ્યમાં ભવ્ય રૂપ જોવાનું સદ્ભાગ્ય નિર્માણ થયું જ છે!'



કવિને !

કવિ ! તારી કવિતા તો એક એવો શબ્દગૂંથ્યો પૂલ છે કે, જેની ઉપર થઈને આ દુનિયાનાં માણસો સ્વર્ગની શોભા નિહાળવા જાય છે, અને સ્વર્ગનાં માણસો આ દુનિયા જોવા આવે છે !

તારી પાસે એક એવી જીવનજળની અમર જાહ્નવી છે કે, જેમાં સેંકડો ને હજારો તૃષાતુર આત્માઓ પાણી પીવા આવે છે. ખોબે ખોબે એ પાણી પીએ છે, થોડીવાર કિનારે આરામ લે છે, ને પછી જીવનપંથને માર્ગે તારી એ વાણી-શોભા નિહાળતા આગળ વધ્યે જાય છે !

કવિજન ! તારી પાસે સૌન્દર્યનું જે વૃક્ષ છે, તેનાં ફળ ચાખવા માટે તો અમરલોકના નિવાસીઓને પણ, ફરીને પૃથ્વીમાં જન્મ લેવાનું મન થાય તેવું છે. 'આકાશી કુસુમ' 'ગીતનું બુલબુલ' 'શ્વેતરંગી વાદળ' 'સ્વર્ગીય ગંધર્વ' 'શબ્દ-શિલ્પી' 'દિવ્યગાયક'–ને એવાં કૈં કૈં વિશેષણો આજ દિવસ સુધી તને લગાડવામાં આવ્યાં છે, પણ એમાંનું કોઈ તારા માટે ઋગ્વેદવાપર્યા 'કવિ' શબ્દની તોલે આવે તેવું નથી. તું તો કવિ છો; અને 'કવિ'જ રહેજે !

કવિતા માટે તો હરેક જમાનામાં લોકોનાં ટોળે ટોળાં રાહ જોઈને ઊભાં રહે છે. સૌની આંખમાં એક જ કરુણતા ભરી વેદના ઉભરાય છે. સૌના હૃદયમાં એક જ ઊંડી અભિલાષા છે. સૌના અંતરમાં એક જ આરજૂ છે. 'અમારું આ વ્યથાભરેલું મૌન, એને વાણી આપનાર, કવિ, અરે કવિ કયાં છે? અમારા દિલની યુગયુગ ઘેરી અંધારખીણને પ્રકાશ આપનાર એક નાનો દીપ કયાં છે?'

તું, ભાઈ! કવિજન! તું, જૂગજૂગ જૂની માનવતાની અને માનવ આત્માની અંધકાર ભરી કંદરાઓને, તું અજવાળજે!

આ કંદરાઓમાં તું એકલો જ પ્રવેશ મેળવી શકશે. ત્યાં બીજું કોઈ આવી શકે તેમ નથી. આવે તેમ પણ નથી. એ કંદરાઓને પહોંચવાનો તારો માર્ગ, ભૂખની, દુઃખની અને બેદરકારીની કંટક ભરેલી કેડીઓથી છવાયલો પડયો છે.

પણ કાંઈ ફીકર નહિ. એ પંથે આજ દિવસ સુધી જે જે કવિજનો વિચર્યા છે, એમણે ઓઢેલા ગરીબીના અંચળાની સુગંધભરેલી સોનેરી રજ, ત્યાં ઠેકાણે ઠેકાણે તારી કેડીને પ્રકાશતી પથરાયેલી પડી છે.

એ જ માર્ગે, ભાઈ! એ જ બાદશાહી ગરીબીના પંથે, તારો અને તારા જેવા સૌનો, ભાગ્યપંથ પડયો છે!

કહેનારાઓએ કહ્યું છે કે, કુદરતની કવિતા એટલે ફૂલ. અને હું કહું છું કે ફૂલની કવિતા એટલે કવિ! પણ કાંટા ભર્યા તારા કીર્તિ મુગટમાં ગુલાબની પાંદડીનાં આંસુ છૂપાયાં છે! તું ફૂલો માટે રડે છે અને તારે માટે મિત્ર! બીજું કોઈ નહિ, ફૂલો રડે છે!

તારે ચોરે બેસીને, માત્ર એક ચાંગળું ચાખનારાઓને જીવનભરની ગરીબી, વ્યથા અને આંસુ મળ્યાં છે. પણ તેં તો મિત્ર! એ સઘળાંની અંજલિ કરીને, એવી એવી તો દિલ ડોલાવનારી, સત્યની, અહિંસાની, પ્રેમની, પ્રાણની, શ્રદ્ધાની—અને સૌની ટોચ જેવી સૌન્દર્યની વાણી કહી છે કે, અમને લાગે છે, તારા માનસસરોવરમાં એવાં છલોછલ અમૃત ભર્યાં હશે કે તારે ત્યાં આવેલું કાતિલમાં કાતિલ વિષ પણ અમૃત બનીને પાછું સંજીવની રૂપ ધારતું હશે!

તમામે તમામ માણસ ગરીબીને તજી દે, પણ મિત્ર! તું ગરીબીને તજતો નહિ. ગરીબીને તું તજીશ, તો તો પછી કવિ! ગરીબી કોઈ દિવસ ગરીબને નહિ તજે!

સૌ કોઈ ગરીબીને તજે, પણ કવિ! તું ગરીબીનું એક એવું ગૌરવગાન ગા કે, જેથી કોઈ, આ દુનિયામાં પોતે ગરીબ ન રહે. પોતે શ્રીમંત થાય, માટે પોતાના પાડોશીને ગરીબ રાખવા મથે છે, એ ગરીબનો પણ ગરીબ છે! અને એ જ ખરો ગરીબ છે. બાકીના તમામ શ્રીમંત છે. અને શ્રીમંત સઘળા એક સરખા છે

હે કવિ! તું ગરીબીનું એવું ગૌરવગાન ગા!

તારો દેશ કવિ! શ્રીમંતોનો બને ને એમાં કોઈ ગરીબ ન રહે માટે તું હવે આજે ગરીબીનું ગાન ગા!

એક એવું ગાન ગા, મિત્ર! એક એવું ગાન ગા, કે જે માનવહૃદયમાંથી એકી સાથે એક એવો અવાજ ઊભો કરે કે, જેને શાંત કરવા માટે શ્રીમંતોની તમામ શ્રીમંતાઈ ઓછી પડે. અને છેવટે એ પણ:ગરીબીના ગૌરવ ગાનમાં રાચી રહે!



જીવનનું જીવન

મારા ચિત્તની પ્રસન્નતા, હું સેંકડો અને લાખ્ખો દ્રમ્મને માટે પણ વેચવાનું ન ઇચ્છું; તેમ જ મારા અંતરાત્માએ, પોતાની જરૂરી યાતનાને માટે, જે આંસુઓ બોલાવ્યાં છે, એ આંસુઓ સાટે હું કોઈનો નિરવધિ આનંદ લેવા પણ ન ઇચ્છું. મારી તો એ અભ્યર્થના છે કે મારું જીવન હમેશાં આંસુમય હો. હમેશાં આનંદમય હો.

આંસુ સાચાં હોય છે ત્યારે એ મોતી જેવાં થઈ રહે છે. ખોટાં હોય તો અનેકને છેતરે છે. એણે અનેકને એમ છેતર્યા છે અને અનેકને નિર્બળ બનાવ્યા છે. ચિત્તલહરીમાંથી ઉદ્ભવતું સાચું હાસ્ય, એ જ્યારે પણ આવે છે ત્યારે, માણસ માણસની વચ્ચે એક પ્રકારનું પ્રેમબંધન બાંધતું આવે છે. એટલે જ હું કહું છું મિત્રો! કે તમારી પાસે જો આ બે મૂલ્યવાન વસ્તુઓ હશે—ચિત્ત લહરીનું આનંદહાસ્ય અને અંતરાત્માનું યાતનાભર્યું આંસુ—તો તમે આ દુનિયાના અનેક શ્રીમંતો કરતાં પણ વધુ શ્રીમંત હશો. એટલું જ નહિ, તમને લાગશે કે કેવળ વસ્તુસંગ્રહી શ્રીમંતો જેવા કંગાલ તો આ દુનિયામાં બીજા કોઈ નથી!

કોઈ નાના આનંદમય અનુભવમાં લીન થઈ જવું કે લુપ્ત થઈ જવું એ, મિથ્યાભિમાનમાં અને નિરાશામાં પસાર કરવા પડે એવા લાંબા લાંબા જીવનના સમય કરતાં, હજાર દરજ્જે વધારે સારું છે!

પ્રેમ અને સૌન્દર્યની યુગયુગ જૂની અભિલિપ્સા એ મારા જીવનનું પણ જીવન છે. આજ મને એક નવો અનુભવ થઈ રહ્યો છે. જેમણે પોતાનો જીવન સંતોષ મેળવી લીધો છે, કે જેમને હવે જીવનમાં કાંઈ વધારે ઈચ્છવા જેવું કે ઉમેરવા જેવું રહ્યું હોય એમ લાગતું નથી, એમના જેવું દરિદ્રીજીવન બીજું કોઈજ નથી. આ દૃષ્ટિએ જુઓ તો ઉત્કૃષ્ટ પ્રકારના સંગીત કરતાં પણ, મને તો સાચા પ્રેમીઓના વિરહ નિઃશ્વાસમાં વધારે સંગીત ઉદ્‌ભવતું લાગે !

રાત્રિ આવે છે. સેંકડો પુષ્પો પોતાનાં કોમળ હૃદયમાં રજનીના પ્રેમને સંઘરીને નિરાંતની નિદ્રા લે છે. સવાર પડયે સૂર્યોદયના પ્રથમ કિરણના ચુંબનથી પાછાં એ જાગે છે. એમના એ જીવન અનુભવમાં ઘણી વખત વાદળાં પણ આવે છે, થોડીવાર ટકે છે, પણ છેવટે એ જતાં જ રહે છે.

પુષ્પના એ ટૂંકા જીવનકાવ્યને તમે આશાનું સંગીત કહો કે તૃપ્તિ કહો, શાંતિ કહો કે ગમે તે કહો, છતાં જોનારને એમાં હરપળે આંસુ દેખાય છે; અને હરપળે ચિત્તના આનંદની હાસ્ય લહરી પણ દેખાય છે!

એટલે જ હું કહું છું મિત્રો! કે જીવન તમે માનો છો તેમ, આ લાવ્યા તે લાવ્યા, આ ભેગું કર્યું, આ મહાલ્યા, આ ઊપડયા, આ દોડયા, આ માળા ઘાલી, આ માનપત્ર લીધું, આ દીધા આ લીધા, આ ખોયા, આ

કામ્યા—આ મેળવ્યા—આ અનુભવોમાં જીવન નથી. એમાં જીવન સિવાય બીજું બધું છે. જીવન તો બે જ વસ્તુમાં વસે છે. ચિત્તની પ્રેમલહરીભર્યા ખુશનુમા હાસ્યમાં. આત્મોત્સર્ગી યાતનાભર્યાં હૃદયવિદારક અશ્રુમાં. ત્રીજે ક્યાંય જીવન નથી.

પહેલું સૌન્દર્યનું પ્રતિક છે. બીજું પ્રેમનું. પ્રેમ અને સૌન્દર્યના, બે પળના પણ અમર રહી જાય એવા સાચા અનુભવ વિના, વર્ષો સુધી લંબાયલું જીવન, અરે એના જેવા નિરર્થક પડછાયાને, આપણે અંતકાળે જાણીએ એમાં કરુણતાની અવધિ રહી છે!

જલબિંદુના જીવનક્રમને નિહાળો ને! એ લુપ્ત થાય છે, પણ ટેકરીઓ ઉપર ને બીણોમાં પાછું આનંદમય સમાધિ મેળવે છે. પવનની લહરી એને એક આનંદ હીંચોળો નાખે છે અને એ પાછું હસતું હસતું પોતાના જૂના મિત્ર ઝરણાં સાથે નૃત્યભર્યા સંગીતતારે સમુદ્રને મળવા દોડે છે! માણસના જીવનનો શું આવો જ નૈસર્ગિક ક્રમ હોઈ ન શકે? એને બદલે આપણે તો મૃત્યુની પહેલાં પણ મરેલા, એવા જ અસંખ્ય માણસો જોઇએ છીએ!

એ હસે છે ત્યારે હાસ્ય હોતું નથી. રડે છે ત્યારે રૂદન હોતું નથી. એ મરે છે ત્યારે મૃત્યુ હોતું નથી; અને એ જીવે છે ત્યારે જીવન હોતું નથી! પડછાયા સિવાય આ બીજું શું છે?

જે સમુદ્ર તરફ જલબિંદુ ધસી રહ્યું છે, ત્યાં એ લુપ્ત થઈ જવાનું છે, પણ એની એ લુપ્ત થઈ જવાની તાલાવેલી તો નીરખો! આપણને મૃત્યુના આવા મહા આનંદનો અનુભવ કેટલી કેટલી—જીવનક્રમી વિકાસ નિસરણીને અંતે

હાથ લાગે છે, એ તો કોઈ સંતસાધુની વાણી સિવાય બીજું કોણ કહી શકે ?

એટલે હું કહું છું મિત્રો! જીવનમાં આ સિદ્ધિ મળે કે તે સિદ્ધિ મળે, આંહીં તમે આગળ વધ્યા કે ત્યાં પાછળ રહ્યા, એ બધા જ અનુભવો છેવટે મિથ્યા અનુભવો જણાવાના છે. તમારા હૃદયના તાનમાં જે અનુભવો નિત્ય રમી રહ્યા છે, જે અનુભવોના કદાચ તમે એકલા જ સાક્ષી છો, મિત્રો! એ અનુભવોમાં જેટલો પ્રેમાંશ હશે, જેટલી સૌન્દર્ય ભક્તિ હશે, એટલું જ તમારું જીવનનું જીવન છે! બાકીનું તમામ લંબાયલું જીવન એ તો એક પ્રકારનો થોડો નટખેલ હતો!

અને આ સૌન્દર્યની પણ કેવી સુંદર વ્યાખ્યા એક કવિજને આપી છે? જ્યારે જ્યારે માણસ કાંઈક આપી દેવા ઈચ્છે છે, ત્યારે ત્યારે એનામાં એકલું પ્રેમતત્ત્વ હોતું નથી. સૌન્દર્યતત્ત્વ પણ હોય છે.

માણસ જ્યારે કાંઈક પણ બીજાને અર્પે છે ત્યારે એ સુંદર લાગે છે. એટલા માટે ઘણા ચિત્રકારો માને છે કે, દુનિયાનું સર્વોત્તમ શિલ્પ, તો આ છે. સંતાનને ધવરાવતી જનેતાનું. એ પોતાની જાત આપે છે અને એવી જાતસમર્પણી કાવ્યપંક્તિઓ વિરલ બની રહે છે. એક સ્થળે કવિએ કહ્યું નથી? 'For I am a poet and if I cannot give, I shall refuse to receive.'



પરાજયનું ગાન

આજ તો મારા મન! મારા મિત્ર! આપણે ગાન ગાઈએ. વિજયનું કે વિજયોત્સવનું નહિ પરાજયનું- કોઈ મહાન ભવ્ય પરાજયનું.

સેંકડો અને હજારો વિજય કરતાં પણ જે મહાન અને ભવ્ય હોય એવો પરાજય. એવો પરાજય એ તો મારા અંતરનો ઊંડામાં ઊંડો અભિલાષ છે. દિગંત વ્યાપી વિશ્વ-કીર્તિ કરતાં પણ મારે મન એનું મૂલ્યાંકન કાંઈ ઓર છે.

અને વિજય–એ પતંગિયાની કિમ્મત પણ મારે મન કીર્તિ પતંગિયા જેટલી જ છે. પરાજય મળે ત્યારે જ મારા અંતરમાં એકવાર ફરીને શ્રદ્ધાનો દીપ સચેત બને. ત્યારે જ મને ખબર પડે કે કહો ન કહો, પણ હજી તો મારામાં અજબ જેવી સ્ફુર્તિ વસી રહી છે. હજી તો મારામાં નવ-જુવાનીની ચેતના થનગની રહી છે. જાતકસોટી ઉપર શુદ્ધ સોના–રેખી અક્ષરો પડે, ત્યારે જ ખાત્રી થાય કે, રળેલી કમાણી ઉપર, બાપસંગ્રહી દોલત ઉપર, આપમેળવેલી એક વખતની કીર્તિની કમાઈ ઉપર, ટકી જાવાની આળસુ વ્યાજ-ખોરી હજી ત્યાં પ્રવેશી નથી.

પરાજય વિના કોઈને એકાંતી જાત શોધનનો આનંદ મળે ખરો? પરાજય વિના અમાપ માનવશક્તિનો આછો પણ ખ્યાલ આવે ખરો? માનવના અંતરમાં જે અમરસ્રોત છે, અને જે સેંકડો, હજારો ને લાખો પરાજયો છતાં પણ નિત્ય વિજયનું મહાગાન ગાઈ રહ્યો છે, એ અમરસ્રોતની કલ્પનાભોમનો પરિચય પરાજય વિના ક્યાંથી મળે?

પરાજય! મારા દોસ્ત! તું ન હો તો હું કેટલો કંગાલ ને પામર હોઉં? અથવા તો ગર્વિષ્ઠ અને ગૌરવહીન હોઉં? વિજય, એ પુરુષાર્થનો કીર્તિકળશ હશે, પણ પરાજય એ તો વિજયનો પણ કીર્તિધ્વજ છે.

પરાજયની આંખમાં એક મહાન ઐતિહાસિક ચિરંતન સત્ય મેં વાંચ્યું છે. જેણે જેણે વિજય મેળવ્યો, અને પછી જે એ વિજયમાં અભિલાષાની તૃપ્તિનો માત્ર આનંદ માણી રહ્યા, એ તમામેતમામ, વહેલે મોડે કુંઠિત શક્તિના વામનજી બની ગયા. એમના વિકાસપંથની ઘોર એમના વિજયે ખોદી. એટલા માટે હું ફરી ફરીને કહું છું કે વિજયના સિંહાસન ઉપર બેઠેલો માણસ, પરાજયના પાયા પાસે પડેલા માણસ કરતાં કોઈ રીતે વધારે મહાન નથી. કારણ કે વિજયના સિંહાસન ઊપર જે બેસે છે એ જ વહેલેમોડે ગુલામનો પણ ગુલામ થઈ રહે છે.

વિજયનું પરિણામ ચકચકિત હોય છે. આખી દુનિયા એ જોઈ શકે છે. સૌ એને સમજી જાય છે એટલે એમાં કાંઈ જ અગમ્ય રહેતું નથી. સામાન્ય માનવની સામાન્ય ભાષા અને કવિની કવિતા, એની વચ્ચે જે તફાવત છે, એ તફાવત વિજય અને પરાજય વચ્ચે છે. વિજય પોતાને કહેવાનું બધું કહી નાખે છે. પરાજય તો કાવ્ય છે. એણે જે કહ્યું છે એ, એને જે કહેવાનું છે એની તુલનામાં, કાંઈ જ નથી.

વિજય એ પ્રયત્નની ટોચ છે. પરિપકવ ફલ છે. એને માટે પછી બે જ માર્ગ રહે છે. પડી જવાનો કે સડી જવાનો.

પણ પ રા જ ય તો વ્યક્તિના આંતર ગીતને, એના મૌનને, એની વેદનાને સાંભળે છે. અને ધીમે ધીમે એમાંથી ફરીને શસ્ત્રાસ્ત્ર સજે છે.

ફરી ફરીને એમાંથી ગગનગામી અભિલાષા જન્મ લે છે. સંકટના મહાન પર્વતો, એક રાતમાં જાય છે. સંક્ષુબ્ધ સમુદ્રો નાનાં ખાબોચિયાં થઈ રહે છે. પરાજય દ્વારા તો આત્માના અજેય અને અણનમ ખડકનો પરિચય સધાય છે.

એટલા માટે હું પરાજયનું ગાન ગાઉં છું. પરાજય! મારા દોસ્ત! તું મારી અજેય શક્તિનો સાક્ષી છે. તારા દ્વારા હું, અને મારા દ્વારા તું—આપણે બન્ને એક બીજાની મદદે, નિરાશાના સમુદ્ર સામે જે અટ્ટહાસ્ય કરીશું એ સાંભળીને ખુદ પ્રજાપતિ પોતે વિશ્વના આ નવીન સત્ત્વનો પરિચય સાધવા નીચે આવશે.

અને આપણે બન્ને સાથે મળીને હૃદયના ખૂણેખૂણામાંથી જે કાંઈ ક્ષણિક હશે, જે મૃત્યુ—ધર્મી હશે, જે ગૌરવહીન હશે, તે તમામને દફનાવી દેશું.

આપણે બન્ને પ્રકાશનો પંથ નિહાળીશું. અમર્ત્ય ઈચ્છાશક્તિનો સ્રોત જોઇશું. અને દુનિયા આખીને જાહેર કરીશું કે વિજયના જેવી ભલે કોઈ ભવ્ય વસ્તુ ન હો, પણ એના જેવી કોઇ ભયંકર વસ્તુ પણ નથી.

સત્ત્વશાલીઓ માટે તો પ રા જ ય—અને નહિ કે વિજય એ જીવન્ત પ્રેરણા છે.

એટલા માટે મારા મન! મારા દોસ્ત! આજ તો ગગનભેદી અવાજે આપણે ગાન ગાઇએ વિજયનું કે વિજયોત્સવનું નહિ, પરાજયનું. કોઇ મહાન ભવ્ય પ રા જ યનું.



શ્રમ–એનું ગૌરવ

અને પછી એક ખેડૂતે કહ્યું: 'અમને શ્રમ વિષે કાંઈક કહો' અને એણે જવાબ દીધો: 'પૃથ્વીની પ્રગતિ સાથે પ્રગતિ કરવા માટે તમારે શ્રમ કરવો જોઈએ: પૃથ્વીના અંતરમાં એક વિરલ સતત ગાન ચાલી રહ્યું છે; એની સાથે તાલબદ્ધ રહેવા માટે તમારે પરિશ્રમ કરવો જોઇએ.

'કારણ કે આળસુ થવું, એનો અર્થ એ કે, ઋતુ ઋતુના જીવનઆનંદથી વંચિત રહેવું. પૃથ્વીમાં એક પણ ઋતુ આળસ કરતી નથી. ઋતુ ઋતુનો વૈભવશાળી અને ભવ્ય મહોત્સવ આવે છે. આળસ કરવું એટલે, એ મહાન ઉત્સવમાં પાછળ પડી જવું. એ મહોત્સવ જાણે કે કોઈ અનંતની ઉપાસના કરે છે. આળસ કરવું એટલે એ ઉપાસનામાંથી ભ્રષ્ટ થવું.

'જ્યારે તમે શ્રમ કરો છો, ત્યારે એ શ્રમ દ્વારા માત્ર તમે હાડમાંસમેદને પોષવાનું કામ કરો છો, એટલો જ જો તમારે માટે શ્રમનો અર્થ હોય, તો એ શ્રમ પોતે ક્ષુલ્લક છે, અને તમને પણ ક્ષુલ્લક બનાવે છે.

'શ્રમનો—હરેક પ્રકારના શ્રમનો—એના કરતાં કાંઈક

વધારે અર્થ તમે સમજતા હો, તો જ એ શ્રમને પોતાનું ગૌરવ છે એમ કહી શકાય. તેમ જ એવા શ્રમ દ્વારા તમે પણ ગૌરવ મેળવો છો—એમ કહેવાય.

'જ્યારે તમે શ્રમ કરો છો, ત્યારે વિશ્વકલ્યાણ માટેનું એક અનંત સંગીત પ્રગટાવવાનું છે, અને એ સંગીતમાં તમારું પણ સ્થાન છે એમ વિશ્વાસ રાખો. જ્યારે તમામે તમામ, જડ, ચેતન, અર્ધચેતન, અને અચેતન, એ સંગીતના પ્રાગટ્ય તરફ શ્રમ કરી રહ્યાં છે, ત્યારે તદ્દન મુંગા ઊભા રહેવાનું હીનભાગ્ય તમારું શા માટે હોય ?

'શ્રમ, પરિશ્રમ, કામ, મહેનત, મજૂરી એ સઘળાંનો સંબંધ, થાક સાથે, કંટાળા સાથે, કાંઈક અજુગતા એવા ગૌરવહીન કાર્ય સાથે બાંધવાની તમને ટેવ છે કે તમારી પ્રણાલિકા છે અથવા તો તમારી સમજણ છે; શ્રમને, જીવનમાં એક પ્રકારનો શાપ ગણવામાં આવે છે; શ્રમને ભાગ્યહીનની રેખા કહેવામાં આવે છે; આજે એ દૃષ્ટિએ આળસને—આરામને—વિરામને—ભાગ્યોદયની અવધિ માનવામાં આવે છે.

'પણ હું તમને કહું છું કે યુગયુગ થયાં ઊભેલી આ પૃથ્વીને પણ પોતાનું સ્વપ્ન છે. અને તમે શ્રમ કરો છો ત્યારે એ પૃથ્વીના સ્વપ્નને, ક્રિયાદ્વારા પ્રગટાવવાનો યત્ન કરો છો. જીવનને જે શ્રમ વડે શણગારે છે, એ ખરી રીતે પ્રેમ દર્શાવે છે.

'તમને પણ જ્યારે કોઈ શ્રમમાં, વધારે અર્થ મળે છે—ત્યારે આ પ્રેમ જ પ્રગટ થાય છે.

'કારણ, શ્રમ દ્વારા જે માણસ જીવનનો આનંદ માણે છે, એ માણસ જીવનનું ઊંડામાં ઊંડું રહસ્ય પણ મેળવે છે;

એવું રહસ્ય પ્રાપ્ત કરનાર હરેકને માટે શ્રમ—એ કેવળ હાડમાંસમેદને સાથે રાખવાની મજૂરી રૂપે રહેવો ન ઘટે; રોટીની પ્રાપ્તિ માટે એ હતો, જીવનનિર્વાહ માટે પણ હતો; પરંતુ એ ઉપરાંત શ્રમનો કાંઈક વધારે અર્થ એ સમજ્યો હતો, એટલા માટે એણે શ્રમ દ્વારા જીવનનું રહસ્ય પણ મેળવ્યું.

'જન્મની વેદનાને જો તમે દુઃખ ગણતા હો, અને જીવન નિર્વાહ માટે જરૂરી એવા શ્રમને શાપ માનતા હો, તો તમારા ભાગ્યમાંથી એ શાપને ટાળવા માટે, કેવળ પ્રસ્વેદનાં જલબિંદુઓ જ સમર્થ થશે. એટલે કે, તમારી એવી ખોટી સમજણ, ઘણા ઘણા પરિશ્રમ અને પશ્ચાત્તાપને અંતે જ સાચી સમજણ થઈ શકશે.

'થાકેલા, કંટાળેલા, નિરાશ થયેલા, અજ્ઞાનતાને વરેલા કોઈકે, જીવનને મિથ્યા અંધકાર સાથે સરખાવ્યું છે અને તમે તમારા થાકથી કંટાળીને એ સૂત્રને સોનેરી ગણ્યું છે.

'પરંતુ હું તમને કહું છું કે, જીવન, અંધકાર તો ત્યારે છે . . . જો, એમાં કાંઈક પણ અંદરનું તત્ત્વ તમને દોરવણી આપતું ન હોય તો.

—અને આ દોરવણી છતાં, જીવન અંધકારમય છે—જો, એ આંધળી જેવી દોરવણી વિષે થોડોક પણ પ્રકાશ, જરાક તેજ, સહેજ જ્ઞાન, એનો આવિર્ભાવ દેખાતો ન હોય તો.

—અને એ પ્રકાશ, એ જ્ઞાન, એ જરાક જેટલી ટચુમચુ તેજની વાટ પણ—મિથ્યાભિમાનનો અંશ પ્રગટાવવા માટે ત્યાં નહિ હોય એની શી ખાત્રી? માટે એટલું સહેજ જ્ઞાન પણ ક્રિયાત્મક ભૂમિકાને આધારે ઊભેલું હોવું જોઈએ.

—અને નિરવધિ વિશ્વાસ વિના, પ્રેમ વિના, આ

ક્રિયાત્મક ભૂમિકા તદ્દન શૂન્ય છે. અર્થહીન છે. આંતરિક પ્રેમ વિના કરેલી હરેક ક્રિયા માણસને અપંગ બનાવે છે.

—અને જ્યારે કોઈ પણ ક્રિયા, માણસના નિરવધિ વિશ્વાસમાંથી, પ્રેમમાંથી, એની અચળ અને અતળ શ્રદ્ધામાંથી જન્મે છે, ત્યારે પોતાની ક્રિયાદ્વારા એ પોતાની જાતને, પોતાના અંદરના તત્ત્વ સાથે તાલમાં મૂકે છે. અને તે દ્વારા સૌની સાથે તાલમાં રહે છે.

આનું નામ પ્રેમપૂર્વકનો શ્રમ છે.

જેને શ્રમ કરવો છે, અને પ્રેમપૂર્વક કરવો છે, એને માટે તો જાણે નિત્ય નિત્યના મહોત્સવ જેવો એ આનંદ છે. એવો આનંદ કે જેનો કાંઈક ખ્યાલ કેવળ આતુર આશક માશુકની ઉપમામાં શોધી શકાય.

પ્રેમથી જે શ્રમ કરે છે, એ જાણે કે, પોતાની માશુક કાલે આવવાની છે એમ સમજીને, પોતાના ઘરને ખૂણેખૂણેથી વાળીચોળીને શણગારે છે.

એવો શ્રમ—એ તો જાણે કે, દરેકે દરેક પદાર્થને જીવન-પરિમલ વડે સુગંધિત અને ચેતનમય કરવાની મહાકલા છે.

અને એવો શ્રમ કરતાં તો તમારે આટલી કલ્પનાની સમૃદ્ધિ પણ સાથે રાખવી જોઈએ. તમે જે શ્રમ કરો છો એ શ્રમને નિહાળવા ત્યાં અસંખ્ય પૂર્વજો હાજર છે. મધ્ય-યુગમાં રણક્ષેત્રના શૌર્ય માટે, પૂર્વજોની હાજરીની ભાવનાને, ચારણ ભાટો બિરદાવતા; આજે પૃથ્વીનો મોટામાં મોટો પ્રશ્ન શ્રમનો છે; માટે શ્રમને એ રીતે સમજવો જોઈએ. શ્રમ કરવા માટે પ્રેમ હોવો જોઈએ. પ્રેમ વિનાનો શ્રમ—કેવળ અસંતોષ—ઉગ્ર અસંતોષ જન્માવે છે. શ્રમની સાથે પ્રેમનો

મેળ મેળવવા માટે, શ્રમમાં જણાતાં તમામ અનર્થકારી તત્ત્વોને નાબુદ કરવાં ઘટે છે. પણ એ તમામ તત્ત્વોને નાબુદ કર્યાં પછી–શ્રમ કરનાર વ્યક્તિ પોતે, એ શ્રમને કઈ સમજણથી અપનાવે છે, એના ઉપર જ બધો આધાર છે.

માટે શ્રમ અને પ્રેમનો મેળ મેળવવો જોઈએ. એક પ્રકારના શ્રમ કરતાં બીજા પ્રકારના શ્રમને જુદા પાડવાનું કોઈ જ કારણ ત્યાં હોવું ન જોઈએ.

તમે ઘણી વખત વાત વાતમાં બોલો છો કે, જેણે આરસમાંથી સજીવન પ્રતિમા ઊભી કરી તે કલાકાર હતો. તેણે જમીન ખેડનાર ખેડૂત કરતાં કે કામ કરનાર મજૂર કરતાં કાંઈક અનોખી વસ્તુ કરી બતાવી.

અને વળી જેણે વસ્ત્રોને ભાતભાતની શોભાથી શણગાર્યાં એની કારીગરી પણ અદ્‌ભુત હતી. અને કેવળ પગનું રક્ષણ કરનાર કાંટારખાં બનાવનાર મોચી કરતાં, એની નકશીમાં વધારે અદ્‌ભુત વસ્તુ રહી હતી. સારો ખીચડી પકવનાર કરતાં સારો ચિતારો વધારે માન મેળવે છે, પણ તમે જે આમ બોલો છો તે કેવળ ભ્રમણાત્મક વાણી છે. સ્વપ્નમાં માણસ વિવેક વિના બોલે એવી એ વાણી છે. હું તમને કહું છું કે, નિત્યવહેતો પવન, ભવ્ય અને મજબૂત વટવૃક્ષના કાનમાં જેવી મધુર વાણી બોલે છે, એના કરતાં લેશ પણ ઓછી મધુરવાણી, એ ઘાસના તણખલા પાસે બોલતો નથી. કુદરતના આ મહિમાવંત રહસ્યનો અર્થ સ્પષ્ટ છે. પવન, જે જુદી જુદી જાતનું સંગીત લાવે છે એને તો, જે વસ્તુ દ્વારા વધારે મધુર રીતે એ સંગીત પ્રગટે, એ વસ્તુ મહાન છે. વડલો પણ મહાન નથી, ને તણખલું પણ મહાન નથી.

એનો અર્થ એટલો જ કે જે શ્રમ કરે છે—પ્રેમપૂર્ણ શ્રમ કરે છે—તે જ મહાન છે. કેવળ શ્રમ કરનારો મહાન નથી અને કેવળ આળસુ જીવન વીતાડનારો તો ક્ષુદ્ર છે. એ દૃષ્ટિએ જોતાં—જે શ્રમમાં પ્રેમ રાખી શકે છે તે મહાન છે. એટલા માટે તમારો પ્રયત્ન આ હોવો જોઈએ—દરેકે દરેક કામને કલાત્મક રીતે સમજનાર વ્યક્તિત્વના વિકાસનો.

કલાકાર, એ મજૂરના કરતાં કોઈ જૂદી વ્યક્તિ નથી. એ પણ મજૂર છે. પરંતુ સઘળા મજૂરોને તમારે કલાકાર બનાવવા જોઈએ—અને કોઈ પણ કલાકારને મજૂર ન બનાવવો જોઈએ. એમ કરવા માટે શ્રમની સાથે જ શ્રમનો મહિમા સમજવો જોઈએ અને એ સાચી સમજણ સ્થાપવા માટે કોઈ પણ એક શ્રમનું મૂલ્ય બીજા શ્રમ કરતાં વધારે રહેવું ન જોઈએ.

ઘૃણાસહિત કામ કરવા જવું એના જેવી ગૌરવહીન બીજી કોઈ ક્રિયા નથી. પોતે જે શ્રમ કરે છે એ શ્રમમાં જેને કાંઈ જ રસ ન હોય—એવા માણસોની સેના ઊભી કરનારી વ્યવસ્થા, એ એક રીતે—Slaughter House—કસાઈખાનું ગણાવું જોઈએ. આવાં કસાઈખાનામાંથી પોતાની રોટલી રળીને બહાર પડનારાં માણસો—અણઘડ, અસંસ્કારી, અને અશિક્ષિત બને છે.

—પણ ખૂબી એ છે એ અણઘડ ગણાય છે, પણ એમને એવા બનાવનારાઓ સુઘડ મનાય છે.

તમે શ્રમને, પ્રજાના મહાનગુણ તરીકે સ્થાપવા માગતા હો, તો એક શ્રમને બીજા શ્રમથી જૂદો પાડનારી તમામ વર્ગીકરણની પદ્ધતિ પહેલાં દૂર કરો. તો જ શ્રમ એ પ્રજાકીય મહાન ગુણ બને.

શ્રમને પોતાનું ગૌરવ હોવું જોઇએ. વકીલ, ડૉક્ટર, શિક્ષક, શેઠ, ભંગી, વાઈસરૉય, રાષ્ટ્રપતિ અને ચમાર—તમામે તમામને કાં સડી ગયેલ ઑસ્ટ્રેલિયન લોટ, રોટલી માટે આપવો જોઈએ—અથવા તો તમામે તમામને રોટલી ઉપર અરધા દોકડા ભાર માખણ મળવું જોઇએ.

તમે જ્યારે શ્રમની આવી મૂલ્યાંકન વ્યવસ્થા કરી શકશો—ત્યારે જ તમને એના સાચા મહત્ત્વની પિછાન થશે, તે પહેલાં તો નહિ, નહિ, ને નહિ, તમે એ વિષે એકહજાર એકસો ને એકત્રીસ લેખ લખો કે પ્રવચનો કરો તો પણ નહિ.

કારણ કે પ્રજાકીય ગુણ તરીકેનું ગૌરવભર્યું સ્થાન શ્રમને અપાવવું હોય તો, શ્રમ શ્રમ વચ્ચેના વર્ગભેદે જવું જોઇએ. અને એના સરખા મૂલ્યાંકને એ ભેદ ટાળવો જોઇએ. તો જ શ્રમ એ વ્યક્તિનો અને પ્રજાનો આધ્યાત્મિક વારસો બની શકે.



પ્રેમનો પંથ

અને તેણે [અલ્ મુસ્તફાએ] જરાક ઉર્ધ્વ મસ્તકે લોકોની સામે જોયું: સર્વત્ર ગંભીર શાંતિ વ્યાપી ગઇ: પછી તેણે મોટેથી કહ્યું:

'જ્યારે પ્રેમનો સાદ સંભળાય ત્યારે એનો અચુક જવાબ વાળજો; પછી ભલે એનો પંથ વિકટ જણાતો હોય અને એના રસ્તા અગમ્ય લાગતા હોય.

'અને જ્યારે પ્રેમની પાંખ તમને પોતાનામાં સમાવી દેવા ઇચ્છે, ત્યારે જાત એને સોંપી દેજો; પછી ભલે એ પાંખમાં છૂપાયલા કંટક તમને લાગવાના હોય.

'પ્રેમની ભાષા અંતરમાં ઊગે, ત્યારે એમાં શ્રદ્ધા રાખજો; ભલેને એ ભાષા, તમારાં જીવનવ્યાપી વહાલાં સ્વપ્નોને છિન્નભિન્ન કરીને વેડફી દેતી હોય!

'કારણ કે પ્રેમનો પંથ જેટલો તેજોમય છે, એટલો જ એ તાપથી ભરેલો છે. પ્રેમ તમને જેટલું સુંદર સ્વપ્ન દર્શાવશે તેના પ્રમાણમાં સામે તમારી પાસેથી મૂલ્યાંકન પણ માગશે. એ તમારા વિકાસ માટે છે, તેમ તમારી જાતશુદ્ધિ માટે પણ છે.

'તમારી પોતાની ઉન્નતમાં ઉન્નત કલ્પનાને એ જગાડે છે. તેમ જ તમારા શરીરના મૃદુમાં મૃદુ ને સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશને પણ એ જાગ્રત કરે છે. એ જ પ્રમાણે તમારા જીવનના અગમ્ય એવાં બીજાંકુરને પણ જગાડીને, એના અત્યંત પાર્થિવ જેવા ગણાતા અંશને પણ, એ ચેતનથી ભરી દે છે. એનો પ્રયમત્ત વેગ તમારા લોહીના અણુએ અણુમાં વ્યાપી રહેનારો છે. તમારી આંખે તમને દુનિયા સુંદર, સુંદર અને સુંદર લાગે છે. એ સુંદરતા દુનિયાની નથી. એ સુંદરતા તમારા પ્રેમની છે. તમને નાચવાનું, રમવાનું, રંગે ચડવાનું, તરંગમાં ફરવાનું, ઉદાર બનવાનું, પ્રેમમાં મસ્ત બનીને દુનિયાને ભૂલી જવાનું—અહો! જુવાન પ્રેમી યુગલને જીવનમાં કેટલું બધું કરી નાખવાનું—અગમ્ય આકર્ષણ થઇ આવે છે! પણ પ્રેમની એ સઘળી ભરતી, વિશુદ્ધિકરણ માટેની એક ક્રિયા માત્ર છે.

'પ્રેમ ધાન્યના ડુંડા જેવો છે. ડુંડા બીજાંકુરોને ભેગાં કરે છે. પ્રેમ પણ તમારા શ્રેષ્ઠ અંકુરોને ભેગાં કરે છે. એ તમને ઉન્માદ આપે છે—કે જેથી તમે તમારી જાતને કુદરતી ખરા સ્વરૂપમાં જોઈ શકો. બંધનમુક્ત થવા માટે એ તમને પ્રેરે છે. એની વેદના એ વિશુદ્ધિકરણની ક્રિયા છે. એનો અગ્નિ, એ તમને તપ્તકાંચન સમાન, સો ટચનો સાચો રણકો આપવા માટે છે. એક દિવસ ઇશ્વરી દરબારને તમે એ રીતે જ દેખી શકો.

'તમારા અંતરમાં જે ગૂઢતમ સામર્થ્ય પડેલું છે, એ સામર્થ્યના આવિષ્કરણ માટે પ્રેમ, એ એક પ્રકારનું પ્રાથમિક સોપાન છે.

'પણ આ પ્રેમપંથના અગાધ ને અગમ્ય માર્ગનો ભય સેવીને, કે અંધકારને લીધે, જે કેવળ બાહ્ય રતિમાં આનંદ લેશે, અને શરીરના પાર્થિવ અંશમાંથી પ્રેમનો આનંદ શોધ્યા કરશે, અને તેને જ પ્રેમની પરાકાષ્ઠા અને શાંતિ ગણશે, એને અદમ્ય અને અસહ્ય અને અતૃપ્ત એવી ભૂખ મળશે. જે ભૂખ, છેવટે એને પોતાને પણ ભરખી જાશે. એ પ્રેમ વડે નિર્બળ બનશે. પ્રેમની નિત્ય નવીનતા કે તાજગી-નાં તો એને દર્શન પણ નહિ થાય. અને પ્રેમ વિષે કાંઇપણ જાણ્યા વિના કે જીવનમાં એનું સામર્થ્ય પણ માણ્યા વિના, એના જીવનનો અંત આવશે.

'અને ભૂલવું ન જોઇએ, પ્રેમને મેળવવા માટે બીજો કોઇ પદાર્થ પણ નથી: પ્રેમ જ પ્રેમને મેળવી આપે છે.

'પ્રેમ સ્વામીત્વ જાણતો નથી. પ્રેમ સખ્યભાવને પિછાને છે. એને કોઇના સ્વામીત્વની કે પોતે કોઇના દાસ હોવાની ભાષા જ અપરિચિત છે.

'પ્રેમનું ઉત્કૃષ્ટ મધુર કાવ્યમય સ્વરૂપ તો કાંઇક આવું છેઃ નિત્યવહતા શાંત ઝરણા જેવું. મધુરું, એકધારું, અનંત જીવનનું સાક્ષીરૂપ. ઝરણું જેમ શાંત રાત્રિને પોતાનું ગાન સંભળાવે છે, તેમ અગમ્ય ઉંડાણમાં રહેલા આત્માને પણ જાણે પ્રેમ, પોતાનું ગીત સંભળાવે છે.

સૌન્દર્ય, એ પ્રેમના ઝરણનું ઉદ્ભવસ્થાન છે. પણ સૌન્દર્ય પોતે પ્રેમની આંખમાંથી જન્મતી છાયામાત્ર છે. પ્રેમ વિના કોઇ પદાર્થ સુંદર જણાતો નથી. પ્રેમ જ પદાર્થને સુંદરતા અર્પે છે. એટલે જે કાંઇ સુંદર છે, એ માનવના પ્રેમનો પડછાયો છે. જેની પાસે પ્રેમની શક્તિ ઓછી—એની

સૃષ્ટિ એટલી નાની, અસુંદર, કઢંગી અને નિર્બળ. બુદ્ધિનો આત્યંતિક વિકાસ મનુષ્યને પ્રજ્ઞા આપે; પ્રજ્ઞા વડે પ્રેમતત્ત્વ સમજાય. પ્રેમનો આત્યંતિક વિકાસ માનવને બુદ્ધિ આપે: એ બુદ્ધિ વડે પ્રજ્ઞાની સમજણ મળે. આમ પ્રેમ એ પ્રજ્ઞા આપે છે. અને એ પ્રજ્ઞા વડે માણસ પોતાને એક સમર્થ ચેતનના અંશરૂપે જૂએ છે ને એ નિર્ભય થઈ જાય છે. જે નિર્ભય થઈ જાય છે એને માટે મૃત્યુ હોતું નથી. એટલા માટે પ્રેમ, માનવને માનવોત્તર અને અમર બનાવે છે.



દયાપાત્ર પ્રજા

અલ્ મુસ્તફા સ્વદેશ આવ્યા. પોતાના માતાપિતાની વાટિકામાં તેણે પ્રવેશ કર્યો. તેણે ઝાંપો બંધ કર્યો કે જેથી કોઇ તેના એકાંતવાસમાં આવે નહિ.

અને ચાળીસ રાત અને ચાળીસ દિવસ તેણે એ વાટિકામાં અને તે ઘરમાં એકાંતવાસ કર્યો. એટલો વખત ત્યાં કોઈ આવ્યું નહિ. ઝાંપા પાસે પણ કોઈ ફરકયું નહિ. ઝાંપો અંદરથી બંધ હતો અને સૌને ખબર હતી કે તે એકાંતવાસમાં છે.

જ્યારે ચાળીસ દિવસ પૂરા થયા ત્યારે અલ્ મુસ્તફાએ બારણું ઉઘાડયું કે જેથી તેઓ અંદર આવી શકે.

અને નવ માણસો, તે વાટિકામાં, તેના અંતેવાસી બનવાને આવ્યા. ત્રણ એના વહાણના ખલાસીઓ હતા. ત્રણ એના નોકરો. અને ત્રણ લંગોટિયા ભાઇબંધો. અને આ તેના શાગિર્દ હતા.

સવારે શાગિર્દો તેની આસપાસ બેઠા હતા અને એની આંખમાં દૂરદૂરનાં સ્વપ્નાં અને સંસ્મરણો ભર્યાં હતાં.

હાફીઝ નામના શાગિર્દે પ્રશ્ન પૂછયો:

'ગુરુદેવ! આપે જ્યાં બાર વર્ષ નિવાસ કર્યો છે એ

ઑર્ફેલીઝ શહેર વિષે અમને કંઈક કહો.'

અને અલ્ મુસ્તફા ઘડીભર શાંત બની ગયા. અનંત આકાશની સામે અને દૂરદૂરની ટેકરીઓ સામે તેણે મીટ માંડી. એના મૌનમાં મંથન હતું.

પછી તેણે કહ્યું:

'મારા મિત્રો અને પંથવાસીઓ! જે પ્રજા, સૂત્રો સ્વીકારે છે, પણ ક્રિયામાં ધર્મશૂન્ય રહે છે, તે દયાપાત્ર છે.'

'જાતે નહિ વણેલું એવું કાપડ જે પહેરે છે, જાતે પેદા નહિ કરેલું એવું અનાજ જે પ્રજા ખાય છે, અને પોતાના દેશનું નહિ એવું પીણું જે પ્રજા પીએ છે, તે પ્રજા દયાપાત્ર છે.!'

'સિદ્ધાંત વિનાના વિજયી શઠને જે પ્રજા વીર માને છે, તે દયાપાત્ર છે. ચમકતા વિજયીને—દાદાગીરી કરનારને—જે પ્રજા ઉદાર ગણે છે, તે પ્રજા દયાપાત્ર છે.'

'જે પ્રજા સ્વપ્નમાં વિકારને ધિક્કારે છે, પણ જાગ્રત અવસ્થામાં ને જીવનમાં એને વશ થાય છે, તે પ્રજા દયાપાત્ર છે.'

'ડાઘુ બનીને જવાનું હોય તે પ્રસંગ સિવાય, જ્યાં માણસો એક ઉચ્ચ અવાજ કાઢતાં નથી, પોતાનાં જર્જરિત ભૂતકાલીન ખંડેરો સિવાય બીજા કશા માટે અભિમાન લેતાં નથી, અને તલવારની અણી નીચે ગરદન મૂકાય તે સ્થિતિ સિવાય જ્યાં લોકો સામે થવાનું શીખ્યા નથી, તે પ્રજાનું જીવન દયાપાત્ર છે.'

'જે પ્રજાના રાજદ્વારી પુરુષો બહુબહુ તો શિયાળ જેવા છે, કે જેમની બહાદુરી એમની લુચ્ચાઈમાં સમાપ્તિ પામે છે, જ્યાં તત્ત્વજ્ઞો શબ્દનું ડુગડુગીયું વગાડનારા મદારીઓ

જેવા છે, અને જેની કલા કાં થીગડાં મારે છે અને કાં હાસ્યાસ્પદ અનુકરણ કરે છે, તે પ્રજા દયાપાત્ર છે.'

'ઢોલ ત્રાંસાં ને શરણાઇઓથી જે પ્રજા, પોતાના નવા નવા રાજકર્ત્તાઓને વધાવે છે, અને 'હુરરે હુરરે' બોલીને એમને અભિનંદન આપે છે, અને પાછું એવું જ સન્માન બીજા રાજકર્ત્તાઓને પણ આપે છે, કોઇ પણ જાતના વિવેક વિના, એ પ્રજા દયાપાત્ર છે.'

'જેના વૃદ્ધો વયભારને લીધે મૂક બન્યા છે, ને જેના મજબૂત કહેવાય તેવા માણસો હજી ઘોડિયામાં સૂતા છે, એ પ્રજા દયાપાત્ર છે.'

'જે પ્રજા અનેક જથ્થામાં વહેંચાયેલી છે, અને તે દરેક જથ્થો, પાછો પોતાને પ્રજા માને છે, એ પ્રજા દયાપાત્ર છે."

સાચું જ્ઞાન

આને એક સ્ત્રી, જેણે પ્રેમથી પોતાનું સંતાન છાતી સરસું ચાંપી રાખ્યું હતું, તે બોલી: 'પ્રભુ! અમને બાળકો વિષે કાંઈક કહો.' અને તેણે કહ્યું:

'તમારાં બાળક, એ તમારાં નથી.'

'અખંડ જીવનસ્રોતનાં એ બુદ્બુદ છે. જીવનની પોતાની પ્રાદુર્ભાવ પામવાની ઇચ્છામાંથી એ આવ્યાં છે.'

'તે તમારી દ્વારા પૃથ્વી ઉપર આવ્યાં એ ખરું; પણ એ તમારા–'માંથી' નથી આવ્યાં.'

'અને જો કે તે તમારી સાથે રહ્યાં છે, પણ તમારી માલિકીનાં નથી.'

'તમે એમને તમારા પ્રેમથી ભીંજવી દો, પણ તમારા વિચારોથી મુંજવતા નહિ; એમને પણ એમના પોતાના વિચારો છે.'

'તમે ભલે એમનાં શરીરને સાચવણી માટે આશ્રય આપો, પણ એમના આત્માને તો મુક્તપણે વિહરવા દેજો. એમના માટે આવતીકાલે ઉજમાળું ભવિષ્ય છે. તે આવતી-કાલ—કે જે તમે જોઈ નહિ શકો, જેનો તમે સ્વપ્નામાં પણ

ખ્યાલ નહિ લઈ શકો.'

'બની શકે તો, તમે એમના જેવા થવા પ્રયત્ન કરો, પણ તમારા જેવા જ એમને બનાવવાનો પ્રયત્ન રહેવા દો.'

'જીવન આગળ વધતું હોય છે; એને પાછળ જવાપણું હોતું નથી.'

'તમે તો ધનુષની કમાન છો. તમારાં સંતાન એ એમાંથી છૂટેલાં તીર છે.'

'જે મહાન ધનુર્ધર તમારો ધનુષ તરીકે ઉપયોગ કરી રહેલ છે, તેનું નિશાન તો અનંતતાના પંથ ઉપર છે. પોતાના સામર્થ્યથી તે તમને વાળે છે, કે જેથી એનાં તીર સચોટ જાય ને દૂર જાય. એ મહાન ધનુર્ધરની ઈચ્છામાં તમારી જાતને સોંપી દો. કમાનમાંથી છૂટતાં તીરને એ જેટલા પ્રેમથી જૂએ છે, તેમ કમાનને પણ એટલા જ પ્રેમથી જૂએ છે.'



શોક અને અશોક

પછી એક સ્ત્રી બોલી: 'અમને આનંદ અને શોક વિષે કાંઈક કહો.' અને તેણે જવાબ વાળ્યો: 'અપ્રગટ શોક એનું નામ આનંદ.'

'એક જ કૂપમાંથી આનંદનાં અને શોકનાં જળ આવી રહ્યાં છે. જે કૂપમાંથી હાસ્યના પડઘા ઉઠે છે, તે જ કૂપ વારંવાર તમારાં આંસુથી ભરાય છે.'

'અને એ સિવાય બીજું શું હોઈ શકે?'

'તમારા અંતરમાં શોક જેમ જેમ ઊંડે ને ઊંડે જગ્યા મેળવતો જાય છે, તેમ તેમ એટલી જ વધારે જગ્યા, આનંદ માટે પણ બનતી રહેતી હોય છે.'

'જે પ્યાલું તમારે માટે મધુર આસવ ભરી રાખે છે, શુ તે જ પ્યાલું, કુંભારની ભઠ્ઠીમાં દગ્ધ બની બનીને, પછી જ બહાર નથી આવ્યું?'

'જે વાંસળી પોતાના રવ વડે તમારા અંતરાત્માને શાંતિ આપે છે, શું તે જ વાંસળી, છરીના કાપ ખમી ખમીને પોલી નથી બની?'

'જ્યારે તમે આનંદમગ્ન હો ત્યારે તમારા હૃદયમાં

ઊંડે ઊંડે જૂઓ, અને તમને જડી આવશે કે, જેનાથી તમને શોક મળ્યો હતો, તેનાથી જ તમને આનંદ મળી રહ્યો છે.'

'જ્યારે તમે શોકમગ્ન હો ત્યારે પાછા તમારા અંતરમાં દૃષ્ટિ કરો અને તમને જણાશે કે, વસ્તુતઃ જે તમારો આનંદ હતો, તે જ અત્યારે તમારો શોક બની રહ્યો છે.'

તમારામાંના કેટલાક કહે છે: "આનંદ, શોક કરતાં મહાન છે." વળી બીજા કહે છે: "ના ના, શોક મહાન છે." પણ હું તમને કહું છું કે, એ બન્ને તો 'અવિભક્ત આત્મા' છે.'

'તેઓ બન્ને સાથે જ વિચરે છે. અને જ્યારે તેમાંનો એક, તમારી સાથે એકલો, રંગમંચ ઉપર બેઠેલો હોય છે, ત્યારે જ, સ્મૃતિમાં રાખજો કે, એનો બીજો મિત્ર, તમારી શય્યામાં સૂતેલો હોય છે.'

'આનંદ અને શોકનાં પલ્લાં વચ્ચે, તમારી જીવનદાંડી હેલે ચડે છે.'

'પણ જ્યારે અંતર તદ્દન ખાલી હોય, શોક અને અશોક કાંઈ એમાં ન હોય, ત્યારે જ જીવનતુલા સ્થિર અને શાંત બની રહે છે."

લગ્ન

ગુરુદેવ! લગ્ન વિષે તમારા શા વિચાર છે? અને તેણે કહ્યું:

'તમે સાથે જ જન્મ્યા છો અને નિરંતર સાથે જ રહેવાના છો.'

'મૃત્યુની પાંખ તમને જુદા કરે, છતાં તમે સાથે જ હશો.'

'વિશ્વકર્તાની શાંતસ્મૃતિમાં પણ તમે નર અને નારી, સ્ત્રી અને પુરુષ, હમેશાં સાથે જ હશો.'

'પરંતુ તમારા નિરંતરના સાહચર્યમાં પણ એકબીજાની વચ્ચે અવકાશ રહેવા દેજો. તમારી વચ્ચેના—એ અવકાશમાં ભલે સ્વર્ગનો પરિમલભર્યો વાયુ વિહરે! એક બીજાને પ્રેમથી ચાહો: પણ પ્રેમને બંધન ન બનાવતા. પ્રેમ, તમારા માટે બંધનરૂપે નહિ—પણ મુક્ત બનવાના પ્રતીક રૂપે છે.'

'તમારા આત્માના કિનારા વચ્ચે પ્રેમના મહાસમુદ્રને વિહરવા દો.'

'એક બીજાનું જીવનપ્યાલું પ્રેમરસથી છલકાવી દો: પણ એક જ પ્યાલામાંથી જીવનરસ માણવાનું પરાવલંબન તજી દો.

'એક બીજાને રસાસ્વાદ અર્પો, પણ એક જ પ્રકારના રસાસ્વાદને તજો.'

'સાથે ગાન કરો, સાથે નૃત્ય કરો, સાથે આનંદ કરો, પરંતુ એવા સહકાર્યમાં પણ દરેક પોતાના વ્યક્તિત્વ વડે જ પ્રકાશો.'

'વીણાના દરેક તાર પોતે જુદા છે; દરેકને પોતાનું સંગીત છે; અને છતાં એક ગાનમાં તે સઘળા પોતાના રવ અર્પે છે. તમારું જીવનસંગીત એવું વહો!'

'તમારાં હૃદય એક બીજાને આપો, પણ એકની છાયા વડે બીજાને અપંગતા ન મળો!'

'સાથે ઊભા રહો: સાથે કાર્ય કરો: છતાં રેંકડીમાં જોડાયલા યુગલની પેઠે એકબીજાની વચ્ચે કાર્યને વધુ વેગ આપવા જેટલું અંતર સાચવો.'

'મંદિર જે થાંભલાઓ વડે ટકે છે, એ થાંભલાઓ એક જ મંદિરને ટકાવે છે, છતાં પોતે તો એક બીજાથી દૂર રહે છે.'

'મહાન વૃક્ષની છાયામાં બીજાં તરુ ઊગતાં નથી. એમનો વિકાસ એનાથી સ્વતંત્ર છે. એમનો જન્મ સ્વતંત્ર છે. એમનો જીવનક્રમ સ્વતંત્ર છે. અને છતાં દરેક એક બીજાને વધુ રમણીય ને વધુ સુંદર બનાવે છે.'



વસ્ત્ર

એક વણકરે કહ્યું: 'વસ્ત્રો વિષે કાંઈક કહો.'

અને તેણે જવાબ આપ્યો:

'તમારાં વસ્ત્રો તમારું ઘણું સૌન્દર્ય છૂપાવે છે: અને છતાં તમારી કુરૂપતાને તે ઢાંકી શકતાં નથી.'

'અને જો કે તમે તમારાં વસ્ત્રાભૂષણો દ્વારા, તમારા વૈયક્તિક જીવનની સ્વતંત્રતા પ્રગટ કરવા મથો છો, છતાં એ તમારા માટે ભારરૂપ અને સાંકળરૂપ જ બની રહે છે.'

'વધારે સારું તો એ છે કે, તમે પવન અને સૂર્યને તમારા શરીર વડે વધુ ને વધુ આલિંગન કરો—અને તમારાં વસ્ત્રો વડે તેમને આલિંગન કરવાનું તજી દો. કારણ કે સૂર્યનાં કિરણોમાં પ્રાણ છે. પવનમાં જીવન છે.'

'તમારામાંના કેટલાક કહે છે કે ઉત્તર દિશાના અનુકૂળ પવને તમારાં વસ્ત્રો વણ્યાં છે.'

'હું કહું છું કે એ સાચું છે: પણ સાથે સાથે જ લજ્જાની લાગણી પણ એમના ઉત્પાદનમાં કામ કરી ગઈ હતી.'

પણ આ ભૂલતા નહિ; છેવટે તો ધૃષ્ટ અપવિત્ર નજરની સામે, તમારા દેહની રક્ષા આ વસ્ત્રો વડે નહિ, પણ તમારી

વિનયશીલ લજ્જા વડે જ શકય છે. અને જ્યારે એવી કોઈ અપવિત્ર નજર સંસારમાં ન રહે, ત્યારે આ વિનયશીલ લજ્જા પણ બંધનરૂપ જ નથી ? અને વળી આ ભૂલતા નહિ, પૃથ્વીને તમારા ખુલ્લા પગનો સ્પર્શ ગમે છે. પવનને તમારા મજબૂત સ્નિગ્ધ જુવાન શરીર સાથે રમવું ગમે છે. સૂર્ય કિરણને તમારા દેહ ઉપર નૃત્ય કરવાનું મન હોય છે.'

'વસ્ત્રોને અને આભૂષણોને માણસ સમૃદ્ધિ માને છે; પણ એ જ એમનું બંધન છે, એ જ્ઞાન ઘણાને હોતું નથી.'

'જે કીમતી પળનું જીવન બન્યું છે, એ હરેક પળ પોતે જ એક કીમતી આભૂષણ કરતાં પણ વધારે મૂલ્યવાન્ છે.'

'જે પોતાની મૂલ્યવાન પળોને વસ્ત્રો પછવાડે વેડફી દે છે, એ નહિ જેવા પદાર્થ માટે જીવન વેડફી દે છે એમ કહી શકાય.'

'વસ્ત્રો અને અલંકારો તમારે માટે છે; પણ જ્યારે તમે એમના માટે બની રહો છો, ત્યારે એ એક એવી આશ્ચર્યકારક ઘટના છે કે, ઘણા વિદ્વાનોને માટે પણ એ કોયડા જેવી થઈ રહે છે !'

'અને છતાં તમે જેમના વડે સૌન્દર્ય પ્રગટ કરવા મથો છો, વસ્ત્રાભૂષણ, તે જ તમારા સૌન્દર્યને છૂપાવે છે, ને કેટલીક વખત તો તમારી કુરૂપતાને વધારે પ્રગટ કરે છે.'



દાન

અને પછી એક શ્રીમંત માણસે વિનતી કરી: 'અમને દાન વિષે કાંઈક કહો.' અને તેણે પ્રત્યુત્તર આપ્યો: 'જ્યારે તમે તમારી વસ્તુઓ દાનમાં આપો છો—પૈસા. કપડાં કે ધાન્ય—ત્યારે તમે ખરી રીતે કાંઈ જ આપતા નથી.'

'જેનામાં આપવાની ઊર્મિ જાગી છે, તે પોતાની જાતને પહેલ વહેલાં આપે છે. ખરી દાનવૃત્તિ પણ એમાં જ રહી છે.

'કારણ કે તમારી મીલકતી વસ્તુઓ એ ખરી રીતે તો એવી વસ્તુઓ છે, કે જેમનો તમને ખપ નથી, છતાં કેવળ સંગ્રહની ખાતર તમે જેમને સંગ્રહી રહ્યા છો, અને બીજો કોઈ એ ઉપાડી જશે એવો ભય પણ જેમના વિષે તમે પોષી રહ્યા છો.'

'એટલું જ નહિ, એવા સંગ્રહમાં જગત–પિતાના સર્વજ્ઞ-પણાનો પણ ઈન્કાર રહ્યો છે. તમે સંગ્રહ કરો છો, કારણ કે તમને ભય છે. તમને લાગે છે કે, ખરી અણીને વખતે તમને જે વસ્તુનો ખપ પડશે, તે વસ્તુ તમને નહિ મળે. અંતઃકરણના ખરેખરા ઊંડાણમાંથી સર્વ શક્તિમાન પાસે માગેલી હરેક વસ્તુ, એના માગનારને મળી જ રહે છે,

એવી શ્રદ્ધા જેનામાં ન હોય, એવા દરેક માણસે, સંગ્રહ કરવાની વૃત્તિમાં જ પોતાનું સંરક્ષણ શોધવું રહ્યું.'

'પણ જે શ્વાને પોતાની સહીસલામત આજીવિકા માટે આવતી કાલના ખોરાકનું હાડકું ધૂળમાં સંગ્રહી રાખ્યું હતું, તે અતિ ડાહ્યા શ્વાનને શું મળ્યું તેનો વિચાર કરો.'

'આપણી સંગ્રહવૃત્તિ જે દુશ્ચક્ર ફેલાવી રહેલ છે, તે દુશ્ચક્રને ભેદવા માટે, આપણે આપણા સંગ્રહમાંથી થોડાક ટૂકડા દઈને દાનશીલ બનવા માટે દોડીએ છીએ, ત્યારે એ એક પ્રકારની મશ્કરી ગણાવી જોઈએ.'

'જેનામાં ખરી રીતે દાનવૃત્તિ જાગી છે, તે માણસ પોતાના સંગ્રહ વિષે પહેલવહેલો વિચાર કરતો થશે. તે પછી જ એ દાન આપવાનો વિચાર કરશે.'

'કેટલાક માણસો આપે છે, કારણ કે એમનો સંગ્રહ એમની વિચારહીનતામાંથી જન્મેલો સંગ્રહ છે. એટલા માટે એ આપી દે છે—જેથી એમના સંગ્રહમાં પડેલી લક્ષ્મીના ચળકાટ સાથે, થોડીક કીર્તિનો ચળકાટ પણ એમને ત્યાં આવે. એમની આ વૃત્તિનો પડઘો, એમના દાનને, કૂતરાએ અભડાવેલા ધાન્ય સમું હીન અને અપવિત્ર બનાવે છે.'

'આ લોકો, એમ તો એમ પણ આપે તો છે, એ સમાધાનીના સુર સાથે એકમત થવું, એનો અર્થ દુશ્ચક્રની પરંપરા સ્થાપવી ને સન્માનવી એવો જ થઈ શકે.'

'સંગ્રહની મર્યાદા જ્યારે વ્યક્તિ પોતે સમજી શકતી નથી, ત્યારે કોઈ ડાહી રાષ્ટ્રીય સરકાર એ મર્યાદા બાંધી આપે છે. પરદેશી સરકાર જે મર્યાદા બાંધી આપે એ મર્યાદા નથી. તેમ જ પરદેશી સરકારના લેશ પણ પ્રભાવ નીચે કામ

કરતી રાષ્ટ્રીય સરકારને પણ આવી મર્યાદા બાંધવાનો અધિકાર નથી. એટલા માટે પ્રજાએ સમગ્ર રીતે પોતાના સંસ્કારધન વડે જ આવી સંગ્રહી વ્યક્તિઓના દાનને અજીઠા ધાન જેવું ગણીને, નાનામાં નાની વ્યક્તિઓના થોડામાં થોડા મળતા દાન વડે, પોતાની જરુરિયાતોને પહોંચી વળવાની ટેવ પાડવી રહી.'

'મુશ્કેલીઓમાં પ્રજા બળવાન તો જ બને. નહિતર તો એ અપંગ રહે—અને એને અપંગ બનાવનારાઓ જ એના મુરબ્બી દાનશીલો થયા કરે.'

'એક માણસના એક કરોડ રૂપિયામાં નહિ—પણ એક કરોડ માણસના એક એક રૂપિયામાં શક્તિ રહી છે. એટલા માટે જેની પાસે થોડું છે, પણ થોડામાંથી થોડું આપે છે, તે દાનની પવિત્રતા સમજીને આપે છે, એમ કહેવાય.'

'કેટલાકને આપવામાં આનંદ આવે છે. એમનો એ આનંદ એ મોટામાં મોટું સ્વર્ગીય સુખ છે. અને કેટલાકને આપતાં આપતાં મોભનાં પાણી નેવે ચડે છે—એવાને માટે આપવામાં એક જાતની, સમજે તો, જાતસુધારણા રહી છે.'

'માણસ જ્યારે અંતઃકરણ પૂર્વક આપે છે—કારણ કે આપવું એ એને ધર્મ લાગે છે—ત્યારે એના આપવામાં ઇશ્વરી પરિમલ વ્યાપી રહે છે. જે માગે છે ત્યારે આપે છે તેના કરતાં જે માગ્યા વિના આપે છે, તે વધારે સંસ્કારી છે.

'તમારે એક દિવસ તો મોંઘામાં મોંઘુ જીવન પણ આપી દેવાનું જ છે. જેને આ સમજણ આવે છે એ તો સમજે છે કે, દુનિયામાં ભૌતિક એવો કોઈ પદાર્થ નથી કે જેના સંગ્રહ વડે માણસ પોતાને વધારે ઉન્નત કરી શકે. ભૌતિક એવા દરેક પદાર્થના ત્યાગ વડે જ માણસ ઉન્નત થઈ શકે છે. એટલા માટે જ ગીતામાં કહ્યું છે કે **त्यक्तेन भुञ्जीथाः।**



શિક્ષણ

પછી એક શિક્ષકે કહ્યું: 'ગુરુદેવ! અમને શિક્ષણ વિષે કાંઈક કહો.'

અને એણે જવાબ વાળ્યો:

'તમારા પોતાનામાં જેનું બીજાંકુર નથી એવું કાંઈ પણ જ્ઞાન તમને કોઈ પણ માણસ આપી શકે નહિ; કારણ કે જ્ઞાન, એ આપવાની વસ્તુ નથી; પ્રાદુર્ભાવ પમાડવાની વસ્તુ છે.'

'મંદિરના શિખરના પડછાયામાં, વિચારચંક્રમણ કરતા ગુરુની પાછળ જે શિષ્યસમુદાય ફરે છે, એને ગુરુ પોતાના જ્ઞાનમાંથી નહિ, પણ શ્રદ્ધામાંથી અને પ્રેમમાંથી કાંઈક પાથેય આપે છે.'

'વિવેકી ગુરુ પોતાના જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરવાની તમને આજ્ઞા નહિ કરે; એ તો આંગળીએ વળગાડીને, તમારા જ પોતાના મનના દ્વારની પાસે, તમને મૂકી દેશે. કારણ કે સઘળું સાચું જ્ઞાન ત્યાંથી—તમારા પોતાના મનમાંથી—જન્મ લે છે. કોઈ ખગોળવેત્તા આકાશ વિષેનો એનો ખ્યાલ તમારી પાસે રજૂ કરે, પણ એની સમજણ

અને એમાંથી ઉત્પન્ન થતો આનંદ, એ તો તમે પોતે અનુભવો ત્યારે જ તમારાં થાય.'

'કોઈ સંગીતાચાર્ય એનું મધુર ગાન તમારી પાસે ગાઈને તમને બે ઘડી ડોલાવી દે, પણ એના કાન, જે હવાની લેરખીએ લેરખીમાંથી, સંગીતના રમ્ય સ્વરો સાંભળીને પકડી શકે છે, એ કાન, કાંઈ તમને ઉછીના આપી શકે ? એ તો તમારે જ કેળવવા રહ્યા.'

'કારણ કે એક માણસની દૃષ્ટિ એ એની પોતાની અનુભવની સૃષ્ટિ છે. કલ્પનાની રમણીય અનુભવવાટિકામાં જે માણસ જતો નથી, એને એ મળતી નથી.'

'અને જેવી રીતે ઈશ્વર એક છે, છતાં તમારો દરેકની સમજણનો એક એક ઈશ્વર છે, અને તેથી એ અનંત પણ છે, તેમ તમારા જ્ઞાનમાં પણ તમે એક રીતે એક છો, અને છતાં એમાં અનંતની શક્યતા પણ છે. તેથી જ જ્ઞાનસમુદ્રને કિનારે, પંડિત અને મૂર્ખ, સૌ, રેતીમાં લીટા કરતા બાળક જેવા છે.



સદ્ અસદ્

અને પછી નગરના એક વૃદ્ધજને કહ્યું: અમને ‘સદ્ અને અસદ્ વિષે કહો.’

અને એણે કહ્યું: ‘તમારા સદંશ વિષે હું કહી શકું. પણ અસદ્ અંશ—એના વિષે તો મૌન જ ઘટે.’

‘કારણ કે એક રીતે તો તમારો અસદ્ અંશ એ શું છે? જે સદંશને તમે કેળવી નથી શક્યા, એ તમારો દુષ્ટ અંશ થઈ ગયો છે એટલું જ. હાથને કેળવણી ન આપીએ ને હાથ ખોટો થઈ જાય એવું આ થયું કહેવાય. કારણ કે કેવળ પોતાની મેળે તો, કોઈ પણ પદાર્થ સદ્ પણ નથી અને અસદ્ પણ નથી. તમે પિપાસાને અને ક્ષુધાને પોષણ આપો છો, એમાં જ સદ્‌–અસદ્‌નો જન્મ રહ્યો છે.’

‘તમે જ્યારે તમારી પોતાની જાત સાથે એકલા એકાંતમાં જ્ઞાનગોષ્ઠિ કરો છો, ત્યારે સદ્ અંશ પ્રવર્તી રહે છે.’

‘પણ એ છતાં, એકાંતમાં તમે તમારી જાત સાથે એકલા જ્ઞાનગોષ્ટિમાં ન હો, ત્યારે અસદ્ પ્રવર્તે છે એવું કાંઈ નથી.’

‘એક જ છાપરા નીચે રહેતા સ્વજનો મતપરત્વે વિરોધાભાસી હોઈ શકે, પણ એમ હોવા છતાં, એ એકબીજાના

અરિ નથી.'

'સુકાન વિનાનું વહાણ, ભલે અહીંતહીં ઠેબાં ખાય, છતાં અંદર બેસનાર માટે એ વહાણ તો રહે જ છે; એમને તળિયે ધકેલાઈ જતાં તો એ બચાવે જ છે.'

'તમારી જાતની તમે ઓછામાં ઓછી જાતસાચવણી કરો છો ત્યારે તમારો સદંશ બળવાન છે એમ કહેવાય.'

'અને છતાં જાત સાચવીને વર્તો ત્યારે કાંઈ અસદ્ જ બળવાન છે એમ પણ નથી. કારણ કે અસદ્‌નું સદ્‌થી જુદું જીવન જ નથી એમ કહી શકાય. એક જ ઢાલની બે બાજુ જેવું આ નથી? એ વખતે પણ ખરી રીતે તો, તમારો અંતિમ હેતુ, શુભ પરિણામ માટેનો જ છે. કોઈ માંદી મા બાળક માટે થઈને, પોતાની જાત સાચવણી કરવા મથે તેમ.'

'વિકાસક્રમના છેલ્લા પગથાર જેવું વર્તન પહેલા પગથિયા ઉપર ઊભનાર ન દર્શાવે તો એમાં કાંઈ અયોગ્ય નથી.'

'વિકાસક્રમના છેલ્લા પગથાર માટે જાતસમર્પણનો જરૂરિયાતી ધર્મ હોઈ શકે; પહેલા માટે, જાતસાચવણીનો.'

'પેલો ૧૮૫૭ના બળવાનો એક સૈનિક સંન્યાસી યાદ કરો. સૈનિક હતો ત્યાં સુધી લડ્યો. સંન્યાસી થયો ને કોઈ જૂનો દુશ્મન વેર લેવા આવ્યો ત્યારે માથું ધરી દીધું, એમ કહીને કે, મારો હવે આ ધર્મ છે!'

'જે પ્રાજ્ઞ છે એની વાણીમાં તો શબ્દે શબ્દે સદંશ ભર્યો છે; પણ જે અજ્ઞાનમાં ગોથાં ખાય છે એની વાણીમાં અસદ્ અંશ જ હેતુરૂપ છે એમ માનવાને કારણ નથી.'

'તમને ખબર છે કે જે ગોથાં ખાય છે, એ પણ રસ્તો શોધી શકે છે. જે [illegible] નથી એ જ [illegible] થઈ પડે છે.'

'એટલે ગોથાં ખાનારો પણ પાછળ જતો નથી. એટલામાં ને એટલામાં, છતાં થોડો ઘણો પણ આગળ જાય છે.'

'તમને મળેલી બક્ષિસને લીધે તમારો સદંશ વધુ બળવાન હોય ને તમે વધુ પ્રગતિ કરો, એ વસ્તુ આવકારદાયક છે; પણ તેથી જે પછવાડે રહી જાય છે, એની પાસે તમારું જાતપ્રદર્શન કરતા નહિ. વિશ્વના વિકાસીક્રમમાં કોઈ આગળ ને કોઈ પાછળ તો રહેવાના જ છે. જડ પથ્થરને પણ માનવતા પ્રાપ્ત કરવાનું સ્વપ્ન નહિ હોય એમ શા માટે માનવું ?'

'એટલે ભલમનસાઈના હજાર હજાર ને લાખ દ્વાર છે. બૂરાઈ એ પણ એનું જ એક દ્વાર છે એમ સમજજો.'

'હરણના જેટલી ફાળ ન ભરનારો કાચબો પણ પ્રગતિ તો કરે જ છે.'

'વિરાટની ઝાંખી કરવાની તમારી મહેચ્છામાં તમારો સદંશ કામ કરી રહેલ છે. અને એ મહેચ્છા ન હોય એવો તો કોઈ જ નથી. બૂરાઈમાં બૂરાઇ ભરેલી વૃત્તિને પણ ભગવાનની ભલમનસાઈનો આધાર છે! સદંશનો આ સાર્વત્રિક વિજય નથી ?'

'આ સાર્વત્રિક વિજય જ દર્શાવે છે કે તમારા કેટલાકનો સદંશ તમને એ તરફ નૈસર્ગિક બળથી દોરી જાય છે, તો બીજાનો એ પ્રવાહ, બીજી દિશાએ ચાલી રહે છે. છતાં પ્રવાહ તો એ એક જ છે: સદંશનો.'

'એટલા માટે જ સંતોએ કહ્યું છે કે પાપીમાં પાપીને પણ પુણ્યપ્રવાહનો પતિત જીવ ગણજો. કેવળ પાપી એવું કોઈ જ પ્રાણી નથી.

‘આપણે જેમ ભિખારીને કોઇ દિવસ પૂછતા નથી કે અલ્યા ! તારો મોતીનો હાર ક્યાં છૂપાયો છે કે નિરાધારને કહેતા નથી કે તારું ઘર ક્યાં છે—એ જ ક્રમે ભાન ભૂલેલાને પૂછવાનું ન હોય કે તેં આમ કેમ કર્યું ? એનું ચાલ્યું હોત તો એ ન કરત.’

‘એટલા માટે એ આપણી વધુ પ્રીતિનો અધિકારી છે એટલું જ.’



સૌન્દર્ય

આને એક કવિએ વિજ્ઞપ્તિ કરી: 'સૌન્દર્ય વિષે અમને બે શબ્દ કહો.'

અને એણે જવાબ વાળ્યો.

'સૌન્દર્યને તમે ક્યાં શોધવા જશો? એને મેળવવાની એક અનિવાર્ય સરત તો આ છે કે તમને તમારું પથદર્શન કરાવનાર સૌન્દર્યદેવી પોતે જ હોય તો તમને સુંદરતા મળે. એટલે શોધનાર પોતે જ પોતાને શોધે એવી એક ચક્રરચના આમાં રહી છે.'

'અને વળી એ પોતે જ તમારી વાણીમાં બેઠેલ ન હોય તો તમે એને વર્ણવો પણ શી રીતે?'

'અને એ ક્યાં નથી? દુઃખી અને અન્યાય પામેલાનાં અંતરમાં પણ એનો વાસ છે. એમનો અનુભવ એ દેવીનું વર્ણન આમ આપશે: "સુંદરતા એટલે માયાળુ મમતા, પ્રેમ, દયા, સહાનુભૂતિ. એ જુવાન માતા જેવી છે. એવી જુવાન માતા, કે જે હજી તો પોતાના નવા માતૃત્વને અરધી લાજ ભરી ચુંદડીનો આધાર આપી રહી હોય! આ સૌન્દર્યદેવીને અમે અમારી વચ્ચે એ પ્રમાણે વસતી જોઈ છે."

'પણ જે રાગ ભરેલ છે એ કહેશે: "ના રે! સૌન્દર્ય તો સામર્થ્ય છે: એ તો ભય છે.

ભયંકર ઝંઝાવાતની માફક એ પૃથ્વીને ધ્રૂજાવે છે: આકાશને વિદીર્ણ કરે છે." સૌન્દર્યનું આ પણ એક દર્શન છે.

ક્લાન્ત અને શ્રાન્ત કહેશે: "સૌન્દર્ય તો ધીમો મૃદુ મંજુલ વિશ્રમ્ભશબ્દ પ્રગટાવે છે. તેનો શબ્દ અમારા આત્માને સ્પર્શે છે.

પોતાના પડછાયાથી ધ્રૂજતી નાનકડી દીપશિખાની જેમ એના શબ્દો અમારા અંતરાકાશને પ્રેમલજ્યોતિ પેઠે પ્રકાશ આપે છે."

જ્યારે અશાંત માનવી કહેશે: "મેં તો સુંદરતાને પર્વતાવલિમાં જોઈ છે, મોટેથી બૂમરાણ પાડતી. અને એના બૂમરાણની સાથે જ શાર્દૂલની તાડને ઉઠાડતી."

રાત્રિનો પહેરેગીર બોલશે: "સૌન્દર્ય, પ્રભાતના આકાશમાંથી ઊતરી આવે છે!"

બપોરે લીમડાને છાયે બેઠેલા લક્કડફોડા માનશે કે: "ઘણી વખત, સાંજને સમે, આકાશની અગાશીમાં એક કોઈક મૂર્તિ દેખાય છે તે જ સૌન્દર્ય હશે!"

શિયાળામાં સૌન્દર્ય ત્યાં વસે છે–જ્યાં વસંતઋતુ વસે છે. ઉનાળાની ગરમીમાં, પાનખરઋતુનાં પાંદડાંમાં એનું નૃત્ય જણાય છે. અને વર્ષાઋતુમાં એનો વાસ જણાય છે.'

'પણ સૌન્દર્ય વિષે આટલી વિવિધ વાણી કહેનારાઓ ખરી રીતે સૌન્દર્ય વિષે કાંઈ જ કહેતા નથી. એ તો માત્ર એમની અતૃપ્ત રહેલી કામના–વાસના વ્યક્ત કરે છે.'

'અને સૌન્દર્ય એ ખરી રીતે કામના પ્રગટ કરવા

માટે નહિ—આનંદ વ્યક્ત કરવા માટે છે.'

'એ તૃષાકુલ મોં નથી, કે કાંઈક લેવાની ઇચ્છા માટે લાંબો થયેલો ભૂખ્યો હાથ નથી.'

'એ તો હૃદયનું પ્રતીક છે. એવા હૃદયનું કે જેમાં અગ્નિ પ્રગટ્યો છે. એ એવો આત્મા છે કે જે આનંદ મહોદધિમાં તરી રહ્યો છે!'

'તમે બંધ નેત્રે જે મૂર્તિ હૃદયમાં જૂઓ છો તે સૌન્દર્ય છે. તમે બંધ કાને જે સ્વર સાંભળો છો તે સૌન્દર્ય છે. હમેશાં જ્યાં પુષ્પો નિત્યવસંતની બહારમાં છે એવી આનંદ-વાટિકા એ સૌન્દર્ય છે.'

'તમે પોતે જ સૌન્દર્ય જીવન છો. જોનાર તમે છો. જોવાનું દૃશ્ય પણ તમે છો. અને વચ્ચેનો પડદો એ પણ તમે જ છો.'

'પ્રતિમા કોતરેલી કોઈ દર્પણકન્યા, અનંત સમય થયાં, પોતાને જોયા જ કરતી હોય, જોયા જ કરતી હોય, અને છતાં પોતાની એ સુંદરતાનો કોઈ દી એ અવધિ જ ન પામતી હોય, સૌન્દર્ય એવું છે. જાણે કે અનંતને આરે, આકાશ-દર્પણમાં કોઈએ પોતાની નિત્ય યૌવની મુખમુદ્રા દીઠી!'

'પણ એ જેની મુખમુદ્રા છે એની જ શોધખોળ ચાલે છે! શોધનારો પોતે પોતાને શોધવા નીકળે એવી આ સુંદરતાની મોહક રમણીય ભૂલભૂલામણી છે!'

એટલા જ માટે કવિએ ગાયું નહિ હોય કે 'સૌન્દર્યો પામતા પહેલાં, સૌન્દર્ય બનવું પડે!'



તમારું ઘર

અને પછી શિલ્પીઓ, કારીગરો, મજૂરો ત્યાં આવ્યા; અને નમ્રપણે એને કહ્યું: 'ગુરુદેવ! આજ તો અમને ઘર વિષે કાંઈક કહો!'

અને એણે કહ્યું: 'તમે શહેરમાં તમારું મકાન બાંધ્યું તે પહેલાં, કલ્પનામાં કોઈ દિવસ, કોઈક વેરાન જંગલમાં, નાની નિદ્રસ્થ નિર્દોષ બાલિકા હોય તેવી, 'ભૈયાદાદાની ઝુંપડી' ક્યારે ય બાંધી છે ખરી? કલ્પનામાં! એ બાંધી હશે તો તમે આ સમજી શકશો.'

'જેમ સંધ્યાટાણે તમારા પગ કુદરતી રીતે જ ઘર તરફ વળે છે, તેમ તમારામાં રહેલા નિત્ય ભટકતા પ્રવાસી આત્માને એકાંતની, દૂર દૂરના કોઈ એકાંતની લગની રહી છે. એને કોઈ એવી દૂર દૂરની, એકલી, નાનકડી પર્ણકૂટિની લગની છે. કારણ, કે એક રીતે ગણો તો તમારું ઘર, એ જાણે કે તમારું જ મોટું શરીર છે.'

'શરીરની જેમ જ એ સૂર્યના પ્રકાશમાંથી વિકાસ લે છે; રાત્રિની શાંતિમાંથી નિદ્રા લે છે; અને એની નિદ્રા પણ, તમારી નિદ્રાની પેઠે જ, સ્વપ્નવિહોણી નથી. તમારું ઘર,

તમને ખબર નહિ હોય, પણ એને પોતાની અનોખી સ્વપ્ન-સૃષ્ટિ છે!'

'ઘણી વખત એ પોતાના સ્વપ્નમાં ને સ્વપ્નમાં, તમે સરજેલા મોટા ઓરડાઓ અને કઢંગાં માળીયાંઓ તજીને, શહેરના વાતાવરણથી દૂર, કોઈ નાનકડી ટેકરીની તળેટીમાં કે કોઈ વનકુંજમાં, ઘડી બે ઘડી જાણે આરામ લેવા ચાલ્યું જાય છે! તમારું ઘર!'

'અરે! મારી પાસે કોઈ એવી શક્તિ હોય કે હું મારી મુઠ્ઠીમાં તમામ મોટાં મોટાં મકાનોને સંગ્રહી શકું! તો હું, એ તમામને મુઠ્ઠીમાં લઈને, કોઈ હરિયાળા મેદાનમાં, નાની નાની ફુલપાંદડીની જેમ એમને વેરી દઉં!'

'પછી ત્યાં એક ઘેરથી બીજે ઘેર જવા માટે ભયંકર જણાતા કાળા કીટોડિયા ડામર રસ્તા નહિ હોય; ત્યાં વનકુંજોના હરિયાળા માર્ગે માણસો એક બીજાને મળવા જતાં હશે.'

'પણ આ વસ્તુઓ દેવની સૃષ્ટિની છે. અને હજી તો તમામે તમામ પ્રકારની વ્યવસ્થાના દુશ્મનો જેવા હિંસક પશુઓને તમારે વશ કરવાના છે.'

'માનવીસૃષ્ટિ ત્યાર પછી આવે છે; ને માનવમાંથી દેવ થતાં તો યુગના યુગ ચાલ્યા જાય છે; કારણ કે અત્યારે તો એક બીજાના ભયના માર્યા તમે પાસે પાસે ખડકાઈને પડયા છો. અને હજી એ ભય તો માનવીસૃષ્ટિનું નિયામક તત્ત્વ બની ગયેલ છે. પણ એક સમય એવો આવશે, જ્યારે તમારાં ઘર ખેતરમાં હશે, ને ખેતર ઘરમાં હશે.'

'અને હું તમને પૂછું છું, નાગરિકો! તમે આ જે મોટી તોતીંગ દિવાલો બાંધી છે, એ તોતીંગ દિવાલોની પાછળના

મહાલયોમાં છે શું? એવું ત્યાં શું છે કે જેનું તમે રાતદિવસ રક્ષણ કર્યા જ કરો છો?'

'ત્યાં શું શાંતિ છે? આનંદ છે? અરે, આરામ પણ છે? તમારામાં રહેલી અદ્‌ભુત શક્તિની તમને જરાક ઝાંખી કરાવે એટલી સ્વસ્થતા છે? સરલ સગવડતા પણ ત્યાં છે?'

'જો એ કાંઈ ત્યાં નથી તો તમે ત્યાં શું સાચવવા બેઠા છો?'

'અરે! બીજું તો ઠીક, કોઈ મધુરું જીવન સંસ્મરણ જાગે, અને તમારા મનપર્વતની ઉંચામાં ઉંચી શિખરાવલિ ઉપર રહેલું કોઈ રમ્ય દર્શન તમને થાય, એવું કાંઈ તમારા એ ઘરમાં છે?'

'તમારા ઘરમાં સાદી સુંદરતા છે? એવી સુંદરતા, કે જે તમારા ઘરની નિત્ય-વપરાશની ચીજોમાં પણ એવી રીતે વસી રહી હોય, કે પળ બે પળ, તમારા મનને જરાક ઊંચી સૃષ્ટિના આસ્વાદથી ઉન્નત કરી મૂકે? કોઈ એવી સુંદરતા પણ ત્યાં છે?'

'તમારા ઘરમાં આમાંનું કાંઈ છે? આનંદ માટે, પ્રલોભનથી બચવા માટે, મુશ્કેલીમાં બળ મેળવવા માટે, નિર્દોષ ઉલ્લાસ માટે, અરે, છેવટે કાલ્પનિક રસસૃષ્ટિના સાન્નિધ્ય માટે, તમે એકાદ ખૂણામાં એક નાનકડું પુસ્તકાલય વસાવ્યું છે? તમને એ જરૂરી પણ લાગ્યું છે?'

'કે પછી તમારું ઘર, એ તમારા માટે આળસુ આરામનું ગપગોષ્ટિ જેવું સ્થાનક થઈ રહ્યું છે? આ આળસુઆરામ, પહેલાં તો તમારે ત્યાં અતિથિ થઈને આવે છે, અને પછી તો એ જ માલિક થઈ પડે છે!'

'ઘરના આવા આળસુઆરામે તો કૈકનાં જીવન, જીવન રહેવા દીધાં નથી.'

'એના હાથ કેટલા મધુર છે—આ આળસુ આરામના? એ તમને જાણે હાલરડાં ગાઈને સુવરાવી દે છે અને તમારી ઉપર પોતે મેળવેલા વિજયથી તમારી પાસે જ ઊભો ઊભો મશ્કરીમાં હસે છે!'

'ખરેખર, આળસુઆરામ માટે જે જે ઘર બંધાયાં છે, તે તમામ ઘરોએ, તેમાં રહેનારાઓનું નિકંદન કાઢ્યું છે. એમનામાંથી ઉત્સાહ–શક્તિ લઈ લીધી છે, અને કાર્યશક્તિ હણી નાખી છે.'

'તમે નાગરિકો! ઘર બાંધો, ત્યારે એકલા આળસુ-આરામનો નહિ, તમારા નિત્યજીવનને તાજગી આપનાર તમામ વસ્તુઓનો ખ્યાલ રાખજો.'

'તમે સંતાન આકાશનાં—મોકળાશનાં છો. ઘર, એ તમને બાંધી રાખનાર સ્થૂળ જડ પદાર્થ બની ન જાય એ જો જો. એને વહાણના સઢ જેવું સમજજો. ઉત્સાહનું નવું મોજું જ્યાંથી હમેશાં મળે, એનું નામ ઘર.



ધન્ય પળ !

સૌન્દર્યની અને પ્રેમની આરાધનામાં ગાળેલી જીવનની એક પળ, એ એક સો વર્ષનાં કીર્તિગાથા ભર્યાં જીવન કરતાં વધારે મૂલ્યવાન હોઈ શકે. નિર્બળ માનવોએ, સબળને આપેલી પ્રશંસાપુષ્પોની વર્ષો જૂની કીર્તિગાથાને પડખે ઉભેલી આવી એક પળ તમામ વર્ષોના કરતાં વધારે કીમતી છે.

કારણ કે આવી એક પળ, માનવસત્ય દર્શાવે છે: જ્યારે કીર્તિગાથામાં તો એ સત્ય, છિન્નભિન્ન થયેલાં સ્વપ્નખંડેરોની વચ્ચે, અશાંત અવસ્થામાં નિદ્રાધીન રહે છે.

એવી એક પળમાં તો આત્મા, જીવનસત્યને નીરખે છે. જ્યારે પેલી આખી સો વર્ષની આયુષકેડી એ સત્યને માનવરચ્યા પીંજરામાં પૂરી રાખે છે. અને એને લોહજંજીરમાં જકડી રાખે છે.

આવી પળમાં સોલોમનને અને સોક્રેટીસને, પોતાનાં જીવનગીત જડયાં હતાં: જ્યારે પેલા લાંબા લાંબા શતવર્ષના જીવનચક્રે કેવળ અંધકાર સેવ્યો હતો.

આવી જ પળે ક્રાઈસ્ટના અને ભગવાન તથાગતના, દિલમાંથી, સામુરાઇ અને અર્જુનકોના દિલમાંથી, અમરવાણીને

જન્મ આપ્યો હતો; જ્યારે પેલી કીર્તિભૂખી આયુષની શતવર્ષી લાંબી વાટે તો, કૈંક સમૃદ્ધ શહેરોની રાખ ઉડાડી હતી! નિર્બળના જીવનહક્ક માટે ગાળેલી એક પળ, એ લૂંટણીયા અને લોભી, અને મહત્ત્વાકાંક્ષી, એવા સો વર્ષના લાંબા જીવન કરતાં વધારે મૂલ્યવાન છે.

જ્યારે શોક ભરેલા અગ્નિમાં હૃદય પવિત્ર બને છે અને પ્રેમદીપના તેજથી એને પ્રકાશ મળે છે, ત્યારે આવી એક પળ પ્રગટ થાય છે. સો વર્ષનું લાંબુ જીવન, સત્યની ઇચ્છાને, ધરતીના પેટાળમાં રાખી મૂકે, જ્યારે આવી એક પળ એ તો એવું સત્ત્વશાલી બીજ છે, જે કાળ જતાં ફળે જ ફળે. એ પળમાં ચિંતનની અગાધતા રહી છે. એમાં જીવનસમાધિનું સત્ય રહ્યું છે. એમાં પ્રાર્થનાનો પ્રકાશ રહ્યો છે. એમાં નવા જીવનનું પ્રભાત છે.

લાંબુ, સો વર્ષનું, પોતાને જ કેન્દ્રસ્થાને રાખીને પસાર કરેલું જીવન, એ જાણે કે પાર્થિવ, જડ, અચેતન, એવો એક પદાર્થ હતો! જ્યારે જીવન તો આવી કોઈ એક પળમાં હતું!

અનેક યુગ, પોતપોતાના દિલમાં જે છબી કોતરી રાખે એવી એ પળ! વર્ષોનાં વર્ષો સુધી ભૂલી ન શકાય એવી એ ઇતિહાસ શોભી ક્ષણ!

ભવિષ્યનાં સેંકડો વર્ષ સુધી એકલી રહેવા નિર્માયેલી એ અદ્દભુત સત્ત્વશાલી વસ્તુ હતી!

એ પળ પોતે જ જાણે એક ઈશ્વરી ગીત હતું!

એ હતી તો એક જ પળ: પણ એવી કે, જેને બહુ રત્ના વસુંધરા પણ, પોતાનું અનોખું રત્ન ગણીને સાચવી રાખે!

આવી એક પળ—ભલે એ એક જ હોય, પણ એ સંપૂર્ણ જીવન દર્શાવે છે; એને મુકાબલે લાંબુ સો વર્ષોનું દીર્ઘ જીવન એ પડછાયો છે!

મૃત્યુનું ગર્વભંજન !

મૃત્યુને ગર્વ હતો. એને ઇચ્છનારો પૃથ્વીમાંથી કોઈ જ ન નીકળે. એને નામે સૌ કોઈ ધ્રૂજે. રાજા હોય કે રંક, જુવાન હોય કે વૃદ્ધ, સ્ત્રી હોય કે પુરુષ, એનું નામ પડતાં બધા લાચાર !

એક દિવસ એ પૃથ્વીમાં ફરવા નીકળ્યું. આલીશાન મહાલયોની એક વિશાળ નગરીમાં એ આંટા મારવા માંડયું. એણે સ્વપ્નમાં રાચતા જુવાનો જોયા. વિલાસમાં મત્ત શ્રીમંતો દીઠા. રતિને મોહ થાય એવી સુંદરીઓ નિરખી. નિદ્રાને ખોળે સૂતેલાં શિશુ નિહાળ્યાં. બગીચામાં ઉંઘી ગયેલાં ફૂલ જોયાં. કોઈને પોતાનો સ્પર્શ થઈ ન બેસે એની સંભાળ રાખતું એ પૃથ્વીમાં ફરવા લાગ્યું.

એક આરસમહાલય પાસે એ આવ્યું. હસ્તીદંત જેવો શુભ્ર આરસ ત્યાં શોભી રહ્યો હતો. એમાં ચાંદની રમવા ઉતરી હતી. એની આરસતકતીમાં, તારાઓ પોતાની જાત નિહાળવા ઘડીભર જાણે આકાશમાં થંભી ગયા હતા. અપ્સરાઓને આંહીં ઉતરી આવવાનું મન થાય એવી એની અદ્ભુત રમણીયતા હતી. કોઈ કે આરસને, કાવ્યને, સુંદરતાને

અને સ્વપ્નને જાણે કે એ પળ માટે આંહીં પ્રેમહીંડોલે ડોલાવ્યાં હતાં!

મૃત્યુ એ મહાલયમાં પેઠું. આરસમહાલયનો સ્વામી એક અત્યંત સુંદર ખંડમાં નિદ્રામાં પડ્યો હતો. જીવનભર કડક કડક ને કડક નિયમપાલન કરીને યાંત્રિક બની ગયેલા મૃત્યુદેવને વિનોદ કરવાનું મન થઈ આવ્યું. તેણે પેલા શ્રીમંતના કપાળને જરાક સ્પર્શ કર્યો અને એની આંખ ઉઘડી ગઈ!

એણે મૃત્યુને દીઠું ને એ ધ્રૂજી ગયો! રાડ પાડે કે બોલે એવી કોઈ શક્તિ જ એનામાં ન રહી. પણ એની આંખમાં બેઠેલી નિરાધારી વિહ્વળતા—ઓ ભલા ભગવાન! હાડે હાડ ધ્રૂજાવે એવી એ દયાજનક અવસ્થા હતી! અંતે એને લાગ્યું હોય કે આ એનું જ સ્વપ્ન છે કે ગમે તેમ, પણ તેણે હિમ્મત ભેગી કરીને, ભય ને ક્રોધ મિશ્રિત સ્વરે કહ્યું: 'જા! આંહીંથી જા! એ દુઃસ્વપ્ન! તું કોણ છે? તું આંહીં આવ્યું શી રીતે? તારે શું જોઈએ છીએ? આ જગ્યા તારા જેવા માટે છે? એકદમ આંહીંથી બહાર જા. નહિતર એક અવાજ કરતાં નોકરો દોડ્યા આવશે ને તને ગળચી ઝાલીને બહાર કાઢશે. આ તે કાંઈ તારા જેવા માટે જગ્યા છે?'

મૃત્યુદેવે ધીમા શબ્દોથી, પણ ધ્રૂજારી છૂટે તેવા અવાજથી કહ્યું: 'હું તો સાક્ષાત્ મૃત્યુદેવ છું. ઊભો થા ને મને પ્રણામ કર!'

મૃત્યુદેવનું નામ પડતાં તો પેલાનાં હાંજા ગગડી ગયાં. તેણે જવાબ આપ્યો, 'પણ તમારે છે શું? શા માટે તમે

આંહીં આવ્યા છે? હજી મારી જીવનની ઘણી વાતો તો અધૂરી પડી છે. હજી મારો સમય પણ ક્યાં આવ્યો છે? કોઈ નબળા પોચાને પકડો. પણ આંહીંથી જાઓ! મારાથી આ દૃશ્ય દેખ્યું જાતું નથી. આ લોહીવાળા લાલ હાથ, આ ભયંકર શૂન્યતા દર્શાવતો ચહેરો, આ ભયાનક શરીર, મૃત્યુ દેવ! મારી આંખ આ જોઈ શકતી નથી.'

પણ થોડીવાર પછી મૃત્યુનો વિચાર કરતાં તેણે નરમાશ ધારી અને ઉમેર્યું: 'ના, ના, ના, ઓ દયાના દેવ! મેં જે કાંઈ કહ્યું તે મનમાં લાવતા નહિ. ભયને લીધે એવી વાણી મારાથી નીકળી ગઈ. પણ તમે મારા ઉપર દયા લાવો. તમારે જોઈએ તો મારું સોનું રૂપું રત્નો જવાહિર લઈ લો, પણ મને જીવતો રહેવા દો. જોઈએ તો થોડાક બીજા માણસો પણ ઉપાડી લ્યો, અમારે ત્યાંથી જ, પણ મને જીવતો રહેવા દો! હજી તો મારે કેટલું કેટલું કરવાનું બાકી છે? જે જોઈએ તે લઈ જાઓ, પણ કોઈ રીતે મારું જીવન બચાવો! મારી સ્ત્રીને ઉપાડી લ્યો, પણ મને બચાવો. અરે! મારો એકનો એક પુત્ર જોઈએ તો એ પણ લઈ લ્યો, પણ મને બચાવો બચાવો!'

મૃત્યુએ તેને ધીમા અવાજમાં પ્રત્યુત્તર વાળ્યો: 'ભાઈ! મેં તો તને શ્રીમંત ધાર્યો હતો. પણ તું તો ભિખારીનો ભિખારી છે. ભિખારીને લેતાં તો હું પણ ત્રાસ પામું છું!'

મૃત્યુદેવે પોતાનો હાથ તેના ઉપરથી ઉઠાવી લીધો. અને એ આગળ ચાલ્યું.

જ્યાં ચીજે ચીજમાંથી ભયંકર ગરીબીનો સાદ સંભળાતો હતો ત્યાં એ પહોંચ્યું. એ ગરીબીમાં પણ શ્રીમંત ગરીબ

દેખાતા હતા. એટલે એ ગરીબીની પણ છેલ્લી અવસ્થાએ પહોંચેલ ગરીબને ખોળતું એને ત્યાં એ ગયું !

ત્યાં એક જગ્યાએ ધરતીને ખોળે એક જુવાન પડ્યો હતો. એણે આકાશ ઓઢ્યું હતું. ધરતી પાથરી હતી. હવાની દોસ્તી કરી હતી. નિદ્રાને ખોળે એ પડ્યો હતો. મૃત્યુએ એને સ્પર્શ કરી જોયો. જુવાનની આંખ ઉઘડી ગઈ. પોતાની સામે સાક્ષાત્ મૃત્યુ ઊભું છે કે શું એવી શંકામાં એ પડ્યો. પણ એ મૃત્યુદેવ છે, એવું જણાતાં તો પેલો જુવાન કૂદકો મારીને ઊભો જ થઈ ગયો. એને ખાત્રી થઈ ગઈ કે પોતે જેને હુમેશાં અભિનંદવા તૈયાર હતો તે મૃત્યુદેવ જ આ છે. અને એણે તરત કહ્યું: એના અવાજમાં રહેલો પ્રેમ તો ઠીક, આશાનો સ્વર સાંભળીને, મૃત્યુદેવને પણ પળભર નવાઇ લાગી. જુવાન બોલ્યો: 'ઓ! સુંદર મૃત્યુદેવ ! આવો આવો, હું તમારી જ રાહ જોઈ રહ્યો હતો. નિરાશાના સમુદ્રમાં મારા આશાતંતુ જ તમે છો ! મને તમે પ્રેમથી ભેટીને ઉપાડી લ્યો! તમારા જેટલી દયા બીજે કયાં છે? જો જો, હવે મને પાછો આંહીં છોડીને જતા નહિ! તમે તો ઈશ્વરના દૂત છો. તમારા સિવાય એની પાસે જવાનું બીજું સાધન કયું? તમે મને લઈ ચાલો—એ જયાં હોય ત્યાં—એના સાન્નિધ્યમાં. સત્યનો જમણો બાહુ તમે. દયાના દેવ પણ તમે. મને હવે લઈ જવાનું ભૂલતા નહિ. પાછા ભૂલી જાશો તો મારે તમારી રાહ જોવી પડશે!

મેં તમને કેટલી વખત સાચા અંતરથી પ્રાર્થ્યા છે. પણ તમે દેખાયા જ નહિ! જીવન તો મહાન છે, પણ એને વધારે મહાન બનાવવા માટે તમે છો. તો હવે મને છેતરતા નહિ!'

મૃત્યુદેવ તો એની આ વાણી સાંભળીને થંભી જ ગયા. એનો તમામ ગર્વ ગળી ગયો.—એને મહાન ગણનારો, પણ તેથી એને કાંઈ ન ગણનારો, એવો એક માણસ આંહીં હતો! આંહીં આ ગરીબીમાં! એ શ્રીમંતનો પણ શ્રીમંત હતો. એને મૃત્યુનો પણ ભય ન હતો.

આકાશી માર્ગે એને સાથે લઈ જતાં, મૃત્યુદેવના કંઠમાંથી પણ, સંગીતની રમ્યપદાવલિ સહજ નીકળી રહી હતી:

'તે મેળવે છે અમરત્વ આંહીં!
જે મેળવે છે અજયત્વ ત્યાંહીં!

*

ઈચ્છી રહે, જે અમરત્વ ત્યાંહીં!



મૃત્યુ વડે જીવન!

રાત્રિના અંધાર પછેડાએ નગરને પોતાના અંચળામાં ઢાંકી લીધું. શેરીઓમાંથી માણસો ઘર તરફ ફરી રહ્યાં હતાં. ઉત્તરના ઠંડા પવને બાગબગીચાઓને વેરાન બનાવી દીધા. નગરના પરામાં પડવા વાંકે જીવતું એક જીર્ણશીર્ણ ઝૂંપડું ઊભું હતું. ત્યાં ખૂણામાં પથારીમાં એક મરવા પડેલો જુવાન માણસ પડયો હતો. પવન આવવાથી હરપળે હાલી રહેલી ઝાંખા દીવાની ધ્રૂજતી વાટને એ જોઈ રહ્યો હતો!

તેના મનમાં એક વાત ઉગી ગઈ હતી. જીવનના પંજામાંથી એને મુક્ત કરનારું શાંતિમય મૃત્યુ આવી રહ્યું હતું. તે મૃત્યુની રાહ જોઈ રહ્યો હતો. તેના ફિક્કા ચહેરા ઉપર આશાનું કિરણ પ્રગટયું. તેના હોઠ ઉપર એક શોક ભર્યું સ્મિત આવ્યું. તેના નેત્રમાં જીવન સમાધાનની—ક્ષમાની શાંતિ આવી.

આ લક્ષ્મીભરપૂર નગરનો ભૂખથી પીડાતો એ એક કવિ હતો!

પોતાની ચિંતનશીલ ગંભીર સુંદર વાણીથી, લોકનાં હૃદયને પ્રફુલ્લિત કરવા માટે એને આંહીં મોકલવામાં આવ્યો

હતો. તે એક સુંદર આત્મા હતો. માનવના અંતરને વિનમ્ર બનાવવાને અને શાંત સ્વસ્થ રાખવાને અને, પ્રજ્ઞાદેવીએ આંહી મોકલ્યો હતો. પરંતુ અફસોસ! આ દુનિયાના વિચિત્ર જેવા રહેવાશીઓ પાસેથી પ્રોત્સાહનનું એક સ્મિત પણ મેળવ્યા વિના એ આ ઠંડી ધરતીની આજે વિદાય લઈ રહ્યો હતો!

તેની આ વિદાયઘડીએ પેલા તૈલદીપ વિના બીજું કોઈ તેની પાસે ન હતું. એ એક જ એનો મિત્ર હતો. આ તેલનો દીવો અને થોડાંક એનાં કાગળિયાં, જેમાં એણે પોતાના હૃદયની લાગણી કોતરી દીધી હતી! આ બે જ એના સાથી. એણે પોતાના સુક્કા નબળા હાથને આકાશ તરફ જોડયા. વાદળછાયા આકાશમાંનાં તારા જોવા માટે પોતાની આંખોને જાણે કે નિરાશામાં ફેરવી અને એ બોલી ઉઠયો: 'ઓ મૃત્યુદેવ! સુંદરતમ! આવો, આવો, મારો આત્મા તમારા આગમનને ઝંખી રહ્યો છે. મારી વધુ નજીક આવો. મને જીવનબંધનમાંથી મુક્ત કરો. એને ખેંચવાનો હવે મને થાક લાગ્યો છે. દેવદૂતોની વાણીનું અનુરણન કરવા માટે, મને વિચિત્ર ગણતા મારા પાડોશીઓમાંથી ઉપાડી લઇને મારો ઉદ્ધાર કરો!

ઓ શાંત મૃત્યુદેવ! આવો, ઉતાવળ કરો અને આ જનટોળામાંથી મને ઉપાડી લ્યો! એમણે મને ઉપેક્ષિત અંધકારમાં ઠેલી દીધો હતો, કારણ કે, એમની જેમ નિર્બળોનું લોહીચુસણિયું હું બની શકયો નહિ! મૃદુ મૃત્યુદેવ! આવો, અને મને તમારી શ્વેતપાંખમાં સમાવી લો. મારા આંહીંના સાથીઓને મારો ખપ નથી. તમે મૃત્યુદેવ! તમારા પ્રેમ અને દયા ભરપૂર હૃદયે મને લેજો. તમારા હોઠથી મારા આ

ઓષ્ટને સ્પર્શો. મારા આ ઓષ્ટો, જેમણે કોઇ દિવસ માતાના ચુંબનને જાણ્યું નથી, જેમણે કોઈ દિવસ બહેનના માથાને સ્પર્શ કર્યો નથી, અને જેમણે કોઈ દિવસ કોઈ પ્રિયતમાની અંગુલીઓના રસને ચાખ્યો નથી! ઓ! મારા પ્રિયતમ મૃત્યુદેવ! આવો, આવો, અને મને સ્વીકારો!'

પછી એ કવિની મૃત્યુશય્યા પાસે એક દેવતાઈ સ્વરૂપ આવ્યું! અલૌકિક એવું એનું સૌન્દર્ય હતું. અદ્‌ભુત એવો એનો દેખાવ હતો. એના હાથમાં કમળની માળા હતી. તેણે કવિની ભેટ કરી અને તેનાં નેત્રો બંધ કર્યાં કે જેથી એ પાર્થિવ નેત્રો વડે વધુ કાંઈ જોઈ શકે નહિ. એના હોઠ ઉપર એક દીર્ઘ મૃદુ ચુંબનની મીઠાશ તેણે મૂકી અને કવિના હોઠ ઉપર સંતોષની છાયાનું અમર સ્મિત આવીને બેઠું!

પછી એ ઝૂંપડું ખાલીખમ થઈ ગયું. ઉત્તરનો ઠંડો પવન વાતો રહ્યો. નિરૂપયોગી ગણીને નિરાશામાં ફેંકી દીધેલાં કવિનાં થોડાંક કાગળિયાં માત્ર ત્યાં ઉડતાં રહ્યાં!



આ વાતને તો સેંકડો વર્ષો થઈ ગયાં. પછી એક દિવસ અજ્ઞાનરોગની જડનિદ્રામાંથી એ નગરના લોક જાણે અચાનક જાગ્યા. અને જ્ઞાનના પ્રભાતનું પહેલું કિરણ પ્રગટ્યું. એમણે તો નગરના સુંદરતમ ઉદ્યાનમાં આ કવિનું એક આરસપૂતળું ઊભું કર્યું અને એમને અજ્ઞાનના બંધનમાંથી મુક્ત કરનારા એ કવિના માનમાં દર વર્ષે ઉત્સાહ મેળો રચ્યો.

આહ! ત્યારે—માણસો નહિ, માણસની અજ્ઞાનતા કેટલી બધી ક્રૂર છે!

★

હું માણસ,

આંહીં અનંત સમયથી છું. જગતની શરૂઆત મેં જોઈ હતી. અને જગતના અંત સુધી હું રહેવાનો છું. અગાધ આકાશમાં હું વિચર્યો છું અને કલ્પનાતીત દુનિયામાં ઘૂમ્યો છું. પણ આજે તો હું મારી મર્યાદાઓમાં પૂરાયલું પ્રાણી છું!

કોન્ફ્યુશીયસનો ઉપદેશ એક જમાનામાં મેં સાંભળ્યો હતો. માણસો આંહીં આવે છે અને જાય છે, પણ માણસ તો નિત્ય રહે છે. મેં ભૃગુઋષિનું તત્ત્વજ્ઞાન જોયું હતું. મેં જ એક દિવસ ભગવાન તથાગતને ચરણે બેસીને, પ્રેમધર્મનો જ્ઞાનપ્રદીપ નિહાળ્યો હતો. અને આજ પણ હું જ એ છું—અજ્ઞાન, અંધ, અશક્ત, અને પરાધીન!

મેં મીસર દેશનો વૈભવ જોયો હતો: બેબીલોનનો વિલાસ મેં નિહાળ્યો હતો: દિલ્હીના તખ્તેતાઉસની ચાંદની ઝીલી રત્નહારાવલિ મેં નીરખી હતી: મેં જ રાજરાજેન્દ્રોને, ઋષિઓને, તત્ત્વજ્ઞાનીઓને, સાધુઓને, સંતોને અને ફકીરોને, જોયા હતા. અને છતાં હું હજી સત્યને શોધી રહ્યો છું! એ રીતે તો, એ જમાને હું જે હતો, તે જ આજે પણ છું.

એ વખતે પણ હું સત્યને શોધી રહ્યો હતો: મેળવી શકચો ન હતો; ઝાંખી પણ કરી શકચો ન હતો; અને આજ પણ એ જ સત્યને હું શોધું છું, ને એ કચાં રહે છે એની મને તે દિવસે ખબર હતી એટલી જ આજે ખબર છે!

રાજાઓએ મને કરના ભારણથી મારી નાખ્યો હતો, કારણ કે એ હાથીઓ રાખતા. આજે આ કહેવાતી લોકશાહીઓ પણ મને કરના ભારણથી મારી નાખે છે, કારણ કે એ હાથી નથી રાખતા, મોટર રાખે છે! હાથી અને મોટરના ફેરફાર થયા હશે, પણ માણસ તો તે વખતે જે હતો તે જ આજે પણ છે—એટલો જ રીબાતો, એટલો જ પીડાતો, એટલો જ કચરાતો, એટલો જ ટોલ્લે ચડતો! ફેરફાર માત્ર રીતમાં છે!

અને છતાં મને ખબર છે કે માણસો મરે છે, પણ માણસ તો અમર છે. માણસમાં કાંઇક એવું છે જે એને આગળ ને આગળ જવા પ્રેરે છે. એટલે તો હું જમાના-જૂના પ્રભાતને જે આનંદથી નિહાળી રહેતો, એ જ આનંદથી આજે આ પ્રભાતને પણ નિહાળું છું! મારો અંદરનો માણસ—એ હજી જીવન્ત છે!

મારું મન અને મારું હૃદય, મારા એ બે જૂના દોસ્તો મને ઓળખે છે. મારું મન હજારો વસ્તુઓના ઠઠારાથી ધરાઈ બેઠું હશે—પણ હૃદય, હૃદયની શોધ હજી પૂરી થઈ નથી; એને જે લગની લાગી છે—સત્યની વાટ જોવાની, એ કેડી કઈ તરફ છે, એનો પણ હજી પત્તો મળ્યો નથી: એથી તો મારું મન ભર્યું ભર્યું બન્યું છે, છતાં હૃદય—હૃદય સાવ ખાલીખમ પડયું છે!

મારું શરીર સેંકડો ને હજારો વર્ષથી અસ્તિત્વમાં છે, ને એ પુરાણું હશે, પણ એમાં રહેલું હૃદય, એ તો હજી શિશુ અવસ્થામાં છે. કદાચ એને જુવાની મળશે તો હૃદય વખતે જુવાન થશે. પણ મારી પ્રાર્થના તો આ છે—મને એ અવસ્થા મળે, જ્યારે પુરાણું વર્ષ નવું રૂપ ધારે છે, જ્યારે માણસ પાછું મહાન થાય છે! મારી પ્રાર્થના એ વૃદ્ધાવસ્થા માટે છે, કે જેના પ્રકાશે, હું જ્યાંથી આવ્યો તે પરમજ્યોતિમાં પાછો જઈ મળું!

જ્યારે આ સૃષ્ટિમાં જલસમુદ્રો લહેરાતા હતા અને કમળનાં વનને નિરખનારા કોઈ ન હતા, તે વખતે પણ મેં માનવે, ધૂળના કોણ જાણે કયા રજકણમાં બેસીને એનો પરિમલ ધરાઈને પીધો હતો! તે વખતે પણ હું આંહીં હતો, અને આ શહેરોની રાખોડીમાં જ્યારે ધૂળધોયા, છિન્નભિન્ન સોનેરી કણ ગોતતા હશે ત્યારે પણ હું માનવ, આંહીં હોઈશ!

સત્યની શોધમાં નીકળેલા મારા રખડુ આત્માની રખડપટ્ટીનો અંત સત્ય વિના બીજે ક્યાંય દેખાતો નથી, અને એ સત્ય ક્યાં છે એનો હજી સુધી તો કાંઈ જ પત્તો નથી. પણ સંતપ્ત રહેતા એવા મારા અસ્તિત્વનો એના વિના બીજો કોઈ આરો નથી. બીજો કોઈ ઉતારઘાટ નથી. બીજો કોઇ છેવટનો આધાર નથી. એના વિના વિરામ નથી



દિક્ અને કાલ

એક પ્રભાતે જ્યારે તેઓ વાટિકામાં ફરી રહ્યા હતા ત્યારે ત્યાં એક સ્ત્રી આવતી દેખાઈ અને તે કરીમા હતી. બાલપણમાં અલ્ મુસ્તફાએ જેને પોતાની બહેન ગણીને ચાહી હતી તે. તે ત્યાં ઝાંપાની બહાર થોભી ગઈ. કાંઈ પણ બોલ્યા વિના કે બારણાને પણ ટકોરો દીધા વિના તે શાંતિથી ત્યાં ઊભી રહી ગઈ ને વાટિકા તરફ એક કરુણ ઈચ્છા ભરી દૃષ્ટિ કરીને જોઇ રહી.

અલ્ મુસ્તફાએ તેની આંખમાં તેની ઇચ્છા વાંચી અને તે ઉતાવળે પગલે ઝાંપા પાસે આવ્યા અને ઝાંપો ખોલી નાખ્યો. તે અંદર આવી અને તેને સૌએ આવકાર દીધો.

પછી તે બોલી : ' તમે અમારાથી કેમ તદ્દન જુદા જેવા થઈ ગયા છો ? એમ તો અમે તમારી મુખમુદ્રાના પ્રકાશથી છેક વંચિત રહીએ !

આટલાં વર્ષો અમે તમને પ્રેમભક્તિથી સંભારી રહ્યા હતા. અને તમારા પાછા ફરવાની કાગના ડોળે રાહ જોઈ રહ્યા હતા. હવે જ્યારે લોકો તમારી હાજરી માટે અને તમારો શબ્દ સાંભળવા માટે આતુર બની રહ્યા છે, ત્યારે તેમના.

તરફનો સંદેશો લઈને હું આવી રહી છું. તમને એક વિજ્ઞપ્તિ કરવાની કે તમે લોકોની વચ્ચે આવો. અને તેમને તમારા જ્ઞાનમાંથી અંજલિ આપો. ભગ્ન હૃદયોને આશ્વાસન આપો. અને મૂર્ખાઓને વિવેકપંથ બતાવો.'

અને તેના તરફ ફરીને તેણે કહ્યું: 'મને તમે તમારાથી જુદો ન ગણો. કાં તો એ બધા જ જ્ઞાની છે. અથવા તો હું એમના જેવો જ છું. હજી અપરિપક્વ દશામાં હોય, એવું ફળ હું છું. હજી હું શાખાને ચોટી રહેલ છું. અને હજી તો એ ફળ ગઈ કાલે જ એક કળી રૂપે હતું!'

'અને તમારામાંના કોઈને મૂર્ખ ન કહેતા, કારણ કે ખરી રીતે આપણે ડાહ્યા પણ નથી ને મૂર્ખ પણ નથી. જ્ઞાની પણ નથી ને અજ્ઞાની પણ નથી. આપણે તો જીવન વૃક્ષને વળગેલાં લીલાં પાન છીએ. અને જીવન તો જ્ઞાન અને અજ્ઞાન, ડહાપણ અને મૂર્ખતા બન્નેથી પર છે.'

'અને હું શું ખરેખર તમારાથી તદ્દન અલગ પડી ગયો છું? આત્મા પોતાની કલ્પનામાં વણી કાઢે તે સિવાયનું બીજું કોઈ જ અંતર માણસ માણસની વચ્ચે છે નહિ એ શું તમારા ધ્યાનમાં નથી? અને જ્યારે આત્મા, એવા કોઈ અંતરને વણે છે, ત્યારે એ તો, એનો એક પ્રકારનો સંવાદી જીવનતાલ બની રહે છે.'

'તમારી અને તમારી સાથે મેળમાં નહિ એવા તમારા પાડોશીની વચ્ચે, જે અંતર ઊભું થાય છે તે અંતર, તમારી અને તમારાથી દૂર દૂર સાત સમુદ્રની પણ પાર વસતા પ્રિય જનની વચ્ચેના અંતર કરતાં, ઘણું વધારે હોય છે.'

'કારણ કે સંસ્મરણની કેડી કોઈ અંતરને જાણતી

નથી; અને કેવળ તદ્દન લુપ્ત થઈ જવામાં માત્ર એવું અંતર રહ્યું છે કે જેને તમારો અવાજ પહોંચતો નથી, જેને તમારી આંખ માપી શકતી નથી.'

'પણ સમુદ્રના કિનારાની અને પર્વતના ઊંચામાં ઊંચા શિખરની વચ્ચે જે એક અગાધ મર્મપંથ રહ્યો છે, તે તમારે કાપવો જોઈએ; ત્યાર પછી જ તમે ધરતીનાં સંતાન સાથે એક બની રહી શકો.'

'અને તમારી માન્યતાની અને તમારી સાચી સમજણની વચ્ચે પણ એક અગમ્ય પંથ છે, જે તમારે શોધી કાઢવો જોઈએ, ત્યાર પછી જ તમે માનવ સાથે એક બની શકો; અને માનવ સાથે એટલે કે, તમારા પોતાના આત્માની સાથે.'

'તમારો જમણો હાથ કે જે આપનારો છે, અને તમારો ડાબો હાથ કે જે લેનારો છે, એ તમારા બન્ને હાથ વચ્ચે પણ ઘણું અંતર રહ્યું છે. એ બન્નેનું જ્યારે જુદું જુદું કામ બંધ પડે, ને બન્ને જ આપનાર–મેળવનાર બની જાય, ત્યારે જ એમની વચ્ચેનું અંતર અદૃશ્ય થાય. કારણ કે, ખરી રીતે જ્યારે આવી સમજણ આવે કે, તમારી પાસે કાંઈ જ આપવાનું નથી : તેમ જ તમારે કાંઈ મેળવવાનું નથી, ત્યારે એવું જ્ઞાન જ, આવું અંતર ઘટાડી શકે.'

'પણ ખરેખર અફાટ અંતર તો, આ બન્નેની વચ્ચે રહ્યું છે : તમારી નિદ્રસ્થ દશાની ને તમારી જાગ્રતદશાની વચ્ચે: તમારી ઈચ્છાની અને તમારી ક્રિયાની વચ્ચે: તમારી કહેણી અને રહેણી વચ્ચે.'

'અને આ પંથ સિવાય પણ ત્રીજો એક પંથ છે જે

તમારે કાપવો જોઇએ. ત્યાર પછીં જ તમે જીવનની પોતાની સાથે એકતા સાધી શકો. પણ એ પંથ વિષે હું કોઈક દિવસ તમને કહીશ.'

[૨]

કાલ

અને એક દિવસ સંધ્યા સમયે, જ્યારે વૃક્ષોના લાંબા લાંબા શાંત પડછાયામાં એ સૌ બેઠાં હતાં ત્યારે તેમાંનો એક શિષ્ય બોલ્યો: 'ગુરુદેવ ! મને સમયનો, વખતનાં વહેણનો, કાલચક્રનો, ભય લાગે છે. એ પસાર થતો રહે છે, ને આપણી જુવાનીને પણ લૂંટતો રહે છે. અને એના બદલામાં એ શું આપે છે ?'

અને તેણે જવાબ વાળ્યો: 'એક મુઠી ભરીને ધૂળ, તમે બેઠા છો ત્યાંથી જ ભેગી કરો તો ! એમાં તમને કાંઈક બીજ જેવું અને કદાચ કાંઈક જંતુ જેવું પણ જોવામાં આવે છે ? જો એ તમારો હાથ જોઈએ તેટલો વિશાળ હોય, અને ભાર સહી શકે તેટલો બળવાન હોય, તો તમારા એ હાથમાં જ પેલું બીજ, એક મહાન જંગલમાં પરિણમે. અને પેલું જંતુ, દેવદૂતોનું જૂથ દર્શાવે ! અને તમે ભૂલતા નહિ કે, જે વર્ષોનો સમયપ્રવાહ, આ પ્રમાણે બીજાંકુરોને જંગલમાં ફેરવી નાખે છે અને ક્ષુદ્રજંતુઓને દેવદૂતોનાં જૂથ બનાવી દે છે, તે વર્ષોનો સમયપ્રવાહ, આ અત્યારની એક પળમાં–હમણાંની આ પળમાં જ, ગુપ્તપણે વહી રહ્યો છે !'

'અને એમ તો વર્ષની ઋતુઓ અને તમારા બદલાતા મનોભાવો એ બન્ને વચ્ચે કેટલું બધું સામ્ય રહ્યું છે ? વસંત ઋતુ, એ જાણે કે તમારા હૃદયની જાગ્રત અવસ્થા. ગ્રીષ્મ,

એ તમારા ફલપ્રાચુર્યની ભરતી: તમારામાં રહેલી અનુભવ અવસ્થા, તમારામાં જ રહેલા શિશુને હાલરડું ગાય, એ જ પાનખર નહિ ?

તમારાં સ્વપ્નોને સંઘરતી નિદ્રા, અને તમામ ઋતુઓનાં સ્વપ્નાં સંઘરતી શિશિર—કેટલી બધી એકતા !'

એટલામાં એક શિષ્યની નજર એક અંજીરીનાં પાંદડાં ખાઈ રહેલાં જંતુઓની ઉપર પડી અને એણે કહ્યું: 'પેલાં બુભુક્ષિતોને જુઓ ગુરુદેવ ! એ તમામનો નાશ કરી રહ્યાં છે, એમનું શું ? ચોર જેવાં આળસુ એ વૃક્ષની શાખામાં ને પાંદડામાં વહી રહેલ રસોનું ભોજન કરી નાખે છે ! અને સૂર્યકિરણોથી એમને વંચિત બનાવે છે !'

એણે કહ્યું: 'આપણે બધાં જ પરજીવી બુભુક્ષિતો છીએ. પૃથ્વીના ઢેફાને સજીવન સૃષ્ટિમાં ફેરવવા મથતા આપણે, એ ઢેફાને જાણ્યા વિના, ઢેફામાંથી જ જીવન મેળવનારાઓ કરતાં, લેશ પણ ચડિયાતા નથી.'

'પણ મા પોતાનાં છોકરાંને કહે ખરી કે 'હું તને જંગલને સોંપું, જે તારી વધારે મોટી માતા છે, કારણ કે તું મને કવરાવી દે છે ?'

'અથવા તો ગવૈયો પોતાના ગીતને એમ ઠપકો આપે ખરો કે, 'તું ગીત ! જે પડઘાઓમાંથી જન્મ્યું હતું, ત્યાં હવે પાછું જા, કારણ કે તને અવાજ આપતાં મારે મારો પ્રાણવાયુ ખરચવો પડે છે !

'અને ભરવાડ પોતાનાં રક્ષિત બચ્ચાંઓને એમ કહે ખરો કે તમને લઈ જવાનાં ચરણ રહ્યાં નથી માટે જાઓ, અને તમારું ગમે તે થાઓ ?'

'નહિ, મિત્રો ! નહિ. આ તમામના ઉત્તરો, પ્રશ્નો થતા પહેલાં જ અપાઇ ગયા છે; જેમ તમારાં સ્વપ્નાં નિદ્રાની પહેલાં જ, પોતાની પરિપૂર્ણતા મેળવી ચૂકે છે તેમ.'

'આપણે બધા એક બીજાના ઉપર જીવી રહ્યા છીએ, તે કોઈ સનાતન અચલ નિયમને આધારે છે. આ પ્રમાણે આપણે પ્રેમ ભરપૂર માયામાં જીવીએ. આપણે એક બીજાને, એકલા પડી જઇએ છીએ ત્યારે શોધીએ છીએ, અને જ્યારે આરામ કરવાનું સ્થળ નથી હોતું, ત્યારે રસ્તા ઉપર ચાલીએ છીએ.'

'મારા મિત્રો ! અને ભાઈઓ ! એવો વિશાળ રાજ-માર્ગ તે જાણે કે તમારા જ જાતભાઈઓ !'

'આ છોડવા જે વૃક્ષો ઉપર જીવનગુજારો કરે છે, તે વૃક્ષો રાતની મધુર શાંતિમાં ધરતીમાંથી દૂધધારા મેળવે છે. અને ધરતી પણ શાંત સ્વપ્ન અવસ્થામાં બેઠી બેઠી, સૂર્યમાંથી પોતાનું ધાવણ પ્રાપ્ત કરે છે !'

'અને આ સૂરજ પણ, મારી પેઠે, તમારી પેઠે, અને સઘળા સચરાચર જીવોની પેઠે, કોઈ રાજરાજેન્દ્રના ચરણને ચૂમીને એની પાસેથી જીવનધારા મેળવે છે. આ રાજરાજે-ન્દ્રનાં દ્વાર હમેશાં ખુલ્લાં છે; ત્યાં હમેશાં જીવનધારા વહી રહી છે !'

'માટે મારા મિત્ર ! જે કાંઈ જીવન આંહીં છે, તે જે કાંઈ જીવન આંહીં છે, તેના ઉપર જીવે છે: અને આ સઘળું વળી કોઈ નિઃસિમ શ્રદ્ધામાં, કોઈ મહાન ઉત્તુંગની પરમ ઉદારતાને આધારે જીવે છે !'

[૩]

અને એક સાંજે પવનનું મોટું તોફાન ઉપડયું અને અલ્ મુસ્તફા અને તેના નવે શાગિર્દો મેદાન છોડીને ઘરને આશ્રયે ગયાં. ત્યાં એ સઘળા સગડીની આસપાસ બેઠા. થોડીવાર સૌ શાંત અને મુંગા બેઠા રહ્યા. તેમાંના એક શાગિર્દે પ્રશ્ન કર્યો: 'મને એકલું એકલું લાગે છે ગુરુદેવ ! અને મને એકલતા મુંજવી રહી છે. આનું શું કારણ હશે ?'

અલ્ મુસ્તફા ધીમેથી બેઠા થયા, તેમની વચ્ચે શાંતિથી પળ બે પળ ઊભા રહ્યા. અને પછી બોલ્યા: 'એકલતા લાગે છે? એમ શા માટે? તમે એકલા આવ્યા છો અને એકલા જ જનાર છો.'

'એટલા માટે તમારા જીવન પ્યાલામાંથી એકલાં જ પીતાં શીખો, પછી ભલે એ પ્યાલામાં તમારાં લોહી અને આંસુ ભર્યાં હોય ! અને છતાં જીવનને તો આ તૃષાતુરતાની ભાગ્યરેખા માટે પણ ધન્યવાદ જ આપતા રહો ! કારણ કે આ તૃષાતુરતા વિનાનું તો તમારું હૃદય, એવા શુષ્ક સમુદ્ર સમાન બની રહેત કે, ન જેમાં જલતરંગ ઉઠે ન જેમાં ગાન મળે ! રહેતી હોય જેમાં કેવળ એકલી શુષ્કતા !'

'તમારા જીવનકુંભમાંથી એકલાં પીઓ અને રસથી પીઓ!'

'એને તમે તમારે માથે ચડાવો અને જેમણે જેમણે આ કુંભને એકલાં રસથી મોંએ માંડયો છે તે તમામને માનાંજલિ આપતા રહો !'

'એક સમયે હું પણ માણસોની વચ્ચે એમની મિજ-

લસી ખાણીપીણીમાં આનંદપ્રમોદ માણી રહ્યો હતો; પણ એ રસાનંદ ન તો મારી બુદ્ધિને વિકસાવી શક્યો, ન તો હૃદયને પ્રફુલ્લિત કરી શક્યો. જાણે કે મસ્તકને અને હૃદયને સ્પર્શ્યા વિના પગતળિયે જ ઉતરી ગયો! એટલે મારી બુદ્ધિ શુષ્ક જ રહી. મારું હૃદય અવિકસિત જ રહ્યું. માત્ર મારા પગને જ જાણે કે પોષણ મળ્યું!'

'અને મેં એ ખાણીપીણી મિજબાનીના રંગોમાં અને દોસ્તોમાં પછી વધુ વખત રસ ન લીધો.

'એટલા માટે હું તમને કહું છું કે, ભલે સમયની એકલતા તમને મુંજવી રહે તો પણ વાંધો નહિ. એથી શું? પણ તમે તમારા જીવનકુંભમાંથી શોકને તેમ જ આનંદને એકલાં પીતાં શીખો, એમાં જ તમારું છેવટનું શ્રેયસ્ રહ્યું છે.'



વસ્ત્ર વિષે વધુ

અને એક પ્રભાતે જ્યારે સૂર્ય આકાશમાં આવી ગયો હતો, ત્યારે એક શિષ્ય તેની પાસે આવ્યો અને તેને વિનતી કરી: 'ગુરુદેવ ! મારૂં વસ્ત્ર જીર્ણ થઈ ગયું છે. બીજું મારી પાસે નથી. માટે હું બજારમાં જઈને નવું કપડું લઇ આવું !'

અને અલ્ મુસ્તફાએ તેની સામે જોયું અને તેને કહ્યું: 'તારું વસ્ત્ર મને દઇ દે !' અને તેણે તે પ્રમાણે કર્યું.

પછી અલ્ મુસ્તફાએ વિશેષ પ્રકાશ નાખ્યો: 'માત્ર વસ્ત્રવિનાના જ સૂર્યનો પ્રકાશ મેળવે છે. પવનની પાંખે એ ચડે છે, જે કોઈ જાતની કુનેહ ધરાવતા નથી. અને તે જ પ્રમાણે જે એક હજાર વખત પોતાનો રસ્તો ભૂલે છે તે કોઈક દિવસ પોતાના ઘરનો માર્ગ શોધી શકે છે.'

'દેવદૂતો કુનેહબાજ હોંશિયાર માણસોથી થાકી જાય છે. હજી તો જાણે ગઇ કાલે જ દેવદૂતની વાણી મેં સાંભળી. તેણે કહ્યું: "અમે એવાને માટે નર્ક ઊભું કર્યું છે, જે કેવળ ચકચકીત રીતે હોંશિયારીથી ફરતા દેખાય છે. અગ્નિ

સિવાય બીજું કોણ ધાતુને ઓગાળીને એની અસ્વચ્છતા દૂર કરી શકે ?"

અને મેં જવાબ વાળ્યો: "પણ નર્ક ઊભું કર્યું તો નર્કનું તંત્ર ચલાવનારા સેતાનોને પણ ઊભા કરવા પડ્યા. તેનું શું ?"

અને દેવદૂતે જવાબ દીધો: "ના, ના, એવો કોઈ વર્ગ નર્ક માટે નથી. નર્કનું તો એ લોકો તંત્ર ચલાવે છે, જે તેવા અગ્નિમાં પણ પીગળતા નથી."

'કેટલો ડાહ્યો દેવદૂત! એને માણસોની રીતિઓની જાણ છે. અને વળી અર્ધદગ્ધ–માણસોની રીત પણ એ જાણે છે. જ્યારે પયગમ્બરોને પણ, હોંશિયાર માણસો છેતરવાનું કરે છે, ત્યારે એ દેવદૂત એમને માટે આંહીં આવે છે. જ્યારે એવા મહાન આત્માઓ સ્મિત કરે છે, ત્યારે એ સાથે સ્મિત કરે છે: જ્યારે તેઓ રડે છે ત્યારે એ પણ રડે છે!'

'મારા મિત્રો! પંથવાસીઓ! માત્ર જે નગ્ન છે તે જ સૂર્યનો મહિમા જાણે છે. જેની પાસે સુકાનનો આધાર નથી, તે જ આ મહાન સમુદ્રને ઓળંગી શકે છે. રાત્રિની કાલિમા સિવાય બીજી કાલિમા જેને સ્પર્શતી નથી તેને માટે જ પ્રભાત મનોહર ઉગે છે. બરફમાં સુષુપ્ત પડેલાં મૂળિયાં જેમ ઝરણને પહોંચે છે, તેમ જે અત્યંત શાંત સ્થિતિમાં, મૂળગામી વસ્તુઓ ઉપર નિર્ભર છે તેને જ વસંત આનંદ મળે છે.'

'કારણ કે તમે પણ એક રીતે મૂળિયાં જેવા છો. અને મૂળિયાં જેમ સાદાં છે, તેમ તમે સાદા છો. અને છતાં મૂળિયાંની પેઠે જ ધરતીમાંથી તમે જ્ઞાન મેળવો છો, તમે,

અબોલ શાંત છો, છતાં મૂળિયામાં જેમ ન જન્મેલી વૃક્ષોની શાખાઓ સૂતેલી પડી છે, તેમ તમારામાં ચારે દિશાના પવનનું મનોહર સંગીત સૂતેલું પડ્યું છે.'

'અને તમે નિરાકાર છો, છતાં પેલાં મૂળિયાં, જેમ એક મહાન વૃક્ષની શરૂઆત છે, તેમ તમે પણ કોઈ મહાન ઉન્નત સ્થિતિની શરૂઆત છો.'

'એટલા માટે ફરીને એકવાર હું તમને કહું છું કે, ધરતીના ઢેફાંની ને ગતિમાન સ્વર્ગની વચ્ચે તમે માત્ર મૂળિયાં રૂપે છો. પ્રકાશના પ્રાદુર્ભાવથી તમને નાચી ઉઠતા મેં જોયા છે. અને લજ્જા ભરિત પણ દીઠા છે. મૂળિયાં બધાં જ જાણે શરમાતાં હોય છે. એમણે એમના હૃદયને એટલો બધો લાંબો વખત ગૂઢ રીતે છૂપાવી રાખ્યું છે, કે એ હૃદયનું હવે શું કરવું એની જાણે કે એમને સમજણ પડતી નથી.'

'પણ વસંત ઋતુ આવશે. અને વસંતઋતુ એ આરામ ન જાણનારી કુમારિકા છે. અને એ તમામ ટેકરાઓને ટેકરીઓને પર્વતોને અને મેદાનોને ફલદ્રુપ બનાવી રહેશે.'



બે શિશુ

પૃથ્વી ઉપર બે શિશુ આવ્યાં.

એક વખત પૃથ્વી ઉપર બે શિશુ પ્રગટયાં. એક રાજ-મહાલયમાં જન્મ્યું. એક કૂબામાં આવ્યું. એકને પૃથ્વીનું દર્શન કરાવવા માટે એનો રાજપિતા મહાલયની અટારીમાં ઊભો હતો. બીજાને કયાં મૂકવું એ ચિંતાનો વિષય હતો. રાજપુત્રને નીરખવા મહાલયની અટારી નીચે અસંખ્ય પ્રજાજનો આવ્યાં હતાં. મહાલયની અટારીમાંથી રાજપિતાએ રેશમી વસ્ત્ર વીંટયા નાનકડા રાજપુત્રને બતાવતા કહ્યું: 'આનંદો! પ્રજા-જનો! આનંદો! અમારા કુલિનવંશવેલાને આગળ વધારનાર રાજપુત્ર આવી ગયો છે. એના માટે તમારાં અંતર પ્રેમથી ને ભક્તિથી ભરપૂર ભર્યાં છે એ હું જાણું છું. પ્રાચીન મહાન રાજવંશની પ્રણાલિકા સાચવનાર એ હશે.

આનંદો! પ્રજાજનો આનંદો!'

અને પ્રજાજનોમાંથી સેંકડો અવાજોએ રાજકુમારને અભિનંદન આપવા એકકંઠી મહાન જયઘોષણા કરી!

એક નવો રાજકર્તા આવ્યો હતો. એમના ઉપર ગળામાં નવું ધોંસરૂં નાખવા. નવા કરવેરા નાખવા. નવી પીડાઓ

આપવા. નિર્બળો ઉપર કડવાશ ભરેલા અધિકારથી શાસન કરીને એમના આત્માને હણી નાખવા માટે એ આવ્યો હતો.

પોતાના આ મહા ભાગ્યોદય માટે લોકો ગાઈ રહ્યા હતા. આનંદ કરી રહ્યા હતા. અબિલ ગુલાલ ઉડાડી રહ્યા હતા!

નવા શાસનકર્તાને એ વધાવી રહ્યા હતા!

જ્યારે લોકો આ પ્રમાણે પોતાની જાતને લઘુતા આપીને અને પોતાની મૂર્ખાઈમાં પોતાના શાસનકર્તાને જૂલમગાર બનવાનો પરવાનો આપીને, આનંદ કરી રહ્યા હતા, અને જ્યારે દેવદૂતો પણ લોકોની આવી હુર્રરે! હુર્રરે! કરનારી મૂર્ખાઈ ને જોઈને રડી રહ્યા હતા, ત્યારે પેલા ખૂણામાં એ જ વખતે જન્મેલા પેલા બીજા શિશુને એક માંદી નબળી, મરવા વાંકે જીવતી એવી ગરીબડી મા, નિહાળીને બોલી રહી હતી: 'અરે મારા લાડકા! તું આંહીં ક્યાં આવ્યું?'

એ પોતે એક તુટી ગયેલી ઝૂંપડીમાં રહેતી હતી. એણે ગાભામાં છોકરાને વીંટાળી રાખ્યું હતું. માણસ જાત, માણસને જે ઠંડીક્રૂરતાથી ઉપેક્ષામાં ધકકેલી દે છે, એવા ઉપેક્ષાના કાદવમાં એ બિચારી પડેલી હતી! એનો પતિ મોટા મોટા શાસનકર્તાઓ જેને લડાઈ કહેતા, પણ જે ખરી રીતે હૃદયહીણી ખૂનરેજી હતી, તેમાં નામશેષ બની ગયો હતો!

અને આજ રાત્રે એને, કામ કરીને પોતાનો રોટલો રળી લેતી અટકાવવા, એક નાનકડો શિશુ સાથી તરીકે આવી મળ્યો!

જ્યારે આનંદ કરતો જનસમુદાય વીખરાયો અને બધે શાંતિ ફેલાઇ ગઇ, ત્યારે પેલી અભાગી નારી પોતાના ખોળામાં,

પેલા શિશુને રાખીને તેની સામે જોઈ રહી. અને એની આંખમાંથી આંસુની ધારા છૂટી. જાણે અશ્રુસ્નાનથી આ નવા આવનાર શિશુનું જીવન શરૂ થવાનું હોય! પછી પોતાના દુઃખથી કુંઠિત થયેલા ધીમા ગદ્‌ગદ્ અવાજે એણે જાણે આ શિશુ સાથે વાત માંડી: 'રે મારા ફૂલ! પેલી દુનિયા છોડીને આ દુઃખ ભરી ધરતીમાં મારી સાથે જીંદગીનો કડુ જામ પીવા તું આંહીં કયાં આવ્યું ?

ત્યાંનાં નિત્યપુષ્પી ઉદ્યાનો, દેવદૂતો, મધુર વહેતાં ઝરણાં, અને શુભ્ર ચાંદની લીંપ્યા હરિયાળાં મેદાનો છોડીને શા માટે દુઃખ જૂલમ અને કઠોરતા ભરી માણસોની આ દુનિયામાં તું આવ્યું ?

હું તને આંસુ સિવાય બીજું શું આપી શકું તેમ છું ? દૂધને બદલે આંસુ તને પોષણ આપી શકશે ? આંહીં રેશમી કે સુતરાઉ લુગડાં તને પહેરાવવા માટે નથી. મારા ઉઘાડા ધ્રુજતા હાથ તને ગરમી આપી શકશે ?

ઢોરનાં નાનાં બચ્ચાં આંહીં મેદાનમાં ઘાસ ખાતાં ફરે છે અને સાંજે પોતાને ખીલે પાછાં વળી જાય છે; અને પંખીબચ્ચાં દાણાદુણી ચણીને વૃક્ષોની ડાળીઓમાં ઊંઘી જાય છે; પણ તારે મારા લાડકા! તારે, પ્રેમાળ ભિખારુ મા સિવાય, બીજો કોઈ જ આધાર નથી! મારા ફૂલ! તું આંહીં કયાં ભૂલું પડયું ?'

પછી તેણે પોતાની ચીમળાઈ ગયેલી દૂધવિહોણી છાતીએ શિશુને વળગાડયું. અને તેને પ્રેમથી પોતાના હાથોએ છાતીસરસું પકડી રાખ્યું. જાણે ઈચ્છતી હોય કે ફરીને એ બન્ને એક થઈ જાય—પહેલાં જેમ હતાં તેમ.

અગ્નિમાં બળી રહેલી પોતાની આંખોને તેણે આકાશ તરફ ધીમેથી માંડી અને એક આર્ત્ત પુકાર કર્યો: 'ઓ ભલા ભગવાન! મારા દેશના કમનશીબ પ્રજાજનો ઉપર તારી અમીદૃષ્ટિ હો!'

ચંદ્રના બિમ્બ ઉપર બેઠેલાં વાદળાંઓ એ વખતે આકાશી મુસાફરીએ ઉપડયાં અને શુભ્ર ચાંદની ચારે તરફ પોતાની અમીધાર વરસાવતી રેલી રહી: ઝાડ પંખી પશુ અને ધરતી ઉપર, કૂબા ઉપર, અને એમાં પડેલા બે મૃત દેહો ઉપર!



આ ચિત્ર ને તે ચિત્ર!

રાત્રિ પડી. વીજળીના ઝગઝગાટ દીપકોએ ભવ્ય મહાલયની રેખાએ રેખામાં પ્રકાશ પાથરી દીધો. તોતીંગ દરવાજાની પાસે બે દરવાનો સ્થિર ઊભા રહી ગયા. હરેક પળે ચકચકીત વાદળી રંગી મોટરની રાહ જોતા. બીજા પણ અનેકો ત્યાં ઊભા હતા.

અને એ પળમાં જ એ મહાલયનો માલિક મોટરમાં આવ્યો. એની સાથે અનેક મહેમાનો હતા. ઉદ્યાનમાં ખુરશીઓ મૂકાઇ. ત્રિપગીઓ આવી. ચાની 'ટરે' આવી. નાસ્તો આવ્યો, રંગીન પીણાં આવ્યાં. ખુશાખુશાલી સંગીત આવ્યું. વાર્તા વિનોદ, ગપ્પાં, ગંજીફા, ટોળ મશ્કરી, નિંદા શૃંગાર આવ્યાં. પીણાં ખાણાં ને ગાણાંની મહેફીલ ચાલતી રહી. મહેમાનો આવતા ગયા. 'ટરે' પણ આવતી ગઈ. ધોળા કપડામાં સજ્જ થયેલા નોકરો, વાનગીઓ લાવવાની સ્ફુર્તિમાં પોતાનો અસ્તોદય નિહાળી રહ્યા. રંગભરી સંધ્યા, શૃંગાર ભરી રજનીમાં ફેરવાતી ચાલી.

અને એમ ને એમ મધરાતે એ મિજલસ ઊઠી ત્યારે કોઇની આંખમાં ઘેન હતું. કોઈને થાક ચડયો હતો. કોઈ

ટેકો લઇ રહ્યા હતા. કોઈને ટેકો દેવો પડતો હતો.

શરીરને મોજમાં થકવીને એમણે નિદ્રાને આણી હતી. નિદ્રાને અંકે ઝૂલવા એ પોતાની પથારીઓમાં પડયા. અને ગમે તેમ થાક, લવારો, દુ:સ્વપ્ન, એમની રાત્રિની પળો ચાલતી રહી.

થોડે દૂર એક બીજા સાદા મકાનમાં એ જ વખતે ધીમો વહાલભર્યો ટકોરો બારણા ઉપર પડયો ને અંદર અધીર બેઠેલી ગૃહિણીનો ઉતાવળો કંકણરવ સંભળાયો. એને થાક લાગ્યો હતો. બારણું ઉઘડયું. શાંત પગલે ઘરનો સ્વામી અંદર આવ્યો. કેટલીક મંગાવેલી ચીજોનો એણે ત્યાં ઢગલો કર્યો. ને આતુરતાથી રાહ જોતાં નાનાં છોકરાં પોતપોતાનાં લેસન મૂકીને એની તરફ દોડયાં !

ગૃહિણી ને ગૃહપતિ એ દૃશ્યે ખુલ્લું પ્રેમભરેલું હાસ્ય હસી રહ્યાં ! ને થાકેલા માણસને થોડો આરામ મળી ગયો !

પછી ઉની વાનગીઓ પીરસાવા માંડી. નવી જુની વાતો થવા માંડી. પ્રશ્નો પ્રત્યુત્તરો ને નાની મોટી મુશ્કેલીઓની ગુંચો ઉકેલાવા માંડી. સોપારી કાતરતાં કાતરતા ઘરના સ્વામીનો અરધો થાક ઉતરી ગયો હતો. સુખી, શાંત, એકધારું વ્યવસ્થિત ગૃહજીવન ત્યાં ઝરણની માફક વહી રહ્યું હતું. અને પળપળ વહેતા સમયની સાથે જાણે તાલબદ્ધ નૃત્ય કરી રહ્યું હતું !

ત્યાંથી થોડે આઘે એક ઠેકાણે એક ઝૂંપડું હતું. અંધકારનો પછેડો ઓઢીને એ ઝૂંપડું ઉભું હતું. બહારના પ્રકાશ તરફ દૃષ્ટિ કરીને એ પોતાના ઘરનો છે, એવા ખોટા આશ્વાસનમાં, એક તુટેલ ખાટલા ઉપર એક જુવાન માણસ ત્યાં બેઠો હતો, ને સાથે ઓઢયા વિના ... ... દેહે.

જુવાન ઘૈરું ત્યાં બેઠું હતું. નીચે ભોંય પથારી ઉપર બે ત્રણ વસ્ત્રવીહોણાં છોકરાં આળોટતાં હતાં. એક ભેંકડા તાણતું હતું. બીજું હીબકા ભરતું હતું. ત્રીજાને ઠમઠોરવા ઉંચો થએલો બૈરીનો હાથ પેલા માણસે પકડી રાખ્યો હતો. આઘે એક ઝાડના ઠુંઠા પાસે એક બકરૂં બાંધ્યું હતું. તે કયારનું પોતાની જરુરીઆત તરફ ગૃહસ્વામીનું લક્ષ ખેંચવા બેં બેં કરી રહ્યું હતું!

ત્યાં પ્રકાશ કે પથારી, કાંઈ જ ન હતું!

હતું કેવળ ઉપર આકાશ, નીચે ઝુંપડું!

એક પળ વીતી ને કોઈકનો અવાજ સંભળાયો:

'કોણ ?'

'એ તો મા'રાજ છે! આ પોટયાને પાછો આજ તાવ આવ્યો, એટલે મેં બોલાવ્યા'તા!'

મારાજ આવ્યા. એની સાથે પ્રકાશ આવ્યો.

એક પૈસાની મીણબત્તી કાઢીને એણે ત્યાં મૂકી. ને મોટું ભુંગળું કાઢીને આ ગરીબઘરની વેદનાને આંગળી ઉપર ચડાવી! એ વેદના છેવટે મંગળને બારણે જાતી ઊભી! અને મંગળને મનાવવા પેલો ભિખાર ગૃહપતિ પોતાના ફાટલ પહેરણના કાણા ખીસ્સામાં પૈસા શોધી રહ્યો!

પછી રાત્રિએ તો નીરવ પગલે પોતાની મુસાફરી શરૂ કરી દીધી હતી, પણ ત્યારે હજી આંહીં, કાલે લોટ શેનો લાવવો તેની ભાંજગડ થઈ રહી હતી!

અને આ ત્રિરંગી ચિત્ર નિહાળીને, તારાંકિત રજનીને રડવું કે હસવું એમાંથી એકે વાતની ગમ પડતી ન હતી. એ કેવળ મુંગી મુંગી આગળ વધી રહી હતી!

[૨]

એક જુવાન મજબૂત માણસ ઊભો ઊભો શહેરના આલીશાન રાજમાર્ગ ઉપર ભીખ માગી રહ્યો હતો! જીવનમાં પોતે પરાજય પામ્યો હતો એનો જાણે કે એમાં સ્પષ્ટ એકરાર હતો.

એના દુ:ખભર્યા અવાજમાં અને એના અપમાન સહન કરતા અંતરાત્મામાં કોને ખબર કેટલી વેદના છુપાણી હતી? પણ એનો શબ્દ સાંભળવાની કોઈને પડી ન હોય તેમ એ ભીખ માગતો રહ્યો. ખાલી અવાજ કરતો રહ્યો.

આખરે તો માણસનો પરાજય એ પણ કેટલી કેટલી પરિસ્થિતિઓમાંથી વહેનારું જીવનજળ છે એની તપાસ કરવાની આવી ધમાલમાં કોને પડી હોય? એનું મજબૂત શરીર ભીખ માટે નાલાયક હતું એટલું જ બસ ન હતું?

અને જે ત્યાંથી પસાર થતા તે બધા જ ઉતાવળમાં હતા. સૌ કોઈ ચિંતામાં હતા. ચિંતામાં ન હતા તે ભ્રમ ભરેલી દુનિયામાં હતા. પણ રાત સુધીમાં એના તરફ સહાનુભૂતિની દૃષ્ટિ નાખનારો એક પણ માણસ મળ્યો નહિ.

રાત્રિ પડી. એની જીભ સૂકાતી હતી. એના હોઠની અસી મરી ગઈ હતી. પણ હજી એનો હાથ ખાલી હતો. પેટમાં કકડીને લાગી હતી.

છેવટે એણે ત્યાંથી વિદાય લીધી. શહેરની બહાર ચાલ્યો ગયો. એક મહાન વૃક્ષની નીચે બેસીને એણે પોતાનું હૃદય ખાલી કર્યું. એનું હૃદયવિદારક રૂદન વૃક્ષનાં પાંદડાં સાંભળી રહ્યાં. એનું શરીર ભૂખનું માર્યું ધ્રુજી રહ્યું હતું. તેણે

પોતાની આંખો આકાશમાં માંડી: મોટેથી તે બોલ્યો: ‘ઓ ભગવાન! મેં રોટી મેળવવા શું શું નથી કર્યું કે મને રોટી મળતી નથી? હું શ્રીમંતોના દ્વારે ગયો. પણ મારો ગરીબી ભર્યો દેખાવ એ જ મારી નાલાયકી બની; હું જ્યાં જ્યાં શિક્ષણ લેવા માટે ગયો, ત્યાં ત્યાં ખાલી હાથ એ જ મોટામાં મોટો ગુનો હોય તેમ ત્યાંથી જાકારો મળ્યો. રોટી આપનાર ધંધાની શોધ માંડી, પણ ક્યાં ય પત્તો ખાધો નહિ. છેવટે હતાશ બનીને મેં ભીખ માગી—ત્યારે સૌ બોલ્યા કે આ મજૂરી કરવા જતો નથી! એટલે કોઇએ એ પણ ન આપી!

ઓ ભગવાન! મારું મજબૂત શરીર એ પણ ગુનો? તારી ઇચ્છાના વહન રૂપે મારો જન્મ થયો. જે પૃથ્વી ઉપર જન્મ થયો તે પૃથ્વી હવે તારા હાથમાં મને પાછો સોંપે છે—તો મને પાછો ઉપાડી લે!’

એણે પોતાના હાથ ઉપર માથું ઢાળી દીધું. પણ થોડી વાર થઈ અને એના ભાવ બદલાયા. તે ઊભો થયો. કોણ જાણે શું થયું, કોઈ નિશ્ચયાત્મક વલણથી એની આંખો પ્રકાશી ઊઠી. એણે પાસેના એક ઝાડની મજબૂત ડાળી કાપીને તેની સોટી બનાવી. શહેરની સામે સોટી ઉગામતો એ તાડુક્યો: ‘મેં રોટીની ભિક્ષા માગી હતી, કારણ કે બીજી કોઇ રીતે રોટલી મળતી ન હતી, છતાં મને જાકારો મળ્યો. દયાના નામે એ ન મળી. પ્રેમના નામે પણ ન મળી. સામાજીક રચનાએ પણ ન અપાવી. ‘હવે મારે મારા બળથી એ પ્રાપ્ત કરવી રહી. કઠોરતાથી મેળવવી રહી.’ પણ એનો એ અવાજ સાંભળવા ત્યારે કોઈ નવરું ન હતું. જુવાન ચાલ્યો ગયો.

વર્ષો વહી ગયાં. બીજું ચિત્ર ઊભું થયું. એટલાં વર્ષોમાં

એ લૂંટારૂ બન્યો હતો. અનેકને હણનારો. અનેકનો નાશ કરનારો. જે જે એની સામે આવ્યા, તેને એણે હઠાવી દીધા. એની પાસે પૈસો આવ્યો એટલે એણે શક્તિશાળીઓની ખરીદી માંડી. એના સાથીઓએ એનાં વખાણ માંડયા. એના જેવા લૂંટારૂઓને એની ઈર્ષા થઇ ને એના મદદગાર બન્યા. નબળા ને કાચાપોચા એના નામે ધ્રૂજવા માંડયા.

પૈસાએ એને ખોટી પ્રતિષ્ટા પણ અપાવી. દેશના રાજાને પણ એ બળવાન માણસ ઉપયોગી જણાયો. અને એની જ નિમણૂક કરી, સત્તાધીશ તરીકે. પછી તો એની ચોરી ને લૂંટ એ એના બળનાં પ્રમાણભૂત સાક્ષી ગણાયાં! એની સત્તાનો સ્વીકાર થયો. સૌએ એની બળવાન ઈચ્છા-શક્તિનો વિજય ગાયો!



દુ:ખ

[૧]

અને એક સ્ત્રીએ કહ્યું: 'અમને દુ:ખ વિષે કાંઈક કહો.'

અને તેણે કહ્યું: 'તમારી સાચી સમજને વીંટળાઈને એને ઘેરી રાખતું બહારનું જે પડ છે, એ પડ, જે સાધન વડે ભેદાય તેમ છે તે તમારા સાધનનું નામ દુ:ખ. જેવી રીતે ઉપલું પડ ભેદીને ગોટલામાંથી ઠળિયાએ બહાર આવવું જોઈએ કે જેથી બીજાંકુરને સૂર્યનો તાપ મળે—તેવી જ રીતે તમારાં દુ:ખો વિષે જાણવું. નિત્યજીવનની સાદી વસ્તુ-ઓમાં રહેલી અદ્‌ભુતતા વડે જો જીવનને આશ્ચર્યમય રાખી શકાય તો દુ:ખ, એ પણ આનંદ જેટલું જ, આશ્ચર્ય કારક લાગે.

ખેતરમાં રમતી ચાલી જતી ઋતુઓને માણસ જે પ્રમાણે સાહજિક વૃત્તિથી નિહાળે છે ને સ્વીકારી લે છે તે જ પ્રમાણે હૃદયની ઋતુઓને માણસે સ્વીકારવી ઘટે.

તમે જેટલી શાંતિથી શિયાળો સ્વીકારો છો, તેટલી જ શાંતિથી તમારે તમારા શોકને સ્વીકારવો ઘટે.

કારણ કે,

તમારું ઘણુંખરું દુ:ખ તમારી પોતાની પસંદગીમાંથી જન્મ્યું છે. તમારું ઘણુંખરું દુ:ખ તમારામાંથી જન્મ્યું છે. તમારું ઘણુંખરું દુ:ખ સ્વયંભૂ છે.

તમારા અંતરમાં રહેલો ધન્વન્તરિ આવા કટુ ઔષધ વડે તમારી રોગી જાતને નિરોગી બનાવે છે.

એટલા માટે એ ધન્વન્તરિ ઉપર શ્રદ્ધા રાખો: અને શાંતિથી, મૌનથી એના ઉપચાર ઔષધને સ્વીકારો.

કારણ કે એના ભારે દેખાતા કઠણ હાથમાં અપ્રગટ રીતે તો કોમળતાની છાયા વસી રહી છે.

અને તેથી, ઔષધની જે પ્યાલી તે લાવે છે તે હોઠને બાળી નાખે તેવી કટુ લાગે તો પણ, જે હેતુ માટે એ પ્યાલી લાવે છે તેનું મહત્ત્વ ન ભૂલો.

એ પ્યાલીને નિર્માણ કરનાર પ્રજાપતિએ એ પ્યાલી જે માટીથી ઘડી છે તે માટીને પહેલાં પ્રેમના છલોછલ પવિત્ર આંસુઓ વડે ભીંજવી છે!

[૨]
પ્રાર્થના

એક પુજારિણીએ કહ્યું: 'અમને પ્રાર્થના વિષે કહો.'

અને તેણે જવાબ આપ્યો: 'તમે દુ:ખમાં હો છો ત્યારે અને જરૂરિયાતમાં હો છો ત્યારે પ્રાર્થના કરવા બેસો છો; પણ વધારે યોગ્ય તો એ છે કે તમે તમારા આનંદભર્યા ચિત્તે પ્રાર્થના કરો. અને તમારી સમૃદ્ધિછલકાતી પરિસ્થિતિમાં પ્રાર્થના કરો.

કારણ કે તમારી જાત વિકાસ પામીને જાણે કે ચૈતન્ય-ભર્યા વાતાવરણમાં વ્યાપક વિહાર કરવા નીકળે તેનું નામ પ્રાર્થના. એ સિવાય પ્રાર્થના બીજું શું હોઈ શકે?

અને જો તમારા અંધકારને અવકાશમાં રેલાવવો એ તમારા પોતાના સમાધાન માટે આવશ્યક છે, કારણ કે નહિતર એ અંધકાર તમારે માટે વધારે ઘટ્ટ બની રહે, તો એ જ પ્રમાણે તમારા આનંદને અવકાશમાં રેલાવવો, એ તમારા હૃદયની પ્રસન્નતા માટે જરૂરી છે.

અને તમારો આત્મા, જ્યારે તમને પ્રાર્થના માટે બોલાવે, ત્યારે જો તમે આંસુ પાડયા વિના ન જ રહી શકો, તો, તમારી એ રડતી ને કાંઈક માગવા માટે દોડતી જાતને, પ્રાર્થના, હજી વધુ ને વધુ પલોટે કે છેવટે તમે હસતા હસતા—આનંદભર્યું કોઈ કામ હોય તેમ—પ્રાર્થના માટે દોડો. ત્યાં સુધી પ્રાર્થના, ભલે એને પલોટે. તમે જ્યારે પ્રાર્થના કરો છો ત્યારે એ પળે, જેટલા પ્રાર્થના અભિલાષી છે તે તમામની સાથે, હવામાં તમે મિલન કરો છો. એમને તમે આ પ્રાર્થના સિવાય બીજી કોઈ રીતે કદાચ મળવાના જ નહિ!

એટલા માટે એ અદૃશ્ય મંદિરની મુલાકાત બીજા કોઈ હેતુ માટે ન હોય—પણ આનંદ માટે હોય, મધુર સંવાદ મેળવવા માટે હોય! એ મંદિરમાં, જો તમે કોઈ યાચના કરવા માટે જ જતા હશો તો તમને ત્યાંથી કાંઈ જ નહિ મળે!

તમારી જાતને નાની બનાવવા માટે, લઘુતા પ્રગટ કરવા માટે જતા હશો, તો પણ તમારો વિકાસ નહિ હોય.

અથવા તો બીજાના કલ્યાણની પ્રાર્થના માટે જતા હશો તો પણ તમને કોઈ નહિ સાંભળે.

એ અદૃશ્યમંદિરની મુલાકાત લ્યો એટલું જ પૂરતું છે.

શબ્દોમાં શી રીતે પ્રાર્થના કરવી એ હું તમને શીખવી શકું નહિ.

ઈશ્વર તમારા શબ્દોને સાંભળતો નથી. એ સાંભળે છે ત્યારે જ, જ્યારે શબ્દો તમારા હોઠમાંથી આવતા હોય, પણ બોલતો હોય એ પોતે !

અને સમુદ્રો જંગલો ને પર્વતો જે પ્રાર્થના કરે છે તે પણ હું તમને શીખવી શકું નહિ. પણ તમે કે જે, ડુંગરાઓમાં જન્મ પામ્યા છો, અને જંગલોને ને સમુદ્રોને ખોળે ઉછર્યા છો, તમે, તેમની પ્રાર્થના હૃદયમાં શોધી શકશો.

અને જો તમે રાત્રિની નીરવતામાં સાંભળી શકો તો તેઓને તમે શાંત વાતો કરતા સાંભળશો કે:

"હે અમારા પરમાત્મ અમારું જ ગગનવિહારી સ્વરૂપ તે તું! જે કાંઈ ઈચ્છે છે તે પણ તારી, અમારામાં રહેલી ઈચ્છા જ, ઈચ્છે છે.

તારી કામના અમારામાં રહીને અભિલાષા વ્યક્ત કરે છે.

તારી જ અમારામાં રહેલી પ્રદીપ્તિ, અમારી અંધાર રાત્રિઓ કે જે તારી જ કૃતિ છે, તેમને પ્રકાશવાન દિવસ, કે જે પણ તારી કૃતિ છે, એમાં રૂપાંતર પમાડશે.

અમે તારી પાસેથી કોઈ વસ્તુની ઈચ્છા કરી શકીએ નહિ. કારણ કે અમારી જરૂરિયાતો અમારામાં જન્મે, તે પહેલાં જ તે તારી જાણમાં હોય છે!

તું જ અમારી મહાન જરૂરિયાત છે; અને તું અમારામાં વધારે પ્રવેશે, એમાં અમને બધું જ મળી રહે છે.

વધુ કથાઓ

[૧]

ઠંડીના દિવસો હતા. ત્રણ કૂતરા સૂરજના તડકામાં પડયા પડયા વાતો કરી રહ્યા હતા.

એક કૂતરો બોલ્યો: 'આ જમાનો કૂતરાના વર્ચસ્વનો છે, ને બરાબર એ જ વખતે આપણે આંહીં જીવી રહ્યા છીએ એ એક અનોખી મોજ છે! વિચાર તો કરો, આપણે સમુદ્રમાં આકાશમાં ને ધરતીમાં કેટલી સહેલાઈથી ને કેટલી મોજથી મુસાફરી કરીએ છીએ. અને આપણને આરામ ને સગવડ આપવા માટે શોધાયલી વસ્તુઓનો તો ખ્યાલ કરો! આપણા કાન માટે, આપણી આંખ માટે, આપણા નાક માટે. બધાની જુદી જુદી સંભાળ!'

અને બીજો કૂતરો બોલ્યો: 'અને આપણે પોતે પણ આ જમાનામાં કલાની દૃષ્ટિએ કેટલા આગળ વધ્યા છીએ! આપણા બાપદાદા, ચંદ્રમાની સામે ભસતા પણ એમના ભસવામાં નહિ કવિતા કે નહિ તાલ! નહિ કોઈ મેળ! અને આપણે? ભસીએ તો એ પણ તાલબદ્ધ. આપણે આપણી

જાતને પાણીમાં નિહાળીએ છીએ તો એમાંથી પણ એ જ વસ્તુ જડે છે. આપણી મુખમુદ્રાઓ ભૂતકાળના કરતાં કેટલી વધારે સ્વચ્છ ને કેટલી વધારે સુંદર !'

પછી ત્રીજો કૂતરો બોલ્યો: 'પણ આ બધા કરતાં ચડી જાય એવી વાત તો આ છે. ધીમે ધીમે આપણી કૂતરાની રિયાસતો વધારે ને વધારે શાંતિ ભરેલી સમજણ પકડતી જાય છે! આપણે આગળના જેટલું હવે આ બાને કે તે બાને ઝઘડતા નથી! અને. . .'

પણ તે જ પળે તેઓએ એક કૂતરાં પકડનારને આવતો દીઠો!

અને ત્રણે કૂતરા ઉઠીને ભાગ્યા. અને દોડતા હતા ત્યાં ત્રીજો કૂતરો બોલ્યો: 'ઈશ્વરની ખાતર ભાગો ને ભાગો! થોભતા નહિ! સુધારો આપણી પાછળ ખાઈપીને મંડ્યો છે! આ સુધારો ને તે સુધારો! એમાં જીવવું હોય તો ભાગો!'

[૨]

જીવન વસંતની હવાલેરખી લાવતા એક ઝરૂખા પાસે એક પુરુષ અને એક સ્ત્રી બેઠાં હતાં. પાસે પાસે. અને સ્ત્રી કહી રહી હતી: 'હું તને ચાહું છું પ્રીતમ! તું સુંદર છે: સમૃદ્ધ છે: અને નિત્ય શણગારધારી છે.'

અને પુરુષે જવાબ વાળ્યો: 'હું તને ચાહું છું. તું એક સુંદર વિચાર જેવી છે. હાથમાં ન લેવાય એવી કોઈ રૂપાળી આકાશીવાદળી જેવી છે. જાણે કે મારા સ્વપ્નનું એક મધુર ગીત તું છે!'

પણ એ સાંભળીને તો પેલી સ્ત્રી છેછેડાઈ ગઈ: તેણે કહ્યું: 'હં, એમ છે? ત્યારે તો તું મને હમણાં ને હમણાં તજી દે. હું કોઈ વિચારકલિકા નથી, કે કોઈ સ્વપ્નમાં વિહરનારી વાદળી નથી. હું તો સ્ત્રી છું. તું મને રાગથી ઇચ્છે એ મારી કામના હોય. સ્ત્રી તરીકે, પત્ની તરીકે, તારા ભવિષ્યનાં સંતાનની માતા તરીકે. અને તું તો મને એક સ્વપ્નું માને છે!'

અને એ છૂટાં પડી ગયાં.

અને પુરુષ પોતાના અંતરમ ચંતવી રહ્યો હતો: 'જુઓ તો, આ એક સ્વપ્ન હતું તે પણ વરાળીહવા થઇને ઉડી ગયું!'

અને પેલી સ્ત્રી પણ બોલી રહી હતી: 'ઠીક ત્યારે, જે મને હવાઈ વાદળી માને ને સ્વપ્નું માને, એ તે મને શું પ્રેમ કરી શકવાનો હતો? મને સ્ત્રી તો એ માનતો જ નથી!'

[૩]

એક માણસની વાડીમાં પુષ્કળ દાડમડીઓ હતી. એનો પાક આવે ત્યારે એણે એક નિયમ રાખેલો. ઘરની બહારથી દેખાય તેમ, દાડમને રૂપેરી રકાબીઓમાં આકર્ષક રીતે એ ગોઠવી રાખે. રૂપેરી રકાબીઓમાં નોંધ મૂકે: 'એક દાડમ, તમારી મરજી પ્રમાણેના દામ આપીને, લઈ જઇ શકો છો. તમને એ માટે માનસહ નિમંત્રણ છે!'

પણ ત્યાંથી હજારો માણસો નીકળે. કોઈ એના દાડમને અડે જ નહિ ને!

આ પ્રમાણે દર ઋતુમાં થાય. પછી તેણે કાંઈક જુદી જ રીતે વિચાર કર્યો. ઋતુ આવી, ત્યારે દરવખતે મૂકતો તેમ, રૂપેરી રકાબીઓમાં એણે દાડમ દેખાડવાનું ને ગમે તેટલે પૈસે લઈ જવાનું આમંત્રણ આપવાનું બંધ કર્યું. પણ એને બદલે ઘરની બહાર આ પ્રમાણે નોંધ મૂકી: 'આ પ્રદેશમાંના સર્વોત્તમ દાડમ આંહીં મળે છે, માત્ર બીજા બધા કરતાં અમે એને થોડી વધારે મોંઘી કિંમતે આપીએ છીએ!'

અને એક વિચિત્ર ઘટના બની ગઈ! આસપાસથી માણસોનાં જુથનાં જુથ દાડમ ખરીદવાં દોડ્યાં!



પવિત્ર અને પતિત

પછી નગરનો એક ન્યાયાધીશ ઊભો થયો; તેણે કહ્યું: 'પ્રભુ! ગુના વિષે અને ગુનાની શિક્ષા વિષે કાંઇક કહો.' અને એણે કહ્યું: 'જ્યારે તમારું ચેતન વિવેકહીન બનીને ભ્રમમાં કે ભ્રમણામાં પડી જાય છે ત્યારે તમે એકલા અને અરક્ષિત, અણજાણપણે બીજાનું ખરાબ કરી બેસો છો. અને તેથી જેટલો અન્યને તેટલો જ તમારી જાતને પણ અન્યાય કરો છો.

અને આ અન્યાય માટે તમારે તમારી જાતને એ મહાન ન્યાયાધીશના સાન્નિધ્યમાં રજુ કરવી જોઈએ. અને તેના પ્રત્યુત્તરની રાહ જોતાં થોભવું જોઈએ.

તમારો આત્મા—એટલે કે તમારો ઈશ્વરીઅંશ—સમુદ્ર જેવો છે; તે નિરંતર સ્વચ્છ ને સુંદર વહે છે. અને તે હવા જેવો છે. જેને પાંખ હોય તેને જ માત્ર એ ઉડ્ડયન આપી શકે છે. તમારો આત્મા તો સૂર્ય જેવો છે. તે કાંઈ સર્પની પેઠે જેનાં તેનાં દર પચાવી પાડવામાં માનતો નથી; કે છછુંદર જેમ આડાઅવળા રસ્તાનું ધ્યાન રાખતો નથી. પણ તમારા પોતાનામાં કેવળ તમારો આત્મા એકલો જ

રહેતો નથી; બીજી પણ કેટલીક વસ્તી દેહરૂપી નગરીમાં વસે છે; દાખલા તરીકે તમારું કેટલુંક અવિકસિત સ્વત્વ ત્યાં હોય છે: કેટલુંક સ્વત્વ સુપ્ત પણ હોય છે: હું તો તમને અંધકારમાં ગોથાં ખાતા માનવ વિષે, તેમ જ તમારામાં રહેલા માનવ વિષે કહેવા માગું છું. કારણ કે ગુના વિષે અને ગુનાની શિક્ષા વિષે કાંઈક જ્ઞાન એને છે: એક તરફના તમારા ઈશ્વરીઅંશ ચેતનને, તેમ જ બીજી તરફ અંધારે રખડતા તમારા ક્ષુલ્લક અંશને, એ બન્નેને તો એ વિષે કાંઈ જ ખબર હોતી નથી.

ઘણી વખત તમે કોઈના અપરાધ વિષે બોલો છો. જાણે કે, એ તમારામાંનો એક ન હોય, અને એ કોઈ અજાણ્યો હોય અને આ તમારી સૃષ્ટિમાં પેસી ગયો હોય!

પણ હું તમને કહું છું કે, પવિત્રમાં પવિત્ર અને સાચામાં સાચો પણ, તમારા દરેકના અંતરમાં જે ઉન્નત તત્ત્વ વસી રહ્યું છે તેના કરતાં વધારે ઉચ્ચ નથી; તેમજ દુષ્ટમાં દુષ્ટ ને નબળામાં નબળો પણ, તમારામાંના અધમ તત્ત્વ કરતાં વધારે અધમ નથી.

અને વૃક્ષનું કોઈ એકલદોકલ એકાકી પાન પીળું પડી જાય ને બીજાં લીલાંછમ રહે, એમ જેમ બનતું નથી, અને એ પાન પીળું પડી જાય એ આખા વૃક્ષનાં શાંત જ્ઞાન વિના પણ થતું નથી, બરાબર એ જ પ્રમાણે, કોઈ પણ પાપ કર્મ આચરનારો, તમારી સૌની ગુપ્ત ઈચ્છા વિના ને રજા વિના, અપરાધ કરી શકતો નથી.

તમારો સઘળાનો જાણે કોઈ મહાયાત્રામાં નીકળેલો ને સાથે ચાલતો સંઘ છે. તમારામાં [illegible] છે, તેમ જ સાર્ગ

છો અને તમે જ માર્ગે ચાલનારા પાન્થ પણ છો. અને જ્યારે તમારામાંનો કોઈ પડે છે, ત્યારે એના પછી આવનાર સઘળાને માર્ગમાં રહેલ પથ્થરના ભયનું જાણે કે સૂચન કરવા માટે એ પડે છે. તેમ જ એનાથી આગળ વધી ગયેલાની સાન ઠેકાણે લાવવા માટે એ પડે છે. ગતિવાળા હતા, ને પગે બળવાન હતા છતાં એમણે પાછળના માટે આ ભયનું નિવારણ કર્યું ન હતું !

અને તમારા અંતઃકરણને આકરા લાગે એવા આ વધારે શબ્દો પણ મારે કહેવાના છે.

જેનું ખૂન થયું એનું ખૂન કેવળ આકસ્મિક ન હતું. જે લૂંટાયો તે કેવળ નિર્દોષ છતાં લૂંટાયો એમ નથી. જે પોતાને ખરો માને છે તે ખોટાના કરતાં વધારે ખરો નથી; પોતાને સ્વચ્છ માનનારનો પણ, લોહીના બિંદુમાં ભાગ હોય છે; અપરાધી એ ઘણી વખત, જેનો એણે અપરાધ કર્યો, એના સકંજામાં પડેલો હોય છે; અને વધુ ચોખવટ કરવી હોય તો, અપરાધી, એ બીનઅપરાધી અને સ્વચ્છ, સૌનો માત્ર કલંક ભાર વહેનારો બને છે એટલું જ. ન્યાયને અને અન્યાયને, સારાને અને નરસાને, તમે એકબીજાથી તદ્દન વિભિન્ન ન કરી શકો. કારણ કે એ બન્ને સાથે જ ઊભાં છે. કાળા અને ધોળા દોરાનો એક વણાટ હોય એવાં એ બન્ને છે. જ્યારે કાળો ધાગો તૂટે ત્યારે વણકર તો આખી શાળને તપાસે છે ને શાળ પર ચડેલા આખા વેજાને જુએ છે. તમારામાંનો કોઈ અનીતિમાન પત્નિને શિક્ષા માટે લાવે ત્યારે, એના પતિનું અંતઃકરણ પણ એ તપાસે અને એના આત્માનું પણ નિદાન કાઢે. અપરાધીને દંડ આપનારો, અન્યાય ખમનારા કહેવાતા

માણસની આંતરવૃત્તિ પણ જુએ. શિક્ષા કરનાર પોતાના જ વૃત્તિમાં દૃષ્ટિ કરે, અને સૂકાં વૃક્ષ ઉપર કુહાડાનો ઘા કરનાર એનાં મૂળિયાંની દશા તપાસે, તો એને માલુમ પડશે કે, સુક્કાં અને લીલાં સઘળાં જ વૃક્ષોનાં મૂળ ધરતીના પેટાળમાં તો એકબીજા સાથે ગુંથાયેલાં છે. અન્યાયી અને ન્યાયી, સાચી અને ખોટી, પવિત્ર અને અપવિત્ર, અપરાધી અને બીન-અપરાધી એ સઘળી જ વૃત્તિઓ એકબીજાથી જુદી નથી. એકબીજાના પડઘામાંથી ઉત્પન્ન થનારી છે.

અને તમે ન્યાયાધીશો! દેહને દંડ આપો છો, પણ વૃત્તિને શું કરી શકો છો? અને વૃત્તિમાં જ જ્યાં ક્રિયાનું રહસ્ય છે ત્યાં આ ન્યાય, ન્યાયાધીશી, કાયદાબાજી અને ન્યાય તોળનારી શબ્દલીલા, કેટલી પાંગળી અપંગ પાગલ અને ઠગાઈ ભરેલી જાદુ જેવી રમ્મત માત્ર છે!

જેની વૃત્તિ અપરાધી છે, ને ઉપરનું માળખું બીન-અપરાધી દેખાય છે, એને તમે શી ન્યાયશિક્ષા કરવાના છો?

અને તેથી વિરુદ્ધ જેનું આચરણ છે, જે બીજાના શરીરને હણવા જતાં પોતે આત્મામાં હણાઈ ગયો છે—એને પણ તમે શું ન્યાય આપવાના છો?

અને જેમના અંતરની વેદના એમને અગ્નિસ્નાન આપી રહી છે એમને તમે શી શિક્ષા કરનાર છો?

જે ન્યાય સ્થાપવાનો સિદ્ધાંત તમે વ્યાપક બનાવવાનો આગ્રહ રાખો છો એ જ આ વસ્તુ નથી? અગ્નિસ્નાન! પ્રાયશ્ચિત! ગુનેગારની સુધારણા!

—અને છતાં આ પ્રાયશ્ચિત્તનું તો તમારી ન્યાય તુલામાં કોઈ સ્થાન જ ક્યાં છે? એ પ્રાયશ્ચિત્તની વેદનામાં અપરાધીના

અંતઃકરણ ઉપરથી દૂર કરવાનું, કે તમારા ન્યાય દ્વારા, જે બીનઅપરાધીને તમે અપરાધી ઠરાવી માર્યો છે, તેના અંતઃકરણ ઉપર મૂકવાનું—બેમાંથી એકે તમે કરી શકો તેમ તો નથી! તમે અપંગ ન્યાયાધીશો!

પ્રાયશ્ચિત્તની એ વેદના તો રાતમાં વણતેડી આવીને માણસને જગાડી જાય છે. અને એ જાગૃતિ એને પોતાના પ્રત્યે જોતાં શીખવે છે!

તમે ન્યાય શોધવાની જાણે કે તાલાવેલી તો બહુ બતાવો છો, પણ સઘળાં જ કૃત્યોને સંપૂર્ણ પ્રકાશમાં જોયા વિના એ ન્યાય તમે શી રીતે શોધી શકવાના હતા?

એ સંપૂર્ણ પ્રકાશ મળે તો તો તરત સમજાય કે ઊભો રહેલો તેમ જ પડેલો, ગુનેગાર તેમ જ બીનગુનેગાર, ને પતિત તેમ જ પવિત્ર, એ બન્ને પ્રકારની વૃત્તિ ધારનારો માણસ પોતે તો એક જ છેઃ કેવળ પોતાના ક્ષુલ્લક અંશની અને ઇશ્વરી અંશની વચ્ચે, દિવસ અને રાતની વચ્ચે જેમ સંધ્યા ઊભી રહે છે તેમ, એ ઊભો છે! એ પોતે જ રાત છે. અને પોતે જ દિવસ છે!

અને એ સંપૂર્ણ પ્રકાશ તો આ સત્ય પણ સમજાવે કે, માનવદેહ મંદિર સમાન છે. એના શિખરનો પથ્થર પાયાના પથ્થર કરતાં લેશ પણ ચડિયાતો નથી. પતિત અને પવિત્ર એ બન્ને એક જ ઢાલની બે બાજુ છે!



કલ્પનાની મૂર્તિઓ !

[૧]

રાત્રિનો અંધાપછેડો જ્યારે દુનિયાને ઢાંકી વળ્યો અને જ્યારે તમામ સ્થળે ઘારણ વ્યાપી ગયું, જ્યારે વૃક્ષ, પાંદડાં, પંખી, માનવ ને પૃથ્વી નિદ્રાધીન થઈ ગયાં, ત્યારે મેં મારી પથારી તજી અને દરિયા કિનારાની વાટ લીધી. મને ખબર હતી, આ જલનિધિને નિદ્રા નથી. અને મારા જેવા નિદ્રાવિહીન આત્માને માટે જાણે એ પોતાનાં ગાન ગાયા જ કરે છે !

જ્યારે હું દરિયાકિનારે પહોંચ્યો ત્યારે ત્યાં ધુમ્મસ પડદાની શરૂઆત થઈ ગઈ હતી. અને કોઈ લજ્જાશીલ કન્યા અવગુંઠન વડે પોતાને વધુ રમણીય બનાવે તેમ દુનિયા વધારે સુંદર દેખાતી હતી.

ત્યાં હું સમુદ્રના તરંગો જોતો ઊભો જ રહી ગયો. લાખો તરંગોએ જાણે કરોડો સ્વરની એવી તો મધુર સુરાવલિ ઊભી કરી હતી કે પૃથ્વી ઉપર ક્યારે ય નહિ સાંભળેલું એવું કો દિવ્ય ગાન એમાંથી આવતું હતું. આ જલનિધિના કરોડો તરંગ ઉપર નાચી રહેલી વિરાટ્શક્તિના

ખ્યાલે હું બે પળ સ્તબ્ધ થઈ ગયો ! આ તે આ કેવી વિરાટ્-શકિત, જે સમુદ્રને ખળભળાવે, જ્વાલામુખિઓને ભભૂકતા કરે, પૃથ્વીને ધ્રૂજાવે—અને વળી પુષ્પના મોહક સ્મિતમાં એનું મધુર સ્મિત દેખા દે ! અને ગાનગાતા ઝરણાં સાથે એનું ગાન વહે !

કયાં ફૂલફૂલ ઉડતું પતંગિયું અને કયાં સેંકડો હજારો ને લાખ્ખો અવિચળ તારાઓ ! બન્નેમાં એ ! હું તો સ્તબ્ધ જ થઈને ઊભો રહ્યો. આ વિરાટ્ ?

થોડીવાર પછી મેં ડોકું ફેરવીને જોયું અને પાસેના ખડક ઉપર જાણે કોતરેલી ત્રણ પ્રતિમાઓ હોય એવી, ત્રણ આકૃતિઓ દૃષ્ટિએ પડી. ધુમ્મસે એને ઝાંખી કરી હતી. અને વળી વધારે સ્પષ્ટ પણ બનાવી હતી.

હું ધીમેથી એ ખડક તરફ ગયો. મને જાણે ત્યાં જવા માટે કોઈ પ્રેરણા આપી રહ્યું હોય !

તેમનાથી થોડે દૂર ઊભા રહીને હું તેમને નિહાળી રહ્યો. એ જગ્યામાં જાણે જાદુઈ આકર્ષણ હોય તેમ મારી કલ્પના પણ જાગ્રત થતી જણાઈ.

એટલામાં તો તે ત્રણ આકૃતિઓમાંથી એક આકૃતિ ઊભી થઈ. જાણે સમુદ્રના અતળ ઊંડાણમાંથી નીકળતો હોય તેવો એક ગંભીર અવાજ કાન ઉપર આવ્યો: પેલી આકૃતિ બોલી રહી હતી: 'પ્રેમ વિનાનું જીવન એ ફળ ફૂલ વિનાના વૃક્ષ સમું—નિરર્થક છે; અને સૌન્દર્ય વિનાનો પ્રેમ, એ જાણે કે પરિમલ વિનાના ફૂલ જેવો, બીજ વિનાના ફૂલ જેવો, અર્થહીન છે; જીવન, પ્રેમ, સૌન્દર્ય, એ ત્રણે એક બીજામાં ઓતપ્રોત છે. મુકત છે. નિર્મયાદ પણે વિહરનારાં છે. એમને

માટે વિકાર નહિ, વિયોગ નહિ.' આ પ્રમાણે એણે કહ્યું અને એણે પોતાની બેઠક લીધી.

તરત બીજી આકૃતિ ઊભી થઈ. અને ધોધમાર વહેતા જલપ્રવાહનો અવાજ હોય એવો એનો અવાજ આવ્યો:

'જે જીવનમાં સંગ્રામ નથી, સત્તા સામે બળવો પોકારવાની શકિત નથી, તે જીવન વસંત વિનાની ઋતુઓ જેવું છે; અને ન્યાય, સત્ય, ઋત વિનાનો સંગ્રામ, એ જાણે કે શુષ્ક નિર્ધન જંગલમાં ખીલેલી વસંત જેવો છે; જીવન, સંગ્રામ અને સત્ય, એ ત્રણે એક બીજામાં ઓતપ્રોત એક જ તત્ત્વ સમાં છે. એમનામાં વિકાર નથી. અરસ્પરસનો વિયોગ નથી.'

એણે આ કહ્યું ને એણે પોતાની જગ્યા લીધી.

હવે ત્રીજી આકૃતિ ઊભી થઈ. અને ધરતીકંપના મેઘગર્જના સમા અવાજે એણે કહ્યું:

'મુકિત વિનાનું, સ્વાધીનતા વિનાનું, જીવન એ જાણે ચેતન વિનાના શરીર જેવું છે; અને વિચાર વિનાની સ્વાધીનતા, એ ભ્રમણામાં પડેલ ચેતન સમાન છે; જીવન, સ્વાધીનતા, અને વિચાર–વિવેક, એ ત્રણે એક બીજામાં ઓત પ્રોત છે. એ અલોપ થતાં નથી. છૂટાં પડી શકતાં નથી.'

પછી ત્રણે આકૃતિઓ એક સાથે ઊભી થઈ. અને ભવ્ય પ્રભાવશાળી અવાજે બોલવાનું શરૂ કર્યું:

'પ્રેમ–અને પ્રેમની તમામ સૃષ્ટિ, સંગ્રામ અને સંગ્રામનું તમામ સર્જન, સ્વાધીનતા અને એની તમામ પરંપરા આ બધાં ઈશ્વરીલીલાનાં દૃશ્યો છે: અને ઈશ્વર, એ મર્યાદા અંકિત જાગ્રત દુનિયાનો નિઃસીમ મનોવૈભવ છે.'

પછી ગંભીર શાંતિ વ્યાપી ગઈ. આકાશી પદાર્થોના

ઉડ્ડયનની અદૃશ્ય પાંખોનો જાણે સળવળાટ સંભળાયો. મેં મારી આંખો બંધ કરી: બંધ થયેલા અવાજોના પડઘા હજી મારા કાનમાં રમતા હતા.

જ્યારે મેં મારી આંખો ઉઘાડી ત્યારે મારી નજરે, સામે કંઈજ ન દેખાયું ! માત્ર ધુમ્મસરૂપી અંધાર પછેડો ઓઢેલો સમુદ્ર ગર્જન કરી રહ્યો હતો !

હું પેલા ખડકની વધુ નજીક ગયો.

અને મેં માત્ર સુગંધી હવાનો એક આકાશ વ્યાપી જાણે સ્તમ્ભ ત્યાં દીઠો ! બીજું કાંઈ હતું નહિ !

[૨]

અને દેવતાઓના સ્વામી પરબ્રહ્મ પરમાત્માએ આત્માનું સર્જન કર્યું. અને તેને આકાર આપ્યો, રૂપ આપ્યું.

પ્રભાતે વહતા મંદ સમીરની કુમાશ એને આપી: ફૂલોનો પરિમલ એને આપ્યો. કૌમુદીની સુંદરતા એને સમર્પી.

એણે એને જીવનનો આનંદ કુંભ આપ્યો: અને કહ્યું: “આ કુંભમાંથી આનંદ રસ પીનાર માટે એક સરત છે. ભૂતકાલ એની સ્મૃતિમાં ન હોય, ભવિષ્યની એને આકાંક્ષા ન હોય.”

અને વળી બીજો એક શોક છલકાતો કુંભ પણ આપ્યો: અને કહ્યું: “પેલા આનંદકુંભનો અર્થ, આમાંથી પાન કર્યે સમજાય.” પછી ઈશ્વરે આ આત્માના અંતરમાં પ્રેમ મૂક્યો; પણ આ પ્રેમ, તૃપ્તિના ‘આહ !’ એવા ઉદ્ગારની પાંખે જ અદૃશ્ય થઈ જાય એવી રમ્મત મૂકી !

એનામાં વળી મધુરતા મૂકી—પણ એ કોમળ એટલી કે ગર્વના પહેલા જ બોલે ઉડી જાય !

સત્યના પંથમાં એને દોરવા માટે એણે દૈવીસંજ્ઞાની એને બક્ષિસ આપી: એની અંતરતમ ગુહામાં એક એવી આંખ મૂકી જે અદૃશ્યને જોઈ શકે.

તેણે એનામાં, નદીના વહેતા જલતરંગ સમું, કલ્પનાનું મનોહર નૃત્ય મૂક્યું.

આકાશી ઇન્દ્રધનુરંગમાંથી દેવદૂતોએ વણેલું કામનાનું મનોહર વસ્ત્રાભુષણ એણે એને પહેરવા માટે આપ્યું !

પ્રકાશનો પડછાયો કહો, કે વ્યાકુળતાનો અંધકાર કહો, તે પણ એનામાં એણે મૂક્યો.

ક્રોધની ભઠ્ઠીમાંથી થોડો અગ્નિ એને આપ્યો: અજ્ઞાન જંગલનો પવન આપ્યો: સ્વાર્થની રેતકણિકા આપી: યુગ-યુગના ચરણની રજમાંથી એને માટે માટી લીધી. અને આ પ્રમાણે માણસનું સર્જન થયું.

આ માણસને એણે સામર્થ્ય આપ્યું: પણ એ સામર્થ્ય આંધળીવૃત્તિઓ વડે દોરાય તો એને અગ્નિમાં ખખડાવે: અને જ્યારે કામનાને ચરણે હોય, ત્યારે શીળું થઈને પડ્યું રહે !

અને પછી ઈશ્વરે એને મૃત્યુનો પડછાયો કહો—કે જીવન કહો—એવું જીવન આપ્યું.

અને માણસનું આ સર્જન કરીને રાજરાજેન્દ્ર સમા ભગવાનની મુખમુદ્રા ઉપર સ્મિત ફરક્યું ! અને એની આંખમાં આંસુ પણ આવ્યું ! અને નિરવધિ પ્રેમને એણે જાણે દીઠો !

આ પ્રમાણે માણસનો આત્મા અને માણસનો દેહ બે ભેગાં થયાં !

જલસુંદરી

સમુદ્રનાં નીલાં ઘેરાં ઉંડાં અગાધ જલમાં એક પ્રકારનું ગંભીર મૌન વસે છે. ચાંદની જેવાં ધોળાં મૌક્તિકો ત્યાં જન્મે છે. એક વખત એક જુવાનના મૃતદેહને ઘેરી વળીને ત્યાં જલસુંદરીઓ બેઠી હતી: તેમના સોનેરી લાંબા કેશ ત્યાં પથરાયલા હતા: પોતાના આકાશરંગી નયનોથી તેઓ આ મૃતદેહને નિહાળી રહી હતી. મંજુલ સ્વરે તેમની ધીમી વાતચીત થઈ રહી હતી.

એમની આ વાતચીતને સમુદ્રની અગાધતાએ ગ્રહણ કરી લીધી. એણે એ જલતરંગોને આપી. જલતરંગોએ કિનારાને આપી. કિનારે ફરવા નીકળેલા પવનની પાંખે ચડીને, એ મારી પાસે આવી. એ આ પ્રમાણે હતી:

એક જલસુંદરી બોલી: ' આપણી દુનિયામાં ગઈ કાલે જ આ માનવે પ્રવેશ કર્યો: સમુદ્રતરંગોએ એ વખતે જબરજસ્ત તોફાન મચાવ્યું હતું. ' અને બીજી બોલી: ' એ તોફાન સમુદ્રતરંગોનું ન હતું. માણસ, જે દાવો કરી રહ્યો છે કે એ સીધો ઇશ્વરી અંશમાંથી આવ્યો છે, એ માણસ, લડાઈ કરી રહ્યો હતો. અને સમુદ્રનાં પાણી રક્તરંગી બની ગયાં ત્યાં

સુધી એની એ વજ્જર લડાઈ ચાલુ હતી. આ માણસ પણ એવી લડાઈનો શિકાર છે!'

ત્રીજીએ કહ્યું: 'પણ આ જુદ્ધ શું છે એ જ હું તો સમજતી નથી. મને આટલી ખબર છે કે માણસ, જમીનને જીત્યા પછી વધારે ને વધારે આક્રમણખોર બનતો ગયો. પછી એણે સમુદ્રને વશ કરવાનો પ્રયત્ન કર્યો. એણે વૈજ્ઞાનિક શોધ આદરી. સમુદ્ર ઉપર એની મુસાફરી સહીસલામત ચાલે એવું સાધન એણે શોધ્યું. વરુણદેવે એની આ મહત્ત્વાકાંક્ષા સામે ક્રોધ કર્યો, એટલે માનવે, એને બલિદાન આપ્યાં, ભેટો આપી, પ્રાર્થનાઓ કરી—અને આ આપણી સમક્ષ પડેલો માણસ, એ જલદેવને અપાયેલી છેલ્લી બલિદાન ભેટ જણાય છે!'

ચોથી જલસુંદરી બોલી: 'જલદેવ કેટલો મહાન છે અને એનું હૃદય કેટલું ક્રૂર છે! હું તો સમુદ્ર સમ્રાટ્ બનું તો આવી ભેટનો અસ્વીકાર જ કરું. ચાલો, આપણે હવે આ આપણી ખંડણીભેટને તપાસીએ. માણસજાત વિષેના આપણા જ્ઞાનમાં એનાથી વધારે પ્રકાશ મળશે!'

જલસુંદરીઓ પેલા જુવાનની પાસે ગઈ. એનાં બધાં ખિસ્સાં તપાસ્યાં. એના હૃદય સરસો રહેલો એક પત્રસંદેશો એમને હાથ લાધ્યો. તેમાંની એકે, બીજી જલસુંદરીઓને એ વાંચી સંભળાવ્યો. આ પ્રમાણે એ સંદેશો હતો.

મારા પ્રિય,

મધરાત ફરીને આવી છે; અશ્રુવહન સિવાય બીજું કોઈ જ આશ્વાસન આંહીં નથી. બીજું કોઈ જ આધાર આપનારું નથી. આ લોહીપીપાસુ જુદ્ધના પંજામાંથી પણ કોઈક

દિવસ તમે પાછા ફરીને મને મળશો એવી આશા–એટલો જ એક આધારતંતુ છે ! તમે વિદાયવેળાએ જે શબ્દો કહ્યા હતા તે હજી પણ મને સાંભરે છે. 'દરેક માણસને આંસુનો ભંડાર સોંપાયલો છે. એ થાપણ એણે કોઈક દિવસ પાછી વાળવાની છે !' શું લખવું તે મને સુજતું નથી. પણ મારા પ્રિય–પ્રિયતમ ! મારો આત્મા પોતાની તમામ વાણી આમાં લખી કાઢશે ! મારો આત્મા, વિયોગનું અસહ્ય દુઃખ વેઠી રહ્યો છે. પણ પ્રેમના આશાતંતુમાંથી એ આશ્વાસન મેળવે છે; તમામ દુઃખને આનંદમાં ફેરવી નાખનાર પ્રેમ !

જ્યારે એ પ્રેમે આપણા હૃદયને એક કર્યાં અને જ્યારે એ બન્ને એક થયેલાં હૃદય ઈશ્વરીકૃપા વડે સંયુક્ત થાય એ દિવસની આપણે રાહ જોઈ રહ્યાં હતાં, બરાબર તે સમય દરમ્યાન જ, જુદ્ધે પોતાનું ભયંકર તેડું મોકલ્યું અને તમે દેશનેતાઓ તરફના ધર્મમાં દૃઢ રહી, એની પાછળ ચાલી નીકળ્યા.

પણ હું એમ કહું છું પ્રેમી પ્રેમીનો વિયોગ કરાવનારી આ 'ફરજ' એ શું ચીજ છે ? જે ફરજ સ્ત્રીઓને વિધવાઓ કરીને રખડાવી મૂકે, શિશુઓને નબાપાં કરી મૂકે, પ્રજાને લોહી નીગળતી કરી મૂકે—એ આ 'ફરજ' છે શું ? હું એમ કહું છું આ દેશાભિમાન ? દેશાભિમાન શું લડાઈઓ જ નોતર્યા કરે અને નહિ જેવી ચીજો માટે રાજ્યોનો નાશ કર્યા કરે ? અને માત્ર એક જ જીવન સાથે સરખાવતાં પણ,આ લડાઈઓનાં કારણ કેટલાં ક્ષુદ્ર અને કેવાં ક્ષુલ્લક હોય છે ! ગરીબ ગામડિયાઓને જે લડાઈમાં જોતરે છે, એ આ તમારી 'ફરજ' નામની ચીજ, કેટલી ક્ષુલ્લક હોવી જોઈએ ? આ ગામડિયા-

ઓને, અધિકારીઓ, સત્તાધીશો, શ્રીમંતો, ને લોકનેતાઓ, લડાઈમાં હોમી દેવાના ઘેટાં સિવાય બીજી કઈ દૃષ્ટિથી જુએ છે? એમના ઉપર સત્તા ચલાવનારાઓની જ કીર્તિભૂખ માટે મરનારા આ! જો આ કહેવાતી 'ફરજ' નામની વસ્તુ—પ્રજા પ્રજા વચ્ચેની શાંતિનો નાશ કરવા માટે હોય, અને આ દેશાભિમાન કે સ્વદેશભક્તિ માનવજીવનની શાંતિને હણી નાખવા માટે હોય, તો આપણે મોટેથી પોકાર કરીને કહીએ કે આ 'ફરજ' અને આ 'દેશાભિમાન' બન્નેને સ્મશાનશાંતિ મળો!'

'પણ ના, ના, મારા પ્રિય! ના. મારા આ શબ્દો તારે સાંભળવા માટે નથી. હિમ્મતવાન થા. દેશ પ્રત્યે વફાદાર થા. ...પ્રેમથી આંધળીભીંત થયેલી સુંદરીઓના શબ્દોને કાન દેતો નહિ. જો પ્રેમ, આ જીવનમાં આપણો મેળાપ નહિ કરાવી આપે—તો આવતા જીવનમાં આપણો મેળાપ થશે...

હમેશ માટે ... "

જલસુંદરીઓએ પેલા જુવાનના કપડામાં પત્રને પાછો મૂકી દીધો. અને શાંતિમાં અને દિલગીરીમાં ત્યાંથી તરીને ચાલી નીકળી. આ મૃત્યુ પામેલા સૈનિકથી દૂર એ પાછી ફરીને મળી, ત્યારે તેમાંની એક બોલી: 'જલદેવના ક્રૂરમાં ક્રૂર હૃદય કરતાં પણ માણસનું હૃદય વધારે ક્રૂર છે!'



સોનેરી રેતીના કણ

હું મારી જન્મભૂમિનાં પ્રશંસા ગીત ગાઉં છું ને મારી જનમભોમકા જોવા માટે આતુર છું; પણ જો એ જન્મભૂમિમાં જરૂરિયાતવાળા પ્રવાસીજનને આશરો ન મળતો હોય, ને અન્ન મળતું ન હોય, ને વસ્ત્રવિહોણી એની કાયાને ઢાંકવા માટે વસ્ત્રો મળતાં ન હોય–તો મારી આ જન્મભૂમિના પ્રશંસા ગીતને, મારા અંતરમાં, હું રુદનગીતમાં ફેરવી નાંખું: અને મારી આતુરતાને વિસ્મૃતિના સાગરમાં ડૂબાડી દઉં !

§

મારા મિત્રો ! યાદ રાખો કે જે સિક્કો તમે વૃદ્ધ અશકત જરૂરિયાતવાળા દરિદ્ર હાથમાં આપ્યો–એ સિક્કો, સિક્કો નથી રહેતો: ઈશ્વરી અંતર સાથે, તમારા હૃદયને જોડનારી એ સોનેરી સાંકળ થઈ જાય છે !

§

પ્રેમ મૃત્યુ કરતાં બળવાન છે: અને મૃત્યુ, જીવન કરતાં બળવાન છે: આ જાણતા છતાં માણસો માણસોની વચ્ચે કેટલા સંકુચિત ભેદ ઊભા થાય છે !

§

માનવતા એ ઈશ્વરીનો અંશાવતાર છે: જગતનું માતૃત્વ એની પાસે છે.

§

મેં એકાકી જીવન શોધ્યું, કે જેથી ઈશ્વરી પ્રાર્થના થાય? ના, એટલા માટે નહિ! પ્રાર્થના એ તો હૃદયનું સંગીત છે. ને હજારો અવાજોની વચ્ચેથી પણ, એ ઈશ્વરને સંભળાય છે. એકાંતનું એકાકી જીવન એ શરીરનું દમન છે. વૃત્તિઓનું મરણ છે. અને ઈશ્વરે તો શરીરને, એના અંશને રહેવાનું ધામ બનાવ્યું છે. એ ધામને યોગ્ય રીતે સાચવવાની આપણી જવાબદારી છે. મારા ભાઈ! મેં કોઈ ધાર્મિક હેતુ પાર પાડવા એકાંત જીવન શોધ્યું નથી. કેવળ માણસોને—અને એના વાહિયાત કાયદાઓને, અને એના શિક્ષણને અને એની પરંપરાને, એના ખાલી અવાજોને, ખોટા શોકને, ને નિરર્થક પ્રશંસાઓને, ને નમાલી વાતોને—હલકટ ટીકાઓને, એમનાથી દૂર થઈ જવા મેં આ એકાંતવાસ સ્વીકાર્યો છે.

§

જવાબ આપી ન શકાય એટલું જ નહિ, જવાબ આપવાની શકિત જ ન રહે, એવો એક પ્રશ્ન એક વખત મને કોઈએ કર્યો હતો. પ્રશ્ન આ હતો: 'તમે કોણ છો એ કહો તો!'

§

એક વખત મેં ઝરણાંને મહાન જલનિધિની વાત કહી. ઝરણાંએ મને કલ્પનામાં રાચનારો કોઈ ગપોડીદાસ માન્યો!

પછી એક વખત મેં મહાન સમુદ્રને ઝરણાંની વાત કરી: અને સમુદ્રે મને લઘુતાગ્રંથીથી પીડાતો ને બીજાને નાનકડા બનાવવામાં રાચતો ક્ષુદ્રજન ગણ્યો!

§

કીર્તિ એટલે પ્રકાશમાં ઊભેલાના, રાગનો, મોટો પડછાયો !

§

સૂળિયું શું છે? ફૂલ; એવું ફૂલ જે દેખાવને, કીર્તિને, કાંઈ જ ગણતું નથી!

§

'**મોતી**! મોતી!' એમ કરો તો છો, પણ મોતી શું છે એ જાણો છો? રેતકણની આસપાસ બંધાયલું મંદિર! એના બાંધનારની અપાર યાતના એમાં બેઠી છે!

એમાંથી જાતને પ્રશ્ન પૂછો: 'આપણી કઈ વાસનાએ આ શરીરમંદિર બંધાયું? અને ક્યા રેતકણની આસપાસ?'

§

મને મૌન આપો—હું રાત્રિને જીતી લઈશ.

§

જ્યારે મારા શરીરે આત્માને પિછાન્યો, અને આત્માએ શરીરને જાણ્યું—ત્યારે એ વખતે હું બીજીવાર જન્મ્યો: દ્વિજ થયો.

§

અમારો બેનો મેળ ક્યાંથી મળે તમે જ કહોને! એ પોતાના નાનકડા ખિસ્સામાં રહેલા યંત્રને વખત માપનાર માને છે: હું અસંખ્ય સૂર્યોદયની ગતિને સમયચક્ર ગણું છું. એક જ સમય–અને એક જ સ્થળ–એ અમારા મેળમાં ક્યારે ય આવે ખરાં?

§

એક વખત મેં એક એવો માણસ જોયો જેના કાન એવા સરવા હતા કે રેતકણુમાં પડતા પદધ્વનિને પણ એ પકડી લે! પણ કાન એના સરવા હતા—મોં શીવાયેલું હતું. એ મૂંગો હતો. એણે એક જુદ્ધમાં પોતાની જીભ ગુમાવી હતી.

પણ આ મૌન એને મળ્યું ત્યાર પહેલાં એણે કેવી લડાઈઓ કરી હતી તે હવે હું જાણું છું! સારું થયું કે એણે આ જીવન સમાપ્ત કર્યું.

એની લડાઈની રીત આ પ્રમાણે હતી: 'દુનિયા આપણા બે માટે જોઈએ તેટલી વિશાળ નથી–માટે લડો!'

§

હું કોઈને હણવા જેટલો ક્ષુલ્લક બનું તે પહેલાં ભલે મને કોઈ હણી નાખે!

§

પ્રભાતની સુંદરતા નિહાળવાની પહેલી સરત આ: અંધારભરી રજનીનો પંથ પ્રવાસ.

§

સ્વર્ગ તો આંહીં જ છે, મારા દિવાનખાનાના પેલા બંધ દ્વારની જ પાછળ: પણ એ બંધદ્વારની કૂંચી કોણ જાણે ક્યાં મારી હૃદયગુહામાં પડી ગઈ છે! હું હજી એ શોધું છું. હાથ લાગતી નથી. ડાબે હાથે ક્યાંક મૂકાઈ ગઈ લાગે છે!

§

જે સત્ય સાંભળે છે તે પણ એટલો જ મહાન છે: સત્ય બોલનાર જેટલો.

§

મારું ઘર મને કહે છે: 'અલ્યા ભાઈ! મને તજી જતો નહિ, તારો ભૂતકાલ આંહીં વસી રહ્યો છે!' અને મારો જીવનપંથ મને કહે છે: 'આવો, આવો, નિત્યના પ્રવાસી! ઘર તજી આ રસ્તે નીકળી આવો. તમારું ભવિષ્ય આંહીં છે!'

હું એ બન્નેને કહું છું: 'મારે ભૂતકાલ નથી, ભવિષ્ય પણ નથી. હું સ્થિરમાં સ્થિર હોઉં તો પણ એમાં ગતિ રહી છે; ને ગતિમાન હોઉં તો એમાં સ્થિરતા પણ છે. માત્ર એ જ મહાન પદાર્થ વડે હરેક વસ્તુ માપી શકાય. પ્રેમ, અને મૃત્યુ.

§

જરૂરિયાતની અને વિલાસની વચ્ચે કોઈ માનવ રેખા દોરી શકતો નથી. માત્ર દેવદૂત જ એ કરી શકે.—અને દેવદૂત એટલે આપણા જ વધારે સુંદર વિચારો!

§

મને પરમસત્ય મળ્યું નથી. એ મેળવવાનો મારો દાવો પણ નથી. પણ હું મારા અજ્ઞાનના ભાનથી વિનમ્ર છું એટલું જ મારે માટે છે. આટલી જ જમા બાજુ હો, તો બસ!

§

તમે અંધ છો. હું મૂંગો ને બહેરો છું. ફિકર નહિ. ઈશ્વરે આપણને હાથ આપ્યા છે. ને હાથને પણ ભાષા આપી છે! આપણે હાથ દ્વારા એક બીજાનો સહવાસ કરીને એક બીજાને સમજીએ!

§

મન વાદળી જેવું છે; હૃદય વહેતા ઝરણ જેવું છે.
પછી નવાઈ ક્યાં રહી ? આપણામાંના ઘણાખરા ચૂસવાનું કામ કરે-દોડી જવાને બદલે-તો એમાં નવાઈ ખરી ?

§

જ્યારે જીવનઝરણનું હૃદય સંગીત ગાનાર કવિ નથી આવતો, ત્યારે 'જીવન' કાંઈ નિરાશ થઈને હાથ જોડી બેસી રહેતું નથી. પોતાનું હૃદય કહેનાર જ્ઞાનીને એ આમંત્રે છે !

§

સત્ય એ હર પળે જાણવા માટે છે: ને કોઈક જ પળે ઉચ્ચારવા માટે છે.

§

આપણા જીવનનો જે ખરો સત્યાંશ છે, તે મૌન પાળીને બેઠો છે. આપણે જે હવામાંથી મેળવેલો છે તે વાતો કરે છે !

§

બીજ શું છે ? હરેક બીજને નિહાળો તો ખરા ! એમાં કેટલી બધી આકાંક્ષા છે. કેવો પ્રેમ છે. કેટલો રાગ છે. કેટલું બધું સૌન્દર્ય છે ! એટલા જ માટે બીજ એ સૂતેલું, પણ સ્વપ્નભરપુર જીવન છે !

§

મત કે મંતવ્ય દર્શાવવા માટે કવિતા છે જ નહિ: એ તો રક્તધારા વહેતા જીવન ઘાનું એક ગીત છે: અથવા તો મૃદુસ્મિત કરતા ઘાયલ માનવનું સંગીત છે !

§

મંદિરમાં પૂરાયલો પૂજારી એનાં સોનેરી શિખર શી રીતે જોઈ શકે ? એ માટે તો એણે બહાર આવવું જોઈએ.

§

શબ્દોને સમયનો ઘસારો લાગતો નથી. એટલા માટે એ બોલનારમાં કે લખનારમાં એની અમર્ત્યતાના ગૌરવનું જ્ઞાન પહેલું હોવું ઘટે.

§

પ્રેરણાનું પારખું આ. એ હમેશાં ગાશે: સૌન્દર્યને ગતિમય બનાવશે. એ સમજાવવા–તર્કશુદ્ધ કરવા, નહિ બેસે.

§

ખરેખર મહાન એવો સંગીતજ્ઞ, આપણા હૃદયમાં રહેલા સ્વરોને નહિ, આપણામાં રહેલા મૌનને જગાડશે !

§

આટલું યાદ રાખજો: કોઈ પણ વાસના–આંહીં અપૂર્ણ રહેતી નથી. આકાંક્ષા, ઈચ્છા, કામના, રાગ, વાસના, એમણે વહેલેમોડે જીવનમાંથી તૃપ્તિ શોધવી જ રહી! અને જીવને એ આપવી રહી.

§

ખરી રીતે આત્માની અને શરીરની વચ્ચે સંગ્રામ તો એવા માણસોના મનમાં છે કે જેમના આત્મા મૌનમાં છે ને શરીર વિસંવાદમાં છે!

§

અસંખ્ય સ્ત્રીઓ પુરુષોનાં હૃદય ઉછીનાં લે છે ખરી: પણ ખરેખરી રીતે એમને પોતાનાં બનાવી શકે છે બહુ જ ઓછી.

§

દરેક માણસના હૃદયમાં બે સ્ત્રી બેઠી છે: એક એની કલ્પનાની, બીજી જે હજી નથી જન્મી તે.

§

જે માણસ સ્ત્રીઓના નાના નાના દોષને જતા કરતો નથી, તે માણસ એના મહાન સદ્‌ગુણોનો આનંદ કદાપિ મેળવતો નથી.

§

કહેવાય છે કે બુલબુલ જ્યારે પ્રેમનું ગીત ગાય છે ત્યારે પહેલાં પોતાનું હૃદય હમેશાં પ્રેમકંટકથી વીંધે છે: પરંતુ આપણામાંથી પણ ઘાયલ થયા વિના પ્રેમનું ગીત કોઈ ગાઈ શક્યું છે ખરું?

§

પ્રકાશના હાથ વડે, પ્રકાશના જ પાના ઉપર, પ્રકાશનો શબ્દ, તે પ્રેમ. પ્રેમ પ્રકાશ આપે: અંધકાર દૂર કરે.

§

તમારું મન અને મારું હૃદય–એ બેનો મેળ ત્યાં સુધી નહિ મળે, જ્યાં સુધી તમારું મન ગણતરી કર્યા કરશે, અને મારું મન ધુમ્મસમાં રહેશે!

§

મહાન શોક, અથવા તો મહાન આનંદ, તમારા સત્યને, એ જ પ્રગટ કરી શકે: બીજું કોઈ નહિ.

એનો અર્થ એ કે એને મેળવવા કાં તો તમારે અપાર યાતના સહેવી પડે–અથવા આનંદની મસ્તી મેળવવી પડે–બેમાંથી એક!

§

ખરી ઉદારતા આમાં રહી છે: તમારે જેની જરૂરિયાત નથી, એ તમે મને આપો તેમાં એ રહી નથી: પણ તમારે જેની જરૂરિયાત મારા કરતાં વધારે છે, એ જ્યારે તમે આપી દો–ત્યારે એ ઉદારતા છે.

§

મને પણ દેવદૂતો મળે છે ને સેતાન પણ મળે છે. પરંતુ હું તેમનાથી મુક્ત રહું છું.

જ્યારે દેવદૂતો મળી જાય છે ત્યારે મારી જૂની પ્રાર્થના હું ગાઉં છું: એ કંટાળીને ભાગી જાય છે !

જ્યારે સેતાન મળે છે ત્યારે મારું જૂનું પાપ જ હું આચરું છું અને એ પણ ચાલ્યો જાય છે; કંટાળીને કે, આ કોઈ નવું પાપ આચરતો જ નથી !

§

મારે કોઈ દુશ્મન તો નથી, પરંતુ હે ઈશ્વર ! જો મને દુશ્મન મળે તો એવો મળે, જેનું બળ મારા માટે તુલ્યબળ હોય; જેથી છેવટે વિજય, બળનો નહિ, બળવાનમાં રહેલા સત્યનો થાય !

§

તમે, તમારા પોતાના, તમારા વિષેના જ્ઞાન પ્રમાણે જ બીજાને માપી શકો છો.

—તો હવે તમે જ બોલો, આપણામાં કોણ અપરાધી ને કોણ બીન–અપરાધી ?

—કારણ કે તમે જેને અપરાધી ઠરાવ્યો એના અપરાધ વિષે તમને જે જ્ઞાન છે, એ જ્ઞાન અનુભવ વિના ક્યાંથી આવ્યું ?

—તમે જે ચોરને સજા કરી અપરાધી ઠરાવ્યો, એણે કરેલી ચોરી તમે તમારા અંતરમાં એ પ્રકારે નહિ તો બીજા પ્રકારે કર્યા વિના તમારા જ્ઞાનનો ઉદ્‌ગમ ક્યાંથી થયો એ કહી શકો છો?

નહિ? ત્યારે આપણે સૌ—વકીલો ન્યાયાધીશો કોર્ટો હાઇકોર્ટો ને સત્તાધિશો—સૌ સરખા નથી?

—અને સરખે સરખાનો ન્યાય કરવા બેસે એના જેવી ઠંડી. ક્રૂરતા ભરેલી મશ્કરી બીજી એકે ખરી?

—આને પરિણામે જ્યારે ધરતી લોહી નીગળતી બને છે, ત્યારે આ સૌ, સત્તાધીશોથી માંડી ચોર સુધી બધા, એમાં સરખા ભાગીદાર ગણાય!

માત્ર સત્તાધીશો પાસે સિપાઇઓ હોવાથી એ પોતાને હોશિયાર ને પવિત્ર માનતા હતા એટલું જ!

§

હું ક્યારે સમજીશ કે મને મળેલો અન્યાય એ મેં કરેલા અન્યાયનો કેવળ પડઘો જ હતો!

§

એને કેવો ને કેટલો મૂર્ખો માનવો કે જે મોં ઉપર સ્મિત ફરકાવે છે ને હૃદયમાં હલાહલ સંઘરી રાખે છે!

§

જે મારાથી નીચેના છે, તે મને ધિક્કારે કે દ્વેષથી નિંદા કરે!

પણ મને કોઈ ધિક્કારતું નથી, કોઈ નિંદતું નથી.

મારાથી જે ઊંચા છે તે મને વખાણે, કાં મારી લઘુતાની ઉપેક્ષા કરે;

પણ મને કોઈ વખાણતું નથી. કોઈ મારી ઉપેક્ષા કરતું નથી.

કારણ કે હું કોઈનાથી ઉપર નથી. કોઈનાથી નીચે પણ નથી.

§

આ મારી ક્ષુલ્લકતા કેવી? મારું 'જીવન' સોનું લઈને આવ્યું, અને મેં દુનિયાને રૂપું આપ્યું !

§

લંગડો, પોતાની આધારલાકડી, દુશ્મન સાથે લડવામાં ન ભાંગે, એમાં જ એનું ડહાપણ રહ્યું છે !

આ માણસ કેવો અંધ ગણાય જે એમ માને કે ખિસ્સામાંથી આપેલો રૂપિયો સામાનું હૃદય એના હૃદય પાસે આણશે !

કેદખાનામાં આપણે બધા જ છીએ: કેટલાકના કેદખાનાને બારીઓ છે: ને બીજાના કેદખાનાને બારીઓ નથી. ફેર હોય તો આટલો જ ! જેમને બારીઓ છે ને થોડો પ્રકાશ મળે છે એમને ક્યારેક મુક્ત હવાનો સ્પર્શ મળી જાય છે ! બાકી કેદી તો એ પણ ખરા જ !

§

ગુનો એ જરૂરિયાતનું બીજું નામ છે; અથવા રોગનું એક દૃશ્ય છે.

§

નવાઈ ભરેલું તો આ છે: આપણે આપણાં અસત્યોને સત્યના કરતાં પણ વધારે જોરશોરથી સાચાં ઠરાવવા મથીએ છીએ !

§

આપણે સૌ જો એક બીજાના દુર્ગુણ એક બીજા પાસે ખુલ્લે દિલે કબૂલ કરવા માંડીએ તો આપણે હસી હસીને ઢગલો થઈ જઈએ! બીજું બધું તો ઠીક, આપણા કોઈનામાં કાંઈ જ અપૂર્વતા મળે નહિ! દુર્ગુણમાં પણ સૌ સરખા!

અને એવું જ સદ્‌ગુણનું બને! કોઈનામાં કાંઈ વિશેષતા ન મળે!

§

બીજા માણસમાં દોષ છે એમ જાણવું એ જ મોટામાં મોટો દોષ નથી?

§

તમારી પાંખ જેટલા બળ વડે બીજા ઉડે, એમ તો તમે ઈચ્છો છો—પણ તમે પોતે, એને એક પીંછું પણ આપવા માગતા નથી. કેટલી બધી ક્ષુદ્રતા!

§

સોનારૂપા માટે હું મારો સમય કોઈને વેચાતો આપતો નથી, માટે દુનિયા મને ગાંડો ગણે છે!

અને હું તેને ગાંડી ગણું છું કે જે સમય જેવા સમયને, રૂપિયા આના પાઈથી માપે છે!

§

મારી ઇચ્છા તો આ. સમાજના નીચલામાં નીચલા થરમાં હું ભલે હોઉં—પણ મારી પાસે મારાં સ્વપ્નાં રહે!

આકાંક્ષા વિનાનો ને સ્વપ્નાં વિનાનો—ભયંકર મોટો માણસ થવા કરતાં, હું સ્વપ્નદર્શી નાનો રહું એ જ સારું!

§

સૌથી દયાપાત્ર માણસ આ છે, જે પોતાનાં સ્વપ્નાંને—ક્રિયામાં વણીને સ્વર્ગ ઊભું કરવાને બદલે, સોનારૂપા માટે વેચવાનું કામ કરે છે!

§

આપણે બધા એક દુર્ગમ પર્વતના શિખરે પહોંચવા માટે પંથ ખેડતા પ્રવાસીઓ જેવા છીએ.

એમાંથી કદાચ કોઈ જાત્રાળુ તમારું કાંઈક ઉપાડી લ્યે ને એથી જરા જાડો થતો દેખાય તો તમારે એની દયા ખાવી ઘટે.

એની ચડાઈ એને માટે એટલી વધારે અઘરી ને અગવડભરી થવાની. અને એ ભારને લીધે એનો પંથ વધારે લાંબો થવાનો.

અને તમે એની નિરર્થક જાડાઈને, એની ગતિ રૂંધતી દેખો, તો એને થોડી મદદ કરો: તમારી ગતિને તો એથી પણ સ્ફૂર્તિ જ મળશે.

§

તમારા મર્યાદિત જ્ઞાનથી બીજાને માપવા કરતાં—એ માપવાનું કામ જ છોડી દો તો!

§

વૃત્તિઓનું જુદ્ધ એ બીજું કાંઈ નથી, જીવન વ્યવસ્થિત થવા માગે છે, એની એ માગણી છે.

§

વિદ્વાનની અને કવિની વચ્ચે એક હરિયાળું મેદાન લહેરાઈ રહ્યું છે: વિદ્વાન જો એ મેદાન ઓળંગે તો એ પ્રાજ્ઞ થઈ રહે: કવિ ઓળંગે, તો એ પયગામધારી બની રહે.

§

દુનિયામાં બે જ નિત્યપદાર્થો છે. સૌન્દર્ય અને સત્ય: સૌન્દર્ય, પ્રેમીઓના દિલમાં વસે છે: સત્ય, જમીન ખેડનારના હાથમાં.

§

મહાન સૌન્દર્ય મને આકર્ષે છે. પોતાનો બનાવી દે છે. વશ કરી લે છે. પણ જે સૌન્દર્ય આ મહાન કરતાં મહાન છે, એ તો મને પોતાનાથી પણ મુક્ત બનાવે છે!

§

સૌન્દર્યને જે જૂએ છે—આંખ દ્વારા, એ કાંઈ સૌન્દર્ય જોતા નથી; એને ખરી રીતે જોનારા તો એને હૃદયથી જૂએ છે, આંખથી નહિ!

§

શ્રીમંત ને ગરીબ વચ્ચેનો તફાવત કેટલો નજીવો છે! એક જ દિવસની ભૂખ—ને એક જ કલાકની તૃષા બન્નેને સમાન બનાવી દે!

§

ખરેખર, નિર્વાણ છે: પણ તે તમારા ઘેટાંને ચરણ તરફ દોરી જવામાં રહ્યું છે. તમારા શિશુને ઊંઘાડવામાં રહ્યું છે. અને તમારી કવિતાની છેલ્લી પંક્તિ લખવામાં રહ્યું છે.

§

જે જે મહાનપુરુષોને મેં જાણ્યા, તે દરેકની વિધાયક રચનામાં કાંઈ ને કાંઈ 'નાનું' કહી શકાય એવું કાંઈક રહ્યું હતું: પરંતુ આ 'નાનકડી' વસ્તુએ તો એમને દિવાના બની જતા, નિષ્ક્રિય થઈ જતા, કે આપઘાતને પંથે પળતા અટકાવ્યા હતા!

§

ખરેખરો મહાન માણસ તે છે જે કોઈના ઉપર સવાર થતો નથી, અને જેના ઉપર કોઈ સવાર થઈ શકતું નથી.

§

હું જ અગ્નિ છું. અને હું જ કચરો છું. મારો કચરો મારો અગ્નિ બાળી કાઢે–એનું નામ જીવન !

§

સૌથી વધારેમાં વધારે ભયંકર ઘોંઘાટ એ મનમાં રહ્યો છે, જે મન, ભર્યું છે ઈર્ષાથી, ને પકડી બેઠું છે શાંતિ !

§

અતિશયોક્તિ બીજું કાંઈ નથી; સત્યે પોતાનો સ્વભાવ ગુમાવ્યો છે !

§

મારા હૃદયમાં બે જણાનું નિત્ય સ્થાન છે–એક તો રાજ વિનાનો રાજા; અને બીજો, અયાચક ગરીબ !

§

પૃથ્વીમાં ગમે ત્યાં ખોદો ને ! બધે જ ઝવેરાત ભરી છે. સરત માત્ર એટલી કે ખોદતી વખતે તમારામાં શ્રદ્ધા ખેડૂતની હોવી જોઈએ !

§

આપણું મન આપણા મનને ભોળવે છે ને પોતાના કરેલા કાયદા પોતે ભાંગે છે. પણ મનથી પર એક પદાર્થ છે. એ આવા કાયદાભંગને કદાપિ વશ થતો નથી ! મનને જીતવા માટે એનો આધાર લેવો રહ્યો !

§

હું મુસાફર છું. ને સમુદ્રસફરી મુસાફર છું; એ અર્થમાં કે, હમેશાં હું મારા આત્માના કોઈ ને કોઈ નવીન પ્રદેશની શોધખોળ મેળવું છું!

§

માણસમાં બે માણસ વસી રહ્યાં છે: એક અંધકારમાં જાગે છે; બીજો પ્રકાશમાં સૂવે છે.

§

ગઈ કાલના આનંદની યાદ, એ આપણા આજના શોકનો કડવામાં કડવો અંશ છે!

§

મારી ઈર્ષા કરનારો મને અભિનંદે છે—એને પોતાને ખબર ન પડે તેવી રીતે.

§

જે પ્રેમમાં, પળે પળે ઉત્સાહનું પૂર નથી—એ પ્રેમ હર પળે મૃત્યુ તરફ ધસી જ રહ્યો છે!

§

મહાન માણસને બે હૃદય હોય છે: એકમાંથી રક્તધારા વહી રહી છે: બીજીમાંથી સહન ધારા!

§

આપણે જે મેળવ્યું, તેના કરતાં નથી મેળવ્યું તે, હમેશાં વધારે પ્રિય લાગવાનું જ છે!

§

આપણાં પવિત્રમાં પવિત્ર આંસુ—એ આંખમાં આવતાં જ નથી; હૃદયમાં રહે છે!

§

કલા એટલે કુદરતમાંથી અનંતતા તરફ પ્રયાણ.

§

જે વિચાર મેં વ્યક્ત કર્યો તે મેં બંધનમાં નાખ્યો. એની મુક્તિ ક્રિયાદ્વારા જ થઈ શકે !

§

એક વખત એક આશ્ચર્ય થયું. મેં એક સ્ત્રી જોઈ, અને એના ચહેરામાં એનાં સઘળાં ન જન્મેલાં બાળકો મેં નિહાળ્યાં !

અને એ સ્ત્રીને પણ આશ્ચર્ય થયું લાગ્યું. એણે મારા ચહેરા સામે જોયું અને મારી અનેક પેઢીને એમાં નિહાળી ! એના જન્મ પહેલાં મરી ગયેલા મારા બાપદાદાઓ પણ એણે જોયા !

ત્યારે તો અમને ખબર પડી, આંહીં કાંઈ નવું નથી !

§

આપણને માણસ જાતને આ આપણાં દુઃખ મોટાં ને આકરાં લાગે છે ! પણ હજી હવામાં ફર્યા કરતા, ને જન્મની રાહ જોયા કરતા, ચૈતન્યકણો તો, એ દુઃખનો પણ અદેખાઈ ભર્યો વિચાર કરી રહ્યા હશે કે–માણસજાતના આ દુઃખનો વારસો આપણને મળશે ક્યારે ? કે પછી આપણો વારો જ નહિ આવે !

મોટું લાગતું આપણું દુઃખ કેટલું નાનું છે ! માનવના દુઃખની પણ અદેખાઈ કરનાર કોઈક છે ખરા !

§

બે માણસ પોતાની વાતમાં સત્યને આવી રીતે શોધી શકે : એક જણો બોલે, ત્યારે બીજો એ સાંભળે : સમજે.

§

સંસ્મરણ એટલે શાંત મિલન ! પણ ત્યારે વિસ્મરણ એ શું ? સંતો કહે છે એ જ મુક્તિ ! જે ભૂલી ગયો— ભૂલવા જેવું બધું જ ભૂલી ગયો, એ બધાં બંધનથી મુક્ત થઈ ગયો !

§

જગતમાં અદલ ન્યાય ને સત્ય જ પ્રવર્તે છે એ વિષે મારા મનમાં થોડીઘણી શંકા હતી તે હવે ટળી ગઈ છે.

પણ એ શંકા શી રીતે ટળી ગઈ એનો ઇતિહાસ જરા આશ્ચર્યજનક છે.

ઉઘાડી ધરતી ઉપર સૂનાર માણસના સ્વપ્નાં કરતાં, પીંછાંના સુંવાળાં બિછાના ઉપર સૂનારો માણસ, વધારે સુંદર સ્વપ્નાં મેળવતો હોતો નથી, મેં જ્યારે એ જાણ્યું, ત્યારે મને લાગ્યું કે કહો ન કહો, પણ આંહીં બધે ન્યાય જ પ્રવર્તે છે ! અને મારી આંખ ઉઘડી ગઈ !

જીવનના ન્યાયી રાહ વિષેની મારી અચલ શ્રદ્ધા હવે ડગે ખરી કે ?

§

આ આશ્ચર્યને નિહાળો ! મારા દુઃખનો એક ભાગ ને મુખ્ય ભાગ, મારી આનંદની ઇચ્છાઓમાં જ રહ્યો છે ! મને આ જાણીને નવાઈ લાગી કે આનંદની ઇચ્છા એટલે જ દુઃખ !

§

અસિદ્ધિનો મને અફસોસ નથી : એ તો શરૂઆત માટેની જરુરી ભૂમિકા છે : પણ જ્યારે એ અધૂરે છલકાય છે—ત્યારે મને ઝાંઝ ચડે છે !

?

માણસ, તમને જે વસ્તુ કહ્યે રાખે છે, એ એનું ખરું વ્યક્તિત્વ પ્રગટ કરે છે એમ નથી; એનું ખરું વ્યક્તિત્વ એણે જે નથી કહ્યું, કહી શક્યો નથી, તેમાં રહ્યું છે!

એટલા માટે તમારે એને જાણવો જ હોય તો એ જે કહે છે તેના તરફ નહિ, એ જે નથી કહેતો તેના તરફ દૃષ્ટિ કરવી રહી!

§

જ્યારે બે સ્ત્રીઓ વાતો કરે, ત્યારે એ જીવન વિષે કાંઈ નહિ કહે: માત્ર એક સ્ત્રી વાત કરે ત્યારે જ જીવન વિષેની વાત હોય!

§

શિશિર ઋતુને મોટેથી બોલવા તો દો: 'વસંત મારા હૃદયમાં છે!' સૌ એના તરફ અશ્રદ્ધાથી જોવા માંડશે.

§

કેટલું અજ્ઞેય છે ને છતાં કેટલું સત્ય છે! તમામની આંખમાં આપણી જ આંખનો પડછાયો બેઠો છે. તમામની નજરમાં આપણી જ નજરની છાયા બેઠી છે. અને આપણા કાન બરાબર ખુલ્લા હોય તો, તમામના અવાજ–શબ્દ, એ સઘળા પણ જાણે, આપણા જ અવાજ અને શબ્દના પડઘા જણાય! પણ એ ગહન કેટલું!

§

ઘણાખરા મતવાદના સિદ્ધાંતો બારી બારણા જેવા છે: એમાંથી આપણે સત્યને જોઈ શકીએ ખરા, પણ એ આપણને તો સત્યથી વેગળા રાખવાનું કામ જ કરે!

§

આવા અંતઃકરણનો વિચાર કરતાં માથું ભકિતથી નમી પડે છે! જે અંતરમાં સાગર, વિષાદનો ભર્યો છે, પણ એમાંથી ઊઠે છે મંજુલ ગીતની આનંદભરી સુરાવલિ!

આવો માણસ ખોટનો ધંધો કરે છે: જે સ્ત્રીને સમજવાનું કરે. પ્રતિભાનું પૃથક્કરણ કરે. મૌનનો પ્રશ્ન ઉકેલવા મથે. એ પ્રભાતનું રમણીય સ્વપ્ન છોડીને, જાણે ચાના ખખડાટી પ્યાલા માટે દોડે છે!

§

આપણે બહુ જ વાળતોડ દલીલોમાં ને વાડામાં ન પડીએ તો સારું. આપણે આટલું જાણીએ તો બસ છે. કવિનું સૌન્દર્યભર્યું મન અને વીંછીનો વિષભર્યો આંકડો–એ બન્ને એક જ ધરતીનાં સંતાન છે. છે કે નથી?

§

તમારે લખવાની તમન્ના જ હોય તો તમારી પાસે જ્ઞાન, કલા અને આકર્ષણશકિત ત્રણે હોવાં જોઈએ: જ્ઞાન, શબ્દમાં સુપ્ત પડેલ સંગીતનું; કલા, બહારના ઉપરટપકેના દેખાવ તમામને ડૂબાડી દેવાની શકિત એ. અને જાદુભર્યું આકર્ષણ, એ બીજું કાંઈ નહિ, તમારા વાંચનારાઓ પ્રત્યેનો પ્રેમ! એમને માટે તમે નિરર્થક ન બની જાઓ એવો માનવ પ્રેમ!

§

માતાના હૃદયમાં સૂતેલું ગીત એ જ, બાળકના હોઠ ઉપર આવીને બેઠેલું સ્મિત!

§

કોઈ દેવદૂત એમ પૂછે : 'અલ્યા ! પસંદગી કર તો ! કવિતા કરવાની શકિત જોઈએ છીએ કે વણ લખાયલી કવિતાનો હૃદયભરપૂર આનંદ ગુંજવો છે ? તો હું કવિતાને એક તરફ મૂકી, પેલો આનંદ લઉં !

§

એક બીજાને સમજવા માટે ઓછામાં ઓછો શબ્દ-વ્યવહાર જોઈએ. પણ આપણું ઉંધું જ ચાલ્યું છે ! વધારેમાં વધારે શબ્દો વાપરીને આપણે એક બીજાને સમજવાનો પ્રયત્ન આદર્યો છે !

§

કીડીના ઉદ્યોગને ખડમાંકડીના સંગીત કરતાં વધારે મહિમા આપવો—આ દર્શન કેટલું બધું કુંઠિત છે ?

§

ઈશ્વરને પહેલામાં પહેલો વિચાર આવ્યો: એ દેવદૂત. અને ઈશ્વરનો પહેલામાં પહેલો શબ્દ, એ માણસ. શબ્દને વિચારીને બોલે ત્યારે માણસમાંથી દેવદૂત બોલે: વિચારીને ક્રિયા કરે, ત્યારે ઈશ્વર બોલે.

§

હુમા પક્ષીને મેં એક વખત બોલતાં સાંભળ્યું છે. પણ એના બોલનો અર્થ હજી મને સમજાયો નથી. જો કે એના શબ્દો તો કાનમાં રમ્યા કરે છે: એ બોલ્યું હતું: 'જરા જેટલી રેતીમાં જંગલ રહ્યું છે: અને જંગલ, એ જરા જેટલી રેતી જ છે ! આટલું આપણે સમજો ને સૌ મૌન ગ્રહણ કરો !'

§

આકાશગંગાની વિહારનૌકામાં ફરનારા માટે પૃથ્વી અને સૂર્યનું અંતર—એ શું કોઈ અંતર છે? એ તો આંહીં, પૃથ્વી ઉપરથી સૂર્યને જોઈ રહેનારા માટે, એ મહાન અંતર ખડું છે!

§

માણસનો જીવનઅર્થ એની મેળવેલી સિદ્ધિમાં નહિ, એણે મેળવવા ધારેલી સિદ્ધિમાં રહ્યો છે!

§

તમને આકાશી વાદળ ઉપર બેસવાનું ભાગ્ય મળે તો તમે એક દેશ ને બીજા દેશ વચ્ચે કોઈ જુદી જુદી ભૌગોલિક રેખા નહિ દેખો!

અને એક ખેતરને બીજા ખેતરથી જુદા પાડતા પથરાનાં નિશાન પણ નહિ દેખો! પણ દુર્ભાગ્ય આ છેઃ આકાશી વાદળાં ઉપર આપણું કોઈ સ્થાન નથી!

§

જે સેવા કરે છે તેને સુવર્ણ આપવાનો અવિવેક ન કરતા. આપી શકો તેમ હો તો તમારું હૃદય સાચ વાટીને એને આપો! અથવા તો સામી સેવાની તક શોધો!

§

મેં મારા આત્માને સાત વખત ક્ષુદ્ર ને ક્ષુલ્લક બનતો જોયોઃ

પહેલી વખતઃ જ્યારે મેં એને વિનમ્ર-રાંક બનતો જોયો. એથી એ મહા ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરશે એમ માનીને.

બીજી વખતઃ ખોડંગતાઓની સમક્ષ પોતે કૂદકાઓ મારતો ચાલ્યો ત્યારે

બીજાની અશક્તિને મુકાબલે એ પોતાને શક્તિશાળી માનવા લાગ્યો ! કેટલી ક્ષુલ્લકતા ! જાણે એની સ્વતંત્ર શક્તિ એના વિકાસનો એક ભાગ ન હોય, પણ નબળાઓની સ્પર્ધામાં ઉતરવા માટેનું સાધન હોય !

ત્રીજી વખત: મુશ્કેલી ભર્યું મેદાન ને સહેલાણી સસ્તી મોજ એ બેમાંથી પસંદગી કરવાનો વખત આવતાં, એણે સહેલાણી સસ્તી વસ્તુ પસંદ કરી ત્યારે.

ચોથી વખત: એણે અપરાધ તો કર્યો—પણ પાછું એને માટે શાંતિભર્યું આશ્વાસન મેળવ્યું કે કાંઈ નહિ, બીજા પણ આમ જ હાંક્યે રાખે છે નાં ?

પાંચમી વખત: જ્યારે એણે પોતાની નબળાઈને ચલાવી લીધી, એ તો ઠીક, પણ એ ચલાવી લેવાની ધીરજને એણે પોતાની શક્તિ ગણી !

છઠ્ઠી વખત: જ્યારે એણે કુરૂપ ચહેરા તરફ ઘૃણા દર્શાવી, પણ આ જાણ્યું નહિ કે એ, એનું જ એક આચ્છાદન છે !

અને સાતમી વખત: જ્યારે એણે પ્રશંસાગીત ગાયું અને માન્યું કે પોતે સદ્‌વૃત્તિનું આચરણ કરી રહેલ છે ! સદ્‌વૃત્તિ વિષે આવો ખ્યાલ—એ તો હદ હતી નાં ! મારો આત્મા આમ સાત વખત ક્ષુલ્લક બનતો મેં જોયો—અને એ સાતે વખત મને ઘૃણા છૂટી !

§

આ કેમ ભૂલો છો ? દુર્વૃત્તિ છે તો તમારે એને હણવા સદ્‌વૃત્તિ શોધવી પડે છે !

§

'કોણ કહે છે કે અમે મિથ્યા જીવી ગયા?' અજાણ્યા સૈનિકો અંધારી રાતે પૂછે છે: 'અમારા હાડકાંના મહાન માળખાઓ જેવા આ કીર્તિસ્તંભો અમથા ઊભા છે એમ?'

§

ધરતીના દિલમાં કવિતા સ્ફુરી: અને એણે અવકાશમાં વૃક્ષકુંજો ઊભી કરી!

આપણે એમને પાડીને સફાચટ મેદાન કર્યું. આપણી શૂન્યતા કોતરી રાખવા માટે!

§

વૃક્ષો પોતાનો ઇતિહાસ કહી શકતાં નથી. કહી શકે તો જાતિના ઇતિહાસ કરતાં એ બહુ જુદો ન પડે!

§

મારા મને, કલ્પનાની આનંદવાટિકામાં એક મહા મીજમાની માંડી—અને એમાંથી વેરાઈને પડી ગયેલી વાનગીઓ તે મારા શબ્દો!

§

જ્યારે તમે એવા સુખ અનુભવ માટે તલસી રહ્યા હો, કે જેને તમે કોઇ નામ ન આપી શકો, ને એ જ પ્રમાણે વેદના ભોગવી રહ્યા હો, પણ જેનું કારણ કાંઈ કળી ન શકો, ત્યારે અસુસ જાણજો કે, આ વેદના ને આ સુખાનુભવ એ તમારા અગમ્ય વિકાસપંથની નિશાની છે!

વિશ્વની તમામ વસ્તુઓના વિકાસ સાથે તમારો વિકાસ થઈ રહ્યાની એ નિશાની છે; અને તમારા મહાન વ્યક્તિત્વ તરફ પ્રગતિ કરવાનું એ ચિહ્ન છે.

§

બળદના કરતાં વધારે ઘોંઘાટભર્યું 'ઠરાઉ ઠરાઉ' દેડકાં કરી મૂકે પણ તેથી કાંઈ એ ખેતરમાં હળ ન ચલાવી શકે; કે ગાડાનું ચક્કર ન ફેરવી શકે; કે એના ચામડામાંથી મોચી જોડા ન કરી શકે !

§

જે મુંગા છે, એ જ વાતોડિયાની વધુ ઈર્ષા કરે છે !

§

'એનઘેન'ની શિશુરમ્મત એ પણ, કોઈક વખત રમવા જેવી છે, અથવા સમજવા જેવી છે. જો તમે મારા અંતરમાં છૂપાઈ ગયા હો તો તો તમને શોધી કાઢવા એ સહેલું છે; પણ જો તમે તમારા બહારના કવચની પાછળ જાત છૂપાવી દો–તો તો તમને હું શું ?–કોઈ જ ન શોધી શકે !

§

કવિતા, એ એવા પ્રકારનું જ્ઞાન છે, જે હૃદયને આકર્ષી લે છે.

અને જ્ઞાન, એ એવા પ્રકારની કવિતા છે, જે ચિત્તમાં મધુર સંગીતને રેલાવે છે !

માનવના અંતઃકરણને આકર્ષી શકાય અને એ જ વખતે એના ચિત્તને સંગીતનો રસાસ્વાદ પણ આપી શકાય, એવી પરિસ્થિતિ જન્મે ત્યારે ઇશ્વરી પડછાયામાં જ જીવન ગાળતો માણસ ઉદ્ભવે !

§

મોં કાંઇ બે કામ કરી શકે ? ખાવાનું ને ગાવાનું ? હાથ કાંઈ બે કામ આપી શકે ? સોનું ભેગું કરવાનું ને આશીર્વાદ આપવાનું ?

§

જો તમે જીવનના રહસ્યને પહોંચી શકો તો તમને તમામ વસ્તુઓમાં સુંદરતા જડશે. આંખો, કે જે સુંદરતા જોઈ શકતી નથી, તે પણ સુંદર જણાશે!

§

આપણે પ્રવાસ ખેડયો છે જ સુંદરતા નિહાળવા માટે: એ જોવા ન મળે ત્યાં સુધી રાહ જોવાનો આ રસ્તો છે!

§

પ્રેમ ને શંકા એ બન્ને એક બીજાની ભાષા સમજતાં જ નથી!

§

મારા જ દ્વિતિય વિભાગ સાથે મારે સંપૂર્ણ મેળ મળ્યો નથી; જ્યારે વસ્તુનું સત્ય તો, મારા એ વિભાગની ને મારી વચ્ચે પડેલું છે!

§

આપણે બધા જ જીવનમંદિરના દ્વાર પાસે ઊભેલા ભિક્ષુક છીએ. અને જ્યારે રાજા મંદિરમાં પ્રવેશે છે ને નીકળે છે ત્યારે દરેકને રાજાની સખાવતમાંથી પોતપોતાનો ભાગ મળી રહે છે!

પણ આપણે દરેક, એક બીજાના દ્વેષમાં પડયા છીએ. અને એ રીતે રાજાને નાનો બનાવીએ છીએ!

§

દાન કરવાની શૈલી આ છે. તમે દાન આપો, પણ એ આપતાં જ તમારું મોં ફેરવી લો, કે જેથી, લેનારના મોં ઉપરની શરમ તમે જોઈ ન શકો!

§

ધિક્કાર એ પ્રાણહીન વસ્તુ છે; આપણામાં એનો વાસ થાય તો એ આપણને પણ પ્રાણહીન બનાવી દે છે.

§

માણસ જાતની ન્યાય પંચાયત જે ન્યાય આપવા માગે છે તે એના શાંત હૃદયમાં રહે છે, એના વાતો કરનારા મનમાં નહિ.

§

એકાંત એ પણ એક પ્રકારનું શાંત તોફાન છે. પણ એ આપણી તમામ સુક્કી ડાંખળીઓને ભાંગી નાખે છે.

જ્યારે આપણા જીવનવૃક્ષના જીવંત મૂળિયાંને પૃથ્વીના જીવન્ત હૃદયમાં એ વધારે ઊંડે પ્રવેશ કરાવે છે.

§

આપણા દિલમાં એક આગિયાની ભવ્યતા, સૂર્યની ભવ્યતા જેવી જણાતી નથી, એનું કારણ બીજું કાંઈ નથી: આપણને મળેલું સ્થૂળ પદાર્થોનું ને વજન વિષેનું ભાન એવું ઉપેક્ષિત માનસ સરજે છે!

§

તમારે સત્યનિષ્ઠ થયા વિના ન ચાલે તો સત્યનિષ્ઠ ભલે બનો, પણ સુંદરતા ભરેલી રીતે: નહિતર મૌન જ રાખો: માનો કે પાડોશમાંથી જાણે કોઈ જીવનવિદાય લઈ રહેલું છે!

§

મને મૌન જાળવવાનો બોધપાઠ અતિશય વાતોડિયા પાસેથી મળ્યો; સહિષ્ણુ થવાનું જ્ઞાન, અસહિષ્ણુઓએ આપ્યું; અને મમતા–પ્રેમ, મમતા વિનાના પાસેથી મળ્યો. છતાં આ વિચિત્ર નથી? મારા આ ગુરુઓનો હું ઉપકાર માનતો નથી!

§

તમારે જાણવા જેવી વાતનો જ્યારે તમે છેડો દેખો છો, ત્યારે એ વાતમાં રહેલ અતીન્દ્રિય જ્ઞાનની તો તમે શરૂઆત કરો છો !

§

ચીરત્વનાં આ બન્ને દૃશ્યો અદ્‌ભુત છે: જન્મ અને મરણ.

§

સસલાઓ પાસેથી નહિ, કાચબાઓ પાસેથી રસ્તાઓનું વધુ જ્ઞાન મળે !

§

તમારા ઘરની પૂર્વાભિમુખ દિવાલમાં જાણે એક વધારે બારી હોય–એમ દરેક નવી મુશ્કેલીને લેખો ને ! પૂર્વાભિમુખ બારીની પેઠે, એ પણ કાંઈક વધારે પ્રકાશ આપી જશે !

§

જેની સાથે બેસીને તમે આનંદ વિનોદ કર્યો એને કદાચ તમે ભૂલી શકશો: પણ જેની સાથે બેસીને તમે રડયા, એને તમે કદાપિ નહિ ભૂલી શકો !

§

અનંતતા પ્રત્યે મને રાગભરેલી પ્રીતિ આટલા માટે છે: મારી સઘળી વણ લખાયલી કવિતાઓ એ રસ્તે પડી છે; અને મારાં સઘળ અણઆલેખ્યાં ચિત્રો પણ ત્યાં જ છે !

§

તદ્દન આળસુ હાથ કરતાં તો કાંટાળો મુગટ તૈયાર કરતા હાથ સારા !

§

એક વખત મેં મારા હાથમાં ધુમ્મસ જેવી હવાઈ વરાળ પકડી રાખી.

પછી મેં મારો હાથ ઉઘાડયો: અને મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ! વરાળ ને ધુમ્મસને સ્થાને એમાં તો એક જંતુ દીઠું!

મેં હાથની મુઠી વાળી દીધી. થોડીવાર પછી એ પાછી ઉઘાડી. ત્યાં તો એમાં પક્ષી દીઠું!

એ જ પ્રમાણે એક વખત ફરીને હાથ બીડયો અને ઉઘાડયો: અને હથેળીમાં હવે તો માણસ ઊભો હતો! એના ચહેરા ઉપર દિલગીરી હતી. ચહેરો આકાશ તરફ નજર નાખી રહ્યો હતો!

મેં મારી હથેળી બંધ કરી દીધી. પછી પાછી ઉઘાડી. જોઉં છું તો ત્યાં કાંઈ જ મળે નહિ! કેવળ હવાઈ વરાળ જેવું ધુમ્મસ પાછું હથેળીમાં હતું!

પણ એ જ વખતે મેં—અવર્ણનીય મધુરતા ભરેલા સંગીતના સ્વરો સાંભળ્યા!

§

પાનખર ઋતુ આવ્યે મેં મારા જીવનની તમામ કરુણતાઓ એકઠી કરી. અને એમને મારી જીવનવાટિકામાં દાટી! અને પછી જ્યારે વસંત ઋતુ આવી, અને એણે ધરતીને શણગારવા માંડી, ત્યારે મારી વાટિકામાં પુષ્પો ખીલી નીકળ્યાં—પણ એવાં કે જેમનો ક્યાંય જોટો ન મળે.

અને મારા આડોશીપાડોશી એમને જોવા માટે આવ્યાં અને એ બધાં કહેવા લાગ્યાં: 'હવે પાછી જ્યારે પાનખર આવે, ત્યારે બીજારોપણ સમયે, તમે અમને આ ફૂલનાં બીજ ન આપો? અમારે પણ અમારી વાડીમાં એ ઉગાડવાં છે!!.

વિવિધ રંગ !

[૧]

સાધુતાનો અનોખો પ્રકાર !

મારી જુવાનીમાં એક વખત હું, ડુંગરમાળાઓની પેલી મેર આવેલી વૃક્ષકુંજ તરફ ગયો હતો. ત્યાં એક સંતપુરુષ રહેતા હતા. હું ત્યાં ગયો, એમને મેં પ્રણામ કર્યા અને અમે સામાન્ય સદ્ગુણના સ્વભાવની વાતો ઉપર ઊતરી પડ્યા. એવામાં એક લુટારો, થાકનો માર્યો ખોડંગતો ત્યાં આવી ચડ્યો. એ ત્યાં આવ્યો અને સંતને ચરણે નમીને બોલ્યો: ‘ઓ સંતપુરુષ ! મને મનમાં શાંતિ મળે એવું કાંઈક આંહીં થશે જ ! મારાં પાપ, મારા હૃદય ઉપર, પથ્થરના ભાર જેવાં પડ્યાં છે !’

અને સંતપુરુષે જવાબ વાળ્યો: ‘મારાં પાપ પણ મારા ઉપર એટલાં જ ભારરૂપ પડ્યા છે !’

અને લુટારુએ કહ્યું: ‘પણ હું તો ચોર છું, ધાડપાડુ છું !’

સંતે જવાબ આપ્યો: ‘હું પણ ચોર છું, ને ધાડપાડુ છું, એનું શું ?’

લુટારો કહે: 'પણ મહારાજ! હું તો ઘાતકી ખૂની છું. અને સેંકડોનાં લોહી, રાતદિ મારા કાન પાસે ચીસ પાડતાં મને સંભળાય છે!' સંતે પ્રત્યુત્તર વાળ્યો: 'હું પણ ખૂની છું અને મારા કાનમાં પણ એ જ પ્રમાણે સેંકડોનાં લોહી રડી રહ્યાં છે!'

લુટારુએ હજી એક વધુ વખત પોતાનું ભયંકર પાપ પ્રગટ કર્યું: 'પણ મેં તો અગણિત અપરાધ કર્યા છે.'

'અને મેં પણ અસંખ્ય અપરાધો કર્યા છે!' સંતપુરુષે જવાબ વાળ્યો.

પછી પેલો લુટારો ઊભો થયો અને સાધુપુરુષ તરફ જોઈ રહ્યો. એની આંખમાં એક પ્રકારનો વિચિત્ર ભાવ પ્રગટ્યો. અને જ્યારે એણે અમારી રજા લીધી ત્યારે એ કૂદતોકૂદતો ટેકરી ઓળંગી ગયો.

મેં સંતપુરુષ તરફ નજર કરી; એમના પ્રત્યુત્તરોનું રહસ્ય મારાથી સમજાયું ન હતું.

'શા માટે પ્રભુ! તમે તમારી જાતને ન કરેલા અપરાધો માટે અપરાધી ઠરાવવાનો યત્ન કર્યો? તમે જોયું નહિ એ માણસનો તમારા ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો!'

'એ સાચું,' સંતપુરુષે જવાબ વાળ્યો: 'એ માણસને મારા ઉપરથી વિશ્વાસ તો ઊઠી ગયો, પણ એ પોતાના મનમાં ઘણું જ આશ્વાસન લઈને ગયો!'

એ જ વખતે અમે પેલા લુટારુનો દૂરદૂરથી આવતો ગીતનાદ સાંભળ્યો. એના ગીતના પડઘાએ આખી ખીણને ખુશનુમા કરી મૂકી હતી!

[૨]

મારો આત્મા

મારો આત્મા જ મારો પરમ મિત્ર છે. એ મને દુઃખમાં આશ્વાસન આપે. વ્યાકુળતામાં રસ્તો બતાવે. જે પોતાના આત્માને પોતાનો મિત્ર બનાવી શકતો નથી, તે માણસ જાતનો અપરાધી છે, ને જે પોતાનું માર્ગદર્શન પોતાનામાંથી મેળવતો નથી તે વિનાશને પંથે જાય છે. જીવન અંદરથી આવે છે; બહારથી મેળવાતું નથી.

હું એક બે શબ્દ કહેવા માટે આવ્યો હતો. એ શબ્દો હું તમને વહેલેમોડે કહીશ; પણ કદાચ એ નહિ બોલાય તો 'આવતી કાલે' એ બોલાશે. અનંતતાના ઇતિહાસમાં 'આવતી કાલ'ની એક ખૂબી છે. 'આવતી કાલ' કાંઈ પણ અપૂર્ણ કે ગુપ્ત રહેવા દેતી નથી.

પ્રેમની ભવ્યતા અને સૌંદર્યનો પ્રકાશ એ બન્ને ઈશ્વરનાં જ છાયારૂપો છે.

હું જો બધાને માટે આવ્યો છું અને સૌના કલ્યાણ માટે છું, તો આજે હું જે એકાંતમાં આચરીશ એનો આવતી કાલે પડઘો પડશે.

મારા અંતઃકરણથી હું આજે જે કહી રહ્યો છું તે જો સત્ય હશે તો આવતી કાલે સેંકડો ને હજારો અંતઃકરણથી એ કહેવાશે !

વિજય સત્યનો અને સૌંદર્યનો છે !

[૩]

દેહ ભલે પડે! આત્મા ન પડે!

સૌ કહે છે કે શિયાળ ને સિંહ ને છછુંદર બધાં એક જ ઝરણમાંથી પાણી પીવાવાળાં છે! જ્યાં શિયાળ પોતાની તૃષા છીપાવે છે ત્યાં જ સિંહ પણ પોતાની તૃષા છીપાવવા આવે છે! પ્રાણીની આવી રીત જણાય છે. સમર્થ અને નિર્બળ સૌ કામના પાસે લાચાર છે!

અને સૌ જાણે છે કે વિહંગરાજ ગરુડ અને ગીધ, ખોરાક મેળવવા માટે એમની ચાંચોને એક જ શબમાં ખૂંપાવે છે! અને મૃત્યુ પામેલ એ પ્રાણીના શબની હાજરીમાં પોતપોતાના મતભેદ સહી લઇને લડાઈ જગવતાં નથી! પક્ષીની પણ આ રીત જણાય છે! કામના આવી–એટલે ગૌરવ નષ્ટ થાય. આકાશી વિહાર ભૂલી જવાય!

પણ આહ! પ્રેમ! તેં મારી કામનાઓને નાથી છે; અને મારી ક્ષુધા ને તૃષાને ગૌરવ અને ગર્વ આપ્યાં છે–મારી જાત પ્રત્યે મને જરા ઉન્નત દૃષ્ટિથી જોતાં શીખવાડ્યું છે; 'હું? હું આમ કરું?' એટલો ગૌરભર્યો ગર્વ તેં આપ્યો છે. એટલે હું તને વિજ્ઞપ્તિ કરું છું કે, મારો સમર્થ અને સનાતન અંશ, મારા નબળા અંશની લોભાવનારી તૃષાને કે પ્રબળ ક્ષુધાને, સંતોષ આપવા જેટલો નીચો કોઈ વખત ન પડે, એટલું તું જોતો રહેજે! એવું થાય એના કરતાં તો ભલે હું ભૂખે મરું અને તરસ્યે મરું!

અને જે પ્યાલું તેં તૈયાર કર્યું ન હોય એવું મધુરસનું પ્યાલું લેવા, હું હાથ લાંબો કરું તે પહેલાં ભલે મારો દેહ ઢળી પડે અને નાશ પામે!

[૪]

સ્વજન સિદ્ધિ

તમે જ તમારા અગ્રેસર છો, પુરોગામી છો. અગ્રણી છો અને તમે જ તમારો શુભ સંદેશો વહી જનાર છો. તમે તમારો, જે દુર્ગ આંહીં, આ વખતે ઊભો કર્યો છે, તેના પાયામાં તમારી જ જાત પડેલી છે. પાયામાં પડેલી તમારી જાતનો વિકાસ—એ આ તમારો દુર્ગ! તમારી મહેલાત! તમારી સિદ્ધિ!

અને વળી, આ વિકાસ પામેલી તમારી મહાન જણાતી જાત, એ પણ એક દિવસ પાયારૂપે કામ કરવાની છે! તમારે ઊભી કરવાની ઈમારત એટલી ગગનગામી અને ઉન્નત છે!

અને એ જ પ્રમાણે હું પણ મારો અગ્રેસર છું. સવારના સૂર્યોદય વખતે મારો જે લાંબો પડછાયો પડે છે, એ પડછાયો, બપોર વખતે જાણે એકઠો થઈ જઈને, મારા પગ આગળ શમી જાય એટલો નાનો બની જાય છે! પણ વળી બીજો સૂર્યોદય, અને એ પડછાયો એટલો જ લાંબો થઇ રહેશે! અને એ લાંબો પડછાયો, બીજા મધ્યાહ્ને પાછો એટલો જ નાનો થઈ જશે! જાણે કે ત્રીજા દિવસના લાંબા પડછાયાની એ શરૂઆત હોય! ઊભા થનારા નવા ભવ્ય દુર્ગનો પાયો હોય!

આ પ્રમાણે આપણા એક જીવનની ભવ્ય મહેલાત, સિદ્ધિ,, એ જાણે બીજા જીવન માટેનો પાયો!

આપણે જ આપણું કામ આગળ ધપાવનારા જાતઅગ્રણી હમેશાં રહ્યા છીએ ને હમેશાં રહેવાના છીએ. આપણે જે કાંઈ આંહીં ભેગું કર્યું ને ભેગું કરી રહ્યા છીએ તે સઘળું

કોઈ અણખેડયા ખેતર માટેનાં માત્ર બીજ બની રહેશે ! આપણે પોતે જ આપણું ખેતર, આપણે પોતે જ ખેતી કરનારા, અને વળી આપણે પોતે જ બધું ભેગું કરનારા અને ભેગું થવાપણું પણ આપણી જાત જ ને !

જ્યારે તમે કઈ અદૃશ્ય ધુમ્મસમાં કેવળ ઇચ્છારૂપે હતા, ત્યારે હું પણ ત્યાં રખડતો હતો–ઇચ્છારૂપે ! ત્યારે આપણે એકબીજાને શોધ્યા, અને આપણી એ ઉત્સુકતાએ, સ્વપ્નાંને જન્મ આપ્યો. આ સ્વપ્નાંને નહિ કોઇ સમયની મર્યાદા. નહિ કોઇ સ્થળનું બંધન ! એ દિક્કાલરહિત ! ચેતનના ધ્રજતા ઓષ્ઠ ઉપર જ્યારે તમે મૌનભર્યા શબ્દરૂપે બેઠા હતા, બરાબર એ જ વખતે હું પણ ત્યાં મૌનમહાસાગરમાં એક બીજા શબ્દરૂપે હતો. તમે પણ શબ્દ ! હું પણ શબ્દ ! પણ પછી તો 'ચેતના' પોતે બોલી અને આપણે 'ગઈ કાલ'ની સ્મરણસમૃદ્ધિ લઈને અને 'આવતી કાલ'ની આકાંક્ષા સંગ્રહીને આંહીં નીચે આવ્યા ! જે મૃત્યુને આપણે જીતી ગયા તે આપણી 'ગઈ કાલ'; અને જે જન્મને આપણે શોધ્યો, એ આપણી 'આવતી કાલ'.

ગઇ કાલ એટલે જિતાયેલું મૃત્યુ. આવતી કાલ એટલે શોધેલો જન્મ.

અને હવે આપણે ઈશ્વરી હાથમાં છીએ. તમે એના જમણા હાથમાંના સૂર્ય છો ! અને એના ડાબા હાથમાં રહેલી ધરા તે હું. અને છતાં તમે મારા કરતાં વધારે પ્રકાશિત છો એવું પણ નથી.

અને આ આપણે–સૂર્ય અને ધરતી–એ પણ બીજા વધારે મહાન સૂર્ય અને ધરતીની જાણે કે શરૂઆત જ છીએ

અને ખૂબી એ છે—આપણે હમેશાં શરૂઆત રૂપે જ હોઇશું ! વિકાસનો પંથ એટલો ઉન્નત, એટલો ગગનગામી છે !

તમે જ તમારા અગ્રણી છો. તમને, અજાણ્યા પરદેશી જન ! મારી વાટિકા પાસેથી પસાર થઇ રહેલા તમને, હું આ કહું છું !

અને હું પણ એ જ પ્રમાણે મારો અગ્રણી છું, ભલે હું, જીવનવૃક્ષની છાયામાં શાંત બેઠેલો દેખાઉં.

[૫]

પ્રેમનું ગીત

એક કવિએ પ્રેમનું એક કાવ્ય લખ્યું. કાવ્ય ખરેખર સુંદર હતું. એણે એની અનેક નકલો કરી અને તે પોતાના મિત્રોમાં અને ઓળખીતાઓમાં વહેંચી.

જે કોઇને એ જાણતો હતો એ દરેકને એ આપી. એક જ વખત જેને મળ્યો હતો તેને પણ એ મોકલાવી. કારણ કે કાવ્ય ખરેખર સુંદર લખાયું હતું !

ડુંગરાઓની પેલી મેર રહેતી એક સુંદર જુવાન સ્ત્રીને પણ એણે એ મોકલાવ્યું. એને એક જ વખત અમસ્તો એ મળ્યો હતો. પણ આ સુંદર કવિતા એને પણ એણે મોકલાવી !

અને એક આશ્ચર્ય થયું ! એક કે બે દિવસમાં જ પેલી સ્ત્રીનો તો સંદેશો આવ્યો. સંદેશામાં એણે લખ્યું હતું : 'તમારી મનોવેધક પ્રેમકવિતાએ મને ડોલાવી દીધી છે. તમે આવો, મારા માતાપિતાને મળો. આપણે આ પ્રેમ-કવિતાના જીવનપંથના નિર્માણ માટે વાગ્દાનનો વિધિ કરીએ !

પણ કવિરાજે પ્રત્યુત્તર મોકલ્યો: 'મારા દોસ્ત! મિત્ર! એ તો કવિહૃદયમાંથી સ્ફુરેલું માત્ર એક પ્રેમકાવ્ય હતું! દરેક પુરુષ દરેક સ્ત્રી માટે ગાય છે–એવી એ પ્રેમવાણી હતી! એનાથી વિશેષ એને કાંઇ લેખવાનું નહિ!'

અને પેલી સ્ત્રીનો જવાબ આવ્યો: 'જા રે ઢોંગી! શબ્દોના જાદુગર! આજથી મરણ પર્યંત હું તમામ કવિઓને તારા આ દાખલાથી–ધિક્કારીશ!'

[૬]

એક કવિતાની સર્જનવાત

એક દિવસની વાત છે. હમેશાની પેઠે તેના ખંડનું બારણું અર્ધું ઉઘાડું હતું. મેં અંદર પ્રવેશ કર્યો. મેજ પાસે એની બેઠક હતી. લખાણમાં એ મગ્ન હોય તેમ લાગ્યું. હું કાંઈ બોલ્યાચાલ્યા વિના જ ત્યાં બેસી ગઈ. થોડીવાર પછી એણે મને કહ્યું: 'હું કવિતા કરી રહ્યો છું. એક અંધ કવિ વિષેનું કાવ્ય છે.'

પછી તે ઊભા થયા. અને તેણે ખંડમાં આમતેમ ફર્યા કર્યું. થોડીવાર પછી પાછા મેજ પાસે બેસીને એણે એક બે પંક્તિ લખી કાઢી.

હું ત્યાં શાંત બેઠી રહી. ખંડમાં આમતેમ ફરતા તે લખતા રહ્યા. મારા મનમાં અચાનક એક વિચાર આવ્યો. મેજ પાસેથી ખંડમાં ફરવા માટે એ ઊઠયા કે તરતજ હું મેજ પાસે બેસી ગઈ અને તેની કલમ હાથમાં લીધી. એણે પાછા ફરતાં મને પોતાની જગ્યા પર બેઠેલી દીઠી.

'તમે કવિતા બોલતા જાઓ, હું લખવા માંડું' મેં કહ્યું.

'ના...ના, મારું લખાણ કોઈએ લખવાની જરૂર નથી. તમારે લખવી હોય તો તમારી કવિતાઓ લખવી જોઈએ'

'પણ મને તમારા શબ્દો લખી લેવાની મોહિની લાગી છે. અને આમાં શું છે? કેટલી સહેલી વાત છે? તમે બોલતા રહો, ફરતા રહો અને હું ટપકાવી લેતી જઈશ. એક રમ્મત જેવી વાત છે!'

'ના...ના, પણ મને એવી રીતે કોઈ સાથે કામ કરવું ફાવે જ નહિ...' તેણે કહ્યું.

'પણ હું આંહીં નથી એમ માની લ્યો ને! એમ જ સમજોને કે તમે બોલો છો, ને કોઈ યાંત્રિક જુક્તિથી એ નોંધાતું રહે છે!'

'બહુ જ હઠ...' તેણે કાંઈક ગુસ્સાથી કહ્યું.

'પણ એ તો મને નાનપણથી વારસામાં મળી છે!'

મને લાગ્યું કે હમણાં એના કામમાં વિઘ્ન પાડયાનો શરપાવ મળવાનો. પણ એટલામાં એ હસી પડયા ને હું પણ હસી પડી. અને અમારી વચ્ચે જાણે સમજુત થઈ ગઈ. એ ખંડમાં ફરવા માંડયા. અને કવિતા બોલવા માંડયા. હું એ લખવા માંડી. એવી રીતે લખેલી કવિતા તે આ. અંધ કવિ! અરબી ભાષામાં એની પંકિતઓ આવતી રહે–અને અંગ્રેજીમાં પણ પછીથી ધીમેધીમે ભાષાંતર આપે!

તે દિવસે લખાઇ ગયેલી કવિતા આ રહી:

'પ્રકાશે, મને અંધ બનાવ્યો છે એ ખરું! પણ જે સૂર્યે તમને દિવસનો પ્રકાશ આપ્યો, તે જ સૂર્યે મને

રાત્રિનો અંધકાર આવ્યો છે: સ્વપ્નાના કરતાં પણ ગહન એવો અંધકાર આવ્યો છે.'

'અને છતાં હું નિત્ય પ્રવાસી છું. જ્યારે તમને તો જ્યાં જન્મ મળ્યો ત્યાં જ બેઠા રહેવાનું મળ્યું છે: અને છેવટે મૃત્યુ આવીને લઈ જાય ત્યાંસુધી ત્યાં જ બેસવાનું છે.'

'હું તો મારો તંબુરો લઈને અને મારી આંધળાની લાકડી લઈને, મારો રસ્તો શોધતો પ્રવાસ આરંભીશ; જ્યારે તમે બેઠા તમારી માળાના મણકા ગણતા હશો.'

'અને છતાં મારો પ્રવાસ અંધકારમાં આગળ વધતો હશે—અને તમે તો પ્રકાશમાં પણ ભય પામતા હશો!'

'અને હું મારું અંધગાન ગાતો હઈશ.'

'મારો રસ્તો હું ભૂલી શકું નહિ. પછી ભલે ત્યાં પ્રકાશ ન હોય!'

'ઈશ્વર અમારો રસ્તો જુએ છે અને એટલે અમે સહીસલામત છીએ.'

'અને ભલે કોઈ વખત મારા પગને ઠેશ વાગે પણ મારું ગાન તો પવનની પાંખે ચાલતું જ રહેશે!'

'અતિશય ગહન ને અતિશય ઉન્નત પ્રતિ દૃષ્ટિ રાખવાથી હું અંધ થયો છું. પણ એવા ઉન્નત અને ગહન વિરલ દૃશ્ય માટે, પોતાની દૃષ્ટિનો ભોગ આપતાં કોણ પાછો પડશે?'

'પ્રભાતના પ્રકાશની એ વિરલ ઝાંખી માટે પોતાની બે ચંચળ મીણબત્તીની વાટ જેવી આંખોને તજવી પડે તો કોણ નહિ તજે?'

'તમે કહો છો: 'આ બિચારો રાત્રિના તારા જોઈ

શકતો નથી. આપણને એની દયા આવે તેવું છે! ખેતરમાં ઊડી રહેલાં રંગબેરંગી પતંગિયાં એ દેખી શકતો નથી! અરેરે! બિચારો!' તમને અમારી દયા આવે છે!

'પણ હું કહું છું: 'પ્રકાશમાં જોનારા આ બિચારા, તારાની ઊંચાઈને કદાપિ માપી શકતા નથી; અને પતંગિયાનાં રંગ જુએ છે, પણ એનું સંગીત સાંભળી શકતા નથી! કેટલું દયાજનક છે!'

'અરે! એ બિચારાઓના કાનને કાન નથી!'

'અને વળી એ બિચારાઓના આંગળાનાં ટેરવાં પણ, ટેરવાં જ રહ્યાં છે; જ્યારે મારા આંગળાનાં ટેરવાં ઉપર તો મધુર એવા બે ઓષ્ઠો, જાણે કે બેઠા છે!'

[૭]

જીવન અને મૃત્યુ

પછી અલ્‌મિત્રા બોલી: 'અમે હવે તમને મૃત્યુ વિષે પૂછીએ. મૃત્યુ શું છે?'

અને તેણે જવાબ વાળ્યો. 'તમે મૃત્યુનું રહસ્ય જાણશો; પણ જીવનના ગહનતમ હૃદયમાં પ્રવેશ કર્યા વિના તમે એ શી રીતે જાણશો?

રાત્રિમાં જોવાને ટેવાયલા ઘૂવડની આંખો પ્રકાશમાં આંધળી જ રહે છે; એ આંધળી આંખો પ્રકાશનું રહસ્ય ક્યાંથી પામી શકે?

તમારે જો મૃત્યુનું તત્ત્વ ખરેખરું જાણવું જ હોય, તો જીવનના પ્રદેશમાં વધારે ને વધારે વિશાળ રીતે, તમારા હૃદયને પ્રવેશવા દો!

કારણ કે જીવન અને મૃત્યુ બન્ને એક જ છે. તમારું હૃદય જો જીવનનો તાગ લેશે, તો એને મૃત્યુનો તાગ પણ મળી રહેશે. જીવન જાણે નદી છે: મૃત્યુ સમુદ્ર છે. સમુદ્રને નદી જેમ એકબીજાના મિલનમાં એકાકાર છે—એમ જ જીવન-મૃત્યુનું સમજજો.

તમારી આશા અને કામનાનું ગહન ઊંડાણ એક વસ્તુ દર્શાવે છે: જીવનપારના પ્રદેશનું વાણીથી ન સમજાવી શકાય એવું એ જ્ઞાન છે. તમારી આકાંક્ષા અને કામના—બન્નેનો અંત નથી, એ જ બતાવે છે કે બન્નેને હવે પછી પાછી, ક્યાંકથી નવી શરૂઆત કરવાની રહે છે.

અને જેમ બરફમાં સૂતેલું બીજ વસંતઋતુનું સ્વપ્ન સેવે છે એ જ રીતે તમારું હૃદય નવજીવનનું સ્વપ્ન સેવે છે. આ સ્વપ્ના પર વિશ્વાસ મૂકો. એ સ્વપ્નામાં અનંતતાના દ્વારની કુંચી રહેલી છે.

તમને મૃત્યુના નામથી છૂટતી ધ્રૂજારી, એ તો કોઈ ભરવાડ જેમ રાજા પાસે ઊભો રહે ને આશંકાથી ધ્રૂજે એવી ધ્રૂજારી છે. રાજાનો હાથ તો, એના માથા ઉપર એનું બહુમાન કરવા માટે મૂકાવાનો છે, એમ એ જાણે છે, છતાં ધ્રૂજે છે. એવી આ તમારી ધ્રજારી છે.

પણ એવું થાય ત્યારે ધ્રજારીની અસર છતાં ભરવાડ આનંદ નથી અનુભવતો? એને એમ નથી થતું કે રાજાના માનચિન્હને મેળવીને એ વધારે શોભશે?

અને છતાં પણ એ પેલી ધ્રૂજારીની અસર નીચે હજી ધ્રૂજતો નથી રહેતો? અને એના દિલમાં એ વિષે જ વધારે વિચાર નથી આવતા?

એવું જ આ. કારણ કે ખરી રીતે તો મૃત્યુ પામવું એ જાણે કે પવનની પાંખે ઉડવા જેવું, સૂર્યકિરણમાં ભળી જવા જેવું નથી જણાતું ? અને શ્વાસોચ્છ્વાસ બંધ પડે એ જાણે પ્રાણને, એની અવિશ્રાંત તરંગાવલિમાંથી મુક્ત કરવા જેવું નથી? એમ એ મુક્ત થઈને ઊંચે ચડે, વ્યાપક બને અને કોઈ પણ જાતની ઉપાધિ વિના શોધ કરે!

જ્યારે તમે મૌનના મહાનદમાં તમારી તૃષાને શાંત કરશો, ત્યારે આ આનંદગીતનો સૂર તમને લાધશે: તે પહેલાં નહિ. ઊંડી ચિંતનગુફાના દ્વારની પેલી મેર આ મૌન મહાનદનું મૂળ આવેલું છે!

સામાન્ય પર્વતો શિખર બતાવે, પછી એનો ઉતાર આવે. શિખર પછી કોઈ ચડાવ મળે નહિ. પણ જ્યારે તમે આ પર્વતશિખરાવલિની ટોચે પહોંચશો ત્યારે એ ટોચે પહોંચ્યા પછી ચડાવ વિષેનું અભિનવ જ્ઞાન મળશે!

અને પછી તો પૃથ્વી જ્યારે તમારી માગણી કરશે, તમને ખોળામાં લેવા હાથ લંબાવશે, ત્યારે તમને એ મૃત્યુ નહિ—જીવનનું નૃત્ય જણાશે! અને મૃત્યુનું નામ સાંભળતાં તમે આનંદથી નાચી ઉઠશો!

સ્વપ્નદ્રષ્ટા

એક વખત એક મહાન નગરીમાં એક સ્વપ્નદ્રષ્ટા આવ્યો. એ પોતાના સ્વપ્નમાં પોતે મસ્ત હતો! એ સ્વપ્નમાં એટલો તલ્લીન કે ન પૂછો વાત! એની પાસે એનાં કપડાં ને હાથમાં એક દંડ–બીજું કાંઇ મળે નહિ!

અને જેવો એ નગરીની બજારમાંથી ચાલ્યો કે ત્યાંનાં મંદિરો, હવેલીઓ, પ્રાસાદો, મહાલયો, એમને આશ્ચર્યથી જોઇ જ રહ્યો! રસ્તે જનારાઓને એ વારંવાર પૃચ્છા કરે, પણ રસ્તે જનારાઓ એની ભાષા ન સમજે! એટલે એ તો ઊભી બજારે 'આશ્ચર્યવત્ પશ્યતિ' પેઠે ચાલ્યો જાય!

બપોર વખતે એ એક મહાન ભોજનાલય પાસે આવી પહોંચ્યો. પીળા આરસનું એ મકાન બાંધેલું હતું. લોકો એમાં જતા આવતા હતા. સ્વપ્નમાં જ રમી રહેલો આ માણસ મનમાં બોલ્યો: 'આંહીં આ કોઈ ધર્મસ્થાન જણાય છે!' અને એ પોતે પણ એમાં પેઠો!

પણ અદ્‌ભુત સૌન્દર્યભર્યા સ્થાનમાં પોતે પેઠો છે એ જોઈને એને નવાઈ લાગી! ત્યાં તો મેજની પાસે અનેક

સ્ત્રીપુરુષો બેઠાં હતાં. અને તે સૌ ખાણીપીણીમાં તલ્લીન હતાં! મધુર સંગીત ચાલી રહ્યું હતું.

તરંગી સ્વપ્નસ્થ મનમાં બોલ્યો: 'આ કોઈ ધર્મસ્થાન નથી જણાતું. કોઈ મહાન પ્રસંગની યાદીમાં રાજાએ લોકને મિજબાની આપેલી હોવી જોઈએ!'

એ જ વખતે એક માણસ એની પાસે આવ્યો. એણે એને રાજાનો ગુલામ લેખ્યો. તેણે તેને ત્યાં બેસવાનું કહ્યું. અને બે પળમાં તો સ્વાદિષ્ટ વાનગીઓ એની પાસે આવવા માંડી!

જ્યારે એણે ભોજનને બરાબર ન્યાય આપી દીધો ત્યારે આ સ્વપ્નશીલ જવા માટે ઊભો થયો. પણ બારણા પાસે એક ઠાઠમાઠવાળા દ્વારપાળે એને અટકાવ્યો.

સ્વપ્નઘેલાને લાગ્યું કે, 'આ રાજકુમાર પોતે જ હશે!' નીચો વળીને એ એને નમ્યો, અને એણે એનો ઉપકાર પણ માન્યો!

પણ ત્યાં તો પેલો વિશાળકાય આદમી, એ નગરીની પ્રચલિત ભાષામાં બોલી ઊઠયો: 'સાહેબ! તમે ભોજન લીધું એનું 'બીલ' તો હજી બાકી છે!'

સ્વપ્નતરંગી તો એમાં કાંઈ ન સમજ્યો. શું 'બીલ'? ને શું બાકી? એણે તો એને રાજકુમાર લેખીને વધારે નીચા નમીને એનો આભાર માન્યો!

પણ પેલા દ્વારપાલને તો સિક્કાનું કામ હતું, સલામની વર્ષાને એ શું કરે?

સ્વપ્નસ્થને એ વધારે બારીકીથી જોઈ રહ્યો. એને લાગ્યું કે આ કોઈ જણાય છે અજાણ્યો. ભાઈના કપડાનું જ ઠેકાણું નથી, તો એ પૈસા ક્યાંથી કાઢવાનો હતો? ગઠિયો

નજર ચૂકવીને ઘા મારી ગયો લાગે છે! અને હવે ભાગી જવા ઢોંગ કરે છે! એણે તરત તાલી પાડી ને બે પળમાં તો શહેરના ચાર સંરક્ષકો ત્યાં આવીને ઊભા રહી ગયા! દ્વારપાળે કહ્યું તે તેમણે સાંભળ્યું. અને એમણે આ સ્વપ્નતરંગીને સાથે ઉપાડયો! અને બન્ને બાજુ બબ્બે જણા ઊભા રહ્યા, ગઠિયો હાથતાળી દઈ નાસી જાય નહિ માટે!

પણ પેલો સ્વપ્નવાસી તો એમનો વેષ અને એમની વિવેકભરેલી રીતભાત જોઇ રહ્યો હતો; અને મનમાં ને મનમાં ખુશ થયો હતો કે આ કોઇ પ્રતિષ્ઠિત અધિકારીઓ એની સાથે ચાલી રહેલા જણાય છે!

અને એમ ને એમ એ આખું સરઘસ નગર ન્યાયાધીશી પાસે આવ્યું! અને ત્યાં બેઠું!

ત્યાં સિંહાસન જેવા આસન ઉપર એક સુપ્રતિષ્ઠિત ગૃહસ્થ બેઠા હતા. એમની લાંબી દાઢી એમના ચહેરાને શોભાવતી હતી. એમનો ન્યાયી ઝભ્ભો ભવ્ય જણાતો હતો. સ્વપ્નીને લાગ્યું કે આ રાજા જણાય છે! પોતે રાજા પાસે આવ્યો છે એ જાણીને એ તો ખુશ ખુશ થઇ ગયો!

હવે પેલા નગરરક્ષકો તો આખા કિસ્સાની હકીકત ન્યાયાધીશને કહેવા મંડયા! સ્વપ્નીની સામે શી ફરિયાદ હતી એ એમણે કહી. અને નગર ન્યાયાધીશે બે વકીલો નીમ્યા! એક આ પરદેશીનો બચાવ કરવા ને બીજો નગરરક્ષકોની વાત સિદ્ધ કરવા! વકીલો ઊઠયા અને એક પછી એક પોતપોતાની દલીલો બોલવા મંડયા! અને પેલો સ્વપ્નતરંગી તો આ બધો વખત મનમાં ને મનમાં, પોતાને કાંઇ માનપત્ર રાજસાહેબ આપી રહ્યા છે એમ ધારીને, આનંદિત

થઇ રહ્યો હતો! આભારની લાગણીથી એનું હૃદય છલકાઈ જતું હતું—ખાસ કરીને રાજા માટે અને પેલા રાજકુમાર માટે, કે જેણે આ બધો માનપત્રનો પ્રબંધ ગોઠવ્યો હતો! એના મનમાં તો એવો વિચાર આવી રહ્યો હતો કે આ લોક કેવા માયાળુ! એક અજાણ્યા પરદેશી માટે પણ એમની કેટલી મમતા! એટલે એ તો જેમ પોતાના સ્વપ્નામાં મસ્ત હતો તેમ આ નવા આનંદમાં તરવા માંડયો! એના મનથી એ માન પામી રહ્યો હતો!

એટલામાં તો વકીલોની દલીલો પૂરી થઇ. આ સ્વપ્ન-તરંગીને શિક્ષા થઇ. એની ડોકે એક પાટિયું લટકાવીને એમાં એનો અપરાધ લખવાનો હતો. અને એક ઘોડાની ઉઘાડી પીઠે એને બેસારીને નગર આખામાં એને ચક્કર લગાવીને ફેરવવાનો હતો! એની આગળ ઢોલી ને પડઘમવાળો ચાલવાના! લોકમાં વધુ જાહેર થાય!

અને આ ન્યાયી શિક્ષા તો પૂર ભપકા સાથે પેલા સ્વપ્નતરંગી સાથે ચાલી!

હવે પેલો ઘોડા ઉપર બેઠેલો સ્વપ્નતરંગી તો પોતાની આગળ ઢોલક પડઘમ સાંભળીને ખુશખુશ થઈ ગયો! અને નગરના લોક પણ ચારે તરફથી થોકેથોક એની માનસવારી જોવા ઊભરાયા! એને જોઇને એ બધા નાચવા કૂદવા ને હસવા માંડયા. અને છોકરાં તો ખુશખુશાલ બની એનો હુરિયો બોલાવતાં શેરીએ શેરીએ પાછળ ચાલ્યાં! મોટું સરઘસ થઇ રહ્યું!

અને પેલા માણસનો આનંદ તો હૃદયમાં કયાંય સમાતો નથી! એની આંખમાં હર્ષ ઊભરાઇ ચાલ્યો છે! પેલું લટકાવેલું

પાટિયું એ કોઇ માનપત્ર હોવું જોઇએ કે જે રાજાએ અતિશય પ્રેમથી એને આપ્યું હતું અને આખુ સરઘસ પોતાને મળેલા એ બહુમાનમાં નીકળ્યું હોવું જોઇએ! હવે આ એનું સરઘસ નગરીમાં જઈ રહ્યું હતું ત્યાં એના જેવો, જંગલમાંથી આવેલો એવો કોઇ માણસ, એની નજરે પડયો અને એણે આનંદમાં આવી જઈ મોટેથી એને બૂમ પાડી:

'મારા દોસ્ત! એ દોસ્ત! ભાઈ કહે તો ખરો, આપણે આ કયા ભાગ્યશાળી શહેરમાં આવી ચડયા છીએ? આવી આ આતિથ્યપ્રિય પ્રજા કઇ છે? જે ગમે તે આગંતુકને પોતાના મહાલયોમાં ભોજન આપે છે, જ્યાં અધિકારીઓ એને માન આપે છે, ખુદ રાજા એની ડોક ઉપર આવું સન્માનપત્ર મૂકે છે, અને જ્યાં પ્રજા પણ સ્વર્ગના જેવી આતિથ્યભાવનાથી એને રસ્તેરસ્તે વધાવે છે! આવી આ ભાગ્યશાળી નગરી કઈ છે?' પેલો માણસ એની ભાષા સમજ્યો હતો. પણ એણે આ સ્વપ્નતરંગીને કાંઇ જવાબ ન વાળ્યો. તેણે હસીને માત્ર જરાક ડોકું ધૂણાવ્યું!

પણ સરઘસ તો આગળ વધ્યું! અને પેલા સ્વપ્નવાસીનો ચહેરો આકાશ ભણી જોઇ રહ્યો હતો અને આભારમિશ્રિત લાગણીથી એની આંખ પ્રકાશી ઊઠી હતી!

લોકના મનથી એની મશ્કરી થતી હતી અને તેથી આનંદ છોળ ઉડતી હતી! સ્વપ્નવાસીના મનથી એનું બહુમાન થઈ રહ્યું હતું અને તેથી આનંદોર્મિની હેલી રેલાતી હતી!



મારા દેશબાંધવો ! *

મારા દેશ બાંધવો ! તમારી શી શી આકાંક્ષા આશા અને ઇચ્છા છે એની જાણ મને કરો.

શું તમારી ઇચ્છા મહાન વિદ્યાલયો, વિખ્યાત ગુમ્બજો, વિશ્વપ્રસિદ્ધ ઇમારતો અને ભવ્ય યોજનાઓ દેશમાં પથરાવવાની છે, કે જે જુઠ્ઠી રાજનીતિએ અને હલકટ જુલમગારોએ, આપણામાંના અનેકાનેકને માણસાઈ વિનાના અને સચ્ચાઈ વિનાના બનાવ્યા છે, એમના આત્માને પહેલાં જાગ્રત કરવાની છે, એ વિષે પહેલાં નિર્ણય કરો. જો માણસાઈ ને સચ્ચાઈ પહેલાં ફેલાવવામાં આવશે, અને ત્યાર પછી ભવ્ય યોજનાઓ હાથમાં લેવાશે, તો તમારો દેશ ઘણી ધીમી પ્રગતિ કરશે. પણ જે પ્રગતિ કરશે તે એટલી નક્કર હશે કે પછી એને ફેરવવાપણું નહિ હોય.

તમારી પાસે મોટી યોજનાઓની વાતો આવતાં તમે રાજી રાજી થઈ જાઓ છો, એ મને ખબર છે. મને એ ખબર છે કે, કોઈ પણ જાતના સંકટ વિષેનો ઉલ્લેખ ન હોય એવી આશાનો સિંહનાદ તમને પ્રસન્ન પ્રસન્ન કરી મૂકે છે. પણ

---

* માત્ર જરા આધાર લઈને જ લખેલું.

મારા દેશબાંધવો ! તમને ખબર લાગતી નથી, દેશમાંથી શું શું ચાલ્યું ગયું છે ને હવે શું બાકી રહ્યું છે. દેશનો આત્મા જ મૂર્છા પામ્યો છે. જ્ઞાનની સાચી ભૂખ વિના એ જાગે તેમ નથી. એ ભૂખ વિના કોઈ પણ શક્તિ આવે તેમ નથી. તમને તૃષા પીડી રહી છે, લક્ષ્મીના અસંતોષની; એ તૃષાને શાંત કરવાની શક્તિ કેવળ તમારા પોતાનામાં વસી રહી છે. બહારની કોઈ લક્ષ્મીના વરસાદે તમારી ભૂખ ભાંગે તેમ નથી. એ ભૂખ ટાળવાનો એક જ ઉપાય તમારી કામ કરવાની ઉત્સાહશક્તિમાં રહ્યો છે; એક જ ઉપાય તમારી, મહાકાલની એક એક પળની ગણતરીમાં રહ્યો છે; તમારી સંઘશક્તિમાં રહ્યો છે; તમારી વ્યવસ્થામાં રહ્યો છે.

સમુદ્રને ભરતી ને ઓટ આવે છે. સૂર્યોદય સૂર્યાસ્તની આગાહી આપે છે. પૂનમનો ચંદ્ર અમાસની શરૂઆત છે. માણસના અને પ્રજાના જીવનમાં પણ એવા ભરતી ઓટ આવે એ કુદરતી રચનાકૌશલ્યમાં જ વસેલું સનાતન સત્ય છે. એને કોઇ ટાળી શકતું નથી. એને ટાળવું એ અસત્ય છે. ઓટ છે તો ભરતી છે. અપકર્ષ છે તો ઉત્કર્ષ છે. માત્ર એક જ વસ્તુ એવી છે જેને ભરતી નથી, ઓટ નથી. સત્ય. માનવતા. માણસાઈ. દુનિયામાં એની ભરતી ભાગ્યે જ આવે છે, પણ એના વિનાની દુનિયા કોઈ દિવસ હોતી નથી, હોઈ શકે નહિ. માણસાઈ વિનાની પ્રજા હોય એના કરતાં કેવળ જંગલ હોય એ કુદરતને તેમ જ ઇશ્વરને વધુ ગમે. મારા દેશબાંધવો ! આપણે સોનું, રૂપું, જરજવાહીર, હીરા માણેક, મોતી તો શું ખોયાં છે, એ સમૃદ્ધિ તો પાછી વાળી વળે તેમ છે, પણ આપણે જે ખોઈ દીધું છે એ તો પછી મેળવી

શકાતું નથી. માણસાઈ વિનાની આખી પ્રજાને થઇ જતી જોવી, એક માણસ જોતો હોય ને એક માણસ મળે નહી, એટલી બધી ગરીબી હોવી, મારા દેશજનો! આ તો કેવળ શાપિત ભૂમિમાં બને છે. સત્ય અને માણસાઈ વિષે પણ ઢોંગ થઈ શકે, એટલી હદે જ્યાં બુદ્ધિની નફ્ફટતા કામ કરી શકતી હોય, ત્યાં-ત્યાં તો દેશબાંધવો! વૃદ્ધ ઇતિહાસાચાર્ય પદ્દણ દટ્ટણની આગાહી આપતો રહ્યો છે!

મેં તમને કેટલી વખત કહ્યું કે આ દેશમાંથી સઘળું હરાઈ ગયું છે પણ એની નિર્મળ કૌમુદીને કોણ ઉપાડી ગયું છે? એના નદીતટો કયાં ચાલ્યા ગયા છે? એનાં વનોપવન હજી પણ કેવાં પ્રફુલ્લિત શોભી રહ્યાં છે? એની આકાશઢંક પર્વતમાળા કોણ લઈ ગયું છે? પણ તમે સમૂહજીવનને નવેસરથી ઘડીને આ કુદરતી રસાયનનો લાભ લેવાનું કરતા નથી, પછી પ્રજામાં યૌવનની તાજગીનો સંચાર શી રીતે થાય? અસહ્ય ગરીબીમાં ને અસહ્ય ઠંડીમાં જે પાસે પાસે આવે છે તે બચે છે. તમે કેવળ તમારું અંતર ઘટાડવાથી જ બચી શકો તેમ છો. એ અંતરને કૃત્રિમ જીવનપ્રણાલિકાએ હદપારનું બહેકાવ્યું છે. તમે સાદામાં સાદી જીવનરીતિઓ ધારો ને એ અવશ્ય અદૃશ્ય થઈ જશે.

દેશબાંધવો! પોતાની પ્રિય ભાષાભૂમિને ન ચાહે એવો કોણ શઠ હોય? પણ ભાષાભૂમિની હરેક નિર્બળતા એના ચાહનારને દુઃખ આપે છે. અને એના હૃદયને નિરાધારી આપે છે. પ્રજાની જ સમૂહ નિર્બળતા એક એક વ્યક્તિમાં આવીને વસે છે; અને વ્યક્તિની જે સબળતા તે પ્રજામાં પ્રસરે છે. એટલે તો હું કહું છું દેશજનો! તમે એક એક

જણુ સંસ્કારને અપનાવો. અને સમૂહ સંસ્કારી થશે.

તમારો આત્મા, દેશબાંધવો ! કનકના પિંજરમાં પૂરાયેલો છે. એમાંથી મુક્ત થવા એ મંદિરના ઘંટ વગાડે છે. તમે સ્વતંત્ર છતા સ્વતંત્રતાની લહેરી માણી શકતા નથી. કારણ કે દરેકને સ્વતંત્રતા માણવી છે—પણ પોતાના સ્વાર્થની સોનેરી સાંકળ વડે બંધાઈને. તમારો મંદિરનાદ કેટલો ખોટો બની ગયો છે ? ધર્મ કેવો વેવલો થઇ ગયો છે ? કનકલોભ કેવો માણસાઈ વિનાનો થયો છે ? અરે ! તમારો સેવાધર્મ, સેવિંગ-બેંકની કેટલી બધી વ્યાજ કોથળીની નિર્ભરતાને આધારે, સભારંજની સિંહનાદ કરે છે !

કેવળ મૃત્યુ વડે જ જીવનને નવપલ્લિત કરી શકાય એવી આ પરિસ્થિતિને નિહાળીને દેશબાંધવો ! હું કવિ નથી પણ કવિ હોઉં તો મૃત્યુની પ્રશસ્તિનું એક મહાકાવ્ય રચું. મૃત્યુ પથ્થરને પણ નવજીવનની આશાનો સંચાર આપી શકે છે, એટલો એ એક જ આશાનો તંતુ આવી મહાન નિરાશામાં પણ આશ્વાસન રૂપ છે !

જીવન તો દેશબાંધવો ! તમે માની રહ્યા છો તેમ, કોઈ મહાલયમાં વસનારું પ્રાણી નથી. એને એના પોતાના નિયમો છે. જીવન તો નવજુવાનીને આધારે રહેનારો કૃતનિશ્ચયી પ્રાણ છે. એ પ્રૌઢ અવસ્થાને વળગેલો વિવેક પણ છે. અને વળી શિશુની નિર્દોષતા પણ છે. કેટલાક જન્મે છે જ વૃદ્ધ. એને બીજી કોઈ અવસ્થા મળતી જ નથી.

જ્ઞાન, દેશબાંધવો ! જીવનનો પ્રાણ છે. પણ એ માનવ-તાની આનંદ લહરીનો સ્પર્શ પામે તો.

જેની પાસે જ્ઞાન છે, માનવતા છે અને શ્રદ્ધા છે, એની પાસે જીવનની અનેકાનેક શકયતાનો મહાસાગર રેલાય છે.

દેશબાંધવો ! સ્વતંત્ર દરેક વ્યક્તિ, પરતંત્રમાં પણ પરતંત્ર છે, જ્યારે એ જ્ઞાનવિહોણી છે, માનવતા વિહોણી છે, શ્રદ્ધા વિહોણી છે

[૨]

મારા દેશબાંધવો ! મેં તમને પ્રેમથી નવરાવ્યા. પ્રેમ-માર્ગનો કાંટાળો પણ અંતે સુખમય એવો માર્ગ બતાવ્યો, પણ આજ હું જોઉં છું કે તમે કેવળ મોહમાં હતા; મારી અને તમારી વચ્ચે પણ કેવળ મોહનો સંબંધ હતો. પ્રેમનો નહિ.

એટલે જ તમે મારા નામનો વારંવાર ઉપયોગ કરો છો, પણ મેં ચીંધેલા માર્ગની એમ માનીને ઉપેક્ષા કરો છો કે, એ તો એક મારી જ ધૂન હતી. એ વસ્તુમાં તથ્યાંશ ઓછો હતો. અને અવ્યવહારુ તત્ત્વ ઘણું હતું. આ તમારો મનનો મત બની રહ્યો છે. વાણીવ્યાપારનો-વ્યવહારનો મત જુદો છે.

આમ મારા અવ્યવહારુ માર્ગને તમે ઇચ્છતા નથી. ભલે એ એમ હો. પણ મારા નામનો ઉપયોગ કરી અને તમે તમારી સત્તાને ચાલુ રાખવા ઇચ્છો છો એ વસ્તુ અંતે ભયંકર થવાની છે. તમારા કરતાં વધારે સારા માણસ દેશમાં નહિ હોય એ હું પણ જાણું છું. પણ તમારા સ્વાર્થત્યાગની હવે તમે પોતે જ જે આકરી કિમ્મત લેવા માંડયા છો, એ તમને, તમારા દેશબાંધવોને, સેંકડો અને હજારો નિર્દોષ

નારીઓને, કુમળા બાળકોને અને આખા દેશને કોઇ લોહી નીગળતી ક્રાન્તિ તરફ પણ નહિ, કેવળ પશુતા તરફ દોરી જશે. મારા દેશબાંધવો ! કાં તમે થોડું આત્મનિરીક્ષણ કરો અથવા થોડું બીજા પાસેથી લેતાં શીખો. તમે તમારા જ પોતાના બંધનમાં બંધાયા છો. ભાષાવૈભવને કાર્ય સમજો છો. વિલાસી મુસાફરીને સેવા સમજો છો. પ્રવચનોને પુરુષાર્થ માનો છો. લાગણી વિહીન રાજદ્વારી લુચ્ચાઇને કૌશલ્યની પરાકાષ્ટા ગણો છો. ખુલાસાઓને સિદ્ધાંત કહો છો. મારા નામના ઉપયોગને તમારી પવિત્રતા સમજો છો. અને આગામી જે ભયંકર અંધકાર ભરેલું ભવિષ્ય હું જોઇ રહ્યો છું એને જોવાની ના પાડો છો. દેશબાંધવો ! તમે એક વખત તમારા ભૂતકાળ તરફ દૃષ્ટિ કરો, સો વર્ષ પહેલાં તમારે ત્યાં ઠગ લુટારુ પીંઢારા ને ચોરનાં ટોળાં હતાં. એ ઇતિહાસનું પુનરાવર્તન આવતું હું દુ:ખી હૃદયે જોઈ રહ્યો છું.

મને તમારી આ નબળાઈની દયા આવે છે. પણ આ દયા તમારી નિર્બળતા વધારે છે. અત્યારે તમારી અનિશ્ચિતતા આ નિર્બળતાનું જ બાળક છે. તમારી આ પતનદશા અને વિનિપાત એ પણ એ મોહનાં સંતાન છે.

મારા દેશબાંધવો ! તમને અત્યારે એક લગની લાગી છે, કાયદાઓ ઘડવાની. પણ હું તમને એમ પૂછું છું કે જે દેશ માટે તમે કાયદા બાંધો છો એ દેશમાં તમારામાંથી કોઈ ઝુંપડું જોવા ગયો છે. ખરો ? તમારો કાયદો એ ઝુંપડાંને સ્પર્શશે એટલું જ એનું મૂલ્યાંકન હશે. પણ તમને વધુમાં વધુ મોહ છે, સારામાં સારા શબ્દો મૂકવાનો, અને વકીલોને વધુ મોહ છે એ સારામાં સારા શબ્દોમાંથી ખોટામાં ખોટા

અર્થો શોધવાનો! દેશબાંધવો! આ બુદ્ધિની કસોટી હશે. એમાં ઊંચા પ્રકારની વ્યવસ્થાશક્તિનો આવિર્ભાવ નથી.

તમે કાયદાઓ તો કરો છો પણ લંગડો નૃત્ય કરનારાઓને ન ધિક્કારે પણ પોતાની અપંગતા સમજે—એવો કાયદો શું તમે કરી શકવાના છો? અને જો એવો કાયદો કરી શકવાના નથી તો તમે વર્ગ વર્ગ વચ્ચે શાંતિ શી રીતે સ્થાપવાના છો? આટલા બધા કાયદા છતાં કજિયા છે એ બતાવે છે કે તમારા કાયદા વડે જ કજિયા જન્મ લે છે અને છતાં મને નવાઇ લાગે છે કે તમારા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુરુષો એમ માનતા જણાય છે કે સારામાં સારા કાયદા એટલે સારામાં સારું તંત્ર. જ્યારે ખરી રીતે એમણે એમ માનવું જોઈએ કે સારામાં સારી સમજણ એટલે સારામાં સારુ તંત્ર.

કાયદો કરવો ન પડે એવું તંત્ર જ્યારે સ્થપાશે ત્યારે એ બધાનું તંત્ર ગણાશે.

માનવતાને એટલી જાગૃત કરવા માટે તમારે એટલો પ્રેમસાગર વહેવરાવવો જોઇએ. એ પ્રેમસાગર જ્ઞાનરૂપી અનેક નદીઓના સંગમમાંથી જન્મે છે, માટે જ્ઞાન એ એક જ અમૃત છે, એ ઉપનિષદ્‌વાક્યને તમારો રાષ્ટ્રમંત્ર બનાવો.

દેશબાંધવો! તમે જેને સત્તા મળે તેને એમ કહો કે કાયદા સમજવા કરતાં સત્યને વધુ સમજવાનો પ્રયત્ન કરવામાં માનવજાતનો વધુ ઉત્કર્ષ રહ્યો છે. આ નર્યો આદર્શ એ ઘણો ધીમો રાહ છે એ ખરું; છતાં એ જ સાચો રાહ છે. માનવતા શીખવવા માટે જો કાયદાઓ કરવા પડતા હોય તો માનવ માનવને અન્યાય નહિ કરે એ વસ્તુ આકાશકુસુમ જેટલી અશક્ય બની જશે. માટે જ હું કહું છું દેશબાંધવો!

તમે પોતે પહેલાં તમારો સત્યનો પંથ નિર્માણ કરો. અને પછી એ જ્યોતિ લઈને તમે જનતામાં નીકળો. તમને કાંઈક ચમત્કાર જોવા મળશે.

સત્ય વાત આ પ્રમાણે છે. સૌથી મોટામાં મોટું બંધન મુક્તિ પછી આવે છે. એ બંધન ભલે સ્વતંત્રતા જેવો ચળકાટ ધારે અને તમારી આંખને આંજે; પણ એ બંધનને તમે સમજો તો જ તમે સ્વતંત્રતાને પણ સમજો.



વિદાય વેળાએ

મારા મિત્રો અને પંથ ભેરુઓ ! આજ આપણે હવે જુદા પડવું જોઈએ. આપણે ઘણો લાંબો સમય સાથે રહીને જોખમ ભરેલા સમુદ્રો ખેડચા. અને દુર્ગમ એવાં શિખરો ચડચા. આપણે તુમુલ તોફાનો સામે બાથ ભીડી. આપણે સાથે ભૂખ્યા રહ્યા, તો સાથે મીજમાનીઓ પણ માણી. ઘણી વખત વસ્ત્ર વિનાના રખડચા તો ઘણી વખત રાજભૂષણો પણ ધાર્યાં. આપણે ઠીક પંથ ખેડચો. પણ હવે આપણે જુદા પડવું જોઈએ. તમે તમારે પંથે વળો. મને એકલાને મારે પંથે જવા દો. મારે એકલાએ એ એકલા પંથે જવું જોઈએ.

સમુદ્રો અને વિશાળ ધરતીપટો આપણને જુદા પાડે, છતાં આપણે તો અંતેવાસી જ હઈશું; સાથે મુસાફરી કરતા, પેલા પવિત્ર પર્વતના શિખરને પહોંચવાનો યત્ન કરતા.

પણ આપણે આપણા જુદા જુદા માર્ગે જઈએ તે પહેલાં હું તમને ભાથું આપું. મારા હૃદયની વાણી કહું.

'તમારા પંથ ઉપર આનંદમંગળ ગીત ગાતા આગળ વધો. પણ દરેક મંગલગીતને 'ન્હાની મધુર છોટીસી કૃતિ' જેવું રહેવા દો. જે ગીતોના જન્મમાં જ સત્યની મધુરતા

મહેકે છે તે ગીતો જ માનવના હૃદયમાં ચિરસ્થાયી થઈ રહે છે.'

'સુંદર સત્યને થોડામાં થોડા શબ્દોમાં કહેતાં શીખો; પણ અસુંદર સત્યને તો કોઈ શબ્દદેહ જ ન આપો. જે કુમારિકાના કેશ સૂર્યના તાપમાં પ્રકાશી રહેતા હોય તેને ખસુસ કહો કે તું પ્રભાતની પુત્રી છો, પણ કોઈ નેત્રવિહીનને દેખો તો એને અંધકારનો ભાઈ ન કહેતા!'

'તમારા કાનમાં પ્રશંસાની બંસી બજાવનારને સાંભળી રહો—જાણે કે તમને મૂર્ખ બનાવનાર કોઈને તમે સાંભળી રહ્યા હો તેમ; પણ તમારી ટીકા કરનાર કે છિદ્રાન્વેષી મળી જાય તો તમારા કાનને હાડકા જેવા બહેરા બનાવી દો. તમારું હાડકું સાંભળી શકે છે? જો, એ સાંભળી શકે તો તમારા કાન સાંભળીને તીખી લાગણી અનુભવી શકે.'

'વળી ચિત્રવિચિત્ર મનતરંગની જેમ, જાણે તમે એનાથી દૂર હો એવા થઈ રહો. નિંદાને એવી રીતે સમજો.'

'મારા મિત્રો અને સ્વજનો! તમારા પંથે તમને ખરી-વાળાં–સ્થુળ માણસો મળશે. તેમને તમારી પાંખ આપો. અને શીંગડાંવાળાં–મારકણાં પણ મળશે, તેમને વિજયપુષ્પની માળાઓ આપતા રહો; અને નહોરવાળાં–લડાઈખોર–પણ મળશે; તેમને આંગળીઓને સ્થાને ફૂલપાંદડીઓ દેજો; અને કુહાડા જેવી જીભવાળા કટુભાષી પણ મળશે; તેમને શબ્દા-મૃતનું મધુ આપજો.'

'અને તમને આવા માણસો મળશે, તેમ જ એથી અધિક ગુણવાન પણ મળશે. તમને એવા લંગડા મળશે, જે પોતે લંગડા હોય એટલે [illegible] માટે કાખઘોડી વેચવા નીકળ્યા

હોય! અને અરીસા વેચવા માટે ફરતા આંધળાઓ દેખાતા હોય! અને તમને એવા શ્રીમંતો દેખાશે, જે ભિખારાની પેઠે મંદિરેમંદિરે માગતા ફરતા હશે!'

'લંગડાને તમે ગતિ આપજો. આંધળાંની હાથલાકડી બનજો. અને શ્રીમંત ભિખારીઓને પણ તમારી જાતમાંથી કાંઈક આપતા જજો. બધાના કરતાં એમની ભૂખ વધુ છે, એમની જરૂરિયાત પણ વધુ છે. કરોડોની સમૃદ્ધિ છતાં ભિખારીવૃત્તિ હોય તો હાથ લાંબો થાય જ!'

'મારા દોસ્તો! અને પંથવાસીઓ! આપણી વચ્ચે જે પ્રેમઝરણ છે તેના આધારે હું એક બીજી વાત તમને કહું. તમારા રસ્તાઓ અનંત હો—પણ તે દરેક રસ્તે એક બીજાને જંગલમાં મળતા રહો; જંગલમાં સિંહ ને ઉંદર ચાલતા હોય ને વરૂ ને ઘેટાં પણ હોય!'

'અને આટલું યાદ રાખજો. મેં તમારી પાસે ત્યાગનો મહિમા ગાયો નથી. જાતની સંપૂર્ણતાનો ગાયો છે. નિષેધાત્મક જીવન નહિ, વિધેયાત્મક જીવન કહ્યું છે. શરણાગતીનો નહિ, સમજુતિનો પંથ બતાવ્યો છે: અને એ સમજુતિ પણ સાચા મધુરસ્મિત સાથે આવેલી.'

'હું તમને શાંત રહેવાનું, તદ્દન મુંગા બની જવાનું શીખવતો નથી; વધુ પડતા મોટા અવાજનું ગીત ન ગાવાનું કહું છું.'

'તમારા આત્માની મહત્તાં તમામ આત્માને તમારામાં ભેળવી લે એમ હું કહું છું.'

'હું જાઉં છું. પણ યોગ્ય શબ્દદેહ પ્રાપ્ત કર્યા વિનાનું જો કોઈ સત્ય મારી પાસે રહી ગયું હશે, તો એ સત્ય પાછું મને

શોધી કાઢશે. મને પાછો આકાર આપશે. અને ભલે, મારાં પંચ મહાભૂત અનંત દિશામાં વેરાઈ ગયાં હશે, તો પણ ફરીને હું તમારી વચ્ચે આવીશ જ, કે જેથી વધારે સમર્થ ને વધારે સ્પષ્ટ અવાજે જે સત્ય કહેવાનું રહી ગયું હતું તે હું કહી શકું.'

'અને એ જ પ્રમાણે કોઈ સૌન્દર્ય પણ વણપ્રગટયું રહી ગયું હશે, તો પણ મને એક વખત ફરીને અવાજ આવશે, નામ દઈને જાણે મને કોઈ બોલાવશે, અને હું તમને મારું ફરીને ધરતીમાં થયેલું આગમન સ્પષ્ટ નિશાનીથી કહી બતાવીશ.'

પગલાં માંડવાની પણ શક્તિ ન હતી, અને અલ્ મુસ્તફા પોતાની માતાની જીવન વાટિકામાંથી બહાર નીકળી ગયા.

ઉતાવળાં એમનાં પગલાં હતાં. અવાજ વિહીન એ ચાલી રહ્યાં હતાં.

પછી અંતેવાસીઓ એમને દૂર દૂર જતા જોઈ રહ્યા. પણ હજી એમના અંતરમાં એના શબ્દના ભણકારા આવી રહ્યા હતા: 'I go, but if I go with a truth not yet voiced that very truth will seek me and gather me, and again shall I come— હું વિદાય લઉં છું, પણ સત્યનો પૂરો વિજય થયો નહિ હોય તો એ સત્ય જ મને ફરીને શોધી કાઢશે, ઘડશે, આકાર આપશે–અને હું ફરીને પાછો આવીશ . . .'



આના અનુસંધાનમાં,
હવે પછી,
જિન્નાની જીવનવાટિકા.
[છપાય છે]

જિબ્રાનની વાણી

"હું હમેશાં દરિયા કિનારાનો ચાલુ પ્રવાસ કરી રહ્યો છું. રેતી ત્યાં પથરાએલી પડી છે. સમુદ્રફીણો ત્યાં વેરાએલાં છે. હું જાણું કે એમની વચ્ચે થઈને મારી પગલી રેતીમાં પાડતો ચાલી રહ્યો છું પણ જુવાળનાં પાણી મારા રેતીમાં પડેલાં પગલાં ભૂસી નાખશે; અને સમુદ્રફીણો ને પવન મુસાફરીએ ઉપડી જશે પણ નિત્ય સર્જન કરતો સમુદ્ર—અને એના કિનારાઓ આંહીં હંમેશા રહેશે."

જિબ્રાન હંમેશાં પોતાને નિત્ય પ્રવાસી આત્મા માનતો અને એનો ખ્યાલ ઉપરના શબ્દોમાં સુંદર રીતે એણે આપ્યો છે.

જિબ્રાનના લખાણની મૌલિકતા અને સૌન્દર્ય અદ્ભૂત છે એક ઠેકાણે એણે લખ્યું છે.

"તમારા જ્ઞાન ઉપર બાઝી ગએલું જડત્વનું પડ દૂર કરવા માટે, તમને જે એક વસ્તુ કુદરત તરફથી આપવામાં આવી છે; એ તમારી વેદના!"

અને આ પુસ્તકનું વાંચન એક નવી જ દૃષ્ટિ આપી જશે.

ભારતી સાહિત્ય સંઘ લિ.
[illegible]